ISSN 2454-7697 RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

## વિશેષાંક : મંદિરોના શિલ્પ સ્થાપત્ય

YEAR : 6 • ISSUE : 2 • MAY 2018 • PAGES 108 • PRICE 30/-
ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૬ (કુલ વર્ષ ૬૬) અંક- ૨ • મે ૨૦૧૮ • પાનાં - ૧૦૮ • કિંમત રૂા. ૩૦/-



કોનાર્કનું સૂર્યમંદિર એક રથ સ્વરૂપે બનેલ છે. જે ૨૪ રથચક્રો પર સ્થિત છે. આ દરેક ચક્રોની કોતરણી અત્યંત સુંદર અને જુદીજુદી છે. નિષ્ણાતો ચક્રોનું વર્ણન પ્રતીકાત્મક રીતે જુદીજુદી રીતે કરે છે. સાત અશ્વો અને ૧૨ જોડી ચક્રો સમયની ધારાનું પ્રતીક ગણ્યું છે. કાલચક્ર છે. સાત અશ્વો એટલે સાત દિવસ, બાર જોડી ચક્રો ૧૨ મહિના, ૨૪ ચક્રો ૨૪ કલાક અને આઠ આરા એટલે આઠ પ્રહર. કોઈ તેને જીવનચક્રનું પ્રતીક પણ ગણે છે. ૧૨ જોડી ચક્રો ૧૨ નક્ષત્રો પણ ગણે છે. કોઇ તેને બૌદ્ધ ધર્મનું પ્રતીક કે ધર્મચક્ર પણ કહે છે. અન્ય કર્મચક્ર, જીવનવ્યવહાર નિયંત્રણચક્ર કે નિર્માણચક્રથી ઓળખાવે છે. આ સૂર્યરથ ભાવ અને સમજણને વ્યાપ દેનાર, સ્થપતિઓ અને શિલ્પીઓનું કલાકર્મ-કળાચક્ર છે.

## જિન-વચન

मायाविजएणं भन्ते ! जीवे किं जणयइ ?

मायाविजएणं अज्जवं जणयइ । मायावेयणिज्जं

कम्मं न बंधइ, पूव्वबद्धं च निज्जरेइ ।।

O Bhagavan ! What does the soul acquire by conquering deceit?

By conquering deceit the soul acquires the quality of straightforwardness. He does not do any Karma caused by deceit and becomes free from the past Karmas.

भन्ते । माया-विजय से जीव क्या प्राप्त करता है ?

माया-विजय से जीव क्या प्राप्त करता है ?

माया-विजय से जीव सरलता को प्राप्त करता है । वह माया से उत्पन्न होनेवाला कर्मबंधन नहीं करता और पूर्वबद्ध कर्मों को क्षीण करता है ।

હે ભગવાન ! માયાને જીતવાથી જીવ શું પામે છે ?

માયાને જીતવાથી જીવ સરળતા પામે છે. માયાથી ઉત્પન્ન થતાં કર્મોને તે બાંધતો નથી અને પૂર્વે જે કર્મ બાંધ્યાં હોય તેનો ક્ષય કરે છે.

**ડૉ. રમણલાલ ચી. શાહ 'જિન વચન' ગ્રંથિત માંથી**

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી


૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે

૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫માં વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૫.
- કુલ ૬૫મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ સાંભળી શકશો.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.**

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**


## પૂર્વ તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |


## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | અંક વિશેષ... | ડૉ. સેજલ શાહ | ૩ |
| ૨. | તંત્રી સ્થાનેથી... | ડૉ. સેજલ શાહ | ૪ |
| ૩. | સંપાદક પરિચય | ડૉ. સેજલ શાહ | ૮ |
| ૪. | સંપાદકીય | શ્રી કનુભાઈ સૂચક | ૯ |
| ૫. | શિલ્પ સમીપે સૌન્દર્યની પર્યવેક્ષણા | શ્રી કનુભાઈ સૂચક | ૧૦ |
| ૬. | સ્થાપત્ય જગતના ધ્રુવતારકો | શ્રી કનુભાઈ સૂચક | ૧૬ |
| ૮. | ગેરસપ્પાનાં જિનમંદિરો | ડૉ. મધુસૂદન ઢાંકી | ૨૧ |
| ૯. | મંદિરનું સ્થાપત્ય અને સ્થાપત્યનું મંદિરત્વ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૪ |
| ૧૦. | શિલ્પ દ્વારા રાષ્ટ્રની એકતા | હરિપ્રસાદ સોમપુરા | ૨૭ |
| ૧૧. | પશ્ચિમ ભારતના જૈન મંદિરોની સ્થાપત્ય કલા અને મહત્ત્વ | ડૉ. ગુણવંત બરવાળિયા | ૨૮ |
| ૧૨. | હસ્તગિરિ | કિશોરસિંહ સોલંકી | ૪૦ |
| ૧૩. | ધાર્મિક સ્થાપત્યનું મનોવિજ્ઞાન | હેમંત વાળા | ૪૨ |
| ૧૪. | જૈન સ્તૂપનું સ્થાપત્ય અને વિભાવના | ડૉ. રેણુકા પોરવાલ | ૪૫ |
| ૭. | આબુ-દેલવાડા : સર્વોત્તમ શિલ્પકળાનું સંગમ ધામ | આચાર્ય વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી | ૪૮ |
| ૧૫. | દ્વારકા : ઐતિહાસિક અને સાંસ્કૃતિક | સવજી છાયા | ૫૨ |
| ૧૬. | પ્રાચીન તીર્થ કુંભારિયાજી | રમેશ ઠક્કર અને જગદીશ ભટ્ટ | ૫૫ |
| ૧૭. | પોળોનાં મંદિરો | રમેશ ઠક્કર અને જગદીશ ભટ્ટ | ૬૧ |
| ૧૮. | પ્રાચીન મંદિરોનું અફલાતૂન સંકુલ : હમ્પી | નંદિની ત્રિવેદી | ૬૩ |
| ૧૯. | પથ્થરમાં મઢાયેલી કવિતા : રાણકપુર | પિંકી દલાલ | ૬૫ |
| ૨૦. | અજોડ સ્થાપત્ય – સોમનાથ મંદિર | ડૉ. પ્રીતિ જરીવાલા | ૬૭ |
| ૨૧. | ગુજરાતની સાંસ્કૃતિક ધરોહર : વાવ, કૂવા અને તળાવ | નરેશ પ્રદ્યુમ્નરાય અંતાણી | ૬૮ |
| ૨૨. | હઠીસિંગના જૈન મંદિરો - અમદાવાદ | મિતલ પટેલ | ૭૪ |
| ૨૩. | ભગ્નાવશેષો સમીપે | શ્રી કનુભાઈ સૂચક | ૭૬ |
| ૨૪. | કિંગ નેપચ્યુન : વરુણદેવ | શ્રી કનુભાઈ સૂચક | ૮૦ |
| ૨૫. | A Quintessence of Archetype – Jain Temples | Prachi Dhanvant Shah | ૮૨ |
| ૨૬. | ભુતાન પ્રવાસના સંસ્મરણો : ૮ | કિશોરસિંહ સોલંકી | ૮૫ |
| ૨૭. | જશે | નટવરભાઈ દેસાઈ | ૮૭ |
| ૨૮. | અભ્યંતરતપ - સ્વાધ્યાય-ધ્યાન અને કાયોત્સર્ગ | સુબોધીબેન સતીશ મસાલીઆ | ૮૮ |
| ૨૯. | વાચન... અપાર - જીવનનો બેડો પાર.. | ડૉ. ભદ્રાયુ વછરાજાની | ૯૧ |
| ૩૦. | સ્મૃતિઓની પાવન ગંગા : રામદાસ ગાંધીનાં 'સંસ્મરણો' | સોનલ પરીખ | ૯૨ |
| ૩૧. | શ્રી હંસવિજયજી મહારાજ | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૯૩ |
| ૩૨. | જ્ઞાન-સંવાદ | સુબોધીબેન સતીશ મસાલીયા | ૯૫ |
| ૩૩. | ભાવ-પ્રતિભાવ | - | ૯૭ |
| ૩૪. | સર્જન-સ્વાગત | - | ૧૦૦ |
| ૩૫. | સંસ્થા સમાચાર | - | ૧૦૧ |
| ૩૬. | Jainism Through Ages | Dr. Kamini Gogri | ૧૦૫ |
| ૩૬. | જો હોય મારો અંતિમ પત્ર તો... | શ્રી કનુભાઈ સૂચક | ૧૦૮ |

# પ્રબુદ્ધ જીવન

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ-પત્રિકા**

**(પ્રારંભ સન ૧૯૨૯ થી)**

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-** **વિક્રમ સંવત ૨૦૭૪ • વીર સંવત ૨૫૪૪ • જેઠ સૂદ વદ -૧૫**

**મે ૨૦૧૮ વિશેષાંક : મંદિરોનાં શિલ્પ સ્થાપત્ય**

**આ વિશેષ અંકના વિદ્વાન સંપાદક : શ્રી કનુ સૂચક**

**માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ**


## અંક વિશેષ...

'શિલ્પ સ્થાપત્ય' વિશેષાંક કરવાનો ભાવ મન પર સતત ઘેરાતો જતો હતો.

ઉપરાઉપરી બીજો વિશેષાંક ! ! પ્રબુદ્ધ વાચકો, સંજોગો જ કઈ એવા નિર્માણ થયા કે બંને અંકોને સાથે લીધા. ગત અંક ૨૨ મહિનાની મહેનતના ફળ રૂપે હતો, જ્યારે આ અંકના સંપાદક ત્રણ મહિના માટે અમેરિકા જવાના હોવાથી તરત જ આ અંક લીધો. મનમાં ઘણાં વખતથી આ વિષય સળવળી રહ્યો હતો અને સમયની રાહ ન જોતાં, આકાર આપવાનું મુનાસીબ ગણ્યું. પ્રબુદ્ધ જીવનના પ્રવાસના બે વર્ષ મને પુરાં થયા છે અને તમારા સહુ સાથે અનેક વિષયો પર વાત કરવી છે. આજે આપણે એક આખી પેઢીથી દૂર થઈ રહ્યા છીએ ત્યારે ભાષા-ધર્મ-સંસ્કૃતિના, આ સંક્રમણ કાળમાં આપણા સહુનો સહિયારો સંવાદ અને પ્રયાસ આવશ્યક છે, નહીં તો **જે હોવાનું આપણે ગૌરવ અનુભવતા હતા** તે જ આપણી પાસે નહીં રહે ! પ્રબુદ્ધ જીવન એક માધ્યમ છે.

આ સામયિકનું પ્રથમથી જ ધ્યેય રહ્યું છે જીવન, સંસ્કૃતિ અને મૂલ્યોનું સંવર્ધન કરવું. આપણા જીવનના મહત્વનો હિસ્સો 'યોગ-ધ્યાન' વિષે વાત કર્યા પછી, જૈન ધર્મના મહત્વના ગ્રંથોનો અભ્યાસ રજૂ કર્યો અને આપની સમજને ચેતનવંતી કરી અને એ પણ માત્ર શ્રુતના અખંડ સાધક એવા ગુરુ-ભગવંત પાસે. ત્યારબાદ આજે કળાના પર્યવેષણ રૂપે શિલ્પ-સ્થાપત્ય વિશેષાંક. પ્રબુદ્ધ જીવન, જીવનના પ્રવાસને સતત સમૃદ્ધ કરતાં રહેવાનો અને વધુને વધુ ભરપુર કરવાનો એક વધુ નમ્ર પ્રયાસ.

અનેક તીર્થોના પ્રવાસે જતી, ત્યારે ત્યાં ભક્તિ અને ભાવમાં સૌંદર્યની અવગણના થતી તે ન ગમતું. આ કળા સૌંદર્ય સહુ સુધી પહોચાડવું અને એ દ્રષ્ટિની ખીલવણી કરવી અને ઉત્કૃષ્ટ-બેનમૂન સ્થાપત્યને બોલતાં કરવાનો વિચાર આવ્યો. આ સ્વપ્નને સાકાર કરવા માટે કનુભાઈ સૂચક સિવાય બીજું કોણ સૂઝે ? તેઓ હંમેશા કહે કે 'આ શિલ્પો બોલતા હોય છે, તેનો અવાજ સાંભળો.' તેમની આંખે સાંભળેલા આ અવાજને શબ્દો દ્વારા સંકલિત કરવાનાં પ્રયાસ રૂપે આ વિશેષ અંક.

અહીં શ્રધ્ધા-ભાવ અને કળાનાં સમન્વયને પ્રાથમિકતા અપાઈ છે. આરંભમાં કળાનાં સ્થાપત્યનો પરિચય કરાવતો લેખ અને પછી આ ક્ષેત્રમાં મહત્વનું પ્રદાન કરનારાં ત્રણ મહત્વના સંશોધકો વિશેનો લેખ મળે છે. તીર્થસ્થાનો પવિત્ર ભાવ જન્માવે છે. એનો ઈતિહાસ બહુ જ રોચક હોય છે અને સાથે એની રચના પાછળ વૈજ્ઞાનિક સત્યો, પર્યાવરણના સત્યો પણ ઉઘડતાં જાય છે. આજે જો કોઈ ઈમારત હેરીટેજ હેઠળ જાય તો પ્રવાસીઓ તેને જોવાં જાય જ પણ, આપણાં મંદિરો તો પહેલેથી જ આપણી સંસ્કૃતિના ધરોહર. એમાં કથા ઉપરાંત બીજા સંદર્ભો મળી આવે.

કોઈપણ અંક ક્યારેય ૧૦૦ ટકા સંપૂર્ણ કયાંથી બની શકે ? આનું અત્યારે આ ઘડીનું સત્ય આ જ છે. ભવિષ્યમાં આ વિષયક વધુ સંશોધનો, વધુ લેખો લખાશે, વંચાશે તો ગમશે. અત્યારે તો આને પ્રવેશદ્વાર જ સમજીએ.

પ્રવાસ માત્ર ભાવ અને લાગણીમાં વહી ન જાય અને શિલ્પોના સૌંદર્યને મનમાં ભરી શકાય અને શ્રધ્ધા સાથે આકાર પણ અમર બને તે જ આશા સાથે.

અસ્તુ

❑ **સેજલ શાહ**

**આ અંકના સૌજન્યદાતા**

**શ્રી સી. કે. મહેતા પરિવાર**

**પુણ્ય સ્મૃતિ**

**પ.પૂ. પંન્યાસ ભદ્રંકરવિજયજી મ.સા.**


• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટેલિફોન :૨૩૮૨૦૨૯૬
• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

## તંત્રી સ્થાનેથી...

મંદિરના શિલ્પ અને સ્થાપત્યની વાત કરતી વખતે પરમ સત્ય પ્રત્યેની મનુષ્યની. શ્રદ્ધાનું ચણતર જોવા મળે છે. એ રચના જેમાં વિશાળતા, ભવ્યતા હોય, એક ઊંચાઇ હોય, જ્યાં ગર્વ ભાંગીને ભુક્કો થઇ જાય છે. જ્યાં જ્ઞાનની પરમ અભીપ્સા જાગે છે. જ્યાં સત્યની ખોજનો અંશ સાંપડે છે. એવું અદ્‌ભૂત બાંધકામ એટલે 'મંદિર'. એક તરફ પ્રકૃતિનું વાતાવરણ હોય અને બીજી તરફ એની સ્વાભાવિકતા, ધ્યાનમગ્ન અવસ્થામાં લઇ જાય છે. એની પરમ્પરાગત પદ્ધતિ પ્રત્યેકને જુદો અનુભવ કરાવે છે. મંદિરો એ ઉર્જાનો સ્તોત્ર છે, જે મનુષ્ય માત્રને જીવનના સંચારનો અનુભવ કરાવે છે. આ એવી એક જગ્યા છે જ્યાં મનુષ્ય શરણાગતિના હેતુ અર્થે આવે છે, અને ત્યાં શાતાનો અનુભવ પ્રાપ્ત થાય છે.

પરિણામે એ જગ્યા, ત્યાં સ્થાપિત થયેલી મૂર્તિઓ, આ બધુંજ અત્યંત મહત્વનું હોય છે. અહીં સકારાત્મક ભાવના ખીલે એ રીતની રચના કરાઈ હોય છે, જ્યાં ઉત્તર અને દક્ષિણમાંથી હવાની અવરજવર થાય અને કેન્દ્રમાં પરમશક્તિનું સ્થાપન કરાય છે. એને નામ ગર્ભગૃહ અપાયું છે, જે યોગ્ય જ છે. જેને મૂળસ્થાનમ કહે છે, તે જગ્યા પર પૃથ્વીની સકારાત્મક ભવ્ય ઊર્જા અનુભવાય છે, ત્યાં જ મુખ્ય પ્રતિમાનું સ્થાપન કરાય છે.

The Location and Structure of the temples are found deliberately at a place where the positive energy is available abundantly from the the magnetic and electric wave conveyances of north/south post push. The idol of God is set in the core center of the temple, known as "Garbhagriha" or 'Moolasthanam'. Ideally, the structure of the temple is built after the idol has been placed in a high positive wave centric place. This 'moolasthanam' is the place where earth's magnetic waves are discovered to be most extreme To sing the glory of God, as a link between God and Man, as houses of worship, as structures for religious and spiritual activities, humans throughout history have created a space for the divine. The entire art of building temples is not a mere art; it is a science. Every single facet of it - from the size of the idols to the directions and the sanctum – Yes! Temple architecture is a highly developed science જણાય છે.

ઉત્તર અને દક્ષિણ ભારતનાં મંદિરોનો, વિસ્તારની દ્રષ્ટિએ, સૌથી મોટો ફરક એ છે કે દક્ષિણનાં રાજાઓએ ખુબ જ મોટા મંદિરો બંધાવ્યા છે. શ્રીરંગમ રંગાનાથારે ૧૫૬ એકરની જમીનમાં તમિલનાડુમાં મંદિર બંધાવ્યું, જે ખૂબ જ મોટું છે. મંદિરોની પરંપરામાં પણ કેટલીયે વિશેષતા હોય છે. દક્ષિણના મંદીરમાં મુલાવાર અને ઉત્સવર બે પ્રકારની પ્રતિમા હોય છે, મૂલાવાર મૂર્તિ પથ્થરની બનેલી હોય છે, જ્યારે ઉત્સવર મૂર્તિ પાંચ ધાતુની (જેમાં સોનું, ચાંદી, તાંબુ, લોખંડ અને સીસું આવે) બનેલી હોય છે, જે ખાસ પ્રસંગે બહાર કાઢવામાં આવે છે અન્યથા કાળા રંગની પ્રતિમાના દર્શન રોજ થતાં હોય છે. તીર્થ શબ્દ સાથે જ પુણ્યકર્મ જોડાયેલું છે. મંદિરોની રચનામાં શિલ્પશાસ્ત્ર અને વાસ્તુશાસ્ત્ર જોડાયેલા છે. દરેક મંદિરની રચનામાં એક કલાકીય ભાવવિશ્વ જોડાયેલું હોય છે, જેના આધ્યાત્મિક અને બંધારણીય રહસ્યો હોય છે. સાથે ઇતિહાસના કેટલાક તથ્યો પણ એમાં છુપાયેલા હોય છે.

જૈન તત્ત્વજ્ઞાન પ્રમાણે જીવનું લક્ષણ ઉપયોગ છે. આ ઉપયોગ બે પ્રકારનો હોય છે એક તો જીવને પોતાની સત્તાનું ભાન પ્રાપ્ત છે કે હું છું, અને મારી આસપાસ અન્ય પદાર્થ છે. અન્ય પદાર્થમાં વૃક્ષ, પર્વત, ગુફા વગેરે, પ્રકૃતિથી વિપરીત શક્તિઓ-તોફાન, વર્ષા, તાપ વગેરેમાં રક્ષણ આપે છે. પશુપક્ષી વગેરે પ્રકૃતિના પદાર્થોનો ઉપયોગ કરતાં પોતાનું જીવન વ્યતીત કરે છે. જ્યારે મનુષ્યમાં પોતાની જ્ઞાનશક્તિને કારણે કેટલીક વિશેષતા રહેલી હોય છે. પરંતુ મનુષ્યમાં **જિજ્ઞાસા** હોય છે. તેને કારણે તે પ્રકૃતિને વિશેષ રૂપથી જાણવા ઈચ્છે છે. પરિણામે વિજ્ઞાન અને દર્શનશાસ્ત્રોનો વિકાસ થયો. મનુષ્યમાં બીજો ગુણ છે **સારા અને ખોટાનો વિવેક**. આ ગુણની પ્રેરણાથી ધર્મ, નીતિ, સદાચારના નિયમો અને આદેશ સ્થાપ્યા અને માનવસમાજનો ઉત્તરોત્તર સભ્ય બન્યો. મનુષ્યનો ત્રીજો વિશેષ ગુણ છે **સૌન્દર્યની ઉપાસના**. માણસ પોતાના પોષણ અને રક્ષણ માટે જે પદાર્થોનો ઉપયોગ કરે છે, તેને ઉત્તરોત્તર સુંદર બનાવવાનો પ્રયત્ન કર્યા કરે છે. જેમ કે સુંદર વેશભૂષા, સુંદર ખાદ્યપદાર્થોની સજાવટ વગેરે. પરંતુ મનુષ્યની સૌન્દર્યોપાસનાં ગૃહનિર્માણ, મૂર્તિનિર્માણ, ચિત્રનિર્માણ તથા સંગીત અને કાવ્યકૃતિઓમાં ચરમ સીમાએ પહોંચી છે. આ પાંચે કલાનો પ્રારંભ જીવનમાં ઉપયોગી દૃષ્ટિથી થયો. આ રીતે ઉપયોગી કલાઓ અને લલિત કલાઓને કોઈ પણ દેશ કે સમાજની સભ્યતા અથવા સંસ્કૃતિનું અનિવાર્ય પ્રતીક માનવામાં આવે છે. જૈન

આ અંકનું સૌજન્ય રૂપિયા ૮૦.૦૦

## જિન-વચન

मायाविजएणं भन्ते! जीवे किं जणयइ?

मायाविजएणं अज्जवं जणयइ। मायावेयणिज्जं

कम्मं न बंधइ, पूव्वबद्धं च निज्जरेइ ।।

O Bhagavan ! What does the soul acquire by conquering deceit?

By conquering deceit the soul acquires the quality of straightforwardness. He does not do any Karma caused by deceit and becomes free from the past Karmas.

भन्ते। माया-विजय से जीव क्या प्राप्त करता है?

माया-विजय से जीव क्या प्राप्त करता है?

माया-विजय से जीव सरलता को प्राप्त करता है। वह माया से उत्पन्न होनेवाला कर्मबंधन नहीं करता और पूर्वबद्ध कर्मों को क्षीण करता है।

હે ભગવાન! માયાને જીતવાથી જીવ શું પામે છે?

માયાને જજીતવાથી જજીવ સરળતા પામે છે. માયાથી ઉત્પન્ન થતાં કર્મોને તે બાંધતો નથી અને પૂર્વે જે કર્મ બાંધ્યાં હોય તેનો ક્ષય કરે છે.

**ડૉ. રમણલાલ ચી. શાહ 'જિન વચન' ગ્રંથિત માંથી**

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી


૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે

૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫માં વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૫.
- કુલ ૬૫મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ સાંભળી શકશો.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.**

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**


## પૂર્વ તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |



## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | અંક વિશેષ... | ડૉ. સેજલ શાહ | ૩ |
| ૨. | તંત્રી સ્થાનેથી... | ડૉ. સેજલ શાહ | ૪ |
| ૩. | સંપાદક પરિચય | ડૉ. સેજલ શાહ | ૮ |
| ૪. | સંપાદકીય | શ્રી કનુભાઈ સૂચક | ૯ |
| ૫. | શિલ્પ સમીપે સૌન્દર્યની પર્યવેક્ષણા | શ્રી કનુભાઈ સૂચક | ૧૦ |
| ૬. | સ્થાપત્ય જગતના ધ્રુવતારકો | શ્રી કનુભાઈ સૂચક | ૧૬ |
| ૮. | ગેરસપ્પાનાં જિનમંદિરો | ડૉ. મધુસૂદન ઢાંકી | ૨૧ |
| ૯. | મંદિરનું સ્થાપત્ય અને સ્થાપત્યનું મંદિરત્વ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૪ |
| ૧૦. | શિલ્પ દ્વારા રાષ્ટ્રની એકતા | હરિપ્રસાદ સોમપુરા | ૨૭ |
| ૧૧. | પશ્ચિમ ભારતના જૈન મંદિરોની સ્થાપત્ય કલા અને મહત્ત્વ | ડૉ. ગુણવંત બરવાળિયા | ૨૮ |
| ૧૨. | હસ્તગિરિ | કિશોરસિંહ સોલંકી | ૪૦ |
| ૧૩. | ધાર્મિક સ્થાપત્યનું મનોવિજ્ઞાન | હેમંત વાળા | ૪૨ |
| ૧૪. | જૈન સ્તૂપનું સ્થાપત્ય અને વિભાવના | ડૉ. રેણુકા પોરવાલ | ૪૫ |
| ૭. | આબુ-દેલવાડા : સર્વોત્તમ શિલ્પકળાનું સંગમ ધામ | આચાર્ય વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી | ૪૮ |
| ૧૫. | દ્વારકા : ઐતિહાસિક અને સાંસ્કૃતિક | સવજી છાયા | ૫૨ |
| ૧૬. | પ્રાચીન તીર્થ કુંભારિયાજી | રમેશ ઠક્કર અને જગદીશ ભટ્ટ | ૫૫ |
| ૧૭. | પોળોનાં મંદિરો | રમેશ ઠક્કર અને જગદીશ ભટ્ટ | ૬૧ |
| ૧૮. | પ્રાચીન મંદિરોનું અફલાતૂન સંકુલ : હમ્પી | નંદિની ત્રિવેદી | ૬૩ |
| ૧૯. | પથ્થરમાં મઢાયેલી કવિતા : રાણકપુર | પિંકી દલાલ | ૬૫ |
| ૨૦. | અજોડ સ્થાપત્ય – સોમનાથ મંદિર | ડૉ. પ્રીતિ જરીવાલા | ૬૭ |
| ૨૧. | ગુજરાતની સાંસ્કૃતિક ધરોહર : વાવ, કૂવા અને તળાવ | નરેશ પ્રદ્યુમ્નરાય અંતાણી | ૬૮ |
| ૨૨. | હઠીસિંગના જૈન મંદિરો - અમદાવાદ | મિતલ પટેલ | ૭૪ |
| ૨૩. | ભગ્નાવશેષો સમીપે | શ્રી કનુભાઈ સૂચક | ૭૬ |
| ૨૪. | કિંગ નેપચ્યુન : વરુણદેવ | શ્રી કનુભાઈ સૂચક | ૮૦ |
| ૨૫. | A Quintessence of Archetype – Jain Temples | Prachi Dhanvant Shah | ૮૨ |
| ૨૬. | ભુતાન પ્રવાસના સંસ્મરણો : ૮ | કિશોરસિંહ સોલંકી | ૮૫ |
| ૨૭. | જશે | નટવરભાઈ દેસાઈ | ૮૭ |
| ૨૮. | અભ્યંતરતપ - સ્વાધ્યાય-ધ્યાન અને કાયોત્સર્ગ | સુબોધીબેન સતીશ મસાલીઆ | ૮૮ |
| ૨૯. | વાચન... અપાર - જીવનનો બેડો પાર.. | ડૉ. ભદ્રાયુ વછરાજાની | ૯૧ |
| ૩૦. | સ્મૃતિઓની પાવન ગંગા : રામદાસ ગાંધીનાં 'સંસ્મરણો' | સોનલ પરીખ | ૯૨ |
| ૩૧. | શ્રી હંસવિજયજી મહારાજ | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૯૩ |
| ૩૨. | જ્ઞાન-સંવાદ | સુબોધીબેન સતીશ મસાલીયા | ૯૫ |
| ૩૩. | ભાવ-પ્રતિભાવ | - | ૯૭ |
| ૩૪. | સર્જન-સ્વાગત | - | ૧૦૦ |
| ૩૫. | સંસ્થા સમાચાર | - | ૧૦૧ |
| ૩૬. | Jainism Through Ages | Dr. Kamini Gogri | ૧૦૫ |
| ૩૬. | જો હોય મારો અંતિમ પત્ર તો... | શ્રી કનુભાઈ સૂચક | ૧૦૮ |

સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી
9819372908

પૂજ્ય પંડિત સુખલાલજી સંઘવીનો સમિતિના સન્માન પ્રમુખ શ્રી મોરારજીભાઈ અને તે સમયના ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ સર્વપલ્લી રાધાકૃષ્ણનના અધ્યક્ષ સ્થાનેથી ૧૫ જુન ૧૯૫૭ના સન્માન સમારંભ યોજાયેલ. ૧૬ વર્ષની ઉંમરે બળિયાના રોગમાં આંખોની દ્રષ્ટિથી વંચિત થનાર પં. સુખલાલજી ભારે પુરૂષાર્થથી કોઈપણ સાધન વગર અદભુત બુદ્ધિમતા અને સ્મરણ શક્તિથી વિદ્યા પ્રાપ્ત કરી. ૭૬વર્ષની તેમની ઉંમરે પણ એમની શક્તિઓ મારફત સમાજની અને સાહિત્યની અનેરી સેવાઓ બજાવી છે. એમનું તલસ્પર્શી અને વિપુલ જ્ઞાન, કેવળ જૈન ધર્મ અને એની સાથે સંકળાયેલ સંસ્કૃતિનાં જ નહિ પરંતુ અન્ય ભારતીય ચિંતન અને સંસ્કૃતિનાં- બ્રાહ્મણ, બૌદ્ધ અને બીજા પ્રકારનાં પ્રાચીન શાસ્ત્રોના સર્વ નિષ્ણાતો અને વિદ્વાનોનો સહજ આદર પામેલું છે.

The learned and most admired man of Jain community - Pandit Sukhlalji; started his lecture-series in A'bad in the year 1930. In the year 1931 it moved to Mumbai where a small plant grew into a great banyan tree. Everyone was waiting for his lecture series. And look at the fact the what a greater thinkers and orators year by year addressed the knowledge thurst of the gatherings! Here is the galaxy of those learned speakers : Pandit Sukhlalji, Kaka Kalelkar, Dr. K. M. Munshi, Dr. Jagdish Chandra Jain, Sarladevi Sarabhai, Swami Akhand Anand, Motilal Kapadia, Morarji Desai, Dr. Ushaben Mehta, Pandit Dalsukhbhai Malwania, Haribhai Kothari, Santshri Moraribapu, Swami Anand, Pujya Jinvijayji, Zaverchand Meghani....... For complete details on Pandit Sukhalalji Sanmaan Samaarambh refer July 1957 issue of Prabuddh Jeevan by visiting www.prabuddhjeevan.in



To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2016-18. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2018. & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

## જાવાનું કેટલેય દૂર...

## કનુ સૂચક

પ્રવાસ તો હવે શરુ થયો છે. ઋતુ ઋતુની અનુભૂતિની સ્મૃતિમંજૂષામાં વસંત અને પાનખર, ગ્રીષ્મ અને વર્ષા, આનંદ અને વિશાદની તાવણીમાંથી પસાર થઈ ગયા પછી નાનકડો પો'રો ખાવાનો સમય આવ્યો છે. લાગણીના પૂર ખાળી હવે વિચારવાનો સમય મળ્યો છે. શાંતિપથ પારખવા અને માણવાની મનીષા જાગી છે.

પગ હવે થાક્યા માણારાજ !
ઋત ઋત વેંઢાર્યા ભાર
હજુ ચાલવું કેટલું ?
''મનમંદિરીએ સૂર કેરા ડેરા,
અંતર ઉજાશે, ન હન્યતે, ફેરા
મીરાની ભકિત, કબીરાના દોહા,
ઉરમાં તો 'આ' અને 'તે'ની વિટંબણા
શૂન્યમાં સરકવા સમજવાનું કેટલું ?
હવે ચાલવું કેટલું ?''

જન્મ કે મૃત્યુ આપણા હાથમાં નથી પરંતુ તેની વચ્ચેનો સમય દરેકને વિચારવા તક આપે છે. કેટલાંક તેનો ઉત્તમ ઉપયોગ કરે છે. તક પણ આમ તો અનિશ્ચિત જ ને ! જીવન સરળ ગતિએ ચાલશે જ એ પણ અનિશ્ચિત અને છતાં અનિશ્ચિતતાનો પણ આનંદ છે. મૃત્યુની મજા પણ એવી જ છે. એ કયાં છે અને ક્યારે તેની ખબર નથી. 'પાનખરના પાંદડાને લટકવાનું કેટલું ?' પ્રશ્નમાં જ ઉત્તર પણ છે. પાનખર એ પાંદડાના મૃત્યુની આગાહી છે . ખરવાનું જ છે. સમય સમયનું કામ કરશે. અનિશ્ચિતત હોવાં છતાં તેનું આગમન નિશ્ચિત છે. માણસ બાબત, તે વયથી વૃધ્ધ થાય છે તે સત્ય નથી. વયને લીધે શરીરનું વૃદ્ધત્વ તેને મૃત્યુની આગાહી આપે છે. શરીરને મશીન સાથે સરખાવવામાં આવે છે પરંતુ વૈજ્ઞાનિક શોધ એ મુકામથી હજુ દૂર છે કે મશીનની જેમ તેના શરીરના અંગઉપાંગોને બદલીને દીર્ઘાયુષી કરી શકાય. મનથી વૃધ્ધાઈને પંપાળવી નથી. તે નિશ્ચિત છે પણ મારે તેને વધાવવાની તૈયારી નથી કરવી એ એનું કામ કરે અને હું મારું કામ કરીશ. મૃત્યુને અને મારે સંબંધ જ ક્યાં છે ? ન વાતચીત થાય કે ન ખરખબર આપે તેવા સંબંધનું નામ અસંબંધ ? એવા મૃત્યુની વાત છોડી દઈ શેષ જીવનને ભયરહિત માણવાની વાત કરીએ. સમયનો પ્રવાહ અટકતો નથી એટલે જ તે સ્વચ્છ છે. જીવન એવો જ નિર્મળ પ્રવાહ રહે એમાં જ મજા છે. ''વહેતાં આ જળનું 'શીલ' છે અનુપમ, ખાબોચિયું થઈને ગળવું નકામું.''

આ જગતની રચનાનો એક અંશ છીએ પરંતુ તેના કર્તા હોવાનો અહં તો હાસ્યાસ્પદ લાગે. આપણે કર્મો કરતા રહ્યા તેની જવાબદારી આપણી પરંતુ તેના કર્તા હોવાનો એકલ દાવો આપણે કરી શકીએ ? આપણે નિર્ભરતાની ગણતરી માંડીએ તો આપણો ફાળો અત્યંત ક્ષુલ્લક લાગે. મન અને શરીર પણ આપણા ન લાગે. અગણિત ટેકાઓને સહારે શ્વાસ લેતા રહ્યા છીએ. જન્મથી શરુ જીવનનું ઘડતર કરનાર અનેક પરિબળો છે. પરિસ્થિતિ અને સંજોગો પ્રમાણે મરણ સુધી એ કાર્ય થતું રહે છે.

ભગવાન ઋષભદેવ સિદ્ધપુરુષ હતાં. તેમને માનવ મનની વૃતિ, ક્રિયાઓનું અગાધ ઊંડું અને તલસ્પર્શી જ્ઞાન હતું. તેઓએ પોતાના તમામ કર્મોનો ક્ષય કરી સિદ્ધપદની પ્રાપ્તિ કરી હતી. તેમના પ્રથમ ઉપદેશ વખતે ત્રિગુણ સિદ્ધાંતોની વાત કરી છે. સમ્યક દર્શન, સમ્યક જ્ઞાન અનો સમ્યક ચરિત્ર. આ સિધ્ધાંત અનુસારનું વર્તન જ સિદ્ધપદ કે નિર્વાણ પ્રાપ્તિના માર્ગ તરફ દોરી શકે. ઋષભદેવ ભગવાન સ્પષ્ટ કરે છે કે સિદ્ધની પૂજા નહીં પરંતુ તેમના જેવા વર્તન પર તેમણે ભાર મૂક્યો છે. સંસાર ત્યાગ નહીં ત્રિગુણ સમ્યક સિદ્ધાંતના વર્તન પર બળ આપ્યું છે. નિર્વાણ એ સ્થિતિ છે જ્યાં મન સર્વ બંધનોમાંથી પોતાને મુકત અનુભવે. આ સિદ્ધિ દરેકે સ્વયં જ સિદ્ધ કરવી પડે. અશક્ય નથી પરંતુ તે માટે પ્રયત્ન તો આપણે જ કરવો રહ્યો. એટલું તો જરૂર થાય કે જીવનની જે કંઈ પળો બાકી હોય તે પળેપળ 'જીવ્યા' તેવો સંતોષ આપે તેવાં વર્તન સાથે જીવવું. આ પળો પસંદ આપણે જ કરવાની હોય છે.

મૂર્ધન્ય સાહિત્યકાર સ્વ. સુરેશ જોશીની થોડી પંકિતઓનો અહીં ઉપયોગ કરવો છે.

''મારે હવે ક્યાંક પગ વાળીને બેસવું છે.
બની શકે તો મારી હજાર આંખો બીડી દેવી છે.
મારી બધી ઇન્દ્રિયોને પાછી વાળી લેવી છે.
મારા વિસ્તરેલા બધાં જન્મોને સંકેલી લેવા છે.
મારા અસંખ્ય શબ્દોને એક ફૂંકે ઉડાડી દેવા છે.
મારે ક્ષણિક થઈને લય પામી જવું છે.''

મન તો થાય છે કે અંતિમ એવું હોય કે જ્યાં હોવાં છતાં ન હોવાની પળોમાં લય પામું.

❑❑❑

Postal Authority : If Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai -400004.

Printed & Published by : Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 Printed at Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N.M.Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Tel. 40032496 / 9867540524. Editor : Sejal M. Shah
Temporary Add.: 926, Parekh Market, 39, J.S.S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai -400004.

પરંપરામાં કલાની ઉપાસનાને વિશિષ્ટ સ્થાન આપવામાં આવ્યું છે. પ્રાચીનતમ જૈન આગમોમાં શિલ્પો અને કલાઓના શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે અને તેને શિખવવા માટે શિલ્પાચાર્યો અને કલાચાર્યોના અલગ અલગ ઉલ્લેખો મળે છે. જૈન સાહિત્યમાં ૭૨ કલાઓના ઉલ્લેખ છે. તેમાં વાસ્તુકલા સ્થાપત્યકલાનો પણ નિર્દેશ છે. વાસ્તુકલામાં મંદિરનિર્માણ તથા શિલ્પચાતુર્ય, તેની દીર્ઘકાલીન પરંપરા વગર શક્ય ન બને. પથ્થરને તોડીને ગુફા-ચૈત્યોના નિર્માણની, કલાની શ્રેષ્ઠતા અને તેના આધારે, સ્વતંત્ર મંદિરોના નિર્માણની પરંપરા શરૂ થઈ.

પ્રાચીન ભારતમાં મકાનો, મહેલાતોની બાંધણી અને તેની ગુણવત્તા ખૂબજ ઊંચી હતી. આપણે 'દ્વારકા, ઈન્દ્રપ્રસ્થ વગેરે જગ્યાઓની બાંધણીની વિગતોથી છીએ. મૌર્ય અને ગુપ્તવંશ સમયના મહેલોની વિગતથી પણ વિદિત છીએ. મકાનોનાં પ્લાનિંગ, બાંધણી વગેરેના સંદર્ભો આપણી પાસે છે. નિવાસી મકાનો, રાજમહેલ, સેનાનાં મકાનો, તબેલા, ગજશાળા, મંદિરો વગેરે ઊંચા સ્થાપત્યશાસ્ત્ર પ્રમાણે જ થતાં. તે જગ્યાએ સ્થાપત્યશાસ્ત્રને અનુરૂપ રહેતી. આ બધાં મકાનોનું સ્થાપત્ય એવું રહેતું કે ધરતીકંપો, વાવાઝોડાં, ભારે વરસાદ તેમને પાડી ન શકતાં. મોઢેરાનું સૂર્ય મંદિર અને કોણાર્કનાં સૂર્યમંદિરો આપણી સામે અડીખમ ઊભાં છે. ભારતમાં સ્થાપત્યકળા ઉચ્ચ કક્ષાએ વિકસી હતી, એની સાબિતી આ બધાં સ્થાપત્યો આપે છે. દક્ષિણનાં મંદિરો આજે આપણને આશ્ચર્ય પમાડે છે. અથર્વવેદમાં શિલ્પશાસ્ત્ર વિષે વિસ્તારથી વિગત આપવામાં આવી છે. એટલે કે ૫,૦૦૦ વર્ષ પહેલા ભારતમાં શિલ્પશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર વિકસેલાં હતાં. મકાન મહેલાત, મંદિર કે કોઈપણ ઈમારત બાંધવી હોય તો સૌ પ્રથમ તો તે જમીનની તાકાત કેટલી છે એની ચકાસણી થતી.

તમિળનાડુમાં થીરુ મંદિરનાં મુખ્ય ગુંબજમાં ૫૦ ફૂટ પહોળી કમાન છે. આ તે વખતના આપણા સ્થાપિતીઓની સિધ્ધિ દર્શાવે છે. કયાંક તો થાંભલા વગરના મોટા મોટા હોલ હોય છે. તમિળનાડુના કોડાન્ગાઈ શહેરમાં ભગવાનના મંદિરમાં એક ખડક એટલે પાતળો બનાવવામાં આવ્યો છે જાણે કાગળ! પ્રાચીન ભારતમાં પથ્થરોના પાતળા પડદા બનાવવામાં આવ્યા હતા, જાણે કે નેનો ટેક્નોલોજીના જાણકાર ન હોય! તો પ્રશ્ન એ થાય છે કે તેમનાં સાધનો કેવા હશે? દેલવાડાના દેરા જુઓ, રાણકપુરનું મંદિર જુઓ, ખજૂરાહોના મંદિરો જુઓ. પથ્થરમાં કવિતા રચી હોય. શિલ્પશાસ્ત્રના જગતમાં ભારતનો જોટો નથી. હાલના અક્ષરધામ મંદિર અને સોમનાથ વગેરે મંદિરો પ્રાચીન ભારતના શિલ્પશાસ્ત્રની ઉપજ છે.

દક્ષિણ ભારતમાં સ્વસ્તિક ગ્રામ છે, તેમાં સાથિયાના રૂપમાં બધા રસ્તા છે. છ રસ્તા પૂર્વથી ઉત્તરમાં જાય છે અને ગામના પાદરને મળે છે. પણ ત્યાં જતાં તે માત્ર ચાર રસ્તા જ રહે છે. શહેરમાં મધ્ય ભાગમાં તે છ રસ્તા હોય છે. શહેરના મધ્ય ભાગમાં હેર-ફેર વધારે હોય છે, માણસો વધારે હોય છે, માટે ત્યાં છ રસ્તા છે. ગામના પાદરે જતાં ટ્રાફિક ઓછો થઈ જાય છે, માટે ત્યાં માત્ર ચાર રસ્તા જ રહે છે. ટ્રાફિકની કેટલી સમજ. બધા જ રસ્તા વળી પાછાં પહોળાં અને કાટખૂણે અને વન-વે, આ બધા રસ્તા વળી પાછા સમાંતર અને ઘડિયાળની દિશામાં વળાંક લે.

પ્રાચીન ભારતમાં બે મકાન વચ્ચે ત્રણ પગલાનું અંતર રાખવામાં આવતું. આ નિયમ જે મકાનને વાડો હોય કે છાજલી હોય તેને લાગૂ પડતો. મકાનના ઓરડા વચ્ચે ચાર આંગળાની જગ્યા અથવા તે એકબીજાને અડકે નહીં, બારી રસ્તાની બાજુમાં હોય અને જરા ઊંચી હોય, જેથી ઘરમાં પ્રકાશ પથરાય. બારીનાં પરિમાણ પણ યથાયોગ્ય અને બારીઓ બંધ પણ થઈ શકે. ઘરોની આ બાબતો મકાન માલિક જ નક્કી કરે, તેવી છૂટ હતી, શરત માત્ર એ કે તે કલ્યાણકારી હોવી ઘટે અને તેમાં ઝઘડાને સ્થાન ન હોય. આ બધી બાબતો કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં આપવામાં આવી છે.

ભારતીય પ્રાચીનશાસ્ત્રોમાં મશીન અને મિકેનિક્સના ઘણા સંદર્ભો મોજુદ છે. વેદમાં ચક્ર, અગ્નિ ઉત્પન્ન કરવાના, હેન્ડલૂમના દહીં જેરવાનાં વગેરે સાધનોના પ્રચૂર ઉલ્લેખો છે. મહાભારતમાં દ્રૌપદીના સ્વયંવરમાં થાંભલા પર ગોળ ગોળ ફરતી માછલીનો ઉલ્લેખ છે.

કૌટિલ્યનું અર્થશાસ્ત્ર ૨,૪૦૦ વર્ષ પહેલા લખાયું હતું. તેમાં ૩૨ જાતનાં મશીનોના ઉલ્લેખ છે. તેમાં એક મશીન પથ્થર ફેંકી શકતું હતું. તેમાં ત્રાજવાની વાત છે આ બતાવે છે કે પ્રાચીન સમયમાં ભારતીયોને વિજ્ઞાનનું સૈદ્ધાંતિક જ્ઞાન પણ કેટલું હતું. ઉત્તરરામચરિતમાં ભવભૂતિએ લખ્યું છે કે રાજા તેના દીકરાના શિક્ષકને, દીકરાને મશીનનું જ્ઞાન આપવાની વાત કરે છે, જે મશીન કાં તો અગ્નિથી, વાયુથી કે પાણીથી ચાલે આ દર્શાવે છે કે પ્રાચીન સમયના રાજા ભૌતિકશાસ્ત્ર અને યંત્રશાસ્ત્રને કેટલું બધું મહત્ત્વ આપતાં હતાં.

## મહુવાની આદિનાથની પ્રતિમા

મંદિરોના શિલ્પો અને પ્રતિમાજીની ઐતિહાસિકતા અનેક સત્યો ઉઘાડી આપે છે. મંદિર બંધાવનારની પણ આગવી દ્રષ્ટિ એમાં ભળતી હો છે. આબુ પર્વત પરના પાંચ જિનાલયોની રચના માત્ર વિમલમંત્રીના નથી પણ તેમના પછીના તેમના વરિષ્ઠ બંધુ નેઢના પ્રપૌત્ર મંત્રી પૃથ્વીપાલે કરાવેલ છે.

મંત્રીશ્વર વિમલે નિર્માણ કરાવેલ જિનાલયમાં એમનો કે એમના સમયનો કોઈ જ લેખ મળી આવ્યો નથી. પ્રાપ્ત લેખોમાં

જૂનામાં જૂનો લેખ દેવકુલિકા ક્રમાંક ૧૩માં સં.૧૧૧૯- ઈ.સ. ૧૦૬૩માં શાંત્યા માત્યની પત્ની શિવાદેવીએ ભરાવેલ પ્રતિમાઓ છે; પણ તેમાં વિમલમંત્રી કે વિમલવસતીનો ઉલ્લેખ નથી, જો કે પરંપરાથી આ દેવાલય વિમલનિર્મિત મનાતું આવ્યું છે અને ૧૪મા-૧૫મા શતકના ગ્રંથોમાં આ મંદિરના નિર્માણ-સંબદ્ધ, દંડપતિ વિમલ અનુલક્ષિત દંતકથાનાં આલેખનો મળી આવે છે.

વિમલ-વસતિકાનું વર્તમાન સ્વરૂપ આ પ્રકારે છે : કાળા પથ્થરના 'મૂલપ્રાસાદ' અને 'ગૂઢમંડપ', એને જોડાયેલાં આરસનાં 'મુખમંડપ' (નવચોકી) અને 'રંગમંડપ', એ સૌ ફરતી આરસી દેવકુલિકાઓરૂપી જિનાલયોના સમૂહથી સંયોજાતી પટ્ટશાલા સમેતની 'ભ્રમન્તી' (ભમતી); તે પછી આ બાવન-જિનાલયની સામે કાળા પથ્થરની 'હસ્તિશાલા', અને હસ્તિશાલાને બાવન જિનાલયની 'મુખચતુષ્કી' (મુખચોકી) સાથે જોડતો 'વિતાન' (છત)વાળો સાદો મંડપ.

મંત્રીશ્વર વિમલે કરાવેલ મૂળ વસતિકા આ પ્રમાણે હતી : મંદિર છે ત્યાં મૂળ ખડકાળ ભૂમિ જરા પૂર્વ અને દક્ષિણ તરફના ઢાળવાળી છે; એટલે જ્યાં ઢાળ નડ્યો હશે ત્યાં પૂરણી કરી. એ ભૂમિ પર ગર્ભગૃહયુક્ત મૂલપ્રસાદ, ગૂઢમંડપ, રંગમંડપ અને હસ્તિશાલાની રચના વિમલમંત્રીએ કરાવી; જ્યારે સોમધર્મના કથન અનુસાર મોટા વ્યવહારીઓએ દેવકુલિકાદિક કરાવ્યું. સારુંયે બાંધકામ સાદાઈ ભર્યું અને કાળા પથ્થરમાં હતું. જે કંઈ થોડું લગાવેલું રૂપકામ હતું તે મોટા ભાગનું શ્વેત આરસમાં કરેલું. આમ કેમ બન્યું હશે? ધનાઢ્ય મનાતા ને ચંદ્રાવતીશ ગણાતા મંત્રીશ્વરનું સમસ્ત મંદિર આરસનું અને અલંકારપૂર્ણ શા માટે નહોતું? કદાચ સંચારવ્યવસ્થાની મુશ્કેલીઓને કારણે બાંધકામ માટેના મોટા કદના આરસના ખંડો નીચેથી ઉપર લઈ જવાનું હજી એ કાળે શક્ય નહીં બન્યું હોય; એથી જ તો કદાચ સ્થાનિક, કે પછી નજીકમાં મળતા કાળા પથ્થરથી, ચલાવી લેવું પડ્યું હોય; જ્યારે આરસી રૂપકામના ઘડેલા નાના નાના ટુકડાઓ ચંદ્રાવતીથી ઉપર લાવી લગાવ્યા હોય કે પછી આરસની ખાણમાંથી નાના નાના આરસી ખંડો ડુંગર ઉપર લઈ જઈ એના ઉપર ચંદ્રાવતીના શિલ્પીઓએ ત્યાં રૂપ ઘડ્યાં હોય.

સદ્ભાગ્યે વિમલમંત્રીએ પ્રતિષ્ઠા કરાવેલ અસલી પ્રતિમા ભમતીના નૈઋર્ત્યખૂણે આવેલા ભાંડાગારમાં મોજૂદ છે. એને હાલ મુનિસુવ્રતસ્વામીની ૨૫૦૦ વર્ષ પુરાણી પ્રતિમા માનવામાં આવે છે. વિમલમંત્રીએ ચંપકવૃક્ષ નીચે દટાયેલી કાઢેલી પ્રતિમા તે આ જ, એવી પણ માન્યતા છે. પણ પ્રતિમાના ખંધોલા પર કેશવલ્લરી બતાવી હોઈ, તે મુનિસુવ્રતસ્વામીની નહીં પણ આદીશ્વરની જણાય છે. શ્યામ પથ્થરના આ પ્રભાવશાળી અને મોટા ભામંડળવાળા વિશાળ જિનબિંબની શૈલી ૧૧મી શતાબ્દીનો પૂર્વાર્ધ દર્શાવતી હોઈ, તેમ જ તેનું માન ગભારાના માન સાથે બંધ બેસતું હોઈ, વિમલમંત્રીએ કાળા પથ્થરમાં જ બનેલી વસતિકામાં મૂલનાયક તરીકે યુગાદિદેવની જે પ્રતિમા અધિવાસિત કરી હશે તે આ જ પ્રતિમા હોવી ઘટે. આટલી સુંદર અને મોટી પ્રતિમા જો ચંપકવૃક્ષ તળેની ભૂમિમાંથી પ્રગટ થઈ હોય તો તે વિશેષ મહિમાવંત ગણાય અને તો પછી એને અહીં ભંડારમાં સ્થાપિત કરવાને બદલે મૂલગભારામાં પ્રતિષ્ઠિત કરવામાં શું હરકત હોઈ શકે? મંત્રીશ્વર વિમલે બંધાવેલ મૂલચૈત્ય કાળા પથ્થરનું હતું, આદિનાથને સમર્પિત હતું; આ પ્રતિમા પણ શ્યામશિલાની અને આદીશ્વરની જ છે અને શૈલીની દૃષ્ટિએ મંદિરની સ્થાપનાના કાળની જ છે, એ વાત પણ એને મૂલનાયકની પ્રતિમા હોવાની હકીકતને પુષ્ટિ આવે છે. ૧૪મી-૧૫મી સદીના પ્રબંધોમાં મૂલનાયકની પ્રતિમા ધાતુની હોવાની વાત કહી છે. વાસ્તવમાં તો ઈ.સ. ૧૩૨૨માં જીર્ણોદ્ધારકોએ આક્રમણ સમયે ખંડિત થયેલી આ પ્રતિમાને બદલી મૂલનાયકની નવી મૂર્તિ ગર્ભગૃહમાં બેસાડી અને એક વખતની આ અસલ પ્રતિમાનું વિસર્જન ન કરતાં અહીં ભાંડાગારમાં સુરક્ષા માટે મૂકી હશે.

ઘણીવાર એવું થતું કે કામનું ધ્યાન રાખનારા શૈવ હોય પરંતુ અહીં આજીવિકા ઉપરાંત ભાવ જાગવાને કારણે કલા અને આવડત દર્શાવાનો મોકો મળ્યો એટલે તેઓ પોતે પણ પ્રતિમાજી ભરાવતા હતા અને એનું ઉદાહરણ આ જીનમંદિરોમાં જોવા મળે છે.

દક્ષિણ બાજુ બે ધ્યાન ખેંચે એવી વિગતો છે. ત્યાં આગલી હરોળમાં દેવી સરસ્વતીની પ્રતિમા કંડારી છે. શારદાની આજુબાજુ બે નામોલ્લિખિત સૂત્રધારો-લોયણ અને કેલા-ની અંજલિબદ્ધ, આરાધના કરતી મૂર્તિઓ બતાવી છે. આ સૂત્રધારો મંત્રી પૃથ્વીપાલે રોકેલા પ્રધાન સ્થપતિઓ હોવાનો તર્ક ઉમાકાંત શાહે કર્યો છે. ઈ.સ. ૧૧૪૬ના તુલ્યકાલીન લેખમાં કારાપકોના ચાર સૂત્રધારોનાં નામોમાં લોયણ અને કેલાનાં નામ મળી આવે છે. તેથી અહીં પણ આ શક્ય છે. સૂત્રધારોનો ધર્મ તો હશે શૈવ, પણ જિનમંદિર મંદિરના સ્થાપત્ય સાથે જોડાયેલા ભાવને કારણે તેમને આ મૂર્તિ ભરાવી હશે.

બીજું એક ઐતિહાસિક સત્ય પણ પ્રગટે છે.

અહીંનાં મુખ્ય બન્ને મંદિરોમાં દર્શન કરનારને સ્વાભાવિક રીતે આવી શંકા ઉત્પન્ન થાય કે દેરીઓમાં પણ આવી અપૂર્વ કોતરણી છે તે મંદિરોનો અંદરનો ભાગ (ખાસ મૂલગભારો અને ગૂઢમંડપ) બિલકુલ સાદો કેમ? અને શિખરો સાવ નીચાં-બેઠા ઘાટનાં કેમ? વાત ખરી છે કે જે મંદિરોના બહારના ભાગમાં આવું સુંદર કામ હોય તેના ખાસ મૂલગભારા અને ગૂઢમંડપો તદ્દન સાદા હોય અને શિખરો સાવ નીચાં હોય, તે બનવાયોગ્ય નથી. પરંતુ તેમ હોવામાં ખાસ કારણ છે અને તે એ છે કે તે બન્ને મંદિરો બંધાવનાર

મંત્રીવરોએ તો મંદિરોના અંદરના ભાગો બહારના ભાગો કરતાં પણ અધિક સુંદર નકશીદાર અને સુશોભિત કરાવ્યા હશે. પરંતુ સંવત્ ૧૩૬૮માં મુસલમાન બાદશાહે આ બન્ને મંદિરોનો ભંગ કર્યો ત્યારે આ બન્ને મંદિરોના મૂલ ગભારા, ગૂઢમંડપો, ભગવાનની બધી મૂર્તિઓ અને બન્ને હસ્તિશાળાની ઘણીખરી મૂર્તિઓનો સાવ નાશ કરી નાખ્યો હશે બને. તેમ જ મૂલ ગભારો અને ગૂઢમંડપથી બહારના ભાગની કોતરણીમાંના પણ થોડા ભાગને નુકસાન પહોંચાડ્યું હોય તેમ જણાય છે. આવી રીતે ભંગ થયા બાદ પાછળથી આ બંને મંદિરોનો જીર્ણોદ્ધાર થયેલો હોવાથી અંદરનો ભાગ સાદો બનેલો જણાય છે.

આ સાથે જોડાયેલી કેટલીક રસિક કથાઓ જોઈએ.

"દંતકથા છે કે આ મૂર્તિ વિમલમંત્રીએ આ મંદિર બંધાવતાં પહેલાં એક સામાન્ય ગભારો બનાવીને તેમાં બિરાજમાન કરી હતી, કે જે ગભારો અત્યારે વિમલવસહીની ભમતીમાં વીસમી દેરી તરીકે ગણવામાં આવે છે. આ મૂર્તિ શ્રી ઋષભદેવ ભગવાનની છે, પરંતુ લોકો વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામિ કહે છે. આ મૂર્તિ અહીં સારા મુહૂર્તમાં સ્થાપન થયેલી હોવાથી અને મૂલનાયકજી તરીકે બિરાજમાન કરવા માટે વિમલમંત્રીશ્વરે ધાતુની નવી સુંદર મૂર્તિ કરાવેલી હોવાથી આ મૂર્તિને અહીં જ રહેવા દીધી." (જયંતવિજયજી, આબૂ, ભાગ પહેલો, ઉજ્જૈન ૧૯૩૩) આ પ્રતિમાનું ચિત્ર પાડવાની મંદિરના સંચાલકો યાત્રિકો-પ્રવાસીઓને પરવાનગી આપતા નથી.

મધુસુદન ઢાંકીએ આ વિગતો વિસ્તારથી નોંધી છે.

શિલ્પકૃતિઓના ઉપલબ્ધ અવશેષોમાં તીર્થંકરની પ્રતિમાનો સહુથી પ્રાચીન નમૂનો મગધના પાટનગર પાટલિપુત્ર (પટના)ના વિસ્તારમાં આવેલ લોહાનીપુરમાં પ્રાપ્ત થયો છે. રેતિયા પથ્થરની એ ખંડિત પ્રતિમા મસ્તક તથા પગ વિનાની છે. તેના બંને હાથનો ઘણો ભાગ નષ્ટ થયો છે છતાં એ હાથ કાયોત્સર્ગ અવસ્થામાં હતા એ જાણવા જેટલી સ્પષ્ટ નિશાનીઓ તેમાં રહેલી છે. આ પ્રતિમા ઉપરનું પોલિશ મોર્યકાળ (ઈ.પૂ. ૩૨૨-૧૮૫) જેવું હોવાનું માલૂમ પડે છે. આ સ્થળેથી મળેલી ઈ.પૂ. પહેલી સદીની ખંડિત પ્રતિમાના હાથ કાર્યોત્સર્ગ અવસ્થામાં રહેલ પૂરેપૂરા જળવાઈ રહ્યા છે. તીર્થંકરની પ્રતિમાનું સ્વરૂપ યક્ષની પ્રતિમા પરથી ઘડાયું હોય એમ માનવામાં આવે છે.

ગુપ્તકાળનાં જે મંદિરો મળે છે તે ત્રણ પ્રકારનાં છે : નાગર, દ્રાવિડ અને વેસર. નાગરશૈલી ભારતમાં હિમાલયથી વિંધ્યપર્વત સુધી પ્રચલિત હતી. દ્રાવિડશૈલી વિંધ્ય પર્વત અને કૃષ્ણા નદીથી કન્યાકુમારી સુધી તથા વેસર મધ્ય ભારતમાં વિંધ્યપર્વત અને કૃષ્ણા નદીના વચલા પ્રદેશમાં પ્રચલિત હતી. હિંદુ અને જૈન મંદિરો આ શૈલીઓમાં મળી આવે છે. પરંતુ નાગર અને દ્રાવિડના પ્રકાર વિશેષ જણાય છે. સૌરાષ્ટ્રમાં શત્રુંજય પર્વત પર જેટલાં જૈનમંદિરો છે તેટલાં બીજે ક્યાંય નથી. શત્રુંજય મહાત્મ્ય અનુસાર આ પર્વત પર પ્રથમ તીર્થંકરના સમયથી જૈનમંદિરોનું નિર્માણ થવા લાગ્યું હતું. હાલમાં ૧૧મી સદીનું સૌથી પ્રાચીન જૈનમંદિર વિમળ શાહનું છે, જેણે આબુપર્વત ઉપર વિમળવસહી બંધાવ્યું છે. બારમી શતાબ્દીનું રાજા કુમારપાળનું મંદિર છે. પરંતુ વિશાળતા અને કલાસૌન્દર્યની દૃષ્ટિથી આદિનાથ મંદિર સૌથી મહત્ત્વનું છે આ મંદિર ૫૬૦ માં બન્યું છે. જૈન મંદિરોમાં ચતુર્મુખ મંદિરની વિશેષતા છે અને ૧૬૦૮ માં આ પર્વત પર તૈયાર થયું. તેને ચારે દિશાઓમાં ચાર પ્રવેશદ્વાર છે, તેનો પૂર્વદ્વાર રંગમંડપની સન્મુખ છે. બીજા ત્રણ દ્વારોની સન્મુખ મુખમંડપ છે. આ મંદિર તેમજ અહીનાં બીજાં મંદિરો ગર્ભગૃહ મંડપો, દેવકુલિકાઓની રચના શિલ્પ-સૌન્દર્ય વગેરેમાં દેલવાડાના વિમલવસહી અને લૂણવસહીના ઓછાવત્તા પ્રમાણમાં અનુકરણ જેવા છે.

મંદિરોની કલામાં વૈવિધ્ય અને સત બંને સામેલ છે. આ કળામાં જેટલી વૈજ્ઞાનિકતા છે તેટલી જ સૌંદર્ય સૂઝ છે. ઉત્તર ભારતના મંદિર અને દક્ષિણ ભારતના મંદિરોની વિવિધતા ઊડીને આંખે વળગે છે. બાહ્ય ગુંબજ પર કોતરણી અને અન્ય યક્ષ વગેરે મૂકવા, પરંતુ દક્ષિણના મંદિરોની ઊંચાઈ તરત જ ધ્યાન ખેંચે છે. દક્ષિણભારતની અનેક સ્થાપત્ય શૈલીઓ છે, જે કળાના સુંદર નમૂના દર્શાવે છે. આજે કેટલીક ઈમારત વર્ડ હેરીટેજમાં જાય એટલે આપણે એના તરફ આકર્ષાઈએ છીએ પરંતુ મંદિરના પરિસરમાં પ્રવેશીએ ત્યારે ભાવસભર મન સાથે તેની કારીગીરી પ્રત્યે પણ આંખ ખોલીને જોઈએ તો ખ્યાલ આવશે વિજ્ઞાનનો એક અદભૂત નમૂનો માત્ર શ્રધ્ધાના આવરણ હેઠળ ખોવાઈ રહ્યો છે, તેને જાળવી લેવાની વિશેષ જરૂર છે. શિલ્પોના કળા સૌંદર્યો આપણી સંસ્કૃતિ છે અને ભાવની પુંજ આપણી સમૃધ્ધિ છે. બંનેનો સુમેળ વર્તમાન શ્રાવકની ઓળખ છે. કળા અને ભાવને ચાલો, ભરી લઈએ, કોતરી લઈએ.

**સંદર્ભ સુચિ :**


૧. બ્રહ્માંડ દર્શન - ડો. જે. જે. રાવલ

૨. m.gujaratsamachar.com > Magazines

૩. opinionmagazine.co.uk/.../સ્થાપત્ય -અને-સંસ્કૃતિ

૪. નિર્ગ્રંથ ઐતિહાસિક લેખ સમુચ્ચય - મધુસુદન ઢાંકી

૫. વિમલ વસીની કેટલીક સમસ્યાઓ - મધુસુદન ઢાંકી

૬. જૈન મુર્તીપુજાની પ્રાચીનતા - પ્રિયબાળા શાહ



❑ ડૉ. સેજલ શાહ

sejalshah702@gmail.com

Mobile : +91 9821533702

# શિલ્પ સ્થાપત્ય અંકના વિદ્વાન સંપાદક : શ્રી કનુભાઈ સૂચક

જન્મ. ૦૭-૦૯-૩૯ સૌરાષ્ટ્ર

શ્રી કનુભાઈ સૂચક એટલે સાહિત્ય અને સ્થાપત્યના મર્મજ્ઞ. શબ્દોનાં નાદમાં એમને જેટલો રસ પડે એટલો જ રસ પથ્થરોના આકારો ઉકેલવામાં અને એના અવાજને સંભાળવામાં. એક તરફ દર ગુરુવારે ચાલતી સાહિત્યની બેઠક અર્થાત સાહિત્ય સંસદ છેલ્લાં ૧૮-૨૦ વર્ષથી નિયમિત રૂપે ચલાવે તો બીજી તરફ દેશ-વિદેશના સ્થાપત્યોને જોવાં-સમજવાં પ્રવાસે જાય અને એનો આનંદ સહુ સાથે વહેંચે.

કનુભાઈને વિદ્યાર્થીકાળથી જ સાહિત્ય પ્રત્યે પ્રેમ. ૯માં ધોરણમાં એક નાટક લખ્યું અને તેમાં ભાગ લઈ ભજવ્યું. સૌરાષ્ટ્રની શાળાઓની શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ પારિતોષિક ૧૯૫૬. વક્તૃત્વ સ્પર્ધામાં સંસ્થાઓમાં પણ પારિતોષિકો મેળવ્યાં કોલેજની કાવ્યસ્પર્ધામાં દ્વિતિય પારિતોષિક શ્રી ઉમાશંકર જોશીના વરદ હસ્તે મેળવ્યું ૧૯૫૭માં વિદ્યાર્થી આગેવાન તરીકે શ્રી વિનોબાજીની પદયાત્રા સમયે જસદણ ગામમાં સ્વાગતાધ્યક્ષ તરીકે સુંદર અને શિસ્તબદ્ધ આયોજન કર્યું. આવા સુંદર આયોજન માટે જાહેરસભામાં વિનોબાજીએ તેમની પ્રસંશા કરી. વિનોબાજી સાથે એક કલાકની પ્રત્યક્ષ મુલાકાત લીધી. 'ગીતા મારો પ્રાણ છે' તેવા તેમના વિધાનમાં કયો તર્ક છે? તેનો તેમનો સંતોષકારક પ્રત્યુત્તર મેળવ્યો. ૧૯૬૦થી મુંબઈમાં સ્થાયી હતા. ૧૯૬૩ કંસ્ટ્રક્શનનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યો. વ્યવસાયમાં વ્યસ્ત હોવાથી સાહિત્ય પ્રવૃત્તિ મન હોવાં છતાં ન થઈ શકતી.

૧૯૬૪માં ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી જીવરાજભાઈ મહેતાના હસ્તે અમરેલીની કોલેજનું શ્રેષ્ઠ બાંધકામ કરવા માટે સન્માન કરવામાં આવ્યું અને પ્રમાણપત્ર મળ્યું.

૧૯૭૪માં જુહુ જયસીના પ્રમુખ તરીકે વરણી થઈ. ૧૯૭૪-૭૫ના વર્ષ દરમિયાન જુહુ સ્કીમમાં વૃક્ષારોપણ, ટોઇલેટની વ્યવસ્થા, જુહુ બસસ્ટેન્ડ પર બસની રાહ જોતાં લોકો માટે વિરામસ્થાન, જુહુ-પાર્લાની ત્રણ ઝુંપડપટ્ટીમાં પાણીના પાઈપ અને ટોઈલેટોની વ્યવસ્થા અને નિશુલ્ક દવા વિતરણ અને મેડીકલ કેમ્પ યોજયો.

૧૯૭૮માં જાયન્ટ ઈન્ટરનેશનલની મધ્યસ્થ સમિતિમાં વરણી થઈ. ગરીબો માટે સસ્તા રહેઠાણો બનાવવાં માટેનાં કાર્યાધ્યક્ષ તરીકે ભાવનગરમાં એક મોટી વસાહત બનાવવાનો કાર્યક્રમ સંપન્ન કર્યો. અહીં પણ વર્ષ દરમિયાન સૌથી વધુ શાખાઓ ખોલવા માટે શ્રી નાના ચુડાસમાની અધ્યક્ષતામાં ગુજરાતના મુખ્ય પ્રધાન બાબુભાઈ જસભાઈ પટેલના હસ્તે પારિતોષિક મળ્યું. ૧૯૮૯માં કલાગુર્જરી સંસ્થાની પરિકલ્પના કરી અને તેની સ્થાપનાના એક સૂત્રધાર તરીકે, બે વર્ષ તેના પ્રમુખ તરીકે અને અન્ય પ્રમુખો સાથે તેની દશ ઉપરાંત વર્ષ સુધી માવજત કરી. કલાગુર્જરીમાં આજ સુધી ચાલતાં મુખ્ય કાર્યક્રમોની પરિકલ્પના અને આયોજનનું શ્રેય તેમને ફાળે છે.

૧૯૯૧માં ગુજરાતનો સ્થાપત્ય પ્રવાસ ગોઠવાયો અને તે અંગેનો અહેવાલ તેમજ સ્થાપત્યો અંગેના લેખોનું સંપાદન કર્યું જે ''સ્થાપત્ય ગુર્જરી'' તરીકે પ્રસિદ્ધ થયું. હવે તેની પ્રત ઉપલબ્ધ નથી. ૧૯૯૮માં પ્રથમ કાવ્ય સંગ્રહ ''ખોજ'' પ્રગટ થયો તેની દ્વિતિય આવૃત્તિ પણ થઈ ૨૦૦૪માં બીજો કાવ્ય સંગ્રહ ''સૂરનો કલરવ'' પ્રસિદ્ધ થયો. છેલ્લાં ત્રણ વર્ષથી દર રવિવારે મુંબઈ સમાચારપત્રમાં તેમની ''શિલ્પ સંવાદ'' કોલમ આવતી હતી. એનું પુસ્તક 'શિલ્પ સમીપે' જુન ૨૦૧૫માં પ્રસિદ્ધ થયું અને ચાર મહિનામાં જ તેની ૧૦૦૦ પ્રત વેચાઈ ગઈ છે.

૨૦૦૦માં મહા વિદ્વાન પ્રાધ્યાપક રામપ્રસાદ બક્ષીએ સ્થાપેલ સંસ્થામાં માન્યવર ધીરુબેન પટેલના આદેશથી સાહિત્ય સંસદ, સાન્તાક્રુઝ, ના પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળ્યો. અહીં ધીરુબેન પટેલની જ પ્રેરણાથી ગુરુવારીય સભા શરૂ કરી, જે સતત ૨૦ વર્ષથી નિયમિત ચાલે છે. આ સભામાં સાહિત્યવિભાગના કોઈ પણ ક્ષેત્રના એક સર્જક પોતાની કૃતિનું પઠન કરે છે અને ઉપસ્થિત સુજ્ઞ ભાવક તેને પ્રતિભાવ આપે છે. આ પ્રવૃત્તિ પ્રતિષ્ઠિત અને નવોદિત સર્જકો માટે આવકાર્ય બની છે. અત્યાર સુધીમાં ૧૦૦૦થી વધુ બેઠકો થઈ છે. ૧૫ વર્ષથી દર વર્ષે 'પ્રા. રામપ્રસાદ બક્ષી સ્મૃતિ વ્યાખ્યાન માળા'નું આયોજન થાય છે જેમાં વિદ્વાન પ્રવક્તાઓ સાહિત્ય વિષય પર તેમના વિચારો રજૂ કરે છે.

૧૫ ઉપરાંત વર્ષોથી મુંબઈ અને ગુજરાતમાં બાળનાટકો ભજવાયા ન હતા. કનુભાઈએ આ માટે ધીરુબેન પટેલનું બાળનાટક ''સૂતરફેણી'' મંચસ્થ કર્યું. આ નાટકને બાળકોનો સુંદર પ્રતિસાદ મળ્યો. તાજેતરમાં જ ખૂબ ઓછા ખેડાતા 'હાસ્યરચના'

સાહિત્ય માટે સ્પર્ધાનું આયોજન કર્યું, જેને અદ્‌ભુત પ્રતિસાદ મળ્યો છે. તેમના લેખો પણ નવનીત સમર્પણ, કલા વિમર્શ, પ્રબુદ્ધ જીવન વગેરે પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રસિદ્ધ થતાં રહે છે.

સહધર્મચારિણી ડૉ. સુશીલા સૂચકને તેઓ પોતાની સફળતાનું શ્રેય આપે છે. કનુભાઈ કહે છે કે સુશીલાના સહકાર સિવાય તેઓ અધૂરાં અને અસહાય બની જાય. કાર્યક્રમોનું આયોજન હોય કે લેખન પ્રવૃત્તિ દરેકમાં તેમનો સક્રિય ફાળો હોય છે. સુશીલાબેન પોતે પણ લખે છે પરંતુ તેઓ એક જ વાત કહે છે, 'હું લખતી નથી પણ કનુભાઈને હું જ લખાવું છું' તે પૂર્ણ સત્ય છે, એમ કનુભાઈ માને છે. આ પ્રેમાળ અને વાત્સલ્યસભર દંપતી સાહિત્ય અને જીવનના પ્રવાસની ખરી મોજ માણે છે. કનુભાઈનો જીવનમંત્ર છે, 'કામ સાચું હોય અને કરનાર નિષ્ઠાથી અને અહં ઓગાળીને કરે, તો સિદ્ધિ મળે જ. કનુભાઈ પોતાના વ્યસ્ત સમયમાંથી આ વિશેષ અંક માટે સમય ફાળવી શક્યાં. તે માટે પ્રબુદ્ધ જીવન પરિવાર તેમનાં આભારી છે.

❑ **ડૉ. સેજલ શાહ**

## સંપાદકીય

કાળચક્ર સતત ફર્યા કરે છે. સદીઓમાં લુપ્ત અનેક શક્તિશાળી રાજવીઓ, રાજપાટ અને સંસ્કૃતિઓની ગાથાઓથી ઈતિહાસ ઉભરાય છે. આ ગાથાઓને અવશેષ સમ કોઈ માધ્યમ સાચવીને બેઠું હોય તો તે સ્થપતિઓ અને શિલ્પીઓએ રચેલાં સ્થાપત્યો. મૌન રહી સંસ્કૃતિની એ વાચા બની રહ્યા છે. આ સ્થાપત્યોનો એક માત્ર ધર્મ, ધરોહરને સાચવી, મૌન વાણીથી, આપણી સ્વની ઓળખ આપવાનો છે. 'પ્રબુદ્ધ જીવન' સામયિકનાં તંત્રી ડૉ. સેજલ શાહને આ વિશેષાંક કરવાનું મન થયું, એ મારા મંતવ્ય મુજબ મૌન વાણીને વાચા આપવાનો જ ઉપક્રમ છે. આ ઉપક્રમમાં સર્વ સહભાગીઓ, અભિનંદનને પાત્ર છે. મને આ અંકના માનદ સંપાદક તરીકે નિમંત્રણ આપવા માટે પણ ડૉ. સેજલ શાહ અને સર્વ સંચાલકોનો આભાર માનું છું.

આપણે જે પણ બહાના આપવા હોય તે આપીએ પરંતુ સદીઓથી આપણા શાસકો અને આપણે, આ સ્થાપત્યોની અવહેલના કરતા આવ્યા છીએ. આપણી મહામૂલી આ વિરાસત જે રીતે રગદોળાતી રહી છે, તેનું રુદન આજે નથી કરવું પરંતુ આ અંક જે કોઈ વાંચે, તે વિચારે અને જાગૃતિ આવે તો પણ પ્રયાસ સફળ. સ્થાપત્યો આપણા જીવનના મૂલ્યો અને અંશો છે, તે અહીંના લેખો અને સ્થાપત્યોની માહિતીથી સ્પષ્ટ થશે જ. આ સ્થાપત્યો માત્ર જોવા નહીં પરંતુ તેમાં નિહિત સત્વ અને તત્વનું દર્શન કરવાની પ્રેરણા મળશે તેવી શ્રદ્ધા છે. સ્થાપત્યોમાં ઈતિહાસ છે, સંસ્કૃતિની ઓળખ છે, એ તો આપણે જાણીએ જ છીએ. આથી વિશેષ સમજની અપેક્ષા એ છે કે જે પ્રતિમાઓ, તેના સ્થાનકોને તેમજ તેના ધાર્મિક કે સામાજિક મહત્વને, તેના સર્વ સંદર્ભો સાથે જોવાનું શીખીએ. આપણામાં આદરભાવ જગાવનાર પ્રતિમાઓ, તો પ્રતીક છે, તેના સંદર્ભો તો જુદા જ છે. એ સમજાય ત્યારે ભાવોમાં ભરતી અનુભવાય. આવા ભાવોને મૂર્તિમાં મૂકનાર શિલ્પીઓ માટે પણ આદર થાય.

થોડી વધુ સ્પષ્ટતા કરીએ કે પ્રકૃતિના પાંચ મૂળભૂત તત્વો જળ, વાયુ, અગ્નિ, ભૂમિ અને આકાશ આપણા શરીર બંધારણ અને તેની જાળવણી કરનાર તત્વો છે. ચાર ધર્મો ધર્મ, અર્થ, કામ અને નિર્વાણ આપણા જીવનવ્યવહારને ચીંધતા અને તેમાં ઢાળનાર દર્શનો. આપણું જીવન અને એ લક્ષ્યમાં રાખી બનેલ આપણા વાસ્તુશાસ્ત્રોના વિચારના મૂલાધાર આ જ તત્વો છે.

આ અંક તમને ગમે તો તેનું સંપૂર્ણ શ્રેય ડૉ. સેજલ શાહને આપજો અને ભૂલો માટે મને ક્ષમા આપશો.

❑ **કનુ સૂચક**

# શિલ્પ સમીપે સૌન્દર્યની પર્યવેક્ષણા

**કનુ સૂચક**

**શા**ળામાં હતા. વર્ગ સાથે દેલવાડા-આબુ પ્રવાસે જવાનું થયું. ઈ.સન ૧૧૦૦થી ૧૩૦૦ વચ્ચે ત્યાં રચાયેલા જૈન મંદિરોના સ્થાપત્યો જોયા. આંખોમાં અજબનું આશ્ચર્ય! હૃદયમાં પારાવાર જિજ્ઞાસા. એકવાર નહીં, અનેકવાર એ જોયા. કલાનો એ ઉત્તમ આવિષ્કાર. એ માટે પરિકલ્પના અને તેને સાકાર કરનારા શ્રેષ્ઠીઓ, સ્થપતિઓ અને સલાટોને મનોમન વારંવાર વંદન કર્યા.આ આનંદાનુભૂતી અવર્ણનીય હતી.

આમ તો કલાના કોઈ પણ અંગને જાણવા કે માણવાની કોઈ શરત નથી. કલાનો સ્થાયીભાવ આનંદ છે. આ અનુભૂતિ દરેક વ્યકિત-ભાવકની જુદી હોઈ શકે. ભાવકના સ્વયંનો અભ્યાસ અને સંસ્કાર, અનુભૂતિનું પરિમાણ નક્કી કરે છે. વિષયવસ્તુની સમજ કલાના હાર્દ સુધી પહોંચવામાં મદદ કરે છે. એથી વધુ તો હૃદયંગમ પ્રસન્નતાની અનુભૂતિ ચિરંજીવ બની રહે છે.

સમગ્ર ભારતના સ્થાપત્યોને મૂળભૂત રીતે જે સંદર્ભ લાગુ પડે છે તેની વાત કરીએ. વેદકાળમાં પ્રાકૃતિક તત્વોને એક અહોભાવ અને આશ્ચર્યભાવથી જોવાતા. તેના પર વિચાર થતો. કેટલાક કૂતુહલોનું સમાધાન શોધાયું ન હતું. પ્રકૃતિના આશ્ચર્યોને ચમત્કારિક શકિત ગણાતી. તે તરફ આદર રખાતો. સમય જતા પ્રકૃતિ તત્વોને તાદૃશ્ય કરવા અને ઓળખ આપવા પ્રતીકોનો આધાર લેવાયો અને તેનું નામકરણ થયું. પ્રતીકો પ્રમાણે મૂર્તિઓ બની અને ભય ભળ્યો. પૂજા શરુ થઇ. ક્રિયાકાંડની શરૂઆત થઈ. મંદિરો બન્યાં, ધર્મો બન્યાં, વિભાગો થયા અને તેના પણ નામકરણ થયાં, બહારના લોકો આવ્યાં અને તેઓ પણ આ પ્રક્રિયામાં જોડાયા. બધાનાં શ્રદ્ધાસ્થળો વિચારાયાં અને ત્યાં સ્થાપત્યો બન્યાં. શરૂઆતના સ્થાપત્યોમાં ચોક્કસ રચનારીતિ ન હતી. ધીમે ધીમે કલા સાથે ગાણિતિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિનો તેમાં ઉમેરો થયો. પુરાતત્વ વિભાગ દ્વારા વૈજ્ઞાનિક પદ્ધતિથી થયેલા સર્વેક્ષણ મુજબ આ રીતે બનેલા મંદિર-સ્થાપત્યોની આયુ વધુમાં વધુ ૨૦૦૦ વર્ષની છે. આધાર વિહિન લોકવાયકાઓમાં ઘણી વખત અતિશયોકિત થતી હોય છે. સ્થાપત્યોના વિકાસક્રમમાં મધ્યકાલીન યુગ ભારત સહિત સમગ્ર વિશ્વમાં સુવર્ણયુગ ગણી શકાય. આ સમયમાં નવી રચનારીતિ અને તેમાં ઉન્મેષ જોવા મળે છે.

પ્રાકૃતિક તત્વો અને માનવીય અભિગમ બન્નેનો સુમેળ તે શિલ્પશાસ્ત્રો. અગ્નિ,જળ, વાયુ, ભૂમિ અને આકાશ તે પાંચ પ્રાકૃતિક તત્વો અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તે જીવન ઘડતરના આધાર તત્વો. આ તત્વો સ્થાપત્યોની રચના માટે જે શાસ્ત્રો રચાયા તેમાં આધારરૂપ અને મહત્વના છે. વાસ્તુવિદ્યા માટે જેને એક પ્રમાણગ્રંથ ગણવામાં આવે છે તે પ્રાચીનગ્રંથ 'માનસાર'ની વ્યાખ્યા મુજબ ''જ્યાં દેવ, મનુષ્ય, પશુ અને પંખી વસે છે તે સંબંધિત શાસ્ત્ર તે વાસ્તુશાસ્ત્ર.'' આ શાસ્ત્રો અંગે વિસ્તૃત ચર્ચા અહી અપ્રસ્તુત છે પરંતુ તેમાં વપરાતાં થોડાં શબ્દો જોઈએ.

**વાસ્તુ :** ઘર, જમીન, વસવાટ માટે આ શબ્દનો પ્રયોગ થાય છે. પ્રચલિત રીતે આપણે ગૃહપ્રવેશ કે ઘરના પાયા નાખવા માટેની પ્રક્રિયા માટે આ શબ્દ વાપરીએ છીએ.

**સ્થપિત :** એટલે કે જે સ્થાયી છે તે –જમીન, જગ્યા, ઘર, મકાન, સ્થળ, બાંધકામ વિગેરે માટે વપરાય છે.

**સ્થાપત્ય :** રચના, કૌશલ, યોજના પુરઃસર બાંધકામ, કસબ, કારીગીરી, નિર્માણ વિગેરે માટે વપરાય છે.

**સ્થપતિ :** મુખ્ય વડો, મુખ્ય કારીગર, નિર્માણ નિયામક વિગેરે અને પ્રચલિત રૂપે આપણે અંગ્રેજી શબ્દ 'આર્કિટેકટ'નો પ્રયોગ કરીએ છીએ.

**શિલ્પ :** ઘાટ, આકાર વિગેરે. આ શબ્દ પથ્થર, માટી કે ધાતુઓમાં ઘાટ કે કોતરણી કરવામાં આવે તે સઘળાને શિલ્પ કહેવામાં આવે છે.

શબ્દનો સાદો અર્થ અર્થબોધ તો કરાવે છે પરંતુ શબ્દની પાછળ વિવિધ અર્થછાયાઓ તેના ઈતિહાસ અને સંદર્ભો સાથે જોડાયેલ હોય છે. એટલે શિલ્પ-સંવાદમાં શબ્દોને તે પરિપેક્ષ્યથી જાણવા જરૂરી છે. ઉપરોકત પાંચ શબ્દો અવિનાભાવી એકબીજા સાથે સંકળાયેલ રહે છે. સ્થાપત્ય સમજવા કર્મ, પ્રજ્ઞા, શીલ અને શૈલીની સંયુકત પ્રક્રિયા જાણવી જોઈએ. આમ કરવાથી સ્થાપત્યનું યોગ્ય મૂલ્યાંકન શક્ય બને.

સ્થાપત્ય નિર્માણની પ્રક્રિયામાં સ્થપતિ અને તેની સાથે કામ કરનાર માટે શિલ્પશાસ્ત્રમાં વિશેષ મહત્વ છે. તે વાસ્તુકલાનો મુખ્ય પુરુષ અથવા સ્થાનાધિપતિ ગણાય છે. જે વેદવિદ્દ્, શાસ્ત્રપારંગત અને વાસ્તુકલાનો જાણકાર હોવો જોઈએ. અન્ય મહત્વના ત્રણ શિલ્પીઓ સ્થપતિની આજ્ઞા અને માર્ગદર્શન મુજબ કાર્ય કરે છે. **(૧) સૂત્રજ્ઞ અથવા સૂત્રગ્રાહી :** જે વાસ્તુવિદ્યાનો સંપૂર્ણ જાણકાર તેમજ રેખાજ્ઞ-નકશા દોરી જાણનાર હોવો જોઈએ. **(૨) વર્ધકી-માનકર્મજ્ઞ :** એટલે માપ-પરિમાણનો જાણકાર, વિવેકમતિ-એટલે કે સારાસારનો વિચાર કરી નિર્ણય લે અને ચિત્રકર્મજ્ઞ-ચિત્રકલાનો જાણકાર હોવો જોઈએ અને **(૩) તક્ષક :** આ કારીગર-સલાટ-સુથાર નો વિભાગ સંભાળે છે. તે પણ શિલ્પ અને તેને લગતા શાસ્ત્રોમાં નિપુણ હોવો જોઈએ.

ધરા-જમીનના આધારે એટલે કે સ્થાયી વસ્તુના આધારે રચાય છે તે શાસ્ત્રને વાસ્તુકલાનું શાસ્ત્ર –વાસ્તુશાસ્ત્ર કહેવાય. હર્મ્યાદિ-પ્રાસાદ,મંડપ, શાલા, પ્રપા-પરબ, રહેઠાણ વિગેરેના મકાનો-ઇમારતોનો વિચાર થાય છે. સાથે સાથે વાહનો,આસનો, પાલખી, હિંચકો, મંચ વિગેરે જરૂરી સુવિધાઓનો અને રાચરચીલાનો પણ વિચાર થાય છે. આધુનિક અને પ્રચલિત સમજ મુજબ મકાન સાથે તેની અંદરની સુવિધાઓનો -ઇન્ટીરીયર ડેકોરેશન-નો વિચાર.

વાસ્તુશાસ્ત્રમાં આઠ પ્રકારના ગામની રચના-દંડક, સર્વતોભદ્ર, નન્ધાવર્ત, પદ્મક, સ્વસ્તિક, પ્રસ્તર, કાર્મુક અને ચતુર્મુખ. આઠ પ્રકારના નગરરચના-રાજધાનીય, કેવલ, પુર, નગરી, ખેટ, ખર્વટ, કુબ્જક અને પત્તન. આઠ પ્રકારના દુર્ગ-કિલ્લાઓની રચના- શિબિર, વાહિનીમુખ, સ્થાનીય, દ્રોણક, સંવિદ્ધ, કોલક, નિગમ અને સ્કંધાવર. દશ પ્રકારના કુવા-શ્રીમુખ, વિજય, પ્રાંત, દુંદુભિ, મનોહર, ચુડામણી, દિગ્ભદ્ર, જય, નંદ અને શંકર. ચાર પ્રકારની વાવ- નંદા, ભદ્રા, જયા અને વિજયા. છ પ્રકારના તળાવ- સર, મહાસર, ભદ્રક, સુભદ્રક, પરિગ્રહ અને યુગ્મપરિગ્રહ.

ગામ, નગર, દુર્ગ વિગેરેને આનુસંગિક દ્વાર રચના, માર્ગ રચના, તેના વિભાજનો, અટ્ટાલક, પ્રતોલીઓ-શેરી, શેરીઓના વિભાજનો, વિરામસ્થાનો, પ્રાસાદો, હવેલીઓ, દેવમંદિરો, મહેલ, ચાતુર્વણ્યના વિભાગ મુજબના ગૃહો, યજમાનશાળાઓ, ધર્મશાળાઓ, યજ્ઞવેદીઓ, ક્રિડાગ્રહો, કીર્તિસ્તંભો, તોરણો, પ્રતિમાઓ વિગેરેના વિગતવાર નકશાઓ, તેના ત્રિપરિમાણીય આલેખનો, માપનિર્દેશની વિગતવાર માહિતી અને ચર્ચા વાસ્તુશાસ્ત્રના વિષયો હતા.

કોઈ પણ ભાષાના પુસ્તકનો અભ્યાસ કરતી વખતે આપણી પોતાની સમજની સ્થિતિને વિસ્તારવી જોઈએ. શબ્દને પોતાની શકિત છે. શબ્દ સંદર્ભરૂપે અનેક અર્થછાયાઓ પ્રગટ કરે છે. આ ઉપરાંત પ્રતીકરૂપે તે વધુ વિસ્તરે છે. શિલ્પો અને પ્રતિમાઓ પણ પણ એ રીતે પ્રતીક સંદર્ભથી પામવા જોઈએ. કોઈ પ્રતિમા જો ત્રિપ્રમાણિત હોય તો તેનું દર્શન વાસ્તવિક થવું શક્ય તો છે પરંતુ ભાવપ્રમાણિત કે ભાવપરીણીતિ તત્વ તપાસ્યા પછી જ પ્રતિમાને પૂરી રીતે જાણી શકાય. આવી શિલ્પ-યાત્રા આંખથી અનંત સુધી લઇ જઈ શકે. કળા અનુભૂતિની અભિવ્યકિત છે અને શિલ્પ શબ્દ આમ તો કોઈ પણ કળા-કારીગરી માટે પ્રયોજાય છે પરંતુ ઘાટ આપવાની કલા માટે વધુ વપરાય છે. આપણે ઘાટની કલાના શિલ્પ સમીપે જવું છે. એક ઉદાહરણ તરીકે, કવિકુલ ગુરુ કાલિદાસ તેમના મહાકાવ્યો 'કુમાર સંભવ'માં મા પાર્વતીના તેમજ 'મેઘદૂત' માં યક્ષપત્નીના દેહસૌન્દર્યનું વર્ણન કરે છે. તે વર્ણનને અનુરૂપ લાલિત્ય અને ભાવને પથ્થરમાં પ્રગટાવવા સમજ અને શિલ્પસર્જનની પ્રતિભા વગર શક્ય ન જ બને. તે જ રીતે દેવ-દેવીઓ કે સન્માન્ય વ્યકિતત્વનું શિલ્પકારના સ્વયંના ભાવપ્રવહણની પ્રક્રિયા વિના સજીવ તેજ શક્ય ન થાય. આવા અદ્દભૂત કસબના દર્શન ભારતના શિલ્પોમાં સાકાર થયાં છે. એક અન્ય ઉદાહરણ તરીકે, સૂર્ય તો ઉર્જા-શકિતનો ધગધગતો ગોળો છે. તે શકિતને ઘાટ કેમ આપવો ? અહીં પ્રતીકાત્મક સર્જન જ શક્ય છે. મોઢેરાનાં સૂર્યમંદિરમાં સૂર્યની મૂર્તિને પ્રચંડ આકાર આપ્યો જે પ્રતીકાત્મક રીતે શકિતનું સૂચન કરે છે. તેણે સવાર, બપોર અને સાંજમાં ગતિ કરવાની છે એટલે રથ અને ઘોડાઓ. અહી સાત ઘોડાઓ સાત દિવસ કે સમયચક્રનું પ્રતીક છે. સૂર્ય અંધકારના અસૂરને ભેદતો નીકળે છે. સૂર્યની ઘણી પ્રતિમાઓમાં સારથી અરુણ સ્વરૂપે ઉષા-પ્રત્યુષાની સાથે તીરકામઠાની કોતરણી કરે છે જે અંધારને ભેદે છે તેનું પ્રતીક બને છે. સૂર્યની ચાર પત્ની છે તેવું પૌરાણિક સૂચન છે અને તેમના નામ રાગ્ની, રિક્ષુભા, છાયા, અને સુવર્ચસા. આ પ્રતીક ભૂમિ, આકાશ-સ્વર્ગ, છાયા અને પ્રભા-તેજ સાથે અનુસંધાન કરે છે. સૂર્ય સાથે બે પુરુષ આકૃતિ કોતરવામાં આવે છે. આ એ પુરુષો દંડ અને પિંગળ છે. દંડના હાથમાં દંડ છે જે નિયમ સંચાલન સૂચવે છે. પિંગળના હાથમાં ખડિયો અને કલમ છે જે લેખા-જોખા રાખે છે. સૂર્યના હાથમાં લગામ છે તે સમસ્ત જગતના સંચાલનનું પ્રતીક છે. સૂર્યરથ ઉપરનો સિંહધ્વજ ધર્મ સૂચવે છે. ઘણાં સૂર્યમંદિરમાં સૂર્ય લશ્કરી પોશાકમાં બખ્તર, હથિયાર અને મોટા ગમબૂટ જેવાં ભારે અને ઊંચા પગત્રાણ ધારણ કરેલ બતાવેલ છે. ઘણાં તેને વિદેશી અસર પણ ગણાવે છે. આવો કલા સમન્વય ભારતના અનેક સ્થાપત્યોમાં દૃષ્ટિગોચર થાય છે. ઘણાં મંદિરોમાં સૂર્યને કમલાસન પર આરૂઢ અને ચતુર્ભુજ બતાવ્યાં છે.

પૌરાણિક સાહિત્યમાં વિષ્ણુ, શિવ, બ્રહ્મા, ગણેશ, વરુણ, ઇન્દ્ર, સરસ્વતી, લક્ષ્મી, પાર્વતી, વિગેરે પાત્રો છે. રામાયણ, મહાભારત જેવાં મહાકાવ્યોમાંથી લઇ કાલિદાસ અને અનેક સાહિત્યકારોએ કરેલાં વિવિધ ચરિત્રચિત્રણથી આપણું સાહિત્ય સમૃદ્ધ છે. આ વિવિધ સાહિત્યનો આધાર લઈ કલાકૃતિઓનું નિર્માણ પણ સ્વાભાવિક રીતે જ વૈવિધ્ય ધરાવે છે. આ ઉપરાંત કલાનો સંબંધ જીવન સાથે છે. જે કલા જીવન સાથે અનુસંધાન ન કરે તે સનાતનત્વથી દૂર જ હોય. અને એથી જ જીવનવ્યવહારનાં રોજબરોજના અનુભવોને પણ કલાકારો પોતાની સમજ અને જ્ઞાનના વ્યાપ મુજબ કલામાં વણતાં હોય છે. જે સત્વ પ્રગટ કરે અને અસત્વની ઓળખ આપે તેવી જ કલાકૃતિઓ સનાતનત્વ અને અમરત્વ પામી છે. ભારતના સદીઓ જુના સ્થાપત્ય દ્વારા એ સિદ્ધ થયું છે કે સમાજમાં વિકૃતિઓ હશે પરંતુ કલાકારની એ પ્રવૃત્તિ નથી. અભિવ્યકિત કલાકારની સ્વતંત્રતા છે પરંતુ સારાસારના વિવેકની તેની પર મર્યાદા પણ છે. ધર્મ કે નીતિનો આ નિયમ નથી, આ શિલ્પ-કલાનો નિયમ છે. ભારતીય સ્થાપત્યોમાં શારીરિક

સૌષ્ઠવ ઉપરાંત શિલ્પમાં એક અભિજાત, ધીર, વીર, લલિત ભાવનું પ્રાગટ્ય થતું દેખાય છે. સૌન્દર્યબોધ ઉપરાંત આનંદથી મુકુલિત પ્રશાંત મુખમુદ્રા આધ્યાત્મિક સ્તરે લઇ જાય તે ભારતીય શિલ્પોની વિશિષ્ટતા છે. આવા ભાવોનું સબળ ઉદાહરણ જૈન તીર્થંકરોના શિલ્પોમાં જોવા મળે છે.

મંદિરોમાં મિથુન-મૈથુન શિલ્પો વિષે તર્ક કરવામાં આવે ત્યારે કલાના જીવન સાથેના અનુસંધાનની અને પ્રતીકાત્મક સિધ્ધાંતની વાત પણ યાદ રાખવી જોઈએ. આ અંગે ઉદાહરણ સાથે વિગતવાર જોઈએ.

મનુષ્યમાત્રની પ્રવૃતિનો આધાર ચાર પુરુષાર્થ છે. ધર્મ,અર્થ, કામ અને મોક્ષ.મનુષ્ય વૃત્તિનું નિદર્શન નવ રસમાં છે. આ પ્રવૃત્તિ અને વૃતિ તે જીવન છે. જે છે તેની વાત કરવાની હોય ત્યાં શિલ્પકલા તેને છોછ વગર રજૂ કરે છે પરંતુ કલામય રીતે અને ઉત્તમ રીતે કહે છે. ચાર પુરુષાર્થને અનેક મંદિરોમાં નિર્દંભ રીતે કોતરવામાં આવ્યાં છે. કર્મની ગતિનો સૂચનાત્મક ધર્મ એ જીવનનો આધાર છે. સહસ્ત્ર ફેણ ફેલાવી પોતાના મસ્તક પર પૃથ્વીને ધારણ કરતા શેષનાગના પ્રતીકથી જવાબદારી-ધર્મની સમજ અપાય છે. આવું શિલ્પ મંદિરના પાયાની ઉપરના તલથર પર કોતરેલું હોય છે. તેના પછીના ભાગ પર અર્થવ્યવસ્થા પર આધારિત પુરુષાર્થને આનુષંગિક ઘટનાઓ, સામાજિક વિધિઓ, સંગ્રામ-યુધ્ધો, વિવાહ-લગ્નવિધિઓ, કથાઓ વિગેરેના શિલ્પો બનેલા હોય છે. મંદિરના મંડપની બહારની દિવાલો અને તેના કર્ણ ખૂણાઓમાં કામ-મિથુન શિલ્પો હોય છે. સ્ત્રી-પુરુષ યુગ્મના પ્રતીક દ્વારા આનંદની ચરમસીમા પરના એકત્વ અને જીવનના સાતત્ય માટે અનિવાર્ય કામની ઉપાસના અંગે આ શિલ્પો છે. ખાસ નોંધ એ લેવાની છે કે આવું એક પણ શિલ્પ મંદિરના અંદરના કોઈ પણ ભાગમાં કોતરવામાં આવતું નથી. એ ઉપરાંત બહારની બાજુએ પણ સરખામણીમાં તેનું પ્રમાણ અન્ય પુરુષાર્થના શિલ્પપ્રમાણથી વધતું નથી. આ ભાગની ઉપર ઋષિમુનિઓના શિલ્પો, મહાકાવ્યોના પ્રસંગો કે અન્ય કથાઓ દ્વારા શાંતિપથ –ઉર્ધ્વગામી વૃતિથી નિર્વૃતિ તરફ દોરતા શિલ્પો છે. પરમ શાંતિનો માર્ગ તે ઈશ્વરના-આરાધ્ય દેવની નિશ્રામાં મંદિરની અંદર મંડપથી ગર્ભગૃહ સુધીમાં મળશે. અહીં દિવાલો, સ્તંભો, ગુંબજ અને ગર્ભગૃહના પ્રદક્ષિણા પથ પર ઉત્તમ શિલ્પો કોતારાયા હોય છે. સાદી સમજ એ છે કે મનુષ્ય જીવનના આ ચાર પુરુષાર્થને વિવેક પુરઃસર જીવી જવાના છે.

ગુણવત્તા અને શૈલીમાં ભારતના દેવમંદિરોના સ્થાપત્યો વિશ્વભરમાં ઉત્તમ છે. દેવમંદિરો માટે કુશળ, વિદ્‌વાન અને ઉત્તમ સ્થપતિઓની વરણી થતી. દેવમંદિર-સ્થાપત્યો માટે થોડાં પારિભાષિક શબ્દો તપાસીએ.

મંડપઃ ત્રણ, ચાર કે દશ અથવા તેના દ્વિગુણ, ત્રિગુણ પ્રમાણસર બંધાવેલા ચોરસ પ્રાસાદ મંડપ કહેવાય. મંડપની બહારની ભીંતોની નીચે બેઠક-ખુરશી, કે થાલને અલંકારયુક્ત બનાવવામાં આવતા તેને ભદ્ર કહેવાય. ભદ્રને જેટલાં પાસા હોય તેટલા પાસાના ભદ્રનો તે મંડપ કહેવાય. બે ભદ્રની વચ્ચે પડતો ખૂણો-કોણ અથવા વધુ કોણ પડે તો તેને ઉપરથ અને પ્રતીરથ ઓળખાય. કોણ અને ઉપરની ભુજાઓની વચ્ચે વધારાના ઘનકોણ હોય તેને નંદી અને ભદ્રોને આધાર આપતાં નીચેના ભાગને પીઠ કહેવાય. પીઠ પર આખી શિલા મૂકાય છે જેને ખરશિલા કહે છે. ખરશિલા અંદરના ભાગે ભૂતલ બને છે. જે કક્ષમાં મંદિરના મુખ્ય દેવ, દેવી હોય તે ગર્ભગૃહ અને બહાર જ્યાંથી ભાવક દર્શન કરે તે ગૂઢમંડપ. આ ઉપરાંત સભામંડપ, નૃત્યમંડપ-રંગમંડપ, ગર્ભગૃહ અને ગૂઢમંડપની ગોળ કે આસપાસ ફરતી થોડી જગ્યા રાખવામાં આવે છે તેને ભમતી કે પ્રદક્ષિણાપથ નામે ઓળખાય છે. મોટા મંદિરોમાં ઘણીવાર આવો પ્રદક્ષિણાપથ મંદિરની ત્રણે મંડપોની બહાર પણ રાખવામાં આવે છે. આ વિભાગો દરેક મંદિરના આવશ્યક ભાગો છે.

**મંડોવર :** ખરશિલાઓ પરની ઉપર જતી ભીંતોના ભાગને મંડોવર કહેવાય. કુંભ કે લોટાના આકારની જેમ નીચેથી પહોળો અને ઉપર તરફ જતા પ્રમાણસર સાંકડો બનતો જાય છે.અને તેનો છેવટનો ભાગ શિખર કહેવાય છે. આ શિખરોની રચના માટે વાસ્તુકલામાં ઉંચાઈ અને પહોળાઈના પ્રમાણમાં ૨૪ જાત વર્ણવી છે. તેની ઉપર કળશ અને ધજા મૂકાય છે. મંડોવરની ભીંતોમાં વાતાયનની વ્યવસ્થા હોય છે, ગવાક્ષ, છાજલી, છજ્જા, કંદોરો, કેવાલ, કાંગરી, જંઘાની રચના કરવામાં આવે અને તેને કલામય કોતરણી અને પ્રતિમાશિલ્પોથી સજાવવામાં આવે. મંદિરની બહાર મંડોવર પર સામાજિક વ્યવહારમાં રોજબરોજના જાણીતા નર-નારીઓ, પ્રાણીઓ, પશુ, પંખીઓ, અને મૈથુન શિલ્પો, પૌરાણિક કથાનાયકો, દેવ-દેવીઓના શિલ્પો કોતરાતાં. ઘણી વખત દેશ-કાળની માન્યતાઓ અને જીવન સાથે સંકલિત બાબતો પણ સ્થાન પામતી. મનુષ્ય મનની શાંતિ માટે ઇષ્ટદેવ પાસે જાય છે ત્યારે તે જીવનથી અલગ થઈને નથી જતો. જીવનને સહજ અને સુંદર બનાવવાની ભાવના સાથે જાય છે. વૈમનસ્યથી ઉર્ધ્વ તરફની ગતિ માટે જાય છે. મંદિરની બહાર અને અંદરની રચનામાં એ રીતે ખૂબ વિચારપૂર્વક થતી. અંદર મંડપો પરથી વિતાન સુધીની ભીંતો પરની કોતરણી ઉપદેશાત્મક કથાનકો, પ્રસંગો, પ્રતીકાત્મક દેવ-દેવીઓના શિલ્પો દ્વારા થતી. મંડપો પરના ગુંબજ અત્યંત આકર્ષક હોવા છતાં તેમાં શાંતિનો સંદેશ રહેતો.

**સ્તંભ :** સાદી ભાષામાં થાંભલા કે કોલમ. સ્તંભોની અદ્દભૂત કોતરણી સૌન્દર્યબોધ આપતી. સત્ય, શિવ અને સુન્દરનો સંદેશ મળતો. વિશ્વના કોઈ પણ સ્થાપત્યને મંદિરના કલામય કોતરણીથી

દીપતા સ્તંભો અને સ્તંભરચનાની તોલે મૂકી શકાય નહી. વિશ્વની ઘણી જૂની કહી શકાય એવી સંસ્કૃતિઓમાં સુંદર સ્તંભરચના જોવા મળે છે. આમ છતાં નિર્વિવાદપણે આપણા સ્થપતિઓની સ્તંભરચનામાંથી તેઓએ શીખવાનું રહે છે. પ્રવેશદ્વારના સ્તંભો અને તે પરના તોરણોથી માંડી અંદરના સ્તંભોની અદ્વિતીય અને અદ્દભૂત કલામય કોતરણી આપણા સલાટોનો અનુપમ કસબ છે. સ્તંભથર-આધાર, સ્તંભની ઉપરના થર, અને પછી વિતાન સુધીના આકારને ટેકવતા કે પુષ્ટિ આપતા આધારથરોનું વૈવિધ્ય પ્રમાણવા જેવું છે. પ્રવેશમાર્ગમાં દીપસ્તંભ કે રૂપસ્તંભ, ચોગાનમાં કીર્તિસ્તંભ, સરોવરની વચ્ચે જળસ્તંભ, સીમાદર્શકસ્તંભ, ગરુડસ્તંભ, બ્રહ્મસ્તંભ, દોલાસ્તંભ, વનસ્તંભ, છત્રસ્તંભ વિગેરે અનેક ઘાટના, જાત અને ઉપજાતના સ્તંભો બન્યાં છે. સ્તંભોની કલાત્મકતા માત્ર નહી પરંતુ પ્રમાણસરતાના ધોરણો પણ એન્જીનીયરીંગ કૌશલના કીર્તિસ્તંભો છે. વાતાવરણના દરેક પાસાઓને લક્ષ્યમાં રાખી આ સ્થાપત્યો બન્યાં છે. વાતાયન અને જળનિકાસના યોગ્ય પ્રાવધાન તેમાં કરવામાં આવ્યાં છે. સ્તંભોનું નામકરણ તેના આકાર પરથી કરવામાં આવ્યું છે. ઉદાહરણ તરીકે ચોરસ હોય તો રૂચક, છ પાસાવાળો ષડાષ્ટક, આઠ પાસાવાળો સ્વસ્તિક, બાર પાસાવાળો ભદ્રની, મંડપના ભદ્ર, કોણ, ઉપરથ અને પ્રતિરથની રચના મુજબના પાસાવાળો અને કોણક તે વર્ધમાન સ્તંભ. આ ઉપરાંત ગોળાકારને વૃત સ્તંભ. મિશ્ર આકારની રચનાને અનુરૂપ પણ અનેક નામો છે. ઉદાહરણ તરીકે નીચેથી ચોરસ અને ઉપરથી અષ્ટકોણાકારને શ્રીધર સ્તંભ. કોતરણીને આધારે અને મૂર્તિઓના આધારે અપાયેલાં પણ અનેક નામો છે. ઉદાહરણ તરીકે પાંદડી અને વેલીની કોતરણીવાળો ઘટપલ્લવ સ્તંભ અને મૂર્તિવાળો કુબેરસ્તંભ વિગેરે.

**પ્રવેશદ્વાર:** ઉંબરાને ઉદુંબર કહે છે. ઉંબરની બહાર બન્ને બાજુએ કીર્તિમુખ અને વચમાં ઉંબરની ઊંચાઈ જેટલો જ ઊંચો અર્ધગોળાકાર મૃદુંગનો આકાર હોય છે. તેના દર્શની ભાગમાં કોઈ કોતરકામ હોય છે તેને મંદારક કહે છે. મંદારકની આગળ એક અર્ધગોળાકાર પગથીયું હોય છે તેને અર્ધચંદ્ર કહે છે.

**ગર્ભગૃહ :** ઈષ્ટદેવનો દરબાર ગર્ભગૃહ અત્યંત સાદો રહે છે. અહીં મનુષ્ય સર્વાંગ-સંપૂર્ણ સમર્પણની ભાવનાથી પ્રવેશે છે. મનની શાંતિ-નિર્વાણ-મોક્ષનું આ અંતિમ ધામ છે.

ભારતના પ્રાચીન ગ્રંથોમાં શિલ્પનિર્માણ અંગે નોંધપાત્ર માહિતીઓ મળે છે. ઉત્તર અને મધ્ય ભારતના મંદિર- સ્થાપત્યોમાં અને દક્ષિણ ભારતના મંદિરના સ્થાપત્યોની રચનારીતિમાં નોંધનીય તફાવત તેની શિખર રચનારીતિમાં છે. ઉત્તર ભારતની રચનારીતિ નાગરી અને દક્ષિણ ભારતની રચનારીતિ દ્રવિડ રચનારીતિ તરીકે ઓળખાય છે. નાગરી રચનારીતિના આચાર્ય સ્થપતિ વિશ્વકર્મા અને દ્રવિડ રચનારીતિના આચાર્ય સ્થપતિ તરીકે મયની ઓળખ છે. નાગરી શૈલીના ગ્રંથોમાં 'વિશ્વકર્મા', 'વાસ્તુશાસ્ત્ર', 'સમરાંગણ સૂત્રધાર', અને 'અપરાજિતપૃચ્છા' મુખ્ય છે. જયારે દ્રવિડ શૈલી માટે 'માનસાર', 'મયમત', 'સકલાધિકાર', 'અશુમદ્દભેદાગમ' અને 'શિલ્પરત્ન' મુખ્ય છે. આ ઉપરાંત પ્રતિમાનિર્માણ અને શિલ્પનિર્માણ અંગે વિસ્તૃત માહિતિ જ્યોતિષશાસ્ત્રોમાં, વરાહમિહિરના બૃહત્સંહિતા અને કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ મળે છે. આ સિવાય મૂર્તિવિધાન અંગે જુદા જુદા ધર્મોના જુદા જુદા ગ્રંથો-પાંચરાત્રદીપિકા, વિશ્વકર્માવતાર, રૂપાવાતાર, શિલ્પસાર, શિલ્પરત્ન, દેવતાશિલ્પ, મૂર્તિલક્ષણ, ચિત્રલક્ષણ વિગેરેમાં વિપુલ સામગ્રી ઉપલબ્ધ છે. વેદસંહિતાઓમાં ધાતુ શિલ્પોનો ઉલ્લેખ મળે છે પરંતુ અવશેષો મળ્યાં નથી. ઋગ્વેદ અને અથર્વવેદમાં જે વર્ણન પ્રાપ્ત થાય છે તે મુજબ ભવનનિર્માણ વિગેરેમાં કાષ્ઠનો ઉપયોગ થતો હશે. તે પ્રકારના શિલ્પોનો ઉલ્લેખ પણ મળે છે. મૂર્તિવિધાન અંગે પણ ઉલ્લેખ મળે છે. નોંધ લેવા જેવી બાબત એ છે કે તે સમયે સૂર્ય, ઇન્દ્ર, મરુત વિગેરે દેવોની મૂર્તિ પ્રતીક તરીકે બનતી, જેથી તેનો ઉપયોગ ઉત્સવો સમયે થઇ શકે. આ મૂર્તિઓ સેવા-પૂજા કે કર્મકાંડ માટે નહોતી. આ પછીના બ્રાહ્મણ ગ્રંથોમાં સ્થાપત્યને લગતા વર્ણનો મળે છે પરંતુ માહિતિનો તેમાં અભાવ છે. શ્રોત્ર અને ગૃહસૂત્રોમાં મૂર્તિપૂજાનો સ્પષ્ટ નિર્દેશ મળે છે. માર્ગદર્શન પૂરું પાડતા ગ્રંથોના આધારે મૂર્તિવિધાનની પ્રક્રિયાને દિશા મળી. એક વાસ્તવ સમજવાની જરૂર છે. રીતિ તો શાસ્ત્રની પરંતુ નિરાકારને આકાર આપતા હાથ તો સલાટોના. અમૂર્તને મૂર્ત કરવાનું કામ સલાટોનું. દક્ષિણમાં મોટી દાઢી-મુછવાળા શંકર તે ઉત્તરમાં સફાચટ મુખવાળા. દેવદેવીઓના મુખમાં પણ જાણીતા ચહેરાઓની છાયા દેખાય. એટલે જ કલાનું વિશ્વ નિર્બંધ અને મુકત છે. સમય-કાળને અને વિકાસને ધ્યાનમાં લઈએ તો. ઈ.સન પૂર્વે ૪૦૦૦ પહેલાના પ્રાથમિક કક્ષાનાં શિલ્પના અવશેષો મળ્યાં છે. બલુચિસ્તાન પ્રાંતના ઉત્તર અને દક્ષિણ વિભાગમાં ઝાબ નદીના કાંઠે વસાહતો હતી. જેને ઝાબ, કૂલી અને મકરાણ સંસ્કૃતિ તરીકે ઓળખી શકીએ. આ સમય હડપ્પીય સંસ્કૃતિ પહેલાનો. ઈ.સન.પૂર્વે ૨૫૦૦થી ૧૫૦૦ની હડપ્પીય સભ્યતાના શિલ્પોમાં સરસ ઘાટવાળી મૂર્તિઓની કલાના નમૂનાઓ મળ્યાં છે. જે પૂર્ણમૂર્ત અને અંશમૂર્ત બંને પ્રકારમાં છે. આ શિલ્પો માટી, પત્થર અને ધાતુમાં બનેલા છે. પાષાણ અને ધાતુમાં બનેલા શિલ્પોના કસબમાં સુરેખતા અને રૂપ ક્ષમતા દેખાય છે તે પરથી અનુમાન થઈ શકે છે કે તે કુશળ કારીગરો દ્વારા બન્યાં છે. જયારે માટીના શિલ્પો મહદ્ અંશે લોકકલા-હસ્તકલાના ઉદાહરણો છે. જે શિલ્પો મળ્યાં છે તેનું વિષયવસ્તુ ધાર્મિક છે. મનુષ્ય-આકાર, લિંગ, વૃક્ષ વગેરેના પણ શિલ્પો છે. ગુજરાતમાં લોથલ અને ધોળાવીરામાં તે સમયની સંસ્કૃતિના અવશેષો મળ્યાં

છે અને સચવાયા છે.લોથલમાં તો નગર આયોજનના પણ અવશેષો જોવા મળે છે. મોહેંજો-દરો અને હડપ્પાના અવશેષો સાથે લોથલના અવશેષોની સાથે સરખામણી કરીએ તો ભૌગોલિક અને સમય-કાળના તફાવતને લીધે ફેરફાર છે તો સમાનતા પણ છે. બન્ને જગ્યાએ વૃષભ, વાનર, હરણ, સસલાં, બકરાં, ઘેટાં, દરિયાઈ ઘોડા, હાથી વિગેરે સ્થળચર અને જળચર પ્રાણીઓના માટીના શિલ્પો મળ્યાં છે. લોથલમાં વધુમાં ગાય, ગોરિલા, વાઘ, ગેંડા, ગરુડ, મોર, પોપટ, બતક, હંસ, ચકલી, સમડી, ઘુવડ વિગેરેના શિલ્પો મળ્યાં છે. એક ગાયનું શિલ્પ છે તે તેની બારીકીને લીધે દર્શનીય છે. ગાયના શિંગડા, નીચે ઝૂકતી કાંધ, શરીર, આંચળ અને અન્ય અંગ સુરેખ અને સુંદર છે. અહીં જ એક આકૃતિમાં માનવશરીર પર અશ્વમુખ મૂકેલું છે. આ ઉપરાંત ધાતુમાં ઢાળેલા અને પત્થરોમાં કોરેલાં શિલ્પો ધ્યાનાકર્ષક છે. આ શિલ્પોમાં બનેલી પુરુષ-સ્ત્રીની આકૃતિમાં અંગ-વળોટ તેમજ દેહસૌષ્ઠવમાં શિલ્પકસબ દેખાઈ આવે છે. આ પછી ઈ.સ. પૂર્વે ૧૫૦૦થી ૬૦૦નો સમય નંદ સંસ્કૃતિનો ગણી શકાય. આ વિકાસયાત્રા દ્વારા સ્થાપત્યોને જોવાથી ભારતીય સંસ્કૃતિના કળાવિન્યાસના તબક્કાઓમાં પ્રવેશ મળે છે. મૌર્યકાલીન યુગ ઈ.સન પૂર્વે ૩૨૫થી ૧૮૭નો ગણી શકાય. આ સમયમાં સ્થાપત્ય અને લલિતકલાઓએ મહત્વની સિદ્ધિ મેળવી. ગુફા, શિલાસ્તંભો, સ્તુપો વિગેરે પાષાણ શિલ્પોમાં અભૂતપૂર્વ વિકાસ સધાયો. આમાં સાદા કે રેતિયા પથ્થરો પર બનેલા અશોકના શિલાસ્તંભો અને સ્તંભાશિર્ષો ખૂબ જ જાણીતા છે. બૌદ્ધ ધર્મના પ્રસાર અને પ્રચાર આ સમયની ઐતિહાસિક શિર્ષગાથા છે. મૌર્યકાલીન શિલ્પોમાં વિદેશી સ્થાપત્યોની અસરો જોવા મળે છે. ખાસ કરીને રાજભવનોના નિર્માણમાં અને શિલાસ્તંભો વિગેર પર ઈરાનના સ્થાપત્યોની અસર પુરાતત્વવિદો દ્વારા ચર્ચાઈ છે. અનુમૌર્યકાલીન યુગ અનેક રાજકીય ફેરફારોનો સમય રહ્યો છે. આ ફેરફારો અને વંશો-રાજાઓ અંગેની વાતો ઈતિહાસ માટે રહેવા દઈએ. આ સમયકાળના સ્થાપત્યોએ કદ અને કલાની ગુણવત્તામાં હરણફાળ ભરી અને અદ્દભૂત પ્રગતિ કરી. ભારતના પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ બધા જ પ્રદેશમાં શિલ્પોના કદની સપ્રમાણતા, અભિવ્યકત રેખાઓનું સામંજસ્ય અને વૈવિધ્ય સમાન રીતે અને વ્યાવર્તક લક્ષણ બની રહ્યું. ખરા અર્થમાં ભારતમાં પ્રશિષ્ટ સ્થાપત્ય અને શિલ્પકલાનો કાળ અહીંથી જ શરુ થાય છે. અંશ મૂર્ત, તાદશ્ય અને ત્રિપાર્શ્વ દર્શનની રીત આ સમયના કારીગરોએ પોતાની રીતે સ્થાન અને કદની ગોઠવણીથી સિદ્ધ કરી. તોરણોમાં શિલ્પ કૌશલની સમૃદ્ધિ આ સમયમાં વિકસી. આ સમયના બૌદ્ધશિલ્પોમાં ગુફાશિલ્પો, જાતકકથાઓના શિલ્પો, ઘટના-પ્રસંગશિલ્પો, સ્તુપોમાં અદ્ભૂત કલાવૈવિધ્ય સધાયું. આ કાળની ગાંધાર શૈલીના શિલ્પો દ્વારા વેશભૂષા, હાવભાવ, શૃંગાર, પરિધાન, દેવદેવીઓના સાંકેતિક ચિન્હો, હથિયારો વિગેરેની કોતરણીમાં ભારતના સલાટોનો સ્વયંસિદ્ધ કસબ છે. મથુરા શૈલી, શૃંગી શૈલી, દક્ષિણના શૈલગૃહો, બ્રાહ્મણ ધર્મના શિલ્પો, જૈન ધર્મના શિલ્પો, સાંપ્રદાયિક અને અસાંપ્રદાયિક શિલ્પો, નારી શિલ્પોમાં નારી મનોગત વૈવિધ્ય વિગેરે આ સમયનું પ્રદાન છે. આ પછી ઈ.સ. ૩૫૦થી ૫૫૦ સુધીનો ગુપ્તકાળના પ્રશિષ્ટ શિલ્પોનો કાળ આવે છે. તે સમયની આખા દેશમાં પ્રસરેલી શિલ્પકલા ગુપ્તશૈલીના નામે ઓળખાય છે. આ કાળમાં શિલ્પકલા તેની પરિપકવતા અને પરિપૂર્ણતાની ચરમ સીમાને સ્પર્શતી લાગે છે. આ કાળના સ્થપતિઓ અને સલાટોના કસબનો સૌન્દર્ય અભિગમ ઉદ્દાતથી ઊર્ધ્વગામી ગતિ તરફનો રહ્યો. સૌન્દર્ય દર્શન અને તેના માર્ગદર્શક સિદ્ધાંતોના ઘણાં ગ્રંથો આ સમયે રચાયા. કવિકુલ ગુરુ કાલિદાસ અને તે સમયના અન્ય સાહિત્યસ્વામીઓએ સાહિત્ય દ્વારા અને સ્થપતિ-સલાટોએ શિલ્પનિર્માણ દ્વારા સૌન્દર્યની મહત્તા સ્થાપિત કરી. માનવમનમાં પ્રેમ, ઉલ્લાસ અને આનંદનો સંચાર કરનાર સૌન્દર્યને ઓળખ આપી. આ સમયના શિલ્પોમાં અંગ-ઉપાંગમાં પ્રમાણસાયુજ્ય, આભિજાત્ય, લચક, કમનીયતા, સુરુચિપૂર્ણ વેશપરિધાન, શૃંગાર અને શણગારનો ઉન્મેષ દેખાય છે. વ્યકિતત્વને ઓળખ મળી છે. અનુગુપ્તકાલીન કલાનો કાળ ઈ.સન ૫૫૦થી ૭૦૦ સુધીનો ગણાય. આ સમયના શિલ્પોમાં દેવદેવીઓ, બુધ્ધો, બોધીસત્વો, તીર્થંકરો, યક્ષયક્ષીણીઓ, રાજારાણીઓ, વગેરે શિલ્પોને અધિક મહત્વ મળ્યું. આ પછીનો સમય ઈ.સન ૭૦૦થી ૧૦૦૦ સુધીનો છે. જે પાલ, પ્રતિહાર અને રાષ્ટ્રકુલની શિલ્પકલાનો છે. આ કાળમાં મનુષ્યજીવનને પરિમાણ આપતાં સમય તરીકે પણ ઓળખી શકીએ. આ કાળમાં શંકરાચાર્યનું મનુષ્ય વિશેનું આ દર્શન ઉલ્લેખનીય છે. તેમણે માનવજીવનની પ્રતિષ્ઠા દર્શાવતાં કહ્યું. ''મનુષ્ય સાડાત્રણ હાથના પરિમિત દેહમાં સીમિત શકિત ધરાવતું પૂતળું નથી. એ તો બ્રહ્મ અને આત્માની એકતાનો અધિકારી છે.'' આ બ્રહ્માત્મૈક્યભાવે જીવનને નવી દૃષ્ટિ આપી. અને સામાજિક અંગોમાં નવા શકિતસંચારનું કારણ બની ગયું. સ્વાભાવિક રીતે જ આ ભાવનાની અસર શિલ્પનિર્માણમાં પણ દૃષ્ટિગોચર થવા લાગી. ઈ.સન. ૧૦૦૦થી ૧૩૦૦ના કાળમાં વિકાસ, અસર અને પ્રતિકૃતિના સર્વાંગી સમન્વયનો કાળ ગણી શકાય.

શિલ્પ-વાસ્તુશાસ્ત્ર માત્ર મૂર્તિવિધાનમાં સિમિત દર્શન ન હતું. તે ચોસઠ કલાઓનું શાસ્ત્ર ગણાતું. વાસ્તુશાસ્ત્રમાં દિશાઓના ગુણધર્મો બતાવવા દિશાઓના અધિનાયક દેવ નક્કી કરવામાં આવ્યાં છે. તે મુજબ સ્થાપત્યો માટે જરૂરી વાતાવરણના પરિમાણોનું માર્ગદર્શન પ્રાપ્ત થાય છે. પરંતુ નકશાઓ બનતાં તેમાં ગાણિતિક અને ભૌમિતિક પરિમાણોની ગણતરી પ્રમાણે રચના થતી. ભારતમાં અન્ય સ્થાપત્યરીતિઓની અસર આવી તે

પહેલાં આ પરિમાણો આખા ભારતમાં માન્ય ગણાતા અને તેને વાસ્તુપુરુષમંડલ તરીકે ઓળખવામાં આવતાં. આ મંડલોના દેવ અને તેના મહત્વ મુજબના આકાર માટે ચોરસ ચોકઠાં ગોઠવાતા તેને પદવિન્યાસ કહેવાતું. એક ચોખંડાથી દશ ચોખંડાની રચનામાં દરેકને પદનું નામ અપાતું. હિંદુધર્મમાં સગુણ અને નિર્ગુણ ઉપાસના થતી હોય છે. તે મુજબ સગુણ એટલે પૂર્ણરૂપ અને નિર્ગુણ એટલે નિરાકાર મૂર્તિ સ્વરૂપો મુજબ સ્થાપત્યમાં મંડલોના સ્થાન અને સંખ્યા ગણતરીમાં લેવાતા. સ્થાપત્યોમાં આકારની રીતે જોવા જઈએ તો માત્ર પાંચ આકારોની આજુબાજુ કામ થતું. આ પાંચ આકારો તે ચોરસ, લંબચોરસ, નળાકાર, ગોળ અને અષ્ટકોણ. આ આકારો સાથે વાસ્તુશાસ્ત્રના નિયમો મુજબ કામ કરવાની મર્યાદા રહેતી. મંદિરના દેવ મુજબ સ્થાપત્યોની રચનારીતિ રાખવી પડતી. આમ અનેક મર્યાદા છતાં કુશળ સ્થપતિઓની પરિકલ્પના અને રચનાકસબથી મંદિરોના સ્થાપત્યો આજે પણ અનન્ય છે. હજારો વર્ષથી મંદિરોના નિર્માણમાં આ શાસ્ત્રે મહત્વનો ભાગ ભજવ્યો છે. મંદિરોએ સ્થાપત્ય સંસ્કૃતિના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે. તે સમયથી વાસ્તુ અને શિલ્પશાસ્ત્ર એકબીજાના પર્યાય શબ્દો બની રહ્યાં છે.

ભારતીય સ્થાપત્યોમાં દ્રષ્ટિપાત કરતાં પહેલું તારણ એ નીકળે છે કે મંદિર રચનાનો હિસ્સો મોટો અને મહત્વનો રહ્યો છે. અને બીજું તારણ એ છે કે કાળ અને સ્થળના અપરિમેય ભેદ છતાં આપણા ભારત દેશનો સાંસ્કૃતિક દેહ અજબનું ઐક્ય દાખવે છે. આપણા મંદિર સ્થાપત્યોમાં જુદી જુદી રચનારીતિ, જુદા જુદા સ્થળ, જુદા જુદા શાસનો અને જુદી જુદી ધાર્મિક માન્યતાઓ છતાં તેમાં મુખ્ય રચના સિદ્ધાંતની એકતાના દર્શન થાય છે. જુદા જુદા પ્રદેશના જુદા જુદા શાસકો અને ઐતિહાસિક સમયકાળની દૃષ્ટિએ, ગુપ્ત અને પ્રતિહાર વંશે ઉજ્જૈનમાં, પાલ વંશે પૂર્વમાં બંગાળ-બિહારમાં, ચંદેલા વંશે મધ્યપ્રદેશમાં અને સોલંકી વંશે ગુજરાતમાં અનેક ઉત્તમ સ્થાપત્યો રચ્યાં. દક્ષિણ ભારતમાં પલ્લવ, ચોલા, પાંડિયન, ચેરા, ચાલુક્ય અને વિજયનગરના શાસકોનો ફાળો મહત્તમ છે. જેમાં પલ્લવોને દ્રાવિડીયન સ્થાપત્યના સ્થાપક ગણી શકાય. તેનો શાસનકાળ છઠ્ઠીથી નવમી સદી સુધીનો. તે સમયમાં અખંડ ખડક-પત્થરમાંથી બનાવેલાં મહાબલીપુરમ, કાંચીપુરમના સ્થાપત્યો અને રથરચનાઓ ઉલ્લેખનીય છે. મંદિરો લગભગ શિવ સમર્પિત હતાં. ઈંટ-ચૂનાના ઉપયોગ વગર આ મંદિરોની રચના થઇ. દેવોની વિશાળ અને ઊંચી પ્રતિમાઓની અભૂતપૂર્વ રચનાઓની શરુઆત કરનારા પલ્લવ રાજાઓ હતાં. દ્રાવિડીયન સ્થાપત્યો તામિલનાડુ, આંધ્ર, કેરાલા અને કર્ણાટકમાં જોવા મળે છે તે ઉપરાંત શ્રીલંકા, માલદીવ તેમજ ઉત્તરપૂર્વ અને દક્ષિણપૂર્વ એશિયાના પ્રદેશોમાં પણ જોવા મળે છે.

અંતમાં, ભારતમાતાની કેડ પર બેઠેલા વહાલા બાળક સમા ગુજરાતની થોડી વાત કરવી છે. 'વિવેકબૃહસ્પતિ' નામ તેની ઓળખ છે. અહીંની પ્રજા સંજોગ અને સંઘર્ષમાંથી સારાસારનો વિવેક કરી નિર્ણય લેવાની અદ્દભુત ક્ષમતા ધરાવે છે. ગુજરાતનો ઈતિહાસ જ્યારથી ભૂમિ પર માનવયોનિનો આવિર્ભાવ થયો ત્યારથી એટલે કે અઢી લાખ વર્ષોથી થયો ગણાય છે. જે સંસ્કૃતિની પીઠિકા પર અર્વાચીન ગુજરાત ઊભું છે અને જેની ઐતિહાસિક પરંપરા અને ગુણવિશેષતા જેનો વર્તમાન છે તેવાં ગુજરાતમાં નિસર્ગ દૃશ્યો, તેમાં વસતી વિવિધ જાતિઓ, લક્ષણાયુકત ચહેરાવાળા તેના તળપદા માનવીઓ, તેના મહાલયો, મંદિરો, તીર્થધામો, સહેલગાહનાં સ્થળો, શિલ્પસ્થાપત્યો, ધાતુકલા, હાથહુન્નરો, કાપડ, છાપકામ, ભરતગૂંથણ, ચાકળા, તોરણો, રંગોળી, ચિત્રકામ, રમકડાં, સંઘેડાકામ, રીતરીવાજો, તહેવાર, ઉત્સવો, ગરબા, ગરબી, રાસ, ભવાઈ જેવી સમૃદ્ધિએ સહુને આકર્ષ્યા. ગુજરાતની સંપત્તિ અને વ્યાપારનું આકર્ષણ અને હજારો માઈલોનાં દરિયાઈ અને જમીન માર્ગે ગુજરાત પ્રવેશ સરળ હતો. ગુજરાતમાં શર્યાતિ, આનર્ત, રૈવ, રૈવત, વગેરે કુળો હતાં. સૌરાષ્ટ્રમાં આર્યો સ્થાયી થયા તે ઉપરાંત પર્શિયન, આરબ, આફ્રિકન, ચીના સૌરાષ્ટ્રના બંદરોથી ઉતર્યા. મધ્ય એશિયામાંથી કુશાન અને હુણોના ધાડા ઊતર્યાં. આથી ગુજરાતમાં જાતિ-ઉપજાતિ, જ્ઞાતિ-ઉપજ્ઞાતિની વિવિધતા એ તેની વિશેષતા છે. વૈષ્ણવ, શૈવ, જૈન ,બુદ્ધધર્મનો અભ્યુદય અને પ્રસાર થયો તેના ધર્મ સ્થાનકો બંધાયા. સ્થાપત્યની આગવી અને મિશ્ર શૈલીનો વિકાસ થયો. અનેકતામાં એકતાનું ગુજરાત સર્વોત્તમ ઉદાહરણ છે. નરસિંહ મહેતા ગુજરાતનું કવન છે. સંતો, મહંતોની આ પાવન ભૂમિ. છે. કૃષ્ણ અને ગાંધીની આ કર્મભૂમિ છે.

આપણા મૂર્ધન્ય સાહિત્યકાર કવિ સ્વ. આદરણીય કવિ ઉમાશંકર જોશી ગુજરાત ઓળખના એક કાવ્યમાં કહે છે તેમ:

*"શત્રુંજય તારંગા ઇડર પાવાગઢ ગીરનાર*
*શિખરે શિખરે દેવમંદિરો, શૂરકથા રસસાર,*
*ગિરિજંગલે વીર ડણકતો સિંહ અભયઉલ્લાસ,*
*રંગપુર-લોથલને ટીંબે ગુંજે ગત ઈતિહાસ,*
*રુદ્રમાળ વડનગર તોરણો, કુંભારિયા મોઢેરા,*
*મસ્જિદ મહેલે ડભોઇ દ્વારે સુંદરતાના ડેરા,*
*ધન્ય ભૂમિ ગુજરાત ધન્ય હે ધન્ય ગિરા ગુજરાતી*
*કૃષ્ણ-ચરણરજ-પુનિતધરા આ ગાંધી ગિરા ગુજરાતી."*
(સ્વ. કવિ શ્રી ઉમાશંકર જોશી.)

સૈકાઓ જૂના ભૂતકાળને વર્તમાન સાથે અનુસંધાન સાધી આપતા આપણા શિલ્પ-સ્થાપત્યના અમર વારસાના ઉલ્લાસની ગૌરવગાથા ગાતા કવિઓને વંદન કરીએ. જ્યાં પગ મૂકે ત્યાં

ગુજરાત બનાવી દેવાની ક્ષમતા ધરાવતાં ગુજરાતીઓ દેશ-પ્રદેશમાં ગમે ત્યાં હોય મા ગુર્જરીની ગૃહકુંજો કદી વિસરતા નથી. જગવાડીને સુફલિત કરે છે. જે અભાવ જણાય છે તે, આપણે આપણા સ્થાપત્યસમૃધ્ધિના વારસાની અવગણના કરીએ છીએ. ધર્મ અને સાંસ્કૃતિક વારસાનો ગર્વ લઈએ છીએ અને તે માટે મસમોટા દાન પણ આપીએ છીએ. આપણા ગર્વને જેણે આધાર આપ્યો છે તે આપણા શિલ્પો છે. નવા મંદિરો બને છે અને તે ભૂતકાળના વારસાને અનુરૂપ રચના થાય છે. અત્યંત સુંદર થાય છે પરંતુ નવોન્મેષનો ઉલ્લાસ ભૂતકાળની અવગણનાનું કારણ બને છે. સુંદરતાના ડેરાઓ ધૂળમાં રગદોળાય છે. જે સ્મારકોની અનન્ય જાળવણી કરવી જોઈએ તેના આંગણામાં આપણે મિજબાનીઓ કરી અજીઠું ફેંકીએ છીએ. સરકાર હવે જાગૃત થઇ છે. પુનઃનિર્માણ અને સાચવણની વ્યવસ્થા થાય છે. પરંતુ આપણે મૂક-બધીર પ્રેક્ષકો બની રહીશું ? ગુજરાતે સદીઓથી સૂર્યદેવને આરાધ્યા છે. આપણે ગાયત્રી મંત્રનો જાપ કરીએ છીએ તે તેજોમયની પ્રાર્થના છે. ''પૃથ્વી, અંતરીક્ષ ને સ્વર્ગમાં જે પ્રશંસનીય તેજ વ્યાપેલું છે, દેહ, મન અને આત્માને જે ઉજ્જવળ કરે છે તે કલ્યાણકારીનું અમે ધ્યાન ધરીએ છીએ તે જ અમારી બુદ્ધિને પ્રેરો.''

અસ્તુ.

❑❑❑

3, Vivek, Vidya Vinay Vivek Society,
185 S. V. Road, Vile Parle (West),
Mumbai - 400 056.
Email : kanubhai.suchak@gmail.com
Phone: Landline : 022 26710808
Mobile : 09870007371

# સ્થાપત્ય જગતના ધ્રુવતારકો

**કનુ સૂચક**

## ગુજરાતના વિખ્યાત સંશોધક શ્રી મધુસૂદન ઢાંકી

*(આ લેખમાં ભારતીય સ્થાપત્ય જગતના મહત્ત્વનાં સ્થપતિઓનો પરિચય આપવાનો પ્રયત્ન કરાયો છે, જેથી સ્થાપત્યના ભારતના ઈતિહાસથી પરિચિત થવાય.)*

એક એવા પ્રતિભાબીજની વાત છે કે જે કોઈ ધરતીમાં વાવવામાં આવે, ત્યાં ઊગી નીકળે અને સોળે કળાએ મહોરી ઊઠે. ગુજરાતના વિખ્યાત સંશોધક શ્રી મધુસૂદન ઢાંકીની પ્રતિભા આ પ્રકારની છે. તેઓ ઊંચા ગજાના સ્થાપત્યવિદ્, ઈતિહાસવિદ્ અને કલાવિવેચક તો ખરા જ, પરંતુ એથીય વિશેષ શાસ્ત્રની કોઈ વાત કરવી હોય, મંદિરની બાંધણી વિશે ચર્ચા કરવાની હોય, જૈન દર્શનની કોઈ વિભાવનાને કરવાની હોય - બધે જ એમની કલા રસિક અને સંશોધનદ્રષ્ટિ ફરી વળે છે. કેરીની કેટલી જાત છે, ત્યાંથી શરૂ કરીને માનવીની ચાલ, અંગભંગ, પોશાક એ બધાં વિશે તેઓ વાત કરી શકે છે. પોરબંદર પાસેના ઢાંકા ગામના વતની હોવાથી ઢાંકી અટક ધરાવતા મધુસૂદનભાઈએ પુણેની ફર્ગ્યુસન કોલેજમાંથી ભૂસ્તરવિદ્યા અને બેંકની નોકરીથી કારકિર્દીનો પ્રારંભ કર્યો. ૧૯૫૧માં અન્ય મિત્રો સાથે પોરબંદરમાં પુરાતત્ત્વ સંશોધન મંડળની સ્થાપના કરી અને પોરબંદરની આસપાસના જૂના સ્થાપત્યોની શોધ કરવા માટે લાંબો પ્રવાસ ખેડ્યો. પરિણામે બન્યું એવું કે એમણે ઘણાં નવા મંદિરો શોધી કાઢ્યાં. 'કુમાર'સામાયિકમાં એમના દેશ-વિદેશના સ્થાપત્ય વિશેના લેખો પ્રગટ થવા લાગ્યા. 'કુમાર'ના તંત્રી શ્રી બચુભાઈ રાવતે એમને ખૂબ પ્રોત્સાહન આપ્યું. ૧૯૭૪માં કુમારચંદ્રક પણ મળ્યો. સ્થાપત્યશાસ્ત્રના આ અભ્યાસીએ પોરબંદરના ગ્રંથાલયમાંથી બર્જેસ અને કઝિન્સના જૂના રિપોર્ટોનો અને પર્સી બ્રાઉનના તથા સ્થાપત્ય વિશેના અન્ય ગ્રંથોનો અભ્યાસ કર્યો. પોતાના સાથીઓ સાથે ગોપ, કંદિરેડા, મિયાણી, ધૂમલી જેવાં આસપાસના સ્થળોનો અભ્યાસ પ્રવાસ ખેડ્યો. સોલંકી કાળના ખીમેશ્વર, નંદેશ્વર, માણસરે જેવા સ્થળોએ ત્રીસેક પ્રાચીન મંદિરો શોધી કાઢ્યાં, એટલું જ નહીં પણ તસવીરો લઈને એનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યો. લાખાબાવળ, આમરા, પાટણ વગેરેના ઉત્ખનનમાં પ્રસિદ્ધ અધ્યાપક બી. સુબ્બારાવ સાથે રહીને અમૂલ્ય અનુભવ મેળવ્યો. અમેરિકન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયન સ્ટડીઝ, વારાણસીમાં રિસર્ચ એસોસિયેટ્સ તરીકે જોડાયા અને આ સંસ્થામાં આપેલા યોગદાન અંગે એના વર્તમાન ઉપપ્રમુખ શ્રી પ્રદીપ મહેંદીરત્તાએ કહ્યું કે, 'અમારી સંસ્થાને વૈશ્વિક પ્રતિષ્ઠા આપવામાં મધુસૂદન ઢાંકીનો બહુમૂલ્ય ફાળો છે.'

શ્રી મધુસૂદન ઢાંકીએ 'એન્સાઈક્લોપીડિયા ઓફ ઈન્ડિયન ટેમ્પલ આર્કિટેક્ચર' શ્રેણીના પ્રધાન સંપાદક તરીકે મહત્ત્વની કામગીરી બજાવી. ભારતીય મંદિર - સ્થાપત્યના ક્ષેત્રે આ ગ્રંથ શ્રેણી અદ્વિતીય ગણાય. ૧૯૯૭થી અમેરિકન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયન સ્ટડીઝ, ગુરગાંવ ડિરેક્ટર (એમિરેટ્સ) તરીકે પણ તેમણે સેવાઓ આપી. આ સંસ્થાએ એમને જે એવોર્ડ આપ્યો તેમાં નોંધ્યું છે 'For the contribution to the world of knowledge' એમનો 'ગુજરાત સોલંકી યુગીન મંદિરોની આનુપૂર્વી' લેખ સ્થાપત્ય ક્ષેત્રે સીમાચિન્હરૂપ ગણાય છે. સોલંકીકાલીન મંદિરોની છત વિશેનો લેખ પણ મહત્ત્વનો ગણાય. એવાં અનેક મહત્ત્વનાં શોધપત્રો દ્વારા એમણે દેવાલય સ્થાપત્યના ક્ષેત્રે યશસ્વી સંશોધક

તરીકે કામગીરી બજાવી. વળી આ માટેની પરિભાષા નિશ્ચિત કરવાનું મહત્ત્વનું કામ પણ એમણે કર્યું. તેઓ સંસ્કૃત, પ્રાકૃત, પાલિ, માગધી, અપભ્રંશ વગેરે ભાષાઓ વાંચી - લખી શકે છે ઉપરાંત સાથે સાથે હિંદી, મરાઠી અને ફ્રેંચ ભાષાને વિશેષરૂપે જાણે છે. પ્રાચીન મધ્યકાલીન સ્થાપત્ય, પુરાતત્ત્વ શિલ્પ, શાસ્ત્રીય સંગીત, નિગ્રંથ સાહિત્ય અને ઈતિહાસ જેવા વિષયોની સાથે લોકકલા, રત્નશાસ્ત્ર અને બાગકામમાં પણ ઊંડો રસ ધરાવે છે. માત્ર મંદિરોની મુલાકાત લઈને પાછા આવી ન જતાં, એની ઝીણામાં ઝીણી બાબતનો અત્યંત ચીવટપૂર્વક અભ્યાસ કરે છે.

સ્થાપત્ય, શિલ્પ અને સ્થાપત્યનાં વિવિધ ઘટકો અંગે એમણે સ્વતંત્ર પુસ્તકો લખ્યાં છે. બસોથી વધારે સંશોધન લેખો એમની પાસેથી મળ્યાં છે. જ્યોર્જ મિશેલે તેમને 'ભારતીય દેવાલયના વિશ્વકર્મા' અને ગેરી તાર્તાવસ્કીએ 'ભારતીય દેવાલયના સ્થાપત્યના પિતા' કહ્યા છે.

ભારતીય મંદિર સ્થાપત્યના સંશોધનમાં ચિરંજીવ પ્રદાન કરનાર મધુસૂદન ઢાંકીનું વ્યક્તિત્વ અન્યને પ્રેમ-વર્ષાથી ભીંજવી દે તેવું મૃદુ, વિનોદી અને નિખાલસ છે. એમની સર્જનાત્મકતાનો સ્પર્શ સાહિત્યમાં પણ થાય છે અને એમની વાર્તાઓમાં તેઓ સ્થળ, પાત્ર, પરિવેશ બધું હૂબહૂ રચી શકે છે અને એને અનુરૂપ ભાષા બોલી અને શૈલી નિપજાવી શકે છે. ગુજરાતનાં મંદિરોની છત વિશે સીમાચિન્હરૂપ સંશોધન ડૉ. મધુસૂદન ઢાંકીએ કર્યું છે. શ્રી શત્રુંજય તીર્થ વિશે છેક આગમ ગ્રંથોમાં મળતા ઉલ્લેખોથી માંડીને અત્યાર સુધીના સાહિત્યિક ઉલ્લેખો, શિલાલેખો અને સાહિત્ય, અંગ્રેજીમાં તૈયાર કર્યું છે. અહીંની ભાવસંહિજી હાઈસ્કૂલનું સૂત્ર હતું 'રસૌવૈસઃ' આ સૂત્ર પાસેથી જગતના કલા પદાર્થોમાં અને આસપાસની જીવંત સૃષ્ટિમાં નિહિત સૌંદર્યને જોવાની દ્રષ્ટિ મળી. ઉમાશંકરની માફક 'સૌંદર્યોપી ઉરઝરણ ગાશે પછી આપમેળે...' એ પંક્તિનું સ્મરણ શ્રી મધુસૂદન ઢાંકીના રસના ક્ષેત્રોનું વિશાળ વિશ્વ જોઈએ ત્યારે થાય છે. આજેય પંચ્યાસી વર્ષે લેખન - સંશોધન કરતા મધુસૂદન ઢાંકી હસતાં હસતાં કહે છે કે મારી દશા તો સ્ટીફન હૉકીન્સ જેવી છે. આ શરીર પર સોળ-સોળ ઑપરેશનો થયા છે, પણ હજી આ મગજ સાબૂત છે. આવા પ્રખર વિદ્વાનોથી ગુજરાતની અસ્મિતા વિશેષ વિભૂષિત થતી હોય છે.

(શ્રી મધુસૂદન ઢાંકીનું ૨૯ જુલાઈ ૨૦૧૬નાં રોજ દેહાવસાન થયું.)

## પ્રાકૃતિક સ્થાપત્યનો ભીષ્મ પિતામહ- નરી ગાંધી

વાસ્તુશાસ્ત્રમાં આર્કિટેકટ માટે સ્થપતિ શબ્દનો ઉપયોગ થયો છે. સ્થપતિ શબ્દ સાથે અનેક અર્થ વ્યંજના અભિપ્રેત છે. સર્વ શાસ્ત્રોના જ્ઞાતા, કલાવિદ, સ્થાપત્યશાસ્ત્રમાં કુશળ, સારાં શિક્ષક અને સમતાવાન પુરુષના લક્ષણો ધરાવતા બહુવિધ પ્રતિભા ધરાવનારને સ્થપતિ તરીકે ઓળખ મળતી. લોકો તેને બ્રહ્મા અથવા વિશ્વકર્માના નામે આદર આપતા. ભારતભરમાં આવા અનેક આદરણીય સ્થપતિઓનો ઈતિહાસ મળે છે. ગુજરાતમાં સોમપુરા અટક જ સ્થપતિનું પર્યાયવાચી નામ થઈ ગયું છે.

નરી ગાંધી સાવ જ સીધા સાદાં પારસી સદગૃહસ્થ. મધ્યમ બાંધાના, આર. કે. લક્ષ્મણના કોમનમેન જેવાં, ખાદીના સફેદ કપડાં,ખભે ખાદીનો થેલો લટકાવી, ક્યારેક ફોર્ટની કોઈ ફૂટપાથ પર, બેસ્ટની કોઈ બસમાં, રેલ્વેના સેકન્ડ કલાસની ભીડમાં, કોઈ રસ્તે, કોઈ શેરીએ તમને મળી પણ ગયો હશે અને તમે તેની નોંધ પણ લીધી નહીં હોય. સર્વ ઘોંઘાટ અને ભીડમાં આ અલિપ્ત માણસને બસમાં કે ગાડીમાં મુસાફરી કરતાં બેસવા મળી જાય તો બસની ટિકિટની પાછળ કે નાના કાગળની ચબરખી ઉપર બારીક અણીવાળી પેન્સિલથી લીટાં દોરતો પણ તમે જુઓ. આ માણસને મળતાં જ ઓળખી જવાનું તો ન જ બને પરંતુ ક્યારેક નોંધ લેવાઈ જાય ત્યારે તેના ગોરા મુખ પર સદાય ઝળકતી સ્વસ્થ આભા માત્ર અદભુત નહીં, દૈવી લાગે.

જે. જે. સ્કૂલ ઓફ આર્કીટેકચર કોલેજમાં, મુંબઈમાં અભ્યાસ કરી અમેરિકા ટેલીસિનમાં પ્રાકૃતિક સ્થાપત્ય રચનારીતિના પરમ પુરસ્કર્તા વિશ્વવિખ્યાત સ્થપતિ ફ્રેન્કલોયડરાઈટની પાસે પાંચ વર્ષ રહ્યાં. આ સંસ્થાના પ્રવેશદ્વાર પર નરીએ અહીં અભ્યાસ કર્યો હતો તે દર્શાવવા સાક્ષીરૂપ એક પથ્થર પડેલો છે જે 'નરીનો પથ્થર' તરીકે આજે પણ ઓળખાય છે. પ્રખ્યાત ગુરુના લાડલા શિષ્ય નરીના મનમાં એક અનોખા સ્થાપત્યની વિચારસરણી જન્મ લઈ ચુકી હતી. સ્થાપત્ય જગતમાં એક અનન્ય વિશ્વકર્માનો જન્મ થઈ ચુક્યો હતો. ગુરુનું ૧૯૫૯માં અવસાન થયું. ૧૯૬૧ પછી નરીએ થોડો સમય સ્થપતિ વોરેન વેબર સાથે કામ કર્યું. ત્યારબાદ કેન્ટ યુનિવર્સિટીમા ૧૯ મહિના પોટરીનો અભ્યાસ કર્યો. નરી માટીકામને સ્થાપત્યનું એક અગત્યનું અંગ જ માનતા. તે પછી ફ્રેંકલોયડરાઈટના અધૂરા રહેલા લવનેસ કોટેજના કામ માટે તેમણે ગુરુદક્ષિણારૂપે નિઃશુલ્ક સેવા આપી. નરીનું માનવું હતું કે સ્થાપત્ય સાથે તેનો અવિનાભાવી સંબંધ છે. નરીની તેજસ્વિતાથી પ્રભાવિત એક મિત્રબંધુ એ સલાહ આપી કે જો તે અમેરિકામાં જ તેની કારકિર્દી શરુ કરે અને વસવાટ રાખે તો અનેક કામ, મોટું નામ અને અઢળક પૈસો મળે. નરી ગાંધીને જાણનારા દરેકને ખબર હશે જ કે ઓલિયા ફકીર જેવાં એ બોલે ખૂબ ઓછું પરંતુ બોલે તેમાં નરી દ્રઢતા અને સચ્ચાઈનો રણકાર જ હોય. નરીનો ટુંકો જવાબ હતો. 'જેટલું થશે તે સારું જ હશે.' ૧૯૬૪માં નરી ભારત પરત આવ્યાં. અહીં નરીએ જે કામ કર્યું તે સારું જ નહીં અતિ ઉત્તમ કર્યું. વિચારથી તેને કોઈની સાથે વિવાદ ન હતો. વર્તનમાં સહજ અને સરળ. કોઈની સાથે સ્પર્ધાનો અણસાર પણ નહીં. આ તેમના સ્વભાવનો એક ભાગ જ હતો અને તે કદાચ ઘણાને પસંદ ન પડતા. કામમાં

એક કેન્દ્રિત નિષ્ઠા અને પ્રેમ. જે કામ કરે તે કામને ઉત્તમની કક્ષા સુધી લઈ જવાની જીદ લાગે તેવી લગની. આ માટે કોઈ પણ સમાધાન ન જ કરે. આ બાબતમાં ગ્રાહક કે જેના માટે તે નિર્માણ કરતા હોય, તેની દખલ પણ ન ચલાવે. દખલગીરી કરનાર ગ્રાહકને, કામ કરવાની પણ ના પાડી દે. એટલું જ નહીં પરંતુ પોતાના કામનું લાખો રૂપિયાનું મહેનતાણું બાકી નીકળતું હોય તો પણ કામ છોડીને ઊભા થઈ જાય. આવું બનતું પણ ખરું અને પછી તેને મનાવવાનું અતિ મુશ્કેલ. તેમની તે વાત પછી અંગત બની જાય અને બાદમાં કોઈ માંધાતા કે મિત્ર, કોઈની વાત સાંભળે નહીં. વાત બંધ એટલે બંધ. મૌનના તો એ માણીગર. તેનો ક્રોધ પણ અનોખો. ક્રોધનું પ્રદર્શન ન થાય તે માટે તે દિવસો સુધી અંતર્ધ્યાન થઈ જાય. એક પ્રસંગ નોંધવા મન થાય છે. ગુજરાતી કુટુંબના એક વિખ્યાત સ્ત્રી કલાકારનો જુહુમાં બંગલો નરીએ બનાવેલ. આકસ્મિકપણે તે કલાકારને ત્યાં જવાનું થયું. બંગલામાં પ્રવેશ કરતાં જ અદ્‌ભૂતની અનુભૂતિ થઈ. નરીના કામની છાપ ઉડીને આંખે વળગે. પૂછીને ખાતરી કરી લીધી. પથ્થરનું બાંધકામ. અભિજાતનો લહેરાતો પારાવાર. વિશાળ અને ભારે દરવાજો. કાચની નાની નાની પટ્ટીઓ ઊભી ભરી લગભગ ૨'' જાડાઈ, ૪'ફૂટ૬'' પહોળાઈ અને ૭'ફૂટ ઊંચો દરવાજો સહેજ જ ખસેડતાં દરિયાની ઘૂઘવતી સૂરાવલી સંભળાય અને જાણે સમગ્ર અસ્તિત્વ શીતલ જળ શિકરથી ભીંજાય જાય. અંદર દાદર ચડી ઉપરના માળ સુધીનો પ્રવાસ પણ દરિયાના મોજા પર ચાલતાં હોઈએ તેવું લાગે. વાતાયનની સુંદર વ્યવસ્થાને લીધે પ્રકાશ અને પવન અનુભવને તેજસ્વી આભા આપે. મુંબઈ બોરીવલીની કેનેરી ગુફાઓ અને અંજટા- ઈલોરાની ગુફાઓના બૌધ વિહારની યાદ અપાવે તેવી પથ્થર રચના પરંતુ બંધિયાર નહીં. શયનખંડમાં વિરામ કરતાં ઋતુચક્રના દરેક બદલતા સમયરંગના સાક્ષી બનીએ. મુખ્ય શયનખંડના પલંગમાં સૂતાં સમયે આકાશ દર્શન થાય પરંતુ કલાકારને એક પ્રશ્ન મુંઝવતો હતો કે ઓશીકે મસ્તક મૂકવાની જગ્યાની ઉપર જ લગભગ ૧૧ ફૂટની ઉંચાઈએ દિવાલની બહારથી એક અણીદાર પથ્થર ડોકિયાં કરે. જાણે કે બહાર ૨૪ કલાક જાગતાં દરિયાનો સંદેશ આપવા તૈયાર બેઠો હોય. કલાકારને ડર રહેતો કે રખે તે પત્થર મસ્તક પર પડે તો! ભય સદંતર ખોટો. આ રીતનો પથ્થર 'હેડર' તરીકે ઓળખાય અને તે પથ્થરની દિવાલોમાં અમુક અંતરે મજબૂતાઈ આપવા મૂકવામાં આવે છે. કલાકારના આગ્રહને વશ થઈ તે સાંજે નરી મળતાં હિંમત કરી સંદેશ તો આપ્યો. નરીએ સામે જોયા સિવાય જ માત્ર એક શબ્દનો ઉચ્ચાર કર્યો. 'ભલે.' આ જવાબનો અર્થ મિત્ર તરીકે હું સારી રીતે જાણું. વાત બંધ. નરીનું સ્થાપત્ય સાદું બાંધકામ નહીં પરંતુ અનોખું કલામય સર્જન રહ્યું છે. સર્જક તરીકે નરીને પોતાના સ્થાપત્યો પર મમતા રહેતી.

પ્રાકૃતિક સ્થાપત્યને અંગ્રેજીમાં 'ઓર્ગેનીક આર્કીટેકચર'ના નામથી ઓળખવામાં આવે છે. તે માટે આમ તો નરી જગપ્રસિદ્ધ પરંતુ નરીનું શાસ્ત્ર એથી પણ બે ડગલાં આગળ. ઘણાં સ્થપતિઓ હવે તેની અંશ પ્રતિકૃતિ કરવા પ્રયાસ કરે છે. પરવડે તેના ઘરમાં બગીચો બનાવી આપે. બહાર અને ઘરમાં પણ વૃક્ષો મૂકી આપે. અને જળ ફુવારાઓ અને સ્વિમિંગ પુલની રચના કરી આપે. આ દ્રશ્યો ઘરમાં સૂતાં બેસતા માણી શકાય, તેવી રીતે રાચરચીલું ગોઠવી આપે. વાતાયનની સુંદર ગોઠવણથી ઘર સુશોભિત કરી આપે. મન પ્રસન્ન થાય. ગ્રાહકોને જોઈએ તેવું અને ગમતું કરી આપે. સારું છે. ગ્રાહકની ઈચ્છા મુજબ ફેરફારો પણ કરી આપે. ગ્રાહકને પૈસા ખર્ચ્યાનો સંતોષ અને સ્થપતિને માંગે તેવી તગડી ફી મળે. અહીં અને અમેરિકા બધે જ આ પરિકલ્પનાનો ઉપયોગ થાય છે. નરીએ તે અંગે કોઈની સાથે વિવાદ કર્યો નથી કે પોતાના વિચારનો પ્રચાર કર્યો નથી. તેને માટે પોતાનું કામ એ જ મહત્વનું. તેની પાસે કામ કરાવવાવાળા સામાન્ય કારીગર પણ કસબી બની જાય. નરી બાંધકામના ન કદી નકશા બનાવે કે ન કદી પોતાના કલ્પનને કાગળ ઉપર મુકે. જોકે તે સંપૂર્ણ સત્ય નથી. ઘણી વખત તેના હાથમાં સુંદર રેખાંકન લાગતાં નકશાઓ જોયાં છે. પરંતુ સ્થાપત્યમાં પહેલાં અમુક બને અને પછી અમુક તેવાં ક્રમની ગુલામી નરી ન જ કરે. અન્યની રીતોને અનુસરવાની વાત નરી પાસે નહીં. સ્થાપત્ય સાથે એ જીવે અને સ્થાપત્યમાં પોતાનો જીવ મુકે.

પ્રકૃતિ સાથેના સુમેળની નરીની કલ્પના તેની પોતાની પ્રકૃતિ જેવી જ સીધી અને સરળ. જંજાળભર્યા વિશ્વમાંથી આપણે ઘરની ચાર દિવાલોની સંકડાશમાં પ્રવેશ કર્યો હોય તેવું ન લાગે પરંતુ નિરાંતનો શ્વાસ લેવાં આપણે ઘર સહિત પ્રકૃતિની ગોદમાં બહાર આવ્યાં હોઈએ તેવી મુકત ભાવનાનો અનુભવ કરાવે તેવું સ્થાપત્ય. નરીએ આ ભાવનાની વાતો માટે ક્યારેય પ્રવચનો નથી આપ્યાં. તેનું પૂર્ણ અમલીકરણ પોતાના સ્થાપત્યોમાં કર્યું. પંચ મહાભૂત અને મનુષ્ય જીવનનો સંબંધ આપણા વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતોમાં પણ દર્શાવ્યાં છે. નરીએ પોતાના સ્થાપત્યને પોતાની રીતે નવી દિશા આપી. પ્રકૃતિના ઋતુ ચક્ર, કાર્યસ્થળ, સૂર્યગતિ, વાયુનીદિશા, સ્થળ પરિસ્થિતિને અનુકૂળ અને સહેલાઈથી ઉપલબ્ધ સામગ્રીનો ઉપયોગ નરીના સ્થાપત્યોના મૂળભૂત લક્ષણોની નોંધ આપણે લઈ શકીએ.

મહારાષ્ટ્ર સરકારમાંથી કોઈએ તેમની પાસે દેવનાર પાસે ગરીબો માટે સસ્તા મકાનો બાંધવા સલાહ માંગી. તે પછી નરી તે સ્થળ પર કેટલાયે દિવસો સુધી ફરતા રહ્યો. આખરે તેમણે યોજના આપી. એક હજાર ઘરનું નિર્માણ એ કરશે. દરેક ઘરમાં જરૂરી દરેક સુવિધા સાથે એક ઘર પાંચસો રૂપિયામાં બની જશે પરંતુ એક જ શરત હતી કે આ કામ માટે કોઈપણ બહારના મજુર નહીં લાવવાના. જે રહેવા આવે તેમણે જ એ શ્રમદાન કરવાનું. તે જગ્યાની આજુબાજુ પડેલાં માટીના અને કચરાના ઢગ અને પત્થરો નરી માટે બાંધકામની

સામગ્રી બની રહેત. સરકારી તંત્રને આવું કેમ ફાવે?

૧૯૩૪ના ૨જી જાન્યુઆરીમાં નરીનો સુરતમાં જન્મ. મારાથી વયમાં પાંચ વર્ષ મોટા નરી સાથે ૧૯૭૧માં પરિચય થયો અને ન ઉઘરાવે તોયે જેનો આદર કરવાનું મન થાય તેવાં આ માણસને 'તમે' કહેવાનું ક્યારે પણ બન્યું નહીં. નરી મિત્ર હતો. લાગણી પ્રદર્શન તો ક્યારે પણ નહીં પરંતુ તેનું આપણી પાસે બેસવાનું જ સઘળું કહી જાય. જે. કૃષ્ણમૂર્તિના પ્રવચનમાં સાથે લઈ જાય. તેના પૂરાં થયેલાં અને ચાલુ હોય તેવાં કામ પર પણ સાથે લઈ જાય. કુંભારના ચાકડે અને વણકરના ઓરડે લઈ જાય. ભાવતાં ખારા સિંગદાણાનું પડીકું આપી જાય. ક્યારેક સામે બેસી 'અવેસ્તા' પઢે. કલાકો સુધી જોઈએ તો પણ કંટાળો ન આવે, તેવી તેણે લીધેલાં ફોટાઓની સ્લાઇડ્સ ખુદ બતાવે. અન્ય આર્કિટેકટને સોપ્યું હોય તો ખર્ચના ખાડામાં ઉતારી દે તેને બદલે પ્રમાણમાં નાનું અને અંગત કામ નજીવા ખર્ચમાં પણ નરી સ્પર્શથી અનોખું બનાવી આપે.

એક વખત વાલકેશ્વર વસંત શેઠના નિવાસ સ્થાને સાથે ગયા. ઘરનો દાદર ચડતાં બે પગથીયાં પાછળ રહેવાયું તો કહે 'ચાલ જલ્દી'. જવાબ અપાઈ ગયો; 'સ્વર્ગની સીડી પહેલી વાર જોઈ છે.' તેમના દરેક કામ જોતાં કોઈ અન્ય વિશ્વમાં પ્રવેશ્યાં હોય તેવી આનંદાનુભૂતિ થતી. આ અનોખા આદમીનું સર્જન કરનાર વિશ્વકર્માને ધરતી ઉપરના આ વિશ્વકર્માને નરીની ઈર્ષા જ થઈ હશે એટલે તેને જલ્દી જલ્દી પોતાની પાસે ૧૯૯૩માં જ બોલાવી લીધાં. એક સમયે સાથે બેસી સિંગદાણા આરોગતા નરીએ કહ્યું કે 'એક એક દાણો ખા' આવાં અટકીને આવતાં તેના સંવાદોની અનેક અર્થછાયાઓ. સાથે લાંબો પ્રવાસ કરતાં હોઈએ તો પણ નરીના નાના નાના વાક્યોના ઊંડાણ જાતે જ ઉલેચવાના. જિંદગીનો પ્રવાસ નાનો તો પણ નરીએ જિંદગીનો રસ પીવામાં ઉતાવળ ક્યારે પણ ન કરી. ઘૂંટડે ઘૂંટડે તે પીધો અને પચાવી જાણ્યો. ગાંધીજી માટે આઈન્સ્ટાઈને કહ્યું હતું તેમ નરી માટે પણ કહી શકાય કે ભવિષ્યની પેઢી માની નહિ શકે કે આવો અનુપમ વિશ્વકર્મા અને સાચુકલો આદમી આ ધરતી પર વિચરતો હતો.

## બાહોશ સ્થપતિ ડો. બાલકૃષ્ણ દોશી.

૬૦૦ વર્ષ જુના ઐતિહાસિક શહેરના સ્થાપત્યને નોખું રૂપ આપી અમદાવાદને વધુ અમીર બનાવનારા બાહોશ સ્થપતિ છે, ડો. બાલકૃષ્ણ દોશી. તેમણે સ્થાપત્ય નિર્માણનો નવો રાહ ચિંધ્યો છે. બાંધકામ ઉદ્યોગને ઈકો ફ્રેન્ડલી બનાવનારા બી. વી. દોશીએ અમદાવાદને કર્મભૂમિ બનાવી છે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સંસ્થા 'સેપ્ટ'ના સર્જક-સૂત્રધાર છે. તેમની અંગત જીવનની ઝલક મળે છે તેમની સાથેની વાતચીતમાં... ૯૨ વર્ષે સ્વસ્થ અને સક્રિય રહેતા બાલકૃષ્ણભાઈનો ફિટનેસ મંત્ર છે- પ્રભુકૃપા, નિયમિત જીવનશૈલી, પ્રાણાયામ અને મોટા થયા પછી પણ બાળસહજ રહેવું. ખરાબ વસ્તુ યાદ ન રાખવી. દરરોજ કંઈક નવીન શોધવું.

ગુજરાતના આર્થિક પાટનગર ગણાતા મેગાસિટી અમદાવાદમાં જોવાલાયક સ્થળ ઘણાં છે. એક લાંબી યાદી બની શકે એટલાં સ્થળ આવેલાં છે. આ રહી યાદીઃ અમદાવાદની ગુફા, સંસ્કાર કેન્દ્ર (મ્યુઝિયમ) વગેરે... આ યાદીમાં સમાવેશ ન થયો હોય છતાં પણ વિશ્વવિખ્યાત સ્થળ કયા? આનો જવાબ કદાચ જલદીથી નહીં મળે. ખ્યાતનામ આર્કિટેકટ ડો. બાલકૃષ્ણ દોશીનો બંગલો અને તેમની 'સંગાથ' ઓફિસ. જવાબ જાણીને નવાઈ લાગીને? અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં આવેલું બાલકૃષ્ણ વી. દોશીનું નિવાસસ્થાન સ્થાપત્યની દ્રષ્ટિએ 'વિશ્વનાં ૩૪ શ્રેષ્ઠ ઘર'માંનું એક ગણાય છે. આ યાદીમાં સ્થાન પામેલી ભારતની આ એકમાત્ર ઈમારત છે. લોકજીભે ચડેલા આ શ્રેષ્ઠ ઘરની એવી તે શું વિશેષતા છે, એ જાણીએ તે પહેલાં આ શ્રેષ્ઠ ઈમારતોને ઓપ આપતા આર્કિટેક્ટ બાલકૃષ્ણ દોશીનો ટૂંકો પરિચય જાણીએ.

બાલકૃષ્ણ વિઠ્ઠલદાસ દોશીનો જન્મ મહારાષ્ટ્ર રાજ્યના પૂના શહેરમાં થયો. તેમના પિતા વિઠ્ઠલદાસભાઈની ફર્નિચરની દુકાન હતી. ચાર સંતાનોમાં બાલકૃષ્ણ સૌથી નાના. વૈષ્ણવ નાગર વણિક પરિવારમાં ૨૬ ઓગસ્ટ, ૧૯૨૭ના રોજ જન્મેલા બાલકૃષ્ણએ મરાઠી સ્કૂલમાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું. શાળાકીય અભ્યાસ દરમિયાન બાલકૃષ્ણની ડ્રોઈંગમાં ફાવટ જોઈને શિક્ષકે તેમને ચિત્રકલાના ક્ષેત્રે આગળ વધવાની સલાહ આપી. કલાશિક્ષકની સલાહ ધ્યાનમાં રાખીને બાલકૃષ્ણે પૂનાની ફર્ગ્યુસન કોલેજ અને મુંબઈની જે. જે. સ્કૂલ ઓફ આર્ટ્સમાંથી ઉચ્ચ અભ્યાસ કર્યો. એ વખતે આર્કિટેકટ તરીકેની વ્યાવસાયિક પ્રેક્ટિસ કરવા માટે રોયલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ બ્રિટિશ આર્કિટેકટનો ડિપ્લોમા ઈચ્છનીય ગણાતો. બી. વી. દોશીએ લંડન જઈને પરીક્ષા આપી. ત્યાંના વિશ્વવિખ્યાત આર્કિટેકટ લા કોબ્યુંઝિયેના સહાયક તરીકે ચારેક વર્ષ કામ કર્યું. ૧૯૫૪ના અરસામાં લા કોબ્યુંઝિયેએ ભારતના ચંડીગઢના ગવર્નર હાઉસની ડિઝાઇન બનાવી હતી. આ હાઉસના સુપરવિઝન માટે કોબ્યુંઝિયેએ યંગ ઈન્ડિયન આર્કિટેકટ બાલકૃષ્ણભાઈને ચંડીગઢ મોકલ્યા. આમ આ રીતે તેમણે ચંડીગઢના નિર્માણમાં મહત્વનો ભાગ ભજવ્યો.

પછીના સમયગાળામાં કબ્યુંઝિયેએ ડિઝાઇન કરેલા અમદાવાદનાં ચાર બિલ્ડિંગ્સ (આત્મા હાઉસ, સંસ્કાર કેન્દ્ર, મનોરમા સારાભાઈનું ઘર અને સામુભાઈ શોધનનું ઘર)ની મહત્વની જવાબદારી બાલકૃષ્ણભાઈએ નિભાવી. અનુભવની મૂડી અને આગવી મૌલિક દ્રષ્ટિ દોશીસાહેબ ટૂંકા સમયગાળામાં સ્થાપત્ય જગતના ધ્રુવતારક બની ગયા. એમનાં અનેક સર્જનો વિશ્વપ્રસિદ્ધ બન્યાં. એમની કાર્યશૈલી નિરાળી છે. બાલકૃષ્ણ દોશીને મળેલા

એવોર્ડ્સની યાદી ઘણી લાંબી છે. ઈમારતોમાં પ્રાણ પૂરનારા આ વિશ્વવંદનીય આર્કિટેકટ વ્યાવસાયિક ઈમારતો ડિઝાઇન ન કરવાના પોતાના અનોખા સિદ્ધાંતને હજુ સુધી વળગી રહ્યા છે.

ડો. દોશીની ઓફિસ 'સંગાથ' દુનિયાના જાણીતા સો આર્કિટેક્ટ્સએ બનાવેલી સો ઈમારતમાં સ્થાન પામી છે. બાલકૃષ્ણભાઈની આર્કિટેક્ટ ફર્મ 'વાસ્તુ શિલ્પ ફાઉન્ડેશન'ની ઓફિસે વિશ્વના સાત દેશની વિવિધ યુનિવર્સિટીના ૪૦ જેટલા યુવાન આર્કિટેક્ટ્સ અહીં દસ અઠવાડિયાની તાલીમ લેવા આવે છે. આના પરથી દોશીસાહેબની આગવી સ્થાપત્ય કળાની વિશિષ્ટતા છતી થાય છે. બાલકૃષ્ણભાઈએ ગુજરાત સહિત દેશ-વિદેશમાં ખ્યાતનામ થયેલી અનેક ઈકોફ્રેન્ડલી ઈમારતોની ડિઝાઇન તૈયાર કરી છે. એમાંની એક ઈમારત 'અમદાવાદની ગુફા' (અગાઉનું નામ હુસેન-દોશી ગુફા) છે. મૈત્રીનું પ્રતીક ગણાતી આ ગુફા દેશની એકમાત્ર અન્ડરગ્રાઉન્ડ આર્ટ ગેલેરી છે. અમદાવાદની ગુફા એ બી. વી. દોશી અને આંતરરાષ્ટ્રીય ખ્યાતપ્રાપ્ત ચિત્રકાર એમ.એફ. હુસેનની અનોખી મૈત્રીના નાતે બનેલું સહિયારું સર્જન છે. આ ગુફા એના બાહ્ય દેખાવ, એના નિર્માણ માટે ઉપયોગમાં લેવાયેલી સામગ્રીથી માંડીને તેના બહુવિધ ઉપયોગની દ્રષ્ટિએ પણ અદ્વિતીય ગણાય છે.

અમદાવાદની ગુફા ઉપરાંત બાલકૃષ્ણ દોશીએ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલ, પ્રેમાભાઈ હોલ, સેન્ટ્રલ બેન્ક તથા વડોદરામાં ફર્ટિલાઈઝર નગર, ઈફ્કો ટાઉનશિપ વગેરે ઈમારતો બનાવી છે. તેઓ સ્કૂલ ઓફ આર્કિટેકચર, સેપ્ટ કેમ્પસ, વિઝ્યુઅલ આર્ટ સેન્ટર જેવી શૈક્ષણિક-કળા સંસ્થાના સ્થાપક છે.

સ્થાપત્યોમાં વૈશ્વિક દ્રષ્ટિકોણ અને મૌલિકતાના સુમેળભર્યા સર્જનના લીધે વિશ્વના સ્થાપત્ય જગતમાં અને સ્થાપત્ય વિશ્વમાં બાલકૃષ્ણભાઈ દોશી ધ્રુવના તારા જેવું અવિચળ અને અનેરું સ્થાન પામ્યા છે. પદ્મશ્રીથી સન્માનિત આ સિદ્ધહસ્ત સ્થપતિને દેશ-વિદેશના અનેકવિધ પ્રતિષ્ઠિત પુરસ્કારોથી બિરદાવવામાં આવ્યા છે. તેઓ બે વિદેશી યુનિવર્સિટીના ફેલો છે. બે યુનિવર્સિટીએ ડો. દોશીને ડોકટરેટની માનદ પદવીથી નવાજ્યા છે. છેલ્લા સાડા પાંચ દાયકાથી અમદાવાદમાં સ્થાયી થયેલા ૮૩ વર્ષીય ડો. બાલકૃષ્ણ દોશી આજે પણ પોતાના સ્થાપત્ય સર્જનની પ્રવૃત્તિમાં વ્યસ્ત રહે છે. 'વિશ્વના વીસમી સદીના ૩૪ વિશિષ્ટતમ ઈકોનોમિકલ હાઉસિંગ'માં તમે બનાવેલા તમારા બંગલાનો સમાવેશ થાય છે તો આ ઘરની વિશેષતા કઈ કઈ છે? ઘરની વિશેષતા એક કરતાં વધારે છે. ઘર બહારથી જુઓ તો નાનું લાગે પણ અંદર પ્રવેશો તો મોકળાશ (અવકાશનું વિસ્તરીકરણ) જોવા મળે. આના લીધે મૂંઝવણ ન અનુભવાય. ઘરમાં દીવાલો બહાર છે અને બારી બહુ નથી, તેમ છતાં કુદરતી હવા-ઉજાસની સારી વ્યવસ્થા કરેલી છે. સામાન્ય રીતે મોટા ભાગના ઘરમાં બગીચો આગળ આવેલો હોય છે, જ્યારે આ ઘરમાં બગીચો ઘરની પાછળ આવેલો છે અને ઘરના દરેક રૂમમાંથી લીલોછમ મોટો બગીચો જોઈ શકાય છે. આના લીધે શાંતિ અનુભવાય છે. ઘરની સજાવટ સજીવ લાગે એવી રીતે કરાઈ છે. આ ઘરમાં કુદરતી રીતે ઠંડક (નેચરલ એ.સી.) અનુભવાય છે. બીજા શબ્દોમાં કહું તો મારું ઘર વાતાનુકૂલિત (બહાર ગરમી હોય ત્યારે ઠંડક લાગે અને બહાર ઠંડી હોય ત્યારે ગરમાવો મળી રહે તેવું) છે. તેનું કારણ બે દીવાલો વચ્ચેની હવા છે. થર્મોસની જેવી રચના છે બિલકુલ એવી જ રીતે ઘરનું તાપમાન જળવાય એ માટે બે દીવાલો વચ્ચેની હવા કામ કરે છે. તમે કલ્પના ન કરી શકો એવી રીતે ઘરમાં જુદી જુદી ઊંચાઈ છે. ઘરનો દરેક રૂમ કંઈક વિશિષ્ટતા ધરાવે છે. આ ઘર મીઠો આવકારો આપતું હોય એવું લાગે. ઘરના બાંધકામમાં લોકલ મટિરિયલનો ઉપયોગ કર્યો છે. આ ઘર બન્યાને પચાસ વર્ષ થયાં છતાં પણ હજુ હમણાં જ બન્યું હશે એવું જણાય. ઘરમાં સીડી અને ડ્રોઇંગરૂમ એક છે. આમ સીડી મકાનનો જ એક ભાગ છે. ડાઈનિંગ રૂમ પણ ડ્રોઈંગરૂમનો ભાગ છે, સળંગ આવે. તેથી જગ્યા ધારેલી હોય એના કરતાં મોટી અને પહોળી લાગે. ઘરમાં ઈનડાયરેકટ પ્રકાશ આવતો હોવાથી કોઈપણ વસ્તુ હાર્શ નથી લાગતી, એટલે સજીવ લાગે. મકાનની અંદર કાચ બહુ ઓછા છે. પડદા નથી. તમારું ઘર તમને પરફેકટ ફીલિંગ આપે છે? કે હજુ બદલવા જેવું લાગે છે? મને ઘરમાં બદલવા જેવું કંઈ લાગતું નથી. પચાસ વર્ષ થયાં પછી પણ ઘરમાં મને રોજ કંઈક નવું દેખાય છે. ઝાડ બદલાય, રંગ બદલાય, હવા બદલાય એટલે અનુભૂતિ પણ બદલાય છે.

આર્કિટેકચરની દુનિયામાં વિખ્યાત ગુજરાતના આર્કિટેકટ બાલકૃષ્ણ દોશીને આર્કિટેકચરનું નોબેલ ગણાતું ૨૦૧૮નું Prizteker Architecture Prize પ્રિટ્ઝકર પ્રાઇઝ મળ્યું છે. અત્યાર સુધીમાં આ પ્રતિષ્ઠિત સન્માન સમગ્ર સાઉથ એશિયામાં એક પણ આર્કિટેકટને મળ્યું નથી.



બીબીસી ગુજરાતી સાથેની વાતચીતમાં બી. વી. દોશીએ તેમની ડિઝાઇન ફિલૉસૉફી અને આર્કિટેકચર ક્ષેત્રમાં ચાલતી વર્તમાન પદ્ધતિઓ વિષે પોતાના વિચારો વ્યકત કર્યા.

દોશીના કહેવા પ્રમાણે, 'આપણે કપડાં પહેરીએ છીએ ત્યારે એ જોઇએ છીએ કે કપડાં આપણને અનુકૂળ છે કે નહિ. ફેશન ડિઝાઇન જુદી વસ્તુ છે અને અનુકૂળ કપડાં જુદી વસ્તુ છે.'

'એવી જ રીતે જે વસ્તુ જે જગ્યા માટે, જે સંસ્કૃતિ માટે જે લોકો છે એમની રહેણીકરણી માટે અનુકૂળ હોય, એનાથી એમને આનંદ થતો હોય. એમાં લોકો આનંદ કરીને જીવી શકતા હોય તો મારા હિસાબે સ્થાપત્ય એને કહેવાય.'

દોશી કહે છે, 'આપણે સ્થાપત્ય ડિઝાઇન કરીએ, કોતરણી કરીએ એ મારી દ્રષ્ટિએ સ્થાપત્ય નથી. ડેકોરેશન છે.'

'જેવી રીતે આપણી આત્મીયતા આપણા પરિવાર સાથે હોય તેટલી જ આત્મીયતા આપણા મકાન અને આપણા આસપાસના વાતાવરણ સાથે હોય તો એમ કહેવાય કે એ આત્મીયતા મારી છે.'મારા માટે છે. એટલે કે જીવન શૈલીને અનુરૂપ થાય. જીવનશૈલી અને વિચારધારાને પ્રેરણા આપે તે વાસ્તુ અનુકૂળ કહેવાય.'

❑❑❑

# ગેરસપ્પાનાં જિનમંદિરો

## ડૉ. મધુસૂદન ઢાંકી

પચાસેક વર્ષ પહેલાં ગેરસપ્પાના ચતુર્મુખ જિનાલયનું કઝિન્સે પ્રકટ કરેલ તલદર્શન જોવામાં આવેલું, જે એ સમયે પણ ઘણીક દ્રષ્ટિએ વિશિષ્ટ લાગેલું[૧]: પણ મંદિર વિજયનગર યુગનું હોઈ અને બહુ વર્ષોથી દક્ષિણ ભારતના પ્રાચીનતર મંદિરો પર જ (અન્વેષણાની દ્રષ્ટિએ) લક્ષ પરોવેલું હોઈ, એ તરફના શરૂઆતના પ્રવાસ-કાર્યક્રમોમાં ગેરસપ્પાનો સમાવેશ કરવાના પ્રયોજનનો અભાવ હતો. સત્તાવીસેક વર્ષ પહેલાં કર્ણાટકમાં શિમોગા પંથકમાં ફરી એક વાર ફરવાનું થતાં, જગત્ખ્યાત જોગના ધોધ પાસેથી પસાર થતાં હતા ત્યારે એ ક્ષેત્રમાં આવેલા ગેરસપ્પા તરફ પણ એક આંટો લગાવી, ત્યાં શું છે તે જોઈ લેવાનું નક્કી કર્યું. મધ્યાહ્નનો સૂરજ ધીરે ધીરે બપોરનો બની રહ્યો હતો. ધોધથી ગેરસપ્પા ગામ કેટલે દૂર તેની કંઈ ખબર નહીં પણ પાટિયાના આધારે રસ્તો શોધી ગાડી તે તરફ વાળી. પંથ સારો એવો લાંબો નીકળ્યો. (અંદાજે વીસેક માઈલ હશે.) બે'એક હજાર ફીટના ઉતારવાળા એના વાંકાચૂંકા વળાંકોમાં સંભાળી સંભાળીને ઊતરતાં એકાદ કલાકે નીચે નદી તીરે નવા ગેરસપ્પા ગામે પહોંચ્યા. પહોંચ્યા પછી ખબર પડી કે મંદિરો તો નદીને સામે કાંઠે દૂર જંગલ વચાળે આવેલાં છે. નાવડામાં એકાદ કોશ જવું પડે અને પછી ચાલવાનું. આટલે દૂર આવ્યા છીએ તો જોયા વગર પાછા ન જ જવું એમ વિચારી જલદી નાવ કરીને ઊપડ્યા, પણ સામા વહેણમાં જવાનું એટલે પહોંચતાં પહોંચતાં તો ખાસ્સા બે કલાક વીતી ગયા.

ગામ છોડીને હોડકું આગળ વધ્યું કે આજુબાજુનું દ્રશ્ય ફરી જ ગયું. હિમાલય બાદ કરતાં અહીં જેવી અલગારી નિસર્ગશોભા ભારતમાં બીજે જોવા મળતી નથી[૨]. પણ હિમાલયની એ પ્રાકૃતિક લીલાથી અહીંની પ્રકૃતિની વાત જરા જુદી છે. વનરાજિ પણ જુદી, ને ખડકો પણ અલગ પ્રકારના. નદી શિરાવતીની ચાલ પણ જુદી જ. ઊંચા નીચા વૃક્ષોથી પ્રભવતી વિશિષ્ટ ભૂચિત્રરેખા, ને વનરાઈની ગહેરાઈ સાથે એની ગીચતામાં લીલાશની ઊપસતી અનેકવિધ રંગછાયાઓનો દાયરો પણ અનોખો. નાવ આગળ વધતાં ખડકાળ ભાગ આવ્યો. એમાંથી પસાર થતું વહેણ સદૈવ અતિ જોશબંધ વહે છે. મુસીબતે સમતોલન જાળવીને એ નેળ પસાર કરી ગયા. પછી નાવની દિશા પલટી અને દક્ષિણ તરફ મોરો વળ્યો. હવે બન્ને બાજુએ ઝળૂંબી રહેલ, વિશેષ ગાઢાં જંગલોવાળા, સાંકડા ઊંડા પ્રવાહમાં પ્રવેશ્યા. એક નાના ટાપુ જેવું વટાવી છેવટે સામે કાંઠે પહોંચ્યા ખરા. કાંઠો સારો એવો ઊંચો નીકળ્યો. કાંઠો ચડ્યા કે સીધા જ ઘેઘૂર જંગલમાં પ્રવેશ્યા. જે દ્રશ્ય હવે નજરે પડ્યું તે દિંગ થઈ જવાય તેવું હતું. આ તે ભારત કે કંબોડિયા? ખૂબ ઊંચા, પાતળાં પણ અત્યંત સુષ્ઠુ અને ઉપરના ભાગે થોડુંક ફેલાતાં પિપ્પલાદિ, શાલ્મલિ, અને અન્ય વર્ગના કેટલાંયે વૃક્ષોની એ ઘનઘોર હારમાળાઓમાં લક્કડખોદ, તમરાં, વનવાગોળ અને અનેક અજાણ્યાં પંખીઓના વચ્ચે વચ્ચે થતા શબ્દ સિવાય બીજો રવ સંભળાતો નહોતો. કોઈ માણસ નજરે પડ્યું નહીં પણ કેડો સાફ હતો. ઊંચે વૃક્ષોને મથાળે તેજીલો તડકો વરતાતો હતો. એનું અજવાળું ડાળીઓ અને પાનના ઘટાંબર સોંસરવું ગળાઈને નીચે કેડા પર પથરાતું હતું. સંસ્થિર હવા જંગલી ફૂલોનો પરિમલ, શેવાળ, લીલ ફૂગ, અને ગરમાટભર્યા ભેજની મિશ્રિત ગંધથી વ્યાપ્ત હતી.

પા'એક ગાઉ આમ આગળ વધ્યા નહીં જોઈએ ત્યાં એક સાદા પશ્ચિમાભિમુખ મંદિરનું ખંડિયેર જોવા મળ્યું. એની આજે તો માત્ર કોરી ભીંતડીઓ જ ઊભી છે. મોઢા આગળ ખુલ્લા થઈ ગયેલ ગર્ભગૃહમાં એક કાળા પથ્થરની વિજયનગર કાળાની પણ સુડોળ, પદ્માસન વાળેલી સપરિકર જિનપ્રતિમા પોતાના મૂળ સ્થાને હજી પણ વિરાજિત છે. પ્રતિમા જિન નેમિનાથની હોવાનું નોંધાયું છે.) અહીંથી દક્ષિણ તરફ થોડું તીરછું જતાં આવું જ એક બીજું પણ પૂર્વ તરફ મુખવાળું ખંડિયેર અને પ્રતિમા જોયાં. જિન પાર્શ્વનાથની નાગફણા-ઘટા નીચે સંસ્થિત, પ્રશમરસ દીપ્ત શ્યામલ સુંદર ખડ્ગાસન પ્રતિમા વિજયનગર યુગમાંયે પ્રભાપૂર્ણ પ્રતિમાઓ બનતી હોવાની પ્રતીતિ કરાવી ગઈ (**ચિત્ર ૧૦**). સૂરજ ઢળતો જતો હતો અને અમારું લક્ષ હતું ચતુર્મુખ મંદિરની શોધમાં. નાવિક ભોમિયાએ સાનથી સમજાવ્યું કે આગળ ઉપર છે, હવે દૂર નથી. છેવટે જંગલ વચ્ચોવચ કોરાણ આવ્યું અને તેમાં મધ્યભાગે જેની શોધ કરતા હતા તે ચોમુખ દેહરું આવી રહેલું દીઠું. દેવાલય મોટું હોવા ઉપરાંત ચોબાર અને ચોકોરથી એક સરખું છે. એનું શિખર તો વર્ષો પૂર્વે નષ્ટ થઈ ચૂક્યું છે પણ નીચેનો બધો જ ભાગ સારી સ્થિતિમાં જળવાયેલો છે. મંદિરના દિદાર પણ ફરી એક વાર વનાવરણથી ઘેરાયેલા કંબોડિયાનાં દેવળોનું સ્મરણ કરાવી ગયા.

ચૌમુખ જિનાલયનું અધિષ્ઠાન વિજયનગર શૈલી અનુસાર ગજપીઠ, ધારાવૃત્ત કુમુદ, અને કપોતાદિ ઘાટ-અલંકારથી શોભિત છે; પણ ખરી ખૂબી તો એના ભીતરી ભાગમાં છે. ચારે દિશાએ એકસરખા મુખમંડપ અને તેમાં ઈલોરાની ગુફાની યાદ દેવડાવે તેવા સફાઈદાર ઘડાઈના દળદાર - પહેલદાર સ્તંભો, ગર્ભગૃહની દ્વારશાખાની આજુબાજુ દ્વારપાલો ઉપરાંત ઘાટીલા દેવકોષ્ઠો, સાદાં પણ સોહતાં વિશાળ કમલાંકનની છત, અને સ્વચ્છ પ્રશાંત વાતાવરણમાં ગર્ભગૃહની માલિકોર ચતુર્દિશા એક એક વિશાળકાય પદ્માસનસ્થ જિનપ્રતિમાની ઉપસ્થિતિ. ઉપરથી વનાટવીના અનેરા એકાંત વચ્ચે 'અનેકાંત'નો નિઃશબ્દ ધ્વનિ સંભળાઈ રહેતો લાગ્યો. અલંકારલીલા માટે મશહૂર મંદિરો તો અનેક જોયાં છે, પણ નિરાભરણાવસ્થાની ગરિમાનું અવિખ્યાત છતાંયે ઊર્જસ્વી દ્રષ્ટાંત તો આ એક જોવા મળ્યું છે.

આથમણી કોર નમી રહેલો સૂરજ પશ્ચિમના મુખમંડપને આખરી તેજથી ઉજમાળી રહ્યો હતો. જંગલમાં જ રાત ન થઈ જાય તેટલા સારુ પાછા ફરતી વખતે બમણી ઝડપથી ડગ ઉપાડ્યાં. નદીના ઉપરવાસે બપોરેકના વરસાદ થયો હશે. એથી વળતી વેળાએ વહેણમાં તાણ ઘણું વધી ગયેલું લાગ્યું. નેળવાળા ખડકાળ ભાગમાં તો હવે પાણીના લોઢ ઊછળતા હતા. એમાં થઈને જવાને બદલે તેને પડખેથી સાચવી સાચવી, તારવી તારવી, અણિયારી દાંતી વચાળેથી હોડકાને વાંસડાના ટેકાથી અને નાજુકાઈથી, સિફતથી પસાર કરી છેલ્લે મુખ્ય વહેણમાં આવ્યા ત્યારે સાંજ ઢળી ગયેલી. હાલકડોલકે ચઢેલું ને હમણાં ઊંધું વળી જશે તેવું લાગતું હોડકું હવે સ્થિર થયું. સામા પ્રવાહનો સામનો કરવાનો ન હોઈ, વેગવાન વહેણના સહારે લાગલું જ તીરવેગે ઊપડ્યું ને અર્ધા કલાકમાં જ સામે કાંઠે પહોંચી ગયા.

વર્ષો બાદ એકાએક એ દિવસની સાહસિક યાત્રાનું સ્મરણ થઈ જતાં ગેરસપ્પા અને વિકટ અટવીથી રક્ષાયેલ એનાં દેવમંદિરોની ઐતિહાસિક સમસ્યાઓ વિશે વિચાર કરવા મન થયું. આ મંદિરોના નિર્માતા કોણ? ગેરસપ્પાની મધ્યકાળમાં શું સ્થિતિ હતી, કેવીક પ્રસિદ્ધિ હતી, એ પાંસાઓ પર ઈતિહાસ અને પુરાતત્ત્વની ઉપલબ્ધ નોંધોમાં તો કોઈ ઉજાશ પ્રાપ્ત નથી થતો, પણ ત્યાંથી મળી આવેલા શિલોત્કીર્ણ લેખો અને સંપ્રતિ ઉપલબ્ધ બનેલી દિગંબર જૈન ભટ્ટારકોની યાત્રા-નોંધોના સંક્ષિપ્ત ઉલ્લેખોથી કેટલીક સ્પષ્ટતા મળી રહે છે.

શિલાલેખોમાં ગેરસપ્પાનું 'ગેરસોપ્પે' નામ મળે છે. અહીંથી મળેલા જૈન લેખોમાં એક તો ૧૨મી શતાબ્દી જેટલો પ્રાચીન છે.[૩] ચૌદમાં - પંદરમાં શતકમાં વિજયનગર મહારાજ્યના એક સામંત રાજકુળનું અહીંથી છેક સમુદ્રના કંઠાળ પ્રદેશ પર્યંત મૂડબિદરી સુધીના તુળવ-પ્રદેશમાં શાસન ચાલતું હતું. સઘન વનરાજિ, પૂર્વ અને દક્ષિણે દુર્ગમ પહાડો અને ઉત્તરે વેગવતી, સદાનીરા શિરાવતીથી રક્ષાયેલ ગેરસોપ્પેને માનવીય આક્રમણો તો નડ્યાં નથી, પણ નિસર્ગપ્રદત્ત એ દુર્જયતા, અને પ્રતિવર્ષ અતિવૃષ્ટિને કારણે જ કાળાંતરે તેનાં લય અને વિસ્મરણ થયાં છે. અને એક વાર પડતી શરૂ થયા પછી એની કાષ્ઠમંડિત, ઈંટેરી અને પથ્થરની ઈમારતો પર ઝાડીનું આક્રમણ આરંભાયા પછીથી વિના રોકટોક આગળ વધ્યે ગયું. છેવટે પૂરા શહેર પર વગડાનું અબાધિત સામ્રાજ્ય સ્થપાઈ ગયું. ઈ.સ. ૧૬૨૫માં પોર્ટુગીઝ પ્રવાસી Della Valle અહીંથી પસાર થયો ત્યારે અહીંનો રાજમહાલય ખંડિયેર બની ચૂકેલો એવી નોંધ મૂકી ગયો છે.[૪]

અહીંના મંદિરો ૧૪મી-૧૫મી શતાબ્દીમાં બનેલાં. રાજકુળ સાથે સંબંધવાળા શ્રેષ્ઠીપરિવારો અહીં વસતા થયેલા અને જૈનધર્મને રાજ્યાશ્રય પણ સારા પ્રમાણમાં મળતો રહેલો. એ કાળે ગેરસોપ્પેની જૈન તીર્થરૂપે ખ્યાતિ સ્થપાઈ ચૂકી હશે કેમકે એની યાત્રાએ ઉત્તરાપથમાંથી પણ દિગંબર જૈન યાત્રિકો ૧૭માં સૈકાના આરંભ સુધી તો આવતા. અહીંની પાર્શ્વનાથ વસતીની ૧૭માં શતકના યાત્રી વિશ્વભૂષણે गेरसुपा वामासुत भ्राजं। तं दर्शन संप्राप्ति राजं ।।५२।। કહી નોંધ લીધી છે.[૫] સોળમાં શતકમાં ગુજરાતના ભટ્ટારક જ્ઞાનસાગરે ગેરસપ્પા નગરનું થોડા વિસ્તારથી અને મહત્ત્વપૂર્ણ કહી શકાય તેવું વિવરણ દીધું છે. જ્ઞાનસાગર ત્યાં ગયા ત્યારે આ શ્રાવકો અને મુનિવરોથી શોભતી નગરીમાં ભૈરવીદેવી નામની રાણીનું શાસન હતું. એના વિશે થોડી ચારણી કવિતના પ્રભાવશાળી ગુણગાથા કહી, ત્યાં જિન પાર્શ્વનાથનો ત્રણ ભૂમિયુક્ત પ્રાસાદ થયાનો એમણે ઉલ્લેખ કર્યો છે[૬]: યથા :

નયર વિચિત્રા પવિત્રા ગિરસોપા ગુણવંત।
શ્રાવક ધરમ કરંત મુનિવર તિહાં અતિસંતહ।।
ભૈરવિદેવિ નામ રાણી રાજ્ય કરંતહ।
શીલવંત વ્રતવંત દયાવંત અઘહંતહ।।
પાર્શ્વદેવ જિનરાજકો ત્રણ્ય ભૂમિપ્રાસાદ-કિય।
બ્રહ્મજ્ઞાન ગુરુ પય નમી માનવ ભવ ફૂલ તેન લિય।।૪૨।।

'પાર્શ્વ તીર્થેશ્વર'ના મંદિરને દાન અપાયાનો ઉલ્લેખ અહીંથી મળેલ શ.સં. ૧૩૪૩/ઈ.સ. ૧૪૨૧ના એક શિલાલેખમાં છે.[૭] ગોકર્ણના મહાબલેશ્વર મંદિરને લગતા ૧૫માં શતકના ત્યાંના લેખમાં દાનરક્ષામાં ગેરસોપ્પેની હિરિય-વસતિના 'ચણ્ડોગ્ર પાર્શ્વનાથ'ની સાખ દીધી છે,[૮] જે અહીં રજૂ કરેલ પાર્શ્વનાથ હોવા જોઈએ. પ્રસ્તુત જિનનું ગેરસપ્પામાં પ્રમાણમાં પ્રાચીન અને એ પંથકમાં સિદ્ધ-મહિમા મંદિર હશે તેમ ઉપર્યુક્ત ઉલ્લેખ ઉપરથી જણાય છે. શ.સં.૧૪૮૫/ઈ.સ.૧૫૬૩ના એક લેખમાં રાણી ચન્ન ભૈરોદેવીના શાસનનો ઉલ્લેખ છે,[૯] જે જ્ઞાનસાગરની પૂર્વકથિત નોંધનું સમર્થન કરી જાય છે. પ્રસ્તુત લેખમાં વિશેષમાં શાંતિનાથની વસતી બન્યાનો અને તેને દાન અપાયાનો પણ ઉલ્લેખ છે.

ચતુર્મુખ જિનાલય સંબંધી તો કોઈ સીધો ઉલ્લેખ ઉપલબ્ધ

શિલાલેખોમાં નથી પણ જ્ઞાનસાગર તેનું ખૂબ ઉલ્લાસથી વર્ણન કરે છે. તેને ચાર ભૂમિવાળો અને બસો થંભવાળો પ્રાસાદ હોવાનું પણ કહ્યું છે [10]: યથા :

જિનવર ચોમુખ ચૈત્ય નયર ગિરસોપા ચંગહ।
ભૂમિ ચાર ઉતંગ ખંભ શત દોઉ અભંગહ।।
પ્રતિમા દેખત સદ્ય પાપ સવિ દૂર પલાયો।
પૂજત પરમાનંદ સ્વર્ગ મુગતિ સુખ થાયો।।
અભિનવ જિનવર ચૈત્યગૃહ દેખત સુખસંપતિ મલે।
બ્રહ્મ જ્ઞાનસાગર વદતિ ચિંતા દુઃખ દૂર ટલે ।।૪૪।।

ચૌમુખ મંદિરની ફરતા ઘણા પાષાણી ઊભા ફલકરૂપી સ્તંભોથી વીંટળાયેલો મંડપ હતો (હાલ વિનષ્ટ), જેનો નિર્દેશ યાત્રી કવિએ 'બસો થંભ' દ્વારા કર્યો છે. અને ઉપર ચતુસ્તલને તે ઉપર શિખરયુક્ત ભાગ હશે તે પણ નષ્ટ થઈ ચૂક્યો છે. શક સંવત ૧૩૦૦ અને ૧૩૧૪ (ઈ.સ. ૧૩૭૮-૧૩૯૨) વચ્ચેના ગાળામાં દંડનાયક સોમણ્ણના પુત્ર રામણ્ણની પત્ની રામક્કે અહીં તીર્થંકર અનંતનાથની વસતી કરાવેલી[11] તે આ તો નહીં હોય? એક નેમિનાથની પ્રતિમા અજણ શ્રેષ્ઠીએ કરાવી તેવો, તેના સાલ વગરના પણ અંદાજે ૧૫માં શતકના લેખમાં ઉલ્લેખ કરેલો છે,[12] **જે કદાચ અહીં ચિત્ર ૯માં રજૂ કરેલી પ્રતિમા હશે.** મૂડબિદરીના એક ૧૫મી-૧૬મી શતાબ્દીના તામ્રપત્રમાં ગેરસોપ્પેની લલિતાદેવી દ્વારા નિર્માપિત વસતીને અપાયેલ દાનનો ઉલ્લેખ છે.[13] યેડેહલ્લિના શ.સં. ૧૫૦૬, ૧૫૦૭ અને ૧૫૦૯ (ઈ.સ. ૧૫૮૪, ૮૫, ૮૭)ના એમ ત્રણ શિલાલેખોમાં ગેરસોપ્પેના (મુનિ) વીરસેનદેવને મળેલાં ભૂમિદાનોની વિગતો અપાયેલી છે.[14] તો ઊલટ પક્ષે ગેરસોપ્પેના ઈમ્મડિ દેવરાય ઓડેયરે લક્ષ્મણેશ્વરનગરની શંખજિન-વસતિને આપેલ દાનની વિગતનો સોદેના શ.સં. ૧૪૪૫-ઈ.સ. ૧૫૨૨ના લેખમાં ઉલ્લેખ છે.[15] આ લેખ ઉપરથી વિશેષમાં ગેરસોપ્પેનું અપરનામ ક્ષેમપુર હતું તેવી માહિતી મળે છે. આ સિવાય હુમ્બચના જૈન યક્ષી પદ્માવતીના મંદિરના પ્રાંગણમાં રહેલ આ.શ.સં. ૧૪૫૨ - આ.ઈ.સ. ૧૫૩૦ - ના શિલાલેખમાં દિગંબરાચાર્ય વિદ્યાનંદસ્વામી ગેરસોપ્પેના જૈન મુનિગણને યોગાગમમાં દોરવણી આપતા રહેતા એવી હકીકત નોંધાયેલી છે.[16]

આ તમામ ઉલ્લેખો - પ્રમાણો જોતાં ગેરસોપ્પેની અને ત્યાં જૈન સમાજની ઈ.સ.ના ૧૫માં-૧૬માં શતકની જાહોજલાલી તેમજ એ પંથક - તુળુનાડ - માં એ શહેર વિજયનગર યુગમાં મહત્ત્વનું રાજકીય, ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કેન્દ્ર રહ્યું હોવાની પૂર્ણ પ્રતીતિ થાય છે. પણ ગેરસપ્પા આબાદ હશે ત્યારે શોભતું હશે તેથીયે વિશેષ આજે વનરાઈથી ઘેરાયેલ એનાં ખંડિયેરોથી શોભે છે એવો પ્રકલ્પ સહેજે જ ઊઠી આવે છે.

ટિપ્પણો :

૧. *Cf. H. Cousens, Chalukyan Architecture of the Kanarese Districts ASI, (IS), Vol XLII, Calcutta 1926, pl. CXXXIII,*

૨. કઝિન્સ પણ લખે છે : *The Shairvati was the most beautiful river he (Della Valle) had ever seen,..." "It is in the lower reaches of the river, just below the falls, in he bosom of the well-nigh impenetrable and silent forests that the old site of the city lies." (Chalukyan, p. 126)*

૩. *Annual Report of Indian Epigraphy, 1956-57, p.65, Shimoga No. B.215.*

૪. *Cf. Cousens, Ibid., p.125.*

૫. सं. विद्याधर जोहरापुरकर ''सर्व त्रैलोक्य जिनालय जयमाला'', तीर्थवंदनासंग्रह, जीवराज जैन ग्रन्थमाला, ग्रन्थ १७, शोलापुर १९६५, पृ.९३.

૬. એજન, ''सर्वतीर्थवन्दना'' पृ. ७०

૭. *Annual Report of the Mysore Archaeological Department, Mysore 1928, p.93.*

૮. *Annual Report on South Indian Epigraphy, 1939 40, p.237, I, No.108.*

૯. *ARIE 1950-51, No.24.*

૧૦.जोहरापुरकर, ''तीर्थ'', पृ.१४

૧૧.*ARMAD 1928, p.97.*

૧૨.*Ibid., p. 95.*


૧૩.*ARISE 1940-41, Ins. No. 9*

૧૪.*ARMAD 1931, pp.104, 108 & 100*

૧૫.*ARMAD 1916, p. 69*

૧૬.*Epigraphia Cornatica, Vol. VIII, Nagar tl. No. 46.*

❑❑❑



# મંદિરનું સ્થાપત્ય અને સ્થાપત્યનું મંદિરત્વ

ડૉ. કુમારપાળ દેસાઈ

**સ્થા**પત્યની દ્રષ્ટિએ ભારતીય મંદિરો આગવી વિશેષતા ધરાવે છે. જગતની બધા જ ધર્મો અને જાતિઓમાં એક યા બીજારૂપે મંદિર, મસ્જિદ, ચર્ચ, શિનાગોંગ કે અન્ય પ્રકારના ધર્મસ્થાનો મળે છે, પરંતુ ભારતીય મંદિરોની એ વિશેષતા છે કે એણે મંદિરના વાસ્તુશાસ્ત્રમાં વેદ, વિજ્ઞાન, ગણિત, ખગોળ, પુરાણ, શાસ્ત્ર અને કલાનો સમન્વય સાધ્યો છે. આથી વાસ્તુશાસ્ત્રને કેટલાક વાસ્તુવિજ્ઞાન તરીકે ઓળખે છે, પરંતુ ખરેખર તો એ આ બ્રહ્માંડમાં જીવતી વ્યક્તિના સમગ્ર અસ્તિત્વનું સૂક્ષ્મ વિજ્ઞાન છે. જગતનું સૌથી સહેલું, સૌથી સૂક્ષ્મ, સૌથી વ્યાપક વાસ્તુશાસ્ત્ર મંદિરોના સ્થાપત્યમાં મળે છે. ભારતીય પરંપરામાં સ્થાપત્ય એ જ સૂક્ષ્મતાનું પૂર્ણરૂપ છે.

મંદિર - સ્થાપત્યના બાંધકામની શૈલીમાં મધ્યમાં સૃષ્ટિના રચયિતા બ્રહ્મા બિરાજે છે. એને ફરતા બાર ચોરસમાં આદિત્ય એટલે કે સૂર્ય અર્થાત બાર રાશિ છે અને તેની બહારના અઠ્યાવીસ ચોરસ નક્ષત્ર સૂચવે છે. આમ વાસ્તુપુરૂષ મંડલની બાહ્ય રેખાઓ સૂર્ય, ચંદ્ર અને ગ્રહોની ગતિ દર્શાવે છે. મંડળનો ચોરસ આકાર સ્વર્ગ દર્શાવે છે અને તેની બે દિશાઓ, સૂર્યને કેન્દ્રવર્તી દિશાઓ અયનકાળ અને સંપાતના દિવસનું નિરૂપણ આપે છે. આ રીતે મંદિરમાં સમગ્ર બ્રહ્માંડ ધબકતું હોય છે. એ ગતિમય છે તેમજ એ ક્વોન્ટમ ફિઝિક્સ છે (સ્થિર પણ સતત ગતિનો અનુભવ) અને એ જ $E=MC^2$ (સ્ક્વેર)નું સમીકરણ છે.

એક પ્રશ્ન જાગે કે શા માટે મનુષ્ય જ મંદિર બનાવે છે? તમે કોઈ પક્ષીનું મંદિર નહીં જોયું હોય. કોઈ પશુ દેવાલય રચતું નથી. માત્ર માનવી જ મંદિર બનાવે છે. પથ્થર જડ છે, છોડમાં સંવેદના છે. પ્રાણીઓ પાસે થોડીક ઈન્દ્રિયો છે, પણ માનવી પાસે એક વિશિષ્ટ બાબત છે અને તે છે સંવેદના. એ બીજાના દુઃખને સ્વયં અનુભવી શકે છે. અને એથી આગળ વધીને આત્મનિરીક્ષણ કરી સ્વયંને જોઈ શકે છે. એ બહાર યાત્રા કરે છે, પણ એની સાથોસાથ એની પાસે ભીતરની યાત્રા કરવાની અજોડ ક્ષમતા છે અને એની ભીતરની યાત્રાનું પ્રતીક છે મંદિર. એના ભીતરના અંધકારને એ દૂર કરી શકે છે. એ દૂર કરવાનું કાર્ય કરતું મંદિર પૂર્વ દિશાએ હોય છે અને એ જ રીતે એ મંદિર વ્યક્તિને આંતરિક બાબતોમાંથી સૂક્ષ્મ બાબતો તરફ લઈ જાય છે. મંદિરમાં પ્રવેશ એટલે વ્યક્તિની ચેતનાનો સ્થૂળમાંથી સૂક્ષ્મમાં પ્રવેશ. દિવસ દરમ્યાન પક્ષી ચારે તરફ ફરે છે. પણ સાંજે તે પોતાના માળામાં આવીને સ્થિર થાય છે તેવી રીતે જીવાત્મા જ્યારે સંસારના બધા પ્રકારના કામોમાં થાકીને ભટકી જાય છે ત્યારે વિશ્રામ માટે પરમેશ્વર પાસે પહોંચી જાય છે.

આથી જ વિશાળ મંદિરમાં જેમ જેમ અંદર જઈએ તેમ તેમ ગર્ભગૃહ પાસે પહોંચીએ છીએ. આ ગર્ભગૃહ એટલે આપણી આંતરચેતનાની ગતિ અને સામે રહેલા ઈશ્વર એટલે એ આંતરચેતનાની પરમસાધના કરનાર પરમેશ્વરનું દર્શન. વ્યક્તિ મંદિરમાં એક જુદો જ અનુભવ કરે છે. દક્ષિણ ભારતના મંદિરોમાં ગોપુરમ મધ્યે બ્રહ્મસ્થાનનું નિરૂપણ હોય છે એ એક પ્રકારે ન્યુક્લીયર શક્તિનું વાતાવરણ સર્જે છે જેની સૂક્ષ્મ અસર મંદિરમાં આવનાર મોક્ષની ઈચ્છા રાખનાર મુમુક્ષુ, ભક્ત, જ્ઞાની અને મુલાકાતી પર થાય છે. એ સહુની આધ્યાત્મિક ઉન્નતિ પર એનો પ્રભાવ પાડે છે. આથી જ માણસે મંદિર બનાવ્યું છે. કારણ કે એ જ પરમાત્માની આરાધના માટે નીકળ્યો છે અને આ પરમાત્મા એ એનો એક વિશિષ્ટ અનુભવ છે. એનો એક ગહન બોધ છે અને એટલે પરમાત્માના અવતરણનું આ આગવું સ્થાન માનવીએ રચ્યું છે.

કોઈ કહે કે પરમાત્મા તો સચરાચરમાં વ્યાપક છે તો પછી આ મંદિર શા માટે? આ મંદિર એ તો એક એવું ચાર્જડ સ્થળ છે કે જ્યાંથી માનવીની ઊર્ધ્વગતિ અતિ તીવ્રતાથી થાય છે. એના વાતાવરણમાં કેટલાય પાવન ધ્વનિઓ, કેટલીય પ્રાર્થનાઓ, અગાધ ભક્તિ અને અનેક પ્રકારની ક્રિયાઓનો ગુંજારવ છે, આથી મંદિરમાં એક પ્રકારનું પ્રબળ ચેતનાભર્યું વાતાવરણ છે અને એ વાતાવરણ વ્યક્તિને ચેતનાનો ચરમ અનુભવ કરાવે છે અને પરમ ચૈતન્ય સાથે નિકટતા સાધી આપે છે.

આ મંદિરમાં તર્ક આથમી જાય છે અને શ્રદ્ધા જીવંત બને છે. એ કેવી ચેતના અને પવિત્રતા હોય છે કે જે એક વાતાવરણનું સર્જન કરે છે. આ ચેતનાનો પ્રભાવ એવો હોય છે કે ભારતીય ઈતિહાસમાં આક્રમણખોરોએ પોતાનું પ્રથમ લક્ષ્ય મંદિરો અને મૂર્તિઓને બનાવ્યું. એમણે કિલ્લાઓ તોડ્યા એ વાત મહત્ત્વની ન રહી, પણ એમણે મંદિરો તોડ્યા એ વાત મહત્ત્વની બની, કારણ કે એ આક્રમણખોરો જાણતા હતા કે મંદિરનો ધ્વંસ એ કોઈ ઈમારતનો ધ્વંસ નથી, કિંતુ સમગ્ર સંસ્કૃતિનો ધ્વંસ છે. આથી મંદિર એ એક એવી ચેતનાની જાગૃતિ કરે છે કે જે ચેતના સીધું પરમાત્મા સાથે અનુસંધાન સાધે છે. મંદિરમાં પ્રવેશનાર એક આંતરિક જગતમાં પ્રવેશે છે, બાહ્યજગત, સંસારની વિટંબણાઓ, જીવનની વેદનાઓ, હતાશાઓ, વિષાદ આ બધું એ બહાર મૂકીને મંદિરમાં આવે છે અને એનું આખુંય બાહ્ય જગત વિલીન થઈ જાય છે.

સમેતશિખરનો વિચાર કરીએ. એ કેવું ઉર્જાવાન સ્થળ છે કે જ્યાંથી વીસ-વીસ તીર્થંકરો મોક્ષે ગયા. મંદિરનો સંબંધ મનુષ્યના

આંતર-બાહ્ય જગત સાથે છે. બાહ્ય જગત એટલે મંદિરની ખગોળશાસ્ત્રીય રચના અને એનો સૂર્ય, ચંદ્ર અને નક્ષત્રની ગતિ સાથેનો સંબંધ. એનું આંતરજગત એટલે મંદિરનું ગર્ભગૃહ અને તેથી જ મંદિરના ગર્ભગૃહ માટે પથ્થર આરસ, ઈંટ વગેરેની પસંદગી કરાય છે. જ્યારે સોનું, ચાંદી એ બધાં અલંકરણો તો છેલ્લે પ્રયોજાય છે. એમાં લોખંડ, પ્લાસ્ટિક કે એસ્બેસ્ટોસ નિષિદ્ધ છે તેનો સંદર્ભ ચેતનાના આવાહન સાથે છે.

એ જ રીતે એ મંદિરમાં વ્યક્તિ સાથે સુવર્ણ અને રત્નજડિત આભૂષણોથી મંદિરની મૂર્તિને શણગારે છે, ત્યારે એની પાછળ એનો ભાવ ધનપ્રદર્શનનો નહીં, પણ કૃતજ્ઞતાનો હતો. જેણે આ સઘળું આપ્યું છે, તેને હું શું આપી શકું? જેને પરિણામે મને મંદિરથી બાહ્ય અને આંતર સમૃદ્ધિ સાંપડી છે એની આગળ આ હીરોમોતી શા વિસાતમાં? પણ એથી અધિક કશુંય મારી પાસે નથી, તેથી આ અલ્પ તને ધરી રહ્યો છું.

મંદિર ભગવાનનું ઘર કહેવાય છે, પણ મંદિરનો આકાર સ્વયં ભગવાન છે. ગર્ભગૃહમાં રહેલા ભગવાન સૂક્ષ્મ ગતિ તરફ પ્રયાણ કરાવે છે. એની આખીય રચના, એના ગવાક્ષ, એના દ્વાર એના સ્તંભો એ એ પ્રકારના છે કે જેને પરિણામે કોઈ નિષેધાત્મક પ્રવૃત્તિ પ્રવેશી શકતી નથી. મંદિરમાં જાવ ત્યારે કોઈ દુષ્ટ વિચાર આવે નહીં. મંદિરમાં પ્રવેશીને કોઈને બીજાની હત્યા કરવાનો વિચાર આવ્યો છે ખરો. અરે, એક નાનાશા જંતુને મારવાનો વિચાર ક્ષણિક ઝળક્યો છે ખરો? એવું થતું નથી એનું કારણ મંદિરના ઊર્ધ્વચેતનામય વાતાવરણને પરિણામે નિષેધાત્મક શક્તિઓ તો પ્રવેશતી અટકે છે, મંદિરની બહારથી પસાર થતી વ્યક્તિ પણ એ મનોભાવનો અનુભવ કરતી હોય છે. બહારથી જતી વ્યક્તિને મંદિર જોઈને કેવા ભાવ ઊઠે છે તે તમે જોયું છે ખરું? પરંતુ એ રસ્તે ચાલતો હોવા છતાં એનું હૃદય ઝૂકતું હશે. આ છે મંદિરના સૂક્ષ્મ વાતાવરણનો પ્રભાવ.

આથી જ 'બૃહદસંહિતા'માં છપ્પન પ્રકારના મંદિરોની સ્થાપત્ય શૈલી પ્રાપ્ત થાય છે. મંદિરના આ સ્થાપત્યમાં જે આંકડાઓ છે તેની પાછળ પણ એક વિજ્ઞાન રહેલું છે. જેમકે ૧૦૮ અને ૩૬૦ના આંકડાઓનો વિચાર કરીએ તો ૧૦૮ એ પૃથ્વી અને સૂર્ય તથા ચંદ્રનું અંતર સૂચવે છે. નાટ્યશાસ્ત્ર ૧૦૮ મુદ્રાની વાત કરે છે. ઋગ્વેદના મંત્રોની સંખ્યા ૪ લાખ ૩૨ હજાર છે, જે ૧૦૮ને અનુસરે છે. ૩૬૦નો આંકડો એટલે કે વર્ષના ૩૬૦ના દિવસો એ તો ખરું જ, પણ ગર્ભના સર્જન વખતે હાડકાનો આંકડો આટલો હોય છે, જે પાછળથી ૨૦૬ થાય છે.

મંદિરના સ્તંભો, ગવાક્ષો, દ્વારા એ બધાની સંખ્યાની પાછળ ખગોળશાસ્ત્ર છે અને એનું ઉત્તમ ઉદાહરણ એ કંબોડિયાનું આંગકોરવાટનું હિંદુમંદિર છે, જેનું ગાણિતિક માપ આજે પણ સૌને સ્પર્શે છે. મંદિરમાં પ્રદક્ષિણા ડાબી બાજુએથી કરવામાં આવે છે એનું કારણ એટલું જ કે ભગવાન હંમેશા આપણી જમણી બાજુએ હોય છે. શિલ્પશાસ્ત્રના ગ્રંથો કહે છે કે દીપક રાખવાનું સ્થાન જમણી બાજુ રાખવું. અંગ્રેજીમાં પણ એને Right કહેવામાં આવે છે. આ પ્રદક્ષિણા એ સૂચવે છે કે પરમાત્મા એ આપણા જીવનનું મધ્યબિંદુ છે અને જીવનના પ્રત્યેક કાર્યનું એ મધ્યબિંદુ બને એ આપણે ઈચ્છીએ છીએ. મન મંદિર બને, દેહ દેવાલય બને ત્યારે જીવન તીર્થ થાય છે.

મંદિરનો ઘુમ્મટ મારી પ્રાર્થનાને પ્રબળ બનાવે છે. શા માટે મંદિરનો ઉપરનો ભાગ ચોરસ હોતો નથી? ચોરસ હોય તો મારા ભીતરની પ્રાર્થના વિખરાઈ જાય. જ્યારે મારા અંતરનો અવાજ એ છેક પરમાત્મા સુધી પહોંચે તેનું કારણ એ બહાર નીકળેલો ધ્વનિ ફરી પાછો ફરીને એ મંદિરના વાતાવરણમાંથી વધુ પ્રબળ બનીને મારા ભીતરમાં પાછો આવે છે અને એથી જ આ મંદિરની ઉપર ઘૂમ્મટ છે, કોઈ ખુલ્લી જગા નથી. ખુલ્લી જગા હોત તો આકાશમાં મારી ભક્તિ એ વેરાઈ જાત.

એ જ રીતે મંદિરનો ઘંટ શા માટે વગાડીએ છીએ? શું ઈશ્વરને જગાડવા માટે? કે પછી કોઈના ઘરમાં પ્રવેશીએ અને બેલ વગાડીએ એમ બેલ વગાડવા માટે. ના, એ ઘંટથી જ એક મંગલ ધ્વનિ ઊભો થાય છે અને એ મંગલધ્વનિ વ્યક્તિની આસપાસ એક કવચ રચે છે. એનું પહેલું કવચ છે અશુભ અને અમંગલ અવાજોનો નાશ. અશુભ વૃત્તિનો નાશ. અમંગલ તત્ત્વોનો નાશ. એ સમયે થતી ભક્તિની એકાગ્રતા અને ચિત્તશાંતિમાં કોઈ ખલેલ ન પડે અને એનો બીજો અર્થ છે એ ઘંટ, શંખ કે બીજા વાદ્ય દ્વારા ૐનો નામ ઉત્પન્ન કરું છું અને તેથી જ અશુભ શક્તિઓ પણ નષ્ટ થઈ જાય છે. મંદિરમાં થતો ધ્વનિ ભીતરની સંવેદનાઓ જગાવે છે. ભારતીય મંત્રોને વર્ષો સુધી એ ધ્વનિ સાથે સંબંધ હતો અને એક વ્યક્તિ બીજી વ્યક્તિને સંભળાવતી માટે એ શાસ્ત્રોને શ્રુતિ કહેવામાં આવતા ને ધ્વનિનો મહિમા એ છે કે એ કાનથી હૃદયમાં સ્પર્શે છે. અને જ્યારે ધ્વનિ કે મંત્ર પૂરો થાય ત્યારે વ્યક્તિનું સ્વયં રૂપાંતર થશે. ભારતીય સંસ્કૃતિમાં મંત્ર છે, શાસ્ત્ર છે, પ્રભુ છે, ખગોળ છે અને આ બધાનું એક રૂપ તે મંદિર છે. એ મંદિરનો ધ્વનિ ભર્તના હૃદયમાં અદ્‌ભુત ભાવના જગાડે છે. પરમશાંતિ અને પરમ આનંદ પેદા કરે છે અને એવો અનુભવ કરનારની સમગ્ર ચેતનામાં રૂપાંતરણ થાય છે.

આ મંદિરો એ ભાવનાઓના પ્રતીક છે. એની રચના કોઈ રાજાએ બળજબરીથી મજૂર પાસે આકરી મજૂરી કરાવીને કરી નથી. કોઈ રાજ્યના રક્ષણ માટે થઈ નથી. એનો જન્મ તો કોઈ ભાવના અને સાધનામાંથી થયો છે અને તેથી જ મંદિરની પ્રત્યેક ક્રિયામાં ગહન રહસ્ય છે, જેમ કે ચંદનની સુવાસ એવી છે કે જેમાંથી શીતળતાનો અનુભવ થાય છે અને જ્યારે લલાટ પર એ ચંદન લગાડવામાં આવે ત્યારે એ આજ્ઞાચક્ર છે. આપણા ભીતરની સુગંધ

એ આજ્ઞાચક્રથી જ ફેલાતી હોય છે. આથી જ કપાળમાં તિલક કરવામાં આવે છે. બે ભ્રમરોની વચ્ચેનું સ્થાન એ સ્મૃતિશક્તિ અને ચિંતનશક્તિનું સ્થાન છે.

યોગની ભાષામાં એ આજ્ઞાચક્ર છે. કોઈના ચહેરા પર તિલક જોઈએ ત્યારે આપણને ઈશ્વરનું સ્મરણ થાય છે. આ રીતે મંદિરના રહસ્યને ખોજવાની આપણે ચાવી શોધવી પડે. ક્યારેક એવું લાગે કે વિશાળ જમીન, મોટું મકાન, અનેક દરવાજા, મુખ્ય દરવાજો અને એની ચાવી ખોવાઈ ગઈ છે. આપણા ધર્મના વૈજ્ઞાનિક રહસ્યો આપણે ખોઈ બેઠા છીએ. ત્યારે મહાન ઋષિ સાંદિપની પાસેથી સંસ્કૃતિના ગહન જ્ઞાનની યાચના કરીએ.

આમ ભારતીય સંસ્કૃતિમાં છેક અથર્વવેદથી આરંભીને બૃહદ્ સંહિતા, અગ્નિપુરાણ, પ્રાસાદમંડન જેવા ગ્રંથોએ મંદિરના મર્મને પ્રગટ કરવા પ્રયાસ કર્યો છે. મંદિરના વાસ્તુવિજ્ઞાનનો ઉદ્ભવ તો અથર્વવેદમાં મનાય છે અને મંદિર એટલે સમગ્ર વિશ્વ.

આનું કારણ શું ? આનું કારણ છે મંદિરનું વાતાવરણ - આથી જ મંદિર એ માત્ર ગરીબોનું સ્થાન નથી, તવંગરોનું પણ સ્થાન છે. મંદિર એ દુ:ખી કે બિમારને માટે પ્રાર્થનાનું સ્થાન છે અને સુખીને માટે પ્રભુ પ્રત્યે આભારનું સ્થાન છે. ઈચ્છા અને પ્રાપ્તિ બંને મંદિરમાં નમતા હોય છે.

વ્યક્તિના મૃત્યુ પછી મંદિરમાં પ્રભુ પ્રાર્થના થતી હોય અને નવદંપતિ પોતાના દાંપત્યજીવનનો પ્રારંભ કરતા હોય ત્યારે લગ્નબાદ તત્કાળ મંદિરમાં દર્શને આવતા હોય છે. આનું કારણ એ છે કે અહીં રહેલી જીવંત ચેતના સહુને પોતાની આસાએશ આપે છે. માનવચિત્તની હોસ્પિટલ છે. જ્યાં ચિત્ત પ્રાર્થનામાં ડૂબી જાય છે અને એમાંથી જીવનબળ પામે છે એ ચૈતન્યમય વાતાવરણથી વીંટળાઈ જાય છે જે એનું રક્ષાકવચ બને છે. ગાંધીજીએ જીવનની મૂંઝવણ વખતે પ્રાર્થનાની સહાય લીધી હતી. એક અર્થમાં કહીએ તો મંદિર એટલે પ્રકૃતિ, પુરુષ અને સમગ્ર બ્રહ્માંડ. એ કોઈ એક સ્થળે હોય, પરંતુ એ સ્થળેથી એ મંદિર આખી સૃષ્ટિને પોતાના વ્યાપમાં લે છે. શક્તિને સર્જે છે અને બ્રહ્માંડ સાથેનું અનુસંધાન સાધી આપે છે. ક્યારેક વાસ્તુપુરુષ મંડલનો વિચાર કરીએ ત્યારે ખ્યાલ આવશે કે વાસ્તુ એટલે પ્રકૃતિ અને આસપાસની સૃષ્ટિ. પુરુષ એટલે શક્તિ અને મંડળ એટલે ખગોળવિજ્ઞાનનો આલેખ - આમ સૃષ્ટિ, શક્તિ અને બ્રહ્માંડનો ત્રિવેણી સંગમ એ મંદિર દ્વારા સધાય છે.

ભારતીય સંસ્કૃતિનો બીજો મર્મ છે પુરુષ અને પ્રકૃતિ. એ મર્મ પણ આ મંદિરોમાં પ્રગટ થાય છે. મંદિરનો આકાર કે મંદિરની પ્રકૃતિ અને મંદિરમાં પ્રતિષ્ઠિત પુરુષ એ પરમ પુરુષ. આ પરમ પુરુષની કલ્પના કેવી અદ્ભુત છે. મંદિરનું શિખર એ પરમપુરુષનું મસ્તક છે. મંદિરનું દ્વાર એ એનું મુખ છે. કળશ એ મંદિરના કેશ છે. ગ્રીવા એ એનો કંઠ છે. સુકનાસ એ એની નાસિકા છે. ભદ્ર એના હાથ છે, વેદી એનો સ્કંધ છે અને સ્તંભ એ એના પગ છે.

મંદિરોના સ્થાપત્યનો આપણે વિચાર કરીએ ત્યારે એક બાબત પર ધ્યાન આપવું જોઈએ. ખંડિત થઈ ગયેલાં મંદિરોનું રિનોવેશન કરવામાં આવે, ત્યારે વિશેષ તકેદારી રાખવાની જરૂર છે. શેઠ આણંદજી કલ્યાણજી પેઢીએ રાણકપુર તીર્થ અને તારંગા તીર્થનો જે રીતે જીર્ણોદ્ધાર કર્યો અને એ તીર્થો પૂર્વે જેવા હતા તેવા રચ્યા એ ઘટનાને સમજવી જોઈએ. વળી રિનોવેશન કરતા પૂર્વે બધા એંગલથી એની તસવીરો લેવી જોઈએ અને પછી એની પ્રાચીનતા જાળવી રાખીને રિનોવેશન થવું જોઈએ. જૂના શિલાલેખો ખંડિત થાય નહીં તેનું ધ્યાન રાખવું જોઈએ તેમ જ પ્રતિમાનું ઉત્થાપન કરે ત્યારે મૂર્તિ - લેખોને નુકસાન ન થાય તે જોવું જોઈએ આ મૂર્તિલેખોમાં એ સમયનો ઈતિહાસ, સમાજ અને ધર્મપરંપરા જળવાયેલાં હોય છે. મંદિરનો જે પ્રમાણે નકશો હોય તે બદલવો જોઈએ નહીં.

ભારતમાં આશરે ૩૫ લાખ મંદિરો છે. એ સાધકને સ્વરૂપનું જ્ઞાન આપે છે અને ઊર્ધ્વજીવનની પ્રેરણા આપે છે. અહીં દરેક વ્યક્તિ કશાય ભેદભાવ વિના ઈશ્વરને મળી શકે છે. અને એ અર્થમાં મંદિરો એ ભારતીય જીવનનું કેન્દ્ર છે અને એનું સ્થાપત્ય એ માત્ર કલાત્મક સૌંદર્ય જ ધરાવતું નથી, પરંતુ એના ભક્તોએ ઈશ્વરને આપેલી અંજલિની રચના છે અને આથી જ ભારતીય મંદિરોના સ્થાપત્યનો ઉલ્લેખ વિદેશમાં 'પવિત્ર સ્થાપત્ય' (સેક્રેડ આર્કિટેક્ચર) તરીકે કરવામાં આવે છે, કારણ કે આ મંદિરો માત્ર પથ્થર કે શિલ્પોનો કલાત્મક ઘાટ ધરાવતું સ્થાન નથી, પરંતુ એ ભારતીય જીવનના બાહ્ય પાસાંઓ અને આંતરિક જગત બંનેને એક સાથે અખિલાઈથી પ્રગટ કરે છે.

**સંદર્ભ :**


(૧) શ્રી અઢાર અભિષેક વિધાન (હેમકલિકા - ૧), પ્રકા. શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ, સંપા. મુનિશ્રી સૌમ્યરત્નવિજયજી મ.સા.

(૨) સંસ્કૃતિના આધારસ્તંભો - શાસ્ત્ર મંદિર, સાધુ, લે. સાધુ વિવેકસાગરદાસ, પ્રકાશક. સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ

(૩) જિનાલય નિર્માણ માર્ગદર્શિક, શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

(૪) જૈન શિલ્પ વિધાન (સચિત્ર વિભાગ) ભા. ૨, પ્રકા. શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ


❑❑❑


૧૩-બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭
ફોન ૦૭૯-૨૬૬૦૨૬૭૫
મો. ૦૯૮૨૪૦૧૯૯૨૫

# શિલ્પ દ્વારા રાષ્ટ્રની એકતા

**હરિપ્રસાદ સોમપુરા**

*વઢવાણમાં જન્મેલા લેખક પોતે શિલ્પી છે, તેમણે અનેક શહેરોમાં મંદિર તેમજ શિલ્પ સ્થાપત્યના નિર્માણનું કાર્ય કર્યું છે. મુંબઈની વિવિધ આર્ટગેલેરીમાં તેમના પ્રદર્શનો યોજાયા છે. 'શિલ્પી એકેડમી', 'શિલ્પી સમાજ', 'મુંબઈ લોખંડવાલા ગુજરાતી સમાજ'ના તેઓ ઉપપ્રમુખ રહી ચૂક્યા છે. શિલ્પ સ્થાપત્યના તેમને અનેક એવોર્ડ પ્રાપ્ત થયા છે. મુંબઈ દૂરદર્શન, તેમજ 'આસ્થા' ચેનલ પર તેમના મંદિર સ્થાપત્યને લગતા વિવિધ પ્રોગ્રામો પ્રસારિત થયા છે. તેમણે શિલ્પ સ્થાપત્ય પર ખૂબ ઊંડું સંશોધન કર્યું છે. તેમના અનેક પ્રકાશનો છે તેમજ તે સાહિત્ય પ્રવૃત્તિ સાથે પણ અનેક રીતે સંકળાયેલા છે.*

**ભા**રતીય શિલ્પ અને સ્થાપત્ય વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. દેલવાડા, કુંભારિયા, રાણકપુર, તારંગા, પાલિતાણાનાં જૈન મંદિરો કે કન્હેરી, અજન્ટા-ઈલોરા, એલિફન્ટા, ખંડગિરિ, સાંચીનાં બૌદ્ધ સ્થાપત્યો કે સોમનાથ રુદ્રમહાલય, દ્વારકા, મોંઢેરાનાં હિન્દુ મંદિરો કે પછી સ્વામીનારાયણ સંપ્રદાયનાં મંદિરો કે વૈષ્ણવોની હવેલીઓ, પારસીઓની અગિયારીઓ, મુસ્લિમોની મસ્જિદો, ખ્રિસ્તીઓના ચર્ચ – આ બધા સ્થાનકો બાંધનારા શિલ્પીઓને કોઈ જાતિ, ધર્મ, સંપ્રદાય કે વર્ગ નથી હોતા. તેઓનો ધર્મ છે : શિલ્પ ધર્મ. આજે પણ તમે જોશો કે જ્યાં પથ્થર નીકળે છે તે મકરાણા ગામમાં મુસ્લીમ સમાજની ૮૦ ટકા વસ્તી છે. તેઓ ખાણમાંથી પથ્થરો કાઢે છે એટલું જ નહીં તેઓ મંદિરો માટેનું કોતરકામ પણ કરે છે. વલસાડ પાસેના તીથલના સાધના કેન્દ્રમાં એક સરસ્વતીની મૂર્તિનું આબેહૂબ ચિત્ર એક મુસલમાન ચિત્રકારે દોર્યું છે. આમ જોવા જાવ તો બૂતપૂજા એટલે કે મૂર્તિપૂજામાં તેઓ નથી માનતા છતાં અહીં એ ચિત્રકારે સરસ્વતીની મૂર્તિનું ચિત્ર બનાવ્યું. કહેવાનો મતબલ એ છે કે કલાકારને કોઈ ધર્મ કે સાંપ્રદાયિકતા હોતાં નથી. તેમનો ધર્મ છે શુદ્ધ કલા.

અમદાવાદની કેટલીય મસ્જિદોમાં હિન્દુઓએ શિલ્પકામ કર્યું છે. અત્યારે દુબઈ, અબુધાબી વગેરે સ્થળે મસ્જિદ બાંધવા માટે પણ ભારતમાંથી હિન્દુઓ જાય છે. મુંબઈનું હરેકૃષ્ણ મંદિર હૉલેન્ડના આર્કિટેકટની ડિઝાઈન પ્રમાણે થયું છે ને એ ડિઝાઈન પ્રમાણે મકરાણાના ઘણા મુસ્લિમોએ એમાં કોતરકામ કર્યું છે. આપણે સિદ્ધરાજના જમાના સુધી પાછળ જઈએ તો સહસ્ત્રલિંગ તળાવ અને રાણકોવાવના શિલ્પકાર્ય દરમિયાન ઓડ કોમના મજૂરો કામ કરતા હતા. જેમાં જસમા નામની ઓડણ ઉપર સિદ્ધરાજ મોહિત થયા હતા તે કિસ્સો મશહૂર છે. અત્યારે ભારતમાં પ્રાચીન શૈલી અનુસાર શિલ્પકાર્ય કરનાર ત્રણ-ચાર જ્ઞાતિઓ અસ્તિત્વ ધરાવે છે. ઓરિસ્સામાં 'મહારાણા', મધ્યપ્રદેશમાં 'જાંગડ', રાજસ્થાનમાં જયપુર તરફ 'ગૌડ' અને પશ્ચિમ ભારતમાં રાજસ્થાન, કચ્છ ગુજરાતમાં 'સોમપુરા' શિલ્પીઓ વસે છે. જેઓ કોઈ પણ પ્રકારના ધાર્મિક સંપ્રદાયમાં અટવાયા સિવાય મંદિર, મસ્જિદ, ચર્ચ, અગિયારી, હવેલી કે દેરાસર બાંધે છે.

આ શિલ્પકોમો રાજ્યમાં શાંતિ, સમૃદ્ધિ અને સ્થિરતા હોય ત્યારે મંદિર, મહેલો અને વાવ-કૂવા બાંધતા. રાજ્યમાં અશાંતિ પેદા થવાનો ખતરો હોય ત્યારે કિલ્લાઓ બાંધતા. 'ગુજરાતનો ભવ્ય ભૂતકાળ' માં ડૉ. હરિલાલ ગૌદાની લખે છે કે ''સૌરાષ્ટ્ર અનેક નાના મોટાં રજવાડામાં વહેચાઈ ગયું હતું. આ રજવાડાં કાયમ અંદરોઅંદર લડ્યાં કરતાં. સોમપુરા શિલ્પીઓ રોજી મેળવવા મંદિરો બાંધવાનું કામકાજ છોડીને કિલ્લાઓ બાંધવાના કામકાજમાં પડી ગયા હતા. દેલવાડાના દેરા જેવી ભવ્ય ઈમારતો બાંધનાર શિલ્પીઓ સાત દીવાલોવાળા મજબૂત કિલ્લાઓ અને મકાનો બાંધવામાં પડી ગયા હતા.'' છતાં, તેઓ શિલ્પી હોવાને કારણે કિલ્લાઓને પણ કોતરકામથી સુશોભિત કરતા. ડભોઈનો કિલ્લો હીરાધર શિલ્પીએ બાંધેલો તે એટલો સુંદર બનેલો કે તેના નામ ઉપરથી 'હીરા ભાગોળ' નામ પડ્યું.

શિલ્પીઓએ કિલ્લાઓમાં પણ પોતાનો કસબ અજમાવ્યો જ છે. કિલ્લાની નીચે દરવાજા પાસે એક સૈનિક ઊભો હોય અને બીજો સૈનિક કિલ્લાની ટોચ ઉપર ઊભો હોય છે. એને તાપ અને વરસાદના પાણીથી બચાવવા એક છત્રી કરેલી હોય છે. ટોચ ઉપરની એ છત્રીમાં ઊભો ઊભો ગામની ચારે દિશામાં જુએ છે. કોઈ હુમલો તો નથી આવી રહ્યો ને, જો કોઈ હુમલો આવતો હોય તો કિલ્લાની ટોચ ઉપરની છત્રીમાંથી નીચે ઊભેલા સૈનિકને કહેશે કે કિલ્લાના દરવાજા બંધ કરો ને તરત જ પેલો સૈનિક દરવાજા બંધ કરશે. આટલી ઊંચાઈએથી અવાજ સ્પષ્ટ રીતે પહોંચાડવા માટે અવાજને પરાવર્તિત કરી છેક નીચે સુધી લઈ જાય તેવી રીતે પથ્થરને અમુક કૉણ, અમુક દિશામાં ગોઠવવામાં આવે છે. અવાજને પરાવર્તિત કરી ધાર્યા સ્થળે લઈ જવાના આ જ સિદ્ધાંતનો ઉપયોગ શિલ્પીઓએ બીજાપુરના ગોળગુંબજમાં કર્યો છે. આમ, શિલ્પમાં કોઈ કોમ કે ધર્મ પ્રત્યે આભડછેટ રાખવામાં આવી નથી. ઊલટું, એકબીજાનું સારું જોઈને એકબીજાએ પરસ્પર અપનાવ્યું છે.

વાસ્તુદ્રવ્ય (અર્થાત મટિરિયલ્સ)માં આપણે સ્થાનિક પથ્થરોનો જ ઉપયોગ કરતા હતા. દા.ત. ગુજરાત, સૌરાષ્ટ્રમાં સેન્ડસ્ટોન કે લાઈમસ્ટોન જ વપરાતો. દ્વારકા, મોઢેરા, સોમનાથ કે રુદ્રમહાલય જેવા મહત્વનાં મંદિરોમાં પણ મારબલ ન વાપરતા, સ્થાનિક

સેન્ડસ્ટોન જ વાપર્યો છે જ્યારે દેલવાડા, રાણકપુર, કુંભારિયામાં મારબલ વાપર્યો છે કારણકે ત્યાં મારબલની ખાણો (આબુ-અંબાજીમાં) છે જ્યારે પાલિતાણા કે ગિરનારના એજ શિલ્પીનાં જૈન મંદિરો વળી પાછા ત્યાંના કાડકડા અથવા બેલા નામના સેન્ડસ્ટોનમાંથી બનેલાં છે. જ્યારે મોગલ શૈલીનો તાજમહાલ આગ્રામાં બનાવવામાં આવ્યો ત્યારે ભારતમાં પહેલી વાર વાસ્તુદ્રવ્યનું સ્થળાંતર થયું ને ત્યારબાદ સ્થાનિક પથ્થરની જગ્યાએ મારબલ મંદિરોમાં પણ વપરાવવા લાગ્યો. મહેલો-મકાનોમાં જાળી, વેલબુટ્ટા પણ આપણે મોગલ શૈલીમાંથી લીધા છે.

માત્ર આપણે જ નહિ, એ લોકોએ પણ આપણી શૈલીનું અનુકરણ કર્યું છે. દા.ત. આપણે કીર્તિસ્તંભ, વિજયસ્તંભ કે ધર્મસ્તંભ બનાવીએ છીએ, એ લોકો મિનારા બનાવે છે. દા.ત. અમદાવાદના ઝૂલતા મિનારા, કુતુબમિનાર વગેરે. શિલ્પીઓ અહીંના હોય કે ત્યાંના, સ્વધર્મી હોય કે વિધર્મી હોય, કલાકૃતિની બાબતમાં તેમની વચ્ચે ગજબની એકતા જોવા મળે છે. એકબીજાની સારી વાત અપનાવવા તેઓ તૈયાર હોય છે.

મોટે ભાગે બૌદ્ધ સ્થાપત્ય ગુફાઓમાં કંડારાયું છે. આપણે જોઈ શકીએ છીએ કે ઈલોરામાં પણ બુદ્ધ ગુફાની બાજુમાં જ હિન્દુઓનું કૈલાસ મંદિર જોવા મળે છે. જૈનોની પણ ૩૦ થી ૩૬ નંબરની ગુફાઓ છે. ખંડગિરિ-દેવગિરિમાં પણ જૈન ગુફાઓ છે. ખજૂરાહોમાં પણ જૈન ધર્મ અને હિન્દુ ધર્મનાં મંદિરોનો સમૂહ તદ્દન બાજુબાજુમાં છે. તમે વિચાર કરો કે એક જ પહાડને કોતરીને કરવામાં આવેલી ઈલોરાની ગુફામાં કે ખજૂરાહોમાં તે કાળના મહત્વના ધર્મોનાં સ્થાપત્યો બાજુબાજુમાં જોવા મળે તે કેટલી મોટી એકતાની વાત ગણાય. શિલ્પીઓની એકતાને કારણે આ ત્રણ ધર્મો આટલા નજીક દુનિયાની અજાયબી બનીને આજે પણ અસ્તિત્વ ધરાવે છે.

❑❑❑

# પશ્ચિમ ભારતના જૈન મંદિરોની સ્થાપત્ય કલા અને મહત્ત્વ

**ગુણવંત બરવાળિયા**

**વિષય પરિચય**

જૈનધર્મે પશ્ચિમ ભારતની સંસ્કૃતિ તેમજ પ્રાદેશિક પ્રગતિ માટે ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો છે. ગિરિનગર એ એક કાળમાં જૈનધર્મનો મજબૂત કિલ્લો હતો. જૈનધર્મે શરૂઆતમાં બૌદ્ધ ધર્મ જેટલો શક્તિશાળી ન હતો પરંતુ એ કાળના રાજ્ય મૈત્રક અને સ્થાનિક લોકો ઉપર પોતાની અસર જરૂરથી પાડી હતી. જૈનધર્મના અસ્તિત્વ અને લોકપ્રિયતાએ આપણને આકોટાથી મળેલ જૈન કાંસ્યમૂર્તિઓ (પહેલી તારીખ ઈ.સ.૬ઠ્ઠી શતાબ્દી), ખેડબ્રહ્માથી મળેલ દિગંબર જૈનમૂર્તિ અને ઢાંકથી મળેલ પથ્થરમાં કોતરેલ મૂર્તિઓ તેમજ જૈનસાહિત્ય ઉપરથી સમજાય છે. જ્યારે બૌદ્ધ ધર્મની લોકપ્રિયતા ઓછી થવા લાગી ત્યારે ઈ.સ. ૮મી સદીની આસપાસ જૈનધર્મ લોકપ્રિયતાનું શિખર સર કરવા લાગ્યો.

જૈનધર્મમાં મુખ્ય બે પંથ છે. શ્વેતાંબર અને દિગંબર. ગુજરાતમાં શ્વેતાંબર પંથ ચડતી ઉપર હતો પરંતુ ગુજરાતમાં અને રાજસ્થાનમાં એ દરમ્યાન દિગંબરપંથ પણ લોકપ્રિય થતો હતો. ઈ.સ. ૭૮૩માં જિનસેને વર્ધમાનમાં આવેલ પાર્શ્વનાથમંદિર (નન્નારાજા વસતિ)માં હરિવંશની રચના કરી અને ઈ.સ.૯૩૧-૩૨માં હરિસેને પણ પોતાના બૃહત-કથાકોષની રચના આજ મંદિરમાં કરી. પ્રાચીન સમયથી ઠેકઠેકાણે આપણને જૈન મંદિરોનો ઉલ્લેખ મળે છે. સિંહવાહન અંબિકા કે જે શાસનદેવી છે એનું મંદિર ગિરનાર પર્વત ઉપર છે, એમ હરિવંશપુરાણમાં ઉલ્લેખ છે. દિગંબરોનું એક મહત્ત્વનું સ્થાન પ્રભાસ ઈસુની ૮મી સદીથી થવા લાગ્યું અને ત્યાં ચંદ્રપ્રભુનું ભવ્ય મંદિર હતું. સમયથી સાથે ત્યાં ઉન્નતપુરા તરીકે ઓળખાતા પાર્શ્વનાથનાં મંદિરનો ઉમેરો થયો. એટલું જ મહત્ત્વનું બીજું સ્થાન સ્તંભતીર્થ (અત્યારનું ખંભાત) હતું. રાજસ્થાનમાં ઘણા મહત્ત્વના જૈન મંદિરો બંધાયા પણ કમનસીબે વહેલા મંદિરોના ઉલ્લેખ ગુજરાત જેટલા આપણને મળતા નથી. પરંતુ એવા ઘણાં ઉદાહરણો મળે છે જેનાથી જૈનોની હયાતિ સૂચક છે. નોંધપાત્ર દાખલાઓમાં બૂંદી નજીક આવેલ કેસોરપુરમાંથી ઈ.સ. ૫મી સદીનું ભગ્નાવસ્થામાં મળેલ ઈંટનું જૈનમંદિર, તેમજ ઈ.સ. ૬૮૮મા કાળની કાયોત્સર્ગ અવસ્થામાંની વસંતગઢથી મળેલ બે જિન પ્રતિમાઓ, સાધારણ એજ કાળની નાંદિયા અને ભટેવાથી મળેલ પ્રતિમાઓએ રાજસ્થાનમાં પ્રાચીન કાળથી જૈનધર્મની હાજરી સૂચવે છે. ઈ.સ. ૭૭૯માં ઉદ્યાંતન સૂરિ રચિત કુવલયમાળાએ ભીનમાળ સ્થિત જૈનમંદિરનો ઉલ્લેખ કરે છે. ચિતોડમાં ઈ.સ. ૮મી સદીમાં જૈનમંદિર - હરિભદ્રસૂરિજીના સમયમાં બંધાયેલ હતું. જાલીહરગચ્છના શ્રેયાર્થે અણહિલ પાટણના નિનૈયાએ ચંદ્રાવતીમાં જૈનમંદિર બંધાવેલ છે. જયસિંહસૂરિ પોતાના ધર્મોપદેશ વિહારણમાળાવૃત્તિમાં (ઈ.સ. ૮૫૯) નાગૌર (પ્રાચીન નાગપુરા)માં સ્થિત જૈનમંદિરનો ઉલ્લેખ છે. તદુપરાંત એમ કહેવાય છે જયસિંહના ગુરૂ ક્રિષ્ણાશ્રીએ નાગોર જૈનમંદિર બંધાવ્યું હતું. ઈ.સ.૧૦ મી સદીની શરૂઆતમાં રઘુસેને (જેનો રાજવંશ સ્પષ્ટ નથી) વાવવ્ય ગુજરાતમાં આવેલ રામસૈન્યપુર (રામસેન)માં જિનભવન બંધાવેલ સોલંકી રાજા મૂળરાજ ૧લાએ (ઈ.સ. ૯૪૨-૯૯૫) એ શ્વેતાંબર પંથનું મૂળનાથ જિનદેવે અણહિલપાટણમાં બંધાવ્યું અને એના અનુયાયી ચામુંડારાજા અને દુલર્ભરાજા

જૈનધર્મના ખાસ ટેકેદારો હતો. ચામુંડા રાજાએ ઈ.સ. ૯૭૭માં મંદિરને દાન આપેલ ભીમદેવ ૧લા (ઈ.સ. ૧૦૨૨-૬૪) જૈન આચાર્યો અને સાધુઓને ખૂબ માન આપતા, તેમજ એના પુત્રો અને ઉત્તરાધિકારી પણ જૈનો તરફ ઉદાર હતા. ઈ.સ. ૧૦૮૪માં કર્ણદેવ (ઈ.સ. ૧૦૬૪-૯૫) એ ટાંકવવી (ટાકડી) માં જિન સુમતિનાથના મંદિરને જમીન દાન આપી હતી. આજ પરંપરા એના પુત્ર જયસિંહ સિદ્ધરાજે ચાલુ રાખી અને ઈ.સ. ૧૧૪૦માં અણહિલ પાટણમાં રાજવિહાર તેમજ સિદ્ધપુરમાં સિદ્ધવિહાર બંધાવ્યાં. જૈનધર્મના એક મોટા અનુયાયી કુમારપાળ (ઈ.સ. ૧૧૪૪-૭૪) કે જેના ગુરૂ હેમચંદ્રાચાર્ય હતા એણે ઘણા મહત્ત્વનાં સ્થળોએ કુમારવિહાર બંધાવ્યા. એમને પોતાના ગુરૂ માટે ખૂબ જ માન હતું અને એની આજ્ઞાથી ઠેકઠેકાણે મંદિરો બંધાવ્યા.

આ બાજુ રાજસ્થાનમાં પણ ગુર્જર પ્રતિહારોનો ઉત્સાહ વખાણવાલાયક હતો. નાગભટ્ટ ૧લાએ પોતાના ગુરૂ યક્ષદત્તગણિના માનમાં પોતાની રાજધાની જબાલીપુરામાં યક્ષવસતિ પ્રસાદ બંધાવ્યો. આ જ નાગભટ્ટે સંચો કે જે સત્યપુરાને નામે પણ ઓળખાય છે ત્યાં અને કોરતા કે કોરાંતમાં મંદિરો બંધાવ્યાં. પ્રતિહાર રાજા નાગભટ્ટ રજા અને મિહિરભોજ પણ જૈનધર્મના ટેકેદાર હતા. પછીના સમયમાં સહામના રાજાઓને જૈનો સાથે ખૂબ સારા સંબંધો હતા. રણથંભોરના જૈનમંદિર ઉપર પૃથ્વીરાજ ૧લાએ સોનાનો કળશ ચડાવ્યો હતો. એમના પુત્રો અને ઉત્તરાધિકારીઓને જૈનધર્મ માટે માન હતું. કહેવાય છે કે એમના પુત્ર અને પૃથ્વીરાજ રાજા એ પાર્શ્વનાથ દિગંબર જૈનમંદિર માટે ગામ બક્ષિસ આપેલ.

નાડોલ કે નાડુલાના ચહામનાને પણ જૈનો સાથે સારા સંબંધો હતો. ઈ.સ.૧૧૧૦ અને ૧૧૧૫ માં અશ્વરાજાના પુત્ર કટુક રાજાએ સેવાડીના મહાવીર મંદિરને બક્ષિસ આપી હતી. તેમજ નાડુલાના ચહામના રાજા આલ્હાનદેવે ઈ.સ.૧૧૭૧માં સંડેરેકા (સાડેરાવ)ના મહાવીરમંદિરને બક્ષીશ આપી હતી.

હસ્તી કુંડી (હાથી કુંડી)ના રાષ્ટ્રકુટો જૈનધર્મના કટ્ટર અનુયાયી હતા. હરિવર્મનના પુત્ર વિદાગ્ધ રાજાએ હસ્તીકુંડીમાં ઈ.સ.૯૧૭માંથી ઋષભદેવનું મંદિર બંધાવ્યું અને એના પુત્ર મમ્મલાએ એજ મંદિરને બક્ષિસ આપી. મમ્મલાના પુત્ર અને ઉત્તરાધિકારી ધવલાએ મંદિરનો જિર્ણોદ્ધાર કરાવી મંદિર માટે એક કૂવો ખોદાવ્યો.

રાજાઓની સાથે સાથે રાણીઓ પણ દાનધર્મ કરવામાં આગળ પડતો ભાગ લેતી હતી એ રાજસ્થાનની રાણીઓએ કરેલા દાન ઉપરથી સ્પષ્ટ થાય છે. નડુલાની ચહામના રાણી રજની મનાલ દેવીએ પોતાના બે પુત્રો સાથે ઈ.સ.૧૧૩૨માં નડુલા ગગીકા સ્થિત મહાવીર મંદિરને દાન આપ્યું. ઈ.સ.૧૧૬૯માં અલ્હાનાદેવની પત્ની રાણી અણગલાદેવીએ સંડેરકાના મંદિરને દાન આપ્યું. ચંદ્રાવલીના પરમારકુંવર ધારાવર્ષદેવની રાણી શ્રૃંગારાદેવીએ ઈ.સ.૧૧૯૭માં જાડોલીના મંદિરને જમીન દાન આપી. સમરસિંહની માતા ગહિલારાણી જૈતલાદેવીએ ઈ.સ.૧૨૭૮માં ચિત્રકુટમાં શ્રી પાર્શ્વનાથ મંદિર બંધાવ્યું.

જૈનધર્મને ફક્ત રાજાઓ જ મદદ કરતા એવું ન હતું. મંત્રીઓ અધિકારીઓ અને સામાન્ય માણસો પણ મંદિર, આશ્રમ, પુસ્તકાલય વગેરે બનાવવામાં છુટ્ટે હાથે મદદ કરતા હતા. આનો જ્વલંત દાખલો મંત્રી વિમલશાહનો છે. દંડનાયક વિમલે ઈ.સ. ૧૦૩૨માં દેલવાડામાં આદિનાથ મંદિરનું નિર્માણ કર્યું જે આજે પણ પોતાની સુંદર અને નાજુક કોતરણી માટે વિશ્વવિખ્યાત છે. આજ વિમલે બંધાવેલ બીજા બે મંદિરોનો ઉલ્લેખ કવિ મેહા (ઈ.સ. ૧૪૪૩) પોતાની રચનામાં કરે છે. જેમાનું એક મંદિર શત્રુંજય ઉપર આવેલ વિમલવસહી છે તો બીજું કુંભારિયાનું છે. સોલંકી રાજા કર્ણદેવના પ્રધાનમંત્રી શાંતુએ અણહિલ પાટણ અને કર્ણાવતી (અમદાવાદ)માં શાંતુ વસતિકા બંધાવી. બીજા મંત્રી મંજુલે ઈ.સ.૧૦૯૩ની આસપાસ અણહિલ પાટણમાં મંજુલવસતિની સ્થાપના કરી. આજ કાળ દરમ્યાન ઉદયન મંત્રી (ઈસ.૧૦૯૩) એ પણ કર્ણાવતીમાં ઉદયન વિહાર અને સ્તંભતીર્થ (ખંભાત)માં ઉદયન વસતિનું નિર્માણ કર્યું. એટલું જ નહિ ઈ.સ.૧૧૧૯માં ધવલકા (ધોળકા)માં જિન સિમંધરના મંદિરની નિર્મિતિ કરી. એજ વર્ષે મંત્રી સોલંકીએ અણહિલ પાટણમાં સોલંકી વસ્તી બંધાવી. સોરઠના દંડનાયક સજ્જને ઈ.સ.૧૧૨૯માં ગિરનારપર્વત ઉપર આવેલ પ્રખ્યાત નેમિનાથ મંદિરનું નિર્માણ કર્યું. કુમારપાળના મંત્રી પૃથ્વીપાલે અણહિલ પાટણમાં સ્થિત વનરાજ વિહાર, દેલવાડાના વિમલવસહી તેમજ ચંદ્રાવતીના નિન્નયામંદિરમાં મંડપો ઉમેરાવ્યા. નવા મંદિરોની સાથે જૂનાં મંદિરોનો જિર્ણોદ્ધાર તેમજ એની જગ્યાએ નવાં મંદિરો પણ બંધાતા હતા. ઈ.સ. ૧૧૫૬ની આસપાસ ઉદયન પુત્ર મંત્રી વાગભટ્ટે શત્રુંજય સ્થિત જૂના આદિનાથ મંદિરની જગ્યાએ નવું મંદિર બંધાવ્યું અને ઈ.સ.૧૧૬૭માં ધોળકાના ઉદયનવિહારમાં વધારો કર્યો. એના ભાઈ અંબ્રાભટ્ટે ઈ.સ.૧૧૬૬માં ભૃગુકચ્છ (ભરૂચ)માં આવેલ સકુનિ ચૈત્યની જગ્યાએ નવા ભવ્યમંદિરનું નિર્માણ કર્યું.

ધાર્મિક કાર્યો કરવાના ઉત્સાહી બે વાઘેલા ગુણવાન ભાઈઓ વસ્તુપાલ અને તેજપાલ એમણે કરેલ કાર્યો અને દાન માટે પ્રખ્યાત છે. એવી માન્યતા છે કે એમણે ૫૦ થી વધારે મંદિરોનું નિર્માણ કરેલ છે જેમાંના નોંધપાત્ર છે - શત્રુંજય ઉપર સ્થિત વસ્તુપાલે બંધાવેલ આદિનાથ મંદિર, સામેનો ઈન્દ્રમંડપ અને બીજા ૬ મંદિરો, વસ્તુપાલવિહાર (ઈ.સ.૧૨૩૧), ગિરનારપર્વત પરનું પાર્શ્વનાથમંદિર, ધોળકાનું શત્રુંજય અને કર્ણાવતીમાં નંદીશ્વરદીપ

ચૈત્ય, ધોળકા, ગિરનારપર્વત, દેલવાડા (ઈ.સ.૧૨૩૨)માં નેમિનાથ મંદિર અને પ્રભાસમાં આદિનાથ મંદિરનું નિર્માણ કર્યું. ઉપરાંત પોતાના પિતાની યાદમાં અણહિલપાટણમાં અસરાજવિહાર અને માતા કુમારદેવીની યાદમાં દર્ભાવતી (ડભોઈ) અને કેમ્બે ખંભાતમાં એક એક મંદિર બંધાવ્યું.

ભદ્રાવતીના જગડુશા અને માંડવગઢના પેથડશા એ બેઉ ઉત્સાહી હતા અને અનુક્રમે ઢાંક, વર્ધમાન, શત્રુંજય અને પ્રભાસ, ધવલકા (ધોળકા), સંકલ્પપુર (સલક્ષણપુર) અને શત્રુંજય ઉપર મંદિરોની નિર્મિતિ કરી.

સંશોધન મુજબ રાજસ્થાનમાં ઈ.સ. ૮ થી ૧૦ શતાબ્દીમાં ગુજરાતથી વધારે જૈન મંદિરોને દાન મળેલ છે પરંતુ ૧૦ મી શતાબ્દી પછી ગુજરાતના જૈન ક્ષેત્રમાં વધારે કાર્ય થયું છે.

જૈનધર્મ વિશ્વકર્તામાં માન્યતા રાખતો નથી. એટલે એના મંદિરો પણ ૨૪ તીર્થંકરોમાંના કોઇપણ એક, કે તેનાથી વધારને અર્પણ કરેલ હોય છે. ઋષભ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર એ ૨૪ તીર્થંકરોમાંથી સહુથી લોકપ્રિય છે. એ એમના મંદિરોની સંખ્યા પરથી જણાય છે. એના પ્રમાણમાં અજિતનાથ, શાંતિનાથ અને સંભવનાથ, ચંદ્રપ્રભુના મંદિરો ઓછાં છે અને બાકીના તીર્થંકરોના મંદિરો નહિવત જ મળે છે. મંદિરોની આજુબાજુમાં ૨૪, ૫૨,૭૨ અને ૮૪ દેવકુલિકાઓ હોય છે જેમાં બીજા તીર્થંકરોની મૂર્તિઓ સ્થાપી એમને માન અપાય છે. આના પછીના વર્ગમાં શાસનદેવતા કે જે તીર્થંકરોના સેવકો છે - યક્ષ-યક્ષિણીના રૂપમાં એનો સમાવેશ આપણે દરવાજા ઉપર ઘણીવાર મૂળનાયકની પ્રતિમાજી ઉપર જોઈએ છીએ. આમાં પણ અંબિકા અને ચક્રેશ્વરી એ પશ્ચિમભારતમાં વધારે લોકપ્રિય છે અને પ્રમાણમાં યક્ષ સાથે વધારે મળે છે. આબુના વિમલવસહીમાં તો એક આખી છત-છજ્જા ગજલક્ષ્મી માટે છે વિનાયકની મૂર્તિ ઓછા પ્રમાણમાં મળે છે પરંતુ ૮ દિક્પાલો પોતાની દિશા પ્રમાણે મંદિરની દિવાલના ખૂણાઓ ઉપર વિપુલ પ્રમાણમાં મળે છે.

શક્ર (ઈંદ્ર)ના સેવક નૈગમશ એ ખૂબ લોકપ્રિય છે. એવી માન્યતા પ્રચલિત છે કે મહાવીર ભગવાનનો ગર્ભ બ્રાહ્મણી સુનંદાના પેટમાંથી ક્ષત્રિયાણી ત્રિશલાના પેટમાં નૈગમેશ જ બદલ્યો હતો. આ કથા શ્વેતાંબર સાહિત્યમાં ઘણીવાર મળે છે અને પશ્ચિમ ભારતનાં મંદિરોમાં ઘણી જગ્યાએ આનું રેખાંકન થયું છે.

મંદિરોના નિર્માણકાર્યમાં મોટે ભાગે સ્થાનિક વસ્તુઓનો જ ઉપયોગ થયો છે. આરસપહાણ અને સેન્ડસ્ટોન એ બે વસ્તુઓ પશ્ચિમભારતના મંદિર નિર્માણમાં વધારે લોકપ્રિય હતી - એમાં એક અપવાદ છે ગિરનાર સ્થિત નેમિનાથનું મંદિર કે જે કાળા બેસોલ્ટના પથ્થરથી બંધાયેલ છે.

અનુકૂળ વાતાવરણ જગ્યાનું ધાર્મિક મહત્ત્વ એ બધી વાતનો ખ્યાલ મંદિર બાંધતા વિચારતા. ધાર્મિક મહત્ત્વ પ્રાપ્ત થવાનાં અનેક કારણો છે. નીચે આપેલ જગ્યાઓને જૈન લોકો પોતાનું તીર્થક્ષેત્ર માને છે -

૧) તીર્થંકરનું જન્મસ્થાન
૨) તીર્થંકરે જે સ્થળે સંસારનો ત્યાગ કર્યો હોય અને તપશ્ચર્યાનો પ્રારંભ કર્યો હોય
૩) જ્યાં જ્યાં તીર્થંકરોએ મોટી તપશ્ચર્યા કરી હોય
૪) તીર્થંકરને જ્યાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હોય
૫) તીર્થંકરને જ્યાં મોક્ષપ્રાપ્તિ થઈ હોય
૬) જ્યાં આચાર્યો અને મુનિઓએ નિવાસ કર્યો હોય અને નિર્વાણ પ્રાપ્ત કર્યું હોય
૭) એ જગ્યા કે જે મંદિર અને મૂર્તિ માટે પ્રખ્યાત છે. મંદિર એ સુંદરતા, સુશોભન, બારીક કોતરણી કે મૂર્તિની સુંદરતા અથવા તો કોઈ ચમત્કારિક ઘટનાને લીધે પ્રખ્યાત થાય છે.

દિગંબર આ પવિત્ર સ્થાનોને બે વર્ગમાં વિભાજિત કરે છે - સિદ્ધક્ષેત્ર કે જ્યાં જિન અથવા મુનિને નિર્વાણ પ્રાપ્ત થયું હોય અથવા તો અતિશય ક્ષેત્ર કે જે અમુક કારણોસર પવિત્ર છે. આ વિભાજન શ્વેતાંબરમાં નથી મળતું - ઈ.સ.૧૪મી શતાબ્દીમાં રચાયેલ શ્વેતાંબરના વિવિધ તીર્થકલ્પ કે જેમાં ભારતભરના જૈન તીર્થોનું વર્ણન છે એ આ બાબતમાં ચૂપ છે.

શત્રુંજય, ગિરનાર, તારંગા એ વસ્તીથી દૂર શાંત પવિત્ર વાતાવરણમાં હોવાથી ઘણા પ્રખ્યાત થયા અને ખૂબ મહત્ત્વના સ્થાન બની ગયા જેને લીધે અહીં દાન પણ ખૂબ મળેલ. આબુ પર્વતનો તો લાંબો ધાર્મિક ઈતિહાસ હોવાથી ત્યાં ઘણા જૈન મંદિરો બંધાયા. રાજનૈતિક કેન્દ્ર હોવાથી ઘણી જગ્યાએ હિંદુ-જૈન મંદિરોનું નિર્માણ થયું - વ્યાપરના રસ્તા ઉપર પણ મંદિરો બંધાયા.

જૈનમંદિરોનો વિચાર કરતાં જ નજર સામે વિશ્વવિખ્યાત દેલવાડા, રાણકપુર કે કુંભારિયાનાં મંદિરો જ તરે છે ાને એ સાથે જ મનમાં પ્રશ્નોની હારમાળા શરૂ થાય છે - પશ્ચિમ ભારતનું જૈન મંદિર શું છે? એની રચના શું છે? અને એમાં ખાસ જૈન એવું શું છે? આગળ જણાવ્યા પ્રમાણે શરૂઆતના બધાં જ મંદિરો લગભગ સરખા જ હતા. ૮મી સદીમાં જૈન આગમની રચના થઈ પરંતુ હજી શિલ્પનો વિકાસ થયો ન હતો. સમયની સાથે સાથે જૈન લોકો અને ધાર્મિક વિધિની જરૂરિયાત પ્રમાણે શિલ્પશાસ્ત્રનો વિકાસ થતો ગયો અને ૧૩મી સદીની પછી આપણને જૈન મંદિરની જુદી રચના નજર સામે આવી કે જે જૈન શિલ્પ તરીકે ઓળખાણી.

**શિલ્પ**

પશ્ચિમ ભારતના જૈનમંદિરો શિલ્પ અને સુશોભનમાં સમૃદ્ધિથી છલકાય છે. લગભગ બધાં જ મંદિરો અંદરથી તો ખૂબજ

સુંદર રીતે કોતરણી અને નકશીથી શણગારેલા છે. આ શિલ્પો - એની શૈલીથી આપણને એ મંદિરનો સમયકાળ ઠરાવવામાં મદદ કરે છે. દેલવાડા, રાણકપુર, કંઈક અંશે કુંભારિયા આ બધાં મંદિરોની કોતરણી અને શિલ્પકામ - કોઈ પણ પ્રવાસી માટે આનંદદાયક છે. આ શિલ્પો ધાર્મિક અને પરંપરાગત મૂર્તિઓ છે જ પરંતુ સાથે એની નાજુક કોતરણી - ખાસ કરીને એના ગોળાકાર શરીરના ઝીણા વળાંકમાં કલાકારનું કૌશલ્ય ખરેખર વખાણવાલાયક છે. આરસપહાણના મંદિરો ઘણીવાર એક ધારા નીરસ લાગે છે અને ઘણીવાર વિપરીત ટીકા પામેલ આ મંદિરો આપણા ભવ્ય ભૂતકાળના અજાયબીભર્યા સુંદર વાસ્તુ હતા. ઘણી જગ્યાએ સ્થપતિએ જુદા શેડવાળા પથ્થરને પસંદ કર્યા જેનાથી શિલ્પની સુંદરતામાં તો વધારો થાય છે પરંતુ પ્રકાશ અને અંધારા (લાઈટ એન્ડ શેડ)ની રચનાથી આ મૂર્તિની સુંદરતામાં જાણે ચાર ચાંદ લાગે છે. સુંદર નાજુક નકશીવાળા તોરણ, ઝીણવટભર્યું કોતરણીકામ, સુંદર શિલ્પ અને મનને શાંતિ આપતું શાંત આહ્લાદક વાતાવરણ આ બધાની અસરથી પ્રવાસી પોતાનો થાક વિસરી મનમાં એક પ્રકારનો સંતોષ લઈને જ પાછો ફરે છે.

પશ્ચિમ ભારતના જૈન મંદિરોમાં જુદા જુદા પ્રકારના શિલ્પો મળે છે. આ શિલ્પોને આપણે ૬ વિભાગોમાં વિભાજિત કરી શકીએ છીએ.

પહેલા વિભાગમાં આપણે જિનમૂર્તિઓનો સમાવેશ કરશું - જૈનમંદિર પણ હિંદુમંદિરની જેમ જ એક અથવા એનાથી વધારે તીર્થંકરોને અર્પણ કરેલ હોય છે. આ તીર્થંકરો - જે ખૂબ પૂજ્ય અને પ્રિય છે એ શાસ્ત્રોમાં વર્ણવેલ વર્ણન પ્રમાણે જ પૂર્ણ ગોળાકારમાં એ સમયની પ્રાદેશિક શૈલી અને ધાર્મિક મત પ્રમાણે જ કોતરાય છે. જિન ભગવંતની મૂર્તિઓ ફક્ત ગર્ભગૃહમાં જ મળે એવું નથી. મંડપોમાં, દેવકુલિકાઓમાં, લલાટબિંબ અને લીન્ટેલમાં, છત કે છજ્જા ઉપર પણ જિન ભગવંતની મૂર્તિ હોઈ શકે છે. ગોખલામાં તો લગભગ જિનભગવંતની જ મૂર્તિ હોય છે. શિખર કે થાંભલાઓ ઉપર તો જિનમૂર્તિ નથી હોતી પણ અપવાદરૂપે કોઈવાર મળે છે એવી જ રીતે પરસાળની દીવાલ ઉપર કોઈક વાર જિનમૂર્તિઓ મળે છે. જિન ભગવંત લગભગ પદમાસનમાં બેઠેલા કે પછી એકદમ સીધા અને ધ્યાનમુદ્રામાં હાથ અથવા તો કાયોત્સર્ગ મુદ્રામાં ઉભેલા મળે છે. જિનભગવાનની મૂર્તિ શ્વેતાંબરની હોય તો ફક્ત નીચેનું જ વસ્ત્ર હોય છે અને દિગંબરની હોય તો પૂર્ણ વિવસ્ત્ર જ હોય છે. મૂર્તિ ઉપર કોઈવાર છત્ર હોય, શણગારેલ પરિકર-પ્રભાચક્ર હોય છે જેમાં જિનસેવકો, ચમરધારી, હાથી, મકર કે વ્યાલા, જેવા પશુઓ કે ઘણીવાર ઊડતી આકૃતિઓ, યક્ષ-યક્ષિણીઓ પણ હોય છે. પાર્શ્વનાથ ભગવાનના શિર ઉપર ફણાનું છત્ર હોય છે. આની પાછળ એક દંતકથા છે. પરિકર ઉપર ઘણીવાર બીજા જિન ભગવંત હોય છે. જેનાથી મૂર્તિને નામ મળે છે. દા.ત. જો મૂર્તિમાં કુલ ત્રણ તીર્થંકર હોય તો એ મૂર્તિ ત્રિતીર્થી, પાંચ હોય તો પંચતીર્થી, જો ૨૪ હોય તો ચોવીસી તરીકે ઓળખાય છે. જિનમૂર્તિ ઉપર લાંછન કે ચિન્હ હોવું જરૂરી છે. નહિ તો એ કયાં તીર્થંકરની મૂર્તિ છે એ ઓળખવું ખૂબ મુશ્કેલ છે. કેમકે જૈન મૂર્તિશાસ્ત્રમાં પ્રત્યેક તીર્થંકરના કંઈ વિશિષ્ટ લક્ષણો નથી. ઈ.સ.૧૪મી સદી પછી મૂર્તિઓ લગભગ એક સરખી જ બનતી હતી અને એનો વિકાસનો અભ્યાસ કરવો એ મુશ્કેલ થઈ ગયું. ઘણીવાર મંદિરમાં મૂળનાયકની મૂર્તિ મંદિરની નથી હોતી પરંતુ બીજે જ ક્યાંયથી મળેલ મૂર્તિ પણ સ્થાપેલી હોય છે અને આને લીધે મૂળ મંદિર કયા તીર્થંકરનું હતું એ નક્કી કરવું મુશ્કેલ થઈ જાય છે.

જૈન શાસ્ત્રોમાં કથાનો વિપુલ ખજાનો છુપાયેલો છે. આ કથા પ્રસંગો જૈન મંદિરોની છતો ઉપર તેમજ દિવાલ ઉપર કોતરવામાં આવે છે અને લોકોને એનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. તો બીજા પ્રકારના શિલ્પોમાં આ કથાપ્રસંગોવાળા શિલ્પો સ્થાન પામે છે. આ વર્ગમાં તીર્થંકરોના પંચ કલ્યાણક - એટલે કે તીર્થંકરના આયુષ્યના પાંચ મુખ્ય પ્રસંગો - ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ - ખૂબ જ લોકપ્રિય છે. ઘણાં મંદિરોમાં આપણને જુદા જુદા તીર્થંકરોના પંચકલ્યાણક કોતરેલા જોવા મળે છે કુંભારિયાના મંદિરમાં આની ખૂબજ સુંદર કોતરણી આપણને દેખાય છે. આ ઉપરાંત ઉપસર્ગ, ભાવંતરા એટલે જિંદગીના દૃશ્યો, ૨૪ તીર્થંકરો ભૂત વર્તમાન ભવિષ્યના માતા-પિતા, આચાર્યો, એમના શિષ્યો, કૃષ્ણજન્મ, આર્દ્રકુમારની કથા, ભરત-બાહુબલીની લડાઈ, કૃષ્ણે કરેલ કાલિયા મર્દન, સમુદ્રમંથન, ગોકુળમાં કૃષ્ણ, તેમજ રામાયણ-મહાભારત વગેરેમાં ભરત બાહુબલીની વગેરે એમ ઘણી કથા આપણી આંખ સામે તાદશ થાય છે. આબુના મંદિરમાં લડાઈ આખા છજ્જામાં કોતરેલ છે.

દૈવત્વવાળા - એટલે કે યક્ષ-યક્ષિણી, વિદ્યાદેવી, દિકપાલ, પ્રતિહાર, વિનાયક, સરસ્વતી, લક્ષ્મી, ગણેશ, નૃસિંહ, વિષ્ણુ, વીરભદ્ર, ગંગા, યમુના વગેરેએ ત્રીજા પ્રકારના શિલ્પમાં આવે છે. જો કે જૈનમંદિરોમાં ગંગા-યમુના ખાસ કરીને મળતા નથી. આ શિલ્પો આપણને ગર્ભગૃહની બહાર પોતાના ચિન્હો સાથે હોય છે. આ શિલ્પો પદ્માસન, લલિતાસનમાં બેઠેલ કે પ્રભંગ અથવા ત્રિભંગમાં ઊભા હોય છે. ઘણી વાર નૃત્ય પણ કરતા હોય છે. આ શિલ્પોના અંગ ઉપર ખૂબ મોટા પ્રમાણમાં દાગીના હોય છે. ઘણી વાર નૃત્ય પણ કરતા હોય છે. આ શિલ્પોના અંગ ઉપર ખૂબ મોટા પ્રમાણમાં દાગીના હોય છે. જેમકે મુકુટ (કરંડ અથવા કિરીટ), કાનમાં કર્ણકુલ વગેરે, ગળામાં જુદી જુદી જાતની માળાઓ, હાથમાં કડા, પોંચી, કમર પટ્ટો, કંદોરો, ઝાંઝરા વગેરેથી શણગારેલ

છે. જુદા જુદા પ્રકારના દાગીના સુંદર રીતે કોતરેલ છે.

ચોથા પ્રકારના શિલ્પોમાં અપ્સરાનો સમાવેશ થાય છે. આ સ્વર્ગીય અપ્સરાઓની મૂર્તિ હંમેશાં સુંદર હોય છે જેના અંગ ઉપર ભરપૂર દાગીનાઓ છે અને એની કલ્પનાપૂર્વક કોતરણી કરેલ છે એ જુદા જુદા આકર્ષક અંગસ્થિતિ (પોઝ)માં મંદિરની અંદર-બહાર બેઉ જગ્યાએ મળે છે. કુંભારિયાના મંદિરની દિવાલ પરની અપ્સરાઓ તો કારીગરીના કૌશલ્યનો એક ઉત્તમ નમૂનો છે. કારીગરની કલા કૌશલ્યનો ખ્યાલ આપણને એના ભરાવદાર ઢેકા, પાતળી લચકદાર કમર, ભરેલી છાતી, અને લટકાળા દેખાવ પરથી આવે છે. કલાકારના બારીકાઈભર્યા અવલોકન અને કોતરણીને દાદ દેવી જોઈએ.

વિદ્યાધર, કિન્નર, નૈગમેશ એ બધા પાંચમાં પ્રકારના શિલ્પોમાં આવે છે. વિદ્યાધર એટલે મનુષ્યના રૂપમાં અલૌકિક શક્તિવાળા દેવ, કિન્નર અને નૈગમેશ એ મેળવણી (કંમોપીઝીટ) આકૃતિ તરીકે કોતરેલ હોય છે. નૈગમેશને સાધારણ બકરીના મુખ સાથે દેખાડે છે. શ્વેતાંબર માન્યતા પ્રમાણે ભગવાન મહાવીર ગર્ભનો ફેરફાર બ્રાહ્મણી સુનંદાના પેટમાંથી ક્ષત્રિયાણી ત્રિશલાના પેટમાં નૈગમેશે જ કરેલો. કિન્નરો એટલે મનુષ્યના ધડ અને પશુ કે પંખીઓના મોઢા સાથેનો જીવો આ લગભગ શણગારેલા મોટીફમાં ઉડતા કે એમાંથી નકશી રૂપે નીકળતા દેખાડે છે.

છઠ્ઠા પ્રકારમાં પરચુરણ વિષયોનો સમાવેશ થાય છે. આમાં સામાન્ય સ્ત્રી-પુરૂષો, પશુ-પંખીઓ, કીર્તિમુખ, નાગ, વ્યાલા, મકર વગેરેનો સમાવેશ થાય છે. મનુષ્ય એના સાધારણ રૂપમાં એ સમયના ઝવેરાત તેમજ કપડાથી શણગારેલ દેખાડે છે. મકર એ સાધારણ રીતે તોરણ સાથે સંકળાયેલ છે.

મૂર્તિશાસ્ત્રની વાત કરીએ તો હિંદુ દેવતાઓની મૂર્તિઓ પ્રમાણે જ જૈન દેવતાઓની મૂર્તિ તૈયાર થાય છે પાર્શ્વનાથ કે જે ફણા સાથે અને ઋષભાથ કે જે ધુંધરાળા વાંકડિયા વાળ સાથે કોતરેલ છે એના સિવાય બાકીનાં ૨૨ તીર્થંકરને લાંછન કે ચિન્હ સિવાય ઓળખવા મુશ્કેલ છે પરંતુ લાંછન દેખાડવું એ સમયની સાથે સાધારણ વાત થઈ ગઈ હતી. એટલે જિન ભગવંતને ઓળખવાનું કામ સહેલું થઈ ગયું.

જિન મૂર્તિઓ સિવાય - યક્ષ-યક્ષિણી, ૧૬ વિદ્યાદેવી, આઠ દિક્પાલ, સરસ્વતી, લક્ષ્મી, વિદ્યાધર, નૈગમેશ, વિનાયક, કિન્નર, ગંગા, યમુના, દેવી શ્રી અને અષ્ટમંગલ (આઠ માંગલિક વસ્તુઓ) જેમકે સાથિયો, શ્રીવત્સ, નંદાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કળશ, દર્પણ, અષ્ટાપદ આ સર્વસાધારણપણે જૈન મંદિરમાં મળે છે.

જૈન મૂર્તિશાસ્ત્ર, મૂર્તિના આયુધો બાબત એક મત નથી. ઘણી દેવીઓ એના પ્રખ્યાત આયુદ્યોથી તરત જ ઓળખાઈ જાય છે. જેમકે દેવી અંબિકા - એ હંમેશાં આંબાના ઝાડ અને બાળક સાથે સંકળાયેલ છે, જ્યારે ચક્રેશ્વરીના હાથમાં ચક્ર હોય છે, વ્રજકુંશીના હાથમાં ચક્ર અને પરોણી, વ્રજશૃંખલાની સાથે સાંકળ, મહાજ્વાલાના હાથમાં કુંભ - આ સામાન્ય આયુધો છે. વિદ્યાદેવી અને યક્ષિણીઓના હાથમાં ઘણી વાર સરખા જ આયુધો હોવાથી એમને ઓળખવા ખૂબ જ મુશ્કેલ થઈ જાય છે. પરંતુ જિન ભગવંતની સાથે એમના સેવક તરીકે યક્ષ-યક્ષિણી આવે છે ત્યારે એમને ઓળખવા સહેલા થઈ જાય છે.

જૈન મંદિરોમાં વિદ્યાદેવી મહાવિદ્યાદેવીઓની આકૃતિ ખૂબ સાધારણ વાત છે. આ વિદ્યાદેવીઓ એટલે રોહિણી, પ્રજ્ઞાપતિ, વ્રજશૃંખલા, વ્રજકુંસી અપ્રતિચક્ર, નરદત્તા, કાલી, મહાકાલી, ગૌરી, ગાંધારી, મહાજ્વાલા, માનવી, વૈરોટયા, અચ્છુપ્તા, માનસી અને મહામાનસી. આ બધી વિદ્યાદેવીઓને પોતાનું વાહન છે. પણ કોઈ જગ્યાએ આ વાહન બદલાયેલું પણ દેખાડે છે. દા.ત. વૈરોટ્યાના વાહન તરીકે લગભગ બળદ હોય છે પરંતુ ઘણી જગ્યાએ એના વાહનના રંગ મંડપની છત ઉપર બ્રેકેટ મૂર્તિ તરીકે અને કોરીડોરમાં પણ બધી જ ૧૬ દેવીઓ કોતરેલ હોય છે.

આઠે દિશાના રક્ષક દિક્પાલ પણ હિંદુ મંદિરના દિક્પાલની સરખા જ છે. કુંભારિયાના નેમિનાથ મંદિરમાં બધા જ એટલે ૮ દિક્પાલ એના દિશાના સ્થાન પ્રમાણે બરોબર કોતરેલા છે આમ આપણને કુબેર અને ઈશાન એ ઈશાન ખૂણામાં, ઈન્દ્ર અને અગ્નિ એ અગ્નિ દિશામાં, યમ અને નિરુતિ એ નૈઋત્ય દિશામાં તો વરુણ અને વાયુ એ વાયવ્ય દિશામાં મળે છે આ દિકપાલ સાધારણ રીતે એમના વાહન સાથે કોતરેલ હોય છે. વિમલવસહી મંદિરમાં યમ એ લેખની-કલમ સાથે કોતરેલ છે જે એક અસાધારણ રજુઆત છે.

વિદ્યાધર લોકપ્રિય હોવા છતાં મૂર્તિશાસ્ત્રમાં એનું મહત્ત્વ એટલું નથી. લગભગ છત-છજ્જા ઉપર નહિ તો બ્રેકેટ મૂર્તિ તરીકે હોય છે. નૈગમેશને હંમેશાં બકરીમુખવાળો દેખાડાય છે - જે રીતે હિંદુ મૂર્તિમાં હોય છે.

પંચકલ્યાણનાં દૃશ્યો લગભગ બધે જ સરખી રજુઆત પામેલ છે. ચ્યવનકલ્યાણમાં જિનમાતા સૂતેલા દેખાડેલ છે અને એની બાજુમાં ૧૪ શુભ વસ્તુઓ કે જે એના સપનામાં દેખાય છે તે મુકેલ હોય છે. જન્મકલ્યાણકમાં શક્ર (ઈન્દ્ર)ના ખોળામાં તીર્થંકર બેસેલ છે અને એને સ્નાન કરાવે છે, દીક્ષા કલ્યાણકમાં જિન પોતાના વાળ ખેંચતા અને કાયોત્સર્ગ મુદ્રામાં દેખાય છે જ્યારે સમવસરણની રચના એ જ્ઞાન કલ્યાણકની રજુઆત કરે છે. નિર્વાણ કલ્યાણકમાં તીર્થંકર સમવસરણની મધ્યભાગમાં ધ્યાન મુદ્રામાં બઠેલા દેખાડે છે.

શરૂઆતના કાળમાં મૂર્તિશાસ્ત્ર પ્રમાણેના શિલ્પો સ્પષ્ટ દેખાય છે અને પછી મધ્યયુગમાં લગભગ એક સરખી જ મૂર્તિઓ જોવા

મળે છે. પછી તો પરંપરાગત શાસ્ત્ર પ્રમાણેનાં શિલ્પો કોતરેલા મળતા નથી. બાકીનામાં પરચુરણ મૂર્તિઓ જ વધારે છે. મૂળનાયકની પ્રતિમા સિવાય બીજી મૂર્તિઓની સુંદરતા ઓછી થતી જાય છે અને એના કદ અને બીજી વિગતોમાં પણ ઘટાડો થતો ગયો છે. વળાંક રહ્યા છે પરંતુ એની અને ગોળાકારની મોહકતા ખોવાઈ ગઈ છે.

## ધાતુ પ્રતિમા

પ્રાચીન કાળથી ભારતમાં ધાતુ ઉપર કામ કરવાની કળા પ્રચલિત છે. વૈદિક આર્યોના ઘર અને પૂજા માટે આયસ (કદાચિત તાંબુ)નાં વાસણ બનાવતા તેમજ સોનાના અલંકાર પણ વાપરતા. કાચી ધાતુ ગાળવા ભઠ્ઠીનો ઉપયોગ કરતા.

ઈ.સ.૧૨ મી સદીના વાસુનંદી, પોતાના શ્રાવકાચારમાં કહે છે કે તીર્થંકર અને સિદ્ધ કે આચાર્યની મૂર્તિઓ મૂર્તિશાસ્ત્રમાં કહેલ (પદિમ્-લાખન-વિધિ) વિધિ પ્રમાણે રત્નો, સોનું, મણિ, ચાંદી, પિત્તળ, મોતી અને પથ્થરમાંથી બનાવવી. વાસુબિંદુ પોતાના પ્રતિષ્ઠા પથમાં ઉપરની યાદીમાં સ્ટફિકનો ઉમેરો કરે છે. જિનની નીચે મોટી કમળ - બેઠક અને એના ઊંચા ઉઠતા કમળવાળી મૂર્તિની ઘણી પ્રશંસા થાય છે. દિગંબર લેખક અસરધારા (ઈ.સ.૧૨ મી શતાબ્દી) સોના, ચાંદી, પિત્તળ કે કાસ્ય, તેમજ રત્નો, પથ્થર અને લાકડાનો ઉપયોગ મૂર્તિ બનાવવા માટે કરવાનું કહે છે.

મધ્યયુગના જૈન સાહિત્ય જેમકે આચાર દિનકર (ઈ.સ.૧૪ મી શતાબ્દી) માં જેમાંથી મૂર્તિ બનાવી શકાય એવી મોટી યાદી આપેલ છે. એના પ્રમાણે સોનાની મૂર્તિ, ચાંદી કે તાંબાની મૂર્તિ બનાવી શકાય, પરંતુ કાંસા, સીસા અને પતરાની મૂર્તિ ન બનાવી શકાય. કોઈવાર પિત્તળ વાપરી શકાય પરંતુ મિશ્ર ધાતુ ન વપરાય. પુસ્તકમાં હજી કહ્યું છે કે ધાતુ કે સ્ટકોની મૂર્તિ જો તૂટી જાય તો એનું સમારકામ કરીને પૂજામાં વાપરી શકાય છે. પરંતુ લાકડા કે પથ્થરની મૂર્તિ જો તૂટી જાય તો એનું વિસર્જન કરવું એનું સમારકામ કરી પૂજામાં વાપરવી નહિ.

ગુરુની ગેરહાજરી દરમ્યાન એની નિશાનીની સ્થાપના કરવા જૈન શાસ્ત્ર અનુયોગદ્વાર કહે છે કે નિશાની લાકડાની (કથકમ્મા), ચિત્રકામ (ચિત્કામ), પ્લાસ્ટર (લેપકામ), ફૂલ અથવા ગુંથેલુ (ગંથિમા), અથવા કપડાની (વેદીમા), અથવા ભરેલા કાસ્ટ (પુરિમા), અથવા ઠોકરીને બનાવેલ (સમધૈમા) ધાતુ કામની હોવી જોઈએ. હરિભદ્ર એની ઉપર ટિપ્પણ કરતા કહે છે કે પુરિમા એટલે ભરિમન, એટલે કે પિત્તળની મૂર્તિ જેના ઘાટની અંદર પોલાણ છે. (પુરિમા ભરિમન) સાગરભરતી કડિભ્રીતા પ્રતિમા (વત). આના ઉપરથી સાફ થાય છે કે પુરિમા-ભરિમા એ લોસ્ટ વેક્સ રીતથી બનાવેલ મૂર્તિને જ સંબંધિત છે અને હરિભદ્ર હજી આગળ કહે છે કે એમાં કોર છે.

જૈન ધાર્મિક શાસ્ત્રોમાંથી એક અંગ નયાધમ્મકહોમાં રાજગ્રહના બેંકરની ચિત્રગેલેરીનો ઉલ્લેખ છે. એમાં કહેલ છે કે આ લાકડા કામ (કથાકમ્મ), સ્ટકો (પોયકમ્મા) અને પ્લાસ્ટરકામ (લેપકામ), ફૂલ અને છાબ (ગ્રંથિમા), ભરેલ, પોલી અને નક્કર ઢીંગલીઓ (પુરિમા-ભરિમા), કપડાંની મૂર્તિઓ (વેષ્ટિમા) અને ઠોકેલી મૂર્તિઓ (સમધૈયા)થી સુશોભિત છે.

આ શાસ્ત્રમાં રાજકુમારી મલ્લીની મોટી સોનાની મૂર્તિનો ઉલ્લેખ છે કે જે પછી તીર્થંકર થયા. આ મૂર્તિ પોલી હતી અને એમાં અન્ન ભરેલું હતું એને સડાવવામાં આવ્યું હતું. આનો મલ્લીએ ખૂબ સુંદર ઉપયોગ કર્યો. પોતાના હાથની માગણી કરનાર ને મલ્લીએ આ ઉદાહરણ દ્વારા સમજાવ્યું કે જેમ મૂર્તિ બહારથી સુંદર છે પરંતુ અંદરના સડેલા અન્નને લીધે ખરાબ વાસ આવે છે અને પાસે કોઈ જઈ શકતું નથી તેમ આપણું શરીર ભલે સુંદર હોય પરંતુ એની અંદર પણ નાશવંત વસ્તુઓ જ ભરી છે.

ઐતિહાસિક કાળની ધાતુપ્રતિમાઓમાંની પાર્શ્વનાથની જૂની મૂર્તિ છે જે હાલના છત્રપતિ શિવાજી વસ્તુસંગ્રહાલય - મુંબઈમાં છે. એના અવયવો લાંબા અને પાતળા છે, ચહેરો પુરાતન કે જેને જૂના ટેરાકોટાની મૂર્તિઓના કે હરપ્પન નૃત્યાંગના સાથે સરખાવી છે.

ઉત્તરભારતમાં ઈસુની શરૂઆતના સદીઓની કાંસ્ય ધાતુની મૂર્તિઓ બહુ ઓછી છે. કુષાણકાળ દરમ્યાન ધાતુ કામની માહિતી, બિહારના બકસર પાસે આવેલ ચૌસા કે જ્યાંથી ધાતુ મૂર્તિઓનો સંગ્રહ મળ્યો છે (હાલમાં પટના સંગ્રહાલયમાં છે એમાંથી મળે છે) એનો સમય છે ઈ.સ.ની પહેલી-બીજી શતાબ્દીથી ચોથી શતાબ્દી સુધીનો. બધી જ મૂર્તિઓ નગ્ન તીર્થંકરની છે. એ ઉત્તર ભારતના ધાતુ પ્રતિમાના અભ્યાસની ખાલી જગ્યા પૂરી કરે છે અને એમાંની ત્રણ મૂર્તિઓ ગાંધારકળાની અસર દેખાડે છે. ધર્મચક્ર એ ખૂબ જ રસપ્રદ છે. પાર્શ્વનાથની મૂર્તિ ઈ.સ.પૂર્વે ૧લી સદીના કાળમાં મૂકી શકાય છે.

પશ્ચિમ ભારતમાં આ શૈલી ઈ.સ. ૫મી સદીમાં શરૂ થઈ કે જેનું સૂચન આકોટાની જીવંતસ્વામીની મૂર્તિથી મળે છે જેનો સમય ઈ.સ. ૫૦૦ ની આસપાસ છે. ગળાની રેખા, હાથ અને મુકુટ એ બધા વહેલા ગુપ્તકાળના છે. ધોતીના મધ્યભાગમાં પાટલી અને ઉડતા છેડા છે અને એ શામળાજીની પથ્થરની શિવમૂર્તિ કરતાં ઓછું પારદર્શક છે. ઋષભનાથની કાસ્યમૂર્તિ જે જિનભદ્ર વચનાર્થે સ્થાપિત કરી હતી એ પણ ગુપ્તકાળની આકોટાથી જ મળેલ છે. એનો સમય ઈ.સ. ૫૦૦-૫૪૦ ની આસપાસનો છે જે ગુપ્તા શૈલીથી થોડી નવીનતા દેખાડે છે. પશ્ચિમ ભારતની બીજીસ, પહેલી મૂર્તિ એ નાગેશ્વરી સ્થાપિત જીવંતસ્વામીની ઊભી મૂર્તિ છે જેના પેડેસ્ટલ ઉપર લેખ છે. જેમાં ઈ.સ.૫૦૦ ના શબ્દ દેખાય છે. એ પણ આકોટામાંથી મળેલ છે.

સીરપુર (ખ.ડ.)માં, મુનિ શ્રી જિનવિજયજીના સંગ્રહમાં આવેલ સુંદર તારાની મૂર્તિ ઈ.સ.૯૦૦ની છે અને ગુપ્તકાળ પછીના ઉત્તરભારતની ઉત્તમ કારીગરી બેનમૂન નમૂના છે.

મહારાષ્ટ્રના આકોલા જિલ્લાના રાજનાપુર ખીનખીનીમાંથી ઘણી જૈન કાંસ્યમૂર્તિઓ પ્રાપ્ત થઈ છે.

જલગાંવ જિલ્લાના ચહારડી ગામમાંથી મળેલ ચોવીસીની મૂર્તિ, જે હાલમાં છત્રપતિ શિવાજી મહારાજ વસ્તુસંગ્રહાલયમાં છે અને જેની સ્થાપના જલવૃદ્ધમાંના ચંદ્રકુળના પ્રદ્યુમન આચાર્યના શિષ્યે કરી હતી એ રાષ્ટ્રકુટકામનો ઉત્તમ નમૂનો છે.

## ઓસિયા

ઓસવાલ વાણિયાનું જન્મસ્થાન ઓસિયા એ જોધપુર વાયવ્યમાં ૬૬ કિમી દૂર આવેલ નાનું પણ સુંદર રળિયામણું ગામ છે. જોધપુર - ફલોદી - જૈસલમેર સાથે ટ્રેનથી અને જોધપુર - ફલોદી સાથે બસથી સંકળાયેલ આ નાનકડી નયનરમ્ય જગ્યામાં ફક્ત બે જ ધર્મશાળાઓ છે. આ બેઉ ધર્મશાળા જૈનોની જ છે. એક મહાવીર મંદિરમાં અને બીજી સચિયામાતાના મંદિરમાં - અહીં જમવાનું પણ મળી જાય છે.

ઓસિયા - એ એક ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી જગ્યા છે જ્યાં ફક્ત જૈનોના જ નહિ હિંદુઓના પણ ઘણાં સુંદર અને મહત્ત્વનાં મંદિરો બંધાયેલ છે - આમાંના પ્રાચીન મંદિરોમાંના હરિહર, વિષ્ણુ, સૂર્ય, પીપળાદેવી, સચિયામાતાનાં મંદિરો કે જે સાધારણ ૮ થી ૧૦ શતાબ્દીના છે એ ઘણાં મહત્ત્વના છે. એમ કહેવાય છે કે એક કાળે ઓસિયામાં લગભગ ૧૦૮ મંદિરો હતા.

સિદ્ધસેનસૂરિ રચિત સકળતીર્થ સ્તોત્રમાં આ મહાવીર મંદિરનો ઉલ્લેખ આવે છે. પ્રતિહરા રાજા વત્સરાજાના સમય દરમ્યાન લગભગ ઈ.સ.૭૮૩-૯૨માં આ મંદિર બંધાયેલ હોવાની માન્યતા છે.

ઓસિયાના ઘણાં નામો છે જેમાંનાં જાણીતાં નામો - ઉપકેશા, ઉપકેશ - પાટણ, ઉશ્કેરા, મેલુપુર, પાટણ, નવતેરી વગેરે છે.

વિક્રમની ૧૪મી શતાબ્દીમાં લખાયેલ પુસ્તક ઉપકેશ - ગચ્છ પટ્ટાવલી આ મંદિરના બાંધકામનો ઈતિહાસ કંઈ આ રીતે જણાવે છે. વીર નિર્વાણ સંવત ૭૦માં ઉપાલદેવ રાજાના મંત્રી ઉહાડે આ મંદિર બંધાવેલ અને આચાર્ય રત્નપ્રભસૂરિજી (પાર્શ્વનાથ) શ્રી હારમાંના ૭માં) એ મહાવીર ભગવાનની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી, એની વાર્તા કંઈક આવી છે - ભિનમાળના રાજા ભીમસેન એક શક્તિશાળી રાજા હતા - એમને શ્રીપૂજ અને ઉપલવ નામના બે પુત્ર હતા - એક વાર આ બેઉ ભાઈઓમાં ઉગ્ર મતભેદ થતા, ઉપલદેવ રાજ્ય છોડીને ચાલી ગયા. મંડોવર નજીક ઓસિયા અથવા ઉપકેશની એમણે સ્થાપના કરી - આ સમયે ત્યાં કોઈ જૈન શ્રાવક-શ્રાવિકા ન હતા. ફરતા ફરતા એકવાર રત્નપ્રભસૂરિજી પોતાના ૫૦૦ શિષ્યગણ સાથે અહીં આવ્યા અને નજીકના લુણાદ્રી પર્વત ઉપર રહ્યા. રાજા અને પ્રજા બેઉ મુનિશ્રીના પ્રશંસક બની ગયા. એકવાર અહીંના રાજકુમારને સર્પદંશ થયો ત્યારે એને શ્રી રત્નપ્રભસૂરિજીએ સારા કર્યા. આ ચમત્કાર જોઈને રાજા અને લગભગ ૩ લાખ જેટલી પ્રજા અને ૮૪ હજાર રાજપૂતોએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો. ઉહાડ મંત્રીએ આ સમય દરમ્યાન આ મંદિરનું નિર્માણ કર્યું. બીજી એક લોકવાયકા અનુસાર રાજા ઉપલદેવે આ મંદિર બંધાવ્યું છે.

લોકવાયકા પ્રમાણે તો ભગવાન શ્રી મહાવીરની મૂર્તિ દૂધ અને રેતીની બનેલી હતી. ચામુંડાદેવીએ આ મૂર્તિ જમીનની નીચે બનાવેલ પરંતુ એમણે કહેલા સમયની પહેલા એને બહાર કાઢતા, મૂર્તિની છાતી ઉપર બે ગાંઠ આવી ગઈ છે.

મંદિરમાંનાં તોરણ, ખાંભ અને દેવકુલિકા ઉપરના લેખોથી મંદિરના બાંધકામ, સમારકામ વિશેની માહિતી મળે છે. આનું કામ કોણે અને ક્યારે કરાવ્યું એનો ઉલ્લેખ મળે છે. નળમંડપમાં ૨૮ લીટીનો શિલાલેખ છે જે રાજા વત્સરાજાની સ્તુતિ કરે છે અને કહે છે કે એ રાવણને મારનાર રામના ભાઈ લક્ષ્મણના વંશજ છે અને આ મંદિર એમણે બંધાવેલ છે. એમાં જિંદાક વ્યાપારીનો પણ ઉલ્લેખ છે કે જેમણે રંગમંડપ બંધાવી અને વિ.સ.૧૦૧૩માં મંદિરનો જિર્ણોદ્ધાર કર્યો. ભંડારકર આ મંદિરને ઈ.સ.૭૭૦-૮૦૦ના કાળમાં મૂકે છે.

**શિલ્પકામનું વર્ણન :-**

મૂળ પ્રસાદ જે ૭.૭૭ મીની પહોળાઈ વાળો છે એ પંચરથના નકશા ઉપર આધારિત ચોરસ ખંડ છે. જેમાં ભદ્ર, પ્રતિરથ અને કર્ણ એ ૪:૪:૧:૨ ના પ્રમાણમાં છે. આ મૂળ પ્રસાદ પીઠ ઉપર ટેકાયેલો છે. વેદીબંધ, મંદિરની નીચેની દિવાલ ગોખલાઓથી સુશોભિત છે. જેમાં કુબેર, ગજાભિષેક લક્ષ્મી, વાયુ, મિથુન, વગેરેની મૂર્તિ સ્થાપેલ છે. કપોતાએ લટકતી કળીઓની નકશીથી સુશોભિત કરેલ છે. એની ઉપર ગોખલામાં દિક્પાલ છે જે ચારેબાજુથી ઉદ્‌ગમોથી ઘેરાયેલો છે જેમાં ઈન્દ્ર, અગ્નિ, યમ, નિરુતી, ઈશાન, વરુણની મૂર્તિઓ છે. ગર્ભગૃહના ભદ્રને સુંદર નકશીદાર જાળીવાળી બાલ્કની - બારીથી સજાવેલ છે જે બે પ્લાસ્ટરથી જોડાયેલ છે. પ્લાસ્ટર ખૂબજ સુંદર રીતે કમળ, ઘટપલ્લવ, કીર્તિમુખ, ભૂંગળા કે જેની ઉપર તરંગપોટિકા છે એ નકશીઓથી સજાવેલું છે. પશ્ચિમ બાજુના ગોખલામાં ભૈરવની મૂર્તિ છે જે એક અસાધારણ વાત છે. કદાચ હજી આ લોકોએ નવો નવો જૈન ધર્મ અપનાવેલ એટલે પોતાના પહેલા ધર્મને હજી ભૂલી શક્યા નથી અને મંદિરના એક ગોખલામાં એની સ્થાપના કરી. એવી જ રીતે પશ્ચિમ પરિસરમાં એકબીજાને વીંટળાયેલા બે નાગની મૂર્તિ છે જે જૈન શ્રાવક પોતાના અધિષ્ઠાતા દેવ માનીને પૂજે છે.

મંદિરનું શિખર એ ૧૧મી સદીનું મરુશૈલીનું છે. જેમાં કર્ણ, શ્રૃંગ (મિનારા), ઉરશ્રૃંગ (ઢળતા શંકુ આકારના ઘુમ્મટ) અને મુખ્ય શિખરનો સમાવેશ થાય છે. મધ્યભાગમાં રથિકાને બદલે ગવાક્ષય (બાલ્કની) છે જે સાધારણ વાત છે.

ગૂઢમંડપમાં ભદ્ર અને કર્ણ છે અને વરંડિકા સુધી ગર્ભગૃહના મોલ્ડીંગનો હિસ્સો છે. જગા (દિવાલ)નો ભાગ એ યક્ષ, યક્ષિણી અને વિદ્યાદેવીની મૂર્તિઓથી સુશોભિત કરેલ છે. દિવાલ ઉપર સરસ્વતીની પુસ્તક સાથે, પાર્શ્વયક્ષ જેની ઉપર સાતફણાના સર્પનું છત્ર છે, અચુપ્તા, અપ્રતિચક્ર વગેરેની મૂર્તિઓ છે. ગૂઢમંડપમાં ફાંસના જાતનું શિખર છે જેના ઉપર નૃત્ય કરતાં વિદ્યાધર, સંગીત વગાડતા ગંધર્વ, ખૂણામાં યક્ષમૂર્તિઓ અને ભૂમિતિ તેમ વેલીની નકશીઓ છે. આગળના ભાગ ઉપર જિન અને યક્ષની મૂર્તિઓ છે.

મુખ મંડપનો હાલમાં જિર્ણોદ્ધાર થયો છે - પણ એ જૂની રચનાને ધ્યાનમાં રાખીને થોડા ફેરફાર સાથે કરેલ છે. આ ભાગના અંતમાં યક્ષિણી અને વિદ્યાદેવીની મૂર્તિઓથી સુશોભિત કરેલ છે. એની ઉપર કાલી, મહામાનસી, વરુણયક્ષ, સર્વાનુભૂતિ યક્ષ, આદિનાથ, અંબિકા, મહાવિદ્યા અને રોહિણી વગેરેની મૂર્તિઓ છે.

## ઘાણેરાવ મહાવીર મંદિર

રાણકપુરના નજીકના પરિસરમાં આવેલ આ મહાવીર મંદિર ઉત્તરમુખી છે અને એમાં ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ, ગૂઢમંડપ, ટ્રીકા મંડપ અને પોર્ચ (મુખ ચતુષ્કી)નો સમાવેશ છે. જેમાં પગથિયાં ચડીને જવાય છે અને સામે રંગમંડપ - ૨૪ દેવકુલિકા સહિત છે. આ પૂર્ણ ઈમારત ઊંચી જગતી ઉપર ઊભી છે અને તેની ચોતરફ ઊંચી દિવાલ ચણેલી છે.

ગર્ભગૃહ ચોરસ છે અને એને ભદ્ર તથા કર્ણ છે. મધ્યઆકૃતિ એ બહારની આકૃતિ છે અને પ્રદક્ષિણાપથ એ બહારમાં સુંદર શણગારેલા જાળીવાળા ઝરોખાથી સજાવેલ છે.

બહારમાં પડથાર એ ઘણા મોલ્ડીંગથી પારંપારિક રીતથી સજાવેલ છે અને ભદ્રમાંના ગોખલાઓમાં જૈન દેવ-દેવીઓ, યક્ષ-યક્ષિણીઓની મૂર્તિ છે, જેમાં મુખ્યત્વે પદમાવતી, ચક્રેશ્વરી, યક્ષ બ્રહ્મા, યક્ષ નિર્વાણી અને ગોમુખી એ પૂર્વથી પશ્ચિમ તરફ પ્રદક્ષિણાની વ્યવસ્થામાં ગોઠવેલ છે.

જંઘાની દિવાલના કર્ણ ઉપર (ખૂણામાં) દિક્પાલ, બાજુના રિસેસ ઉપર વ્યાલા છે જેને હાથીના બ્રેકેટનો ટેકો છે અને ઉપર ગંધર્વ અને અપ્સરા વિવિધ મુદ્રાઓમાં છે. ભદ્રબાલ્કનીમાં સુંદર શિલ્પો છે તો જાળીમાં કુદતા વ્યાલાની કોતરણી છે. ટ્રીકા મંડપમાં નીચાણ છે અને એમાં વિદ્યાદેવી, ગણ અને ઉત્તર, દક્ષિણમાં કુંભ પુરુષની મોટી મૂર્તિ છે. ૬ થાંભલા અને ૪ પ્લાસ્ટર સુંદર રીતે કોતરેલા છે.

મુખ ચતુષ્કીની સીડીની આજુબાજુમાં મોટી પેનલ છે જેમાં વિદ્યાદેવીઓની મૂર્તિ જેમકે વ્રજકુંશા અને યક્ષ ગોમુખ, બ્રહ્મા વગેરે કોતરેલ છે.

છત-ખૂબજ રસદાયક વિવિધતા દેખાડે છે. મુખ ચતુષ્કી એ સાધારણ છે જ્યારે ટ્રીકાની છત એ સમતલ જાતની છે જેમાં મધ્ય પદક એ વ્યાલા અને નૃત્યાંગના અને એરોબેટલના ગોળાસર હરોળથી સુશોભિત છે. ગૂઢ મંડપની છત એ સોલંકી પ્રકારની છે જેમાં દસ વીંટી આકારના ગોળાકાર મધ્યમાં આવેલ પદ્મ કેસર પદકમાં પૂરું થાય છે. દરેક વીંટી આકારના ગોળાકાર શણગારેલ છે જેના બ્રેકેટમાં અપ્સરા અથવા નાયિકા મનમોહક મુદ્રામાં કંડારેલ છે.

ગૂઢમંડપનો દરવાજો એ સુંદર પારંપારિક નકશી-ભાતમાં કોતરેલ છે.

## ઝાલરા પાટણ

### શાંતિનાથ મંદિર - ઝાલરા પાટણ

ઝાલરા પાટણના જૂના ગામમાં આવેલ પૂર્વમુખી શાંતિનાથ મંદિરમાં ગર્ભગૃહ અને અંતરાળ કે જે આરંભની વાસ્તુના છે એની આગળ ગૂઢમંડપ છે અને પોર્ચ કે જે પછીના સમયનો છે એનો સમાવેશ થાય છે. રચનામાં આ મંદિર પંચ-રથ અને નગરશૈલીના શિખરથી સુશોભિત છે. જેની પ્રમાણતા અને ચળકાટ એ એક ઉત્તમ નમૂનો છે. પડથાર કે જેના ઉપર મંદિર ઊભું છે એમાં સુંદર મોલ્ડીંગ છે જેના ગોખલામાં જિનમૂર્તિઓ કંડારેલ છે. દિવાલ ઉપર બે હરોળમાં ઊભા પૂતળાઓ છે.

શિખર પણ પાંચ રથનો છે. મંદિરમાંના આગળ પડતા મોલ્ડીંગ અને સુંદર નકશીવાળી કોતરણી અને શિલ્પોનો એક જુદો જ પ્રભાવ છે. આ શૈલી મુખ્યત્વે મધ્યભારતમાં દેખાય છે જ્યાં એ ઘણી લોકપ્રિય છે.

આ મંદિરનું નિર્માણ, શાહ પીપાએ ઈ.સ.૧૦૪૬માં કર્યું અને એની પ્રાણપ્રતિષ્ઠા ભવદેવસૂરિએ કરેલ છે.

હિંદુ તીર્થસ્થાન અંબાજી નજીક અને માઉન્ટ આબુથી ૨૨ કિમી ઈશાને આવેલો આ મંદિરોનો સમૂહ ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં આવેલો છે અને આરસના નામથી પ્રખ્યાત હતો. જેમાં અંબાજીનો પણ સમાવેશ થાય છે. કુંભારિયા અંબાજીથી ૨ કિમી દૂર છે અને અંબાજી, પૂર્ણ ગુજરાત સાથે એસટીથી જોડાયેલ છે. કુંભારિયામાં જૈન ધર્મશાળા છે જ્યાં જમવાનું પણ મળે છે.

હાલમાં અહીં ૬ મંદિરો છે જેમાંથી પાંચ જૈનમંદિરો છે અને એક શિવમંદિર છે. જૈન મંદિરો પોતાની નાજુક અને સુંદર કોતરણી માટે મશહૂર છે. જેને જોવા ફક્ત જૈન જ નહિ બધાં જ લોકો આવે છે. અમદાવાદની આણંદજી કલ્યાણજી પેઢી અહીંનો વહીવટ સંભાળે છે.

**મહાવીર મંદિર :**

અહીં આવેલ મંદિર સમૂહમાં સહુથી પ્રાચીન આ મંદિર ઊંચી જગતી (પીઠ) ઉપર આવેલ છે જેમાં મૂળ પ્રસાદ, ગૂઢ મંડપ જેની આગળ અને બાજુમાં પ્રવેશદ્વાર છે, ટ્રીકા, રંગમંડપ, બાલનક અને આજુબાજુમાં આઠ દેવકુલિકાઓ છે. મંદિરની આજુબાજુ પ્રકરા - (ચોક) છે.

**શાંતિનાથ મંદિર :**

મહાવીર મંદિરની ઉત્તરે આવેલ આ મંદિર ચતુરવિમસ્તી જિનાલય છે. જેની રચના વગેરે મહાવીર મંદિર જેવી જ છે અને શાંતિનાથ ભગવાનને અર્પણ કરેલ છે.

મૂળપ્રસાદમાં શાંતિનાથ તીર્થંકરની મૂર્તિ ધ્યાનમુદ્રામાં કુંભી ઉપર છે આ પછીના સમયની છે. કુંભીની ઉપરના લેખમાં વિ.સ. ૧૩૧૪નો ઉલ્લેખ છે.

**પાર્શ્વનાથ મંદિર :**

મહાવીર મંદિર અને શાંતિનાથ મંદિર કરતાં થોડું મોટું પરંતુ બેઉ મંદિરોને લગભગ મળતું એવું આ મંદિર છે. અહીં મુખ ચતુષ્કીમાં બાલનકને બદલે નળમંડપ બાંધેલ છે. આ મંદિરમાં ૯ દેવ કુલિકાઓ છે. મંદિરની સજાવટ મહાવીર મંદિર અને શાંતિનાથ મંદિર સરખી નકશી અને કોતરણીથી નથી કરી.

**નેમિનાથ મંદિર :**

આ મંદિર સમૂહમાંનું સૌથી મોટું મંદિર છે. બાકીનાં મંદિરો જેવી જ રચના છે - જેમાં મૂળ પ્રસાદ (ગર્ભગૃહ), ગૂઢમંડપ, મુખમંડપ, રંગમંડપ, સામેની બાજુ ૧૦ અને આજુબાજુમાં ૮ એમ દેવકુલિકાઓ અને નળમંડપ એમ આની રચના છે. ઉત્તરબાજુમાં પ્રવેશદ્વાર છે.

આ મંદિરની જંઘા (દિવાલ) એ નોંધપાત્ર છે અને ખરેખર સુંદર છે. હંમેશાંના ઊભા અને આડા મોલ્ડીંગ અને હાથી, મકર, વ્યાલાનાં શિલ્પો ઉપરાંત અહીં કુબેર, ઈશાન, વૈરોટ્યા, અચ્યુતા, માનવી, મહાજ્વાલા, ઈન્દ્ર, અગ્નિ, વ્રજકુંશી, વજશૃંખલા, ચક્રેશ્વરી, નરદત્તા, યમ, નિરુતી, કાલી, મહાકાલી, ગૌરી, ગાંધારી, વરુણ અને વાયુ તેમજ જુદી જુદી નૃત્યમુદ્રા અને સંગીત વગાડતી અપ્સરાઓ, જેની ઉપર મિથુનયુગલ છે. મુખ્ય ગોખલાઓમાં જિન મૂર્તિઓ છે.

**તારંગા :**

એક પ્રખ્યાત સિદ્ધક્ષેત્ર અને જૈનનું પવિત્ર સ્થળ. તારંગા એ અમદાવાદની ઉત્તરે ૧૨૦ કિમી દૂર મહેસાણા જિલ્લાના ખેરાળુ તાલુકામાં આવેલ છે. અમદાવાદ, બરોડા, મહેસાણા, જંબૂસર સાથ એસ.ટી. અને અમદાવાદ સાથે રેલ્વેથી જોડાયેલ છે. નજદીક આવેલ વસાહત ટીંબા એ ખૂબજ નાની જગ્યા છે. જૈન ધર્મશાળા જે જમવાનું પણ આપે છે એજ એક માત્ર રહેવાસી ઠેકાણું છે.

ઘણાં નામોથી ઓળખાતું - તારાનગર, તારાપુર, તરણદુર્ગ, તારાગઢ - એ ઘણી વિખ્યાત વ્યક્તિઓ જેમકે વીરદત્ત, વારંગ, સાગરદત્ત અને બીજા સાડા ત્રણ કરોડ મુનિઓનું નિર્વાણક્ષેત્ર છે. ઈ.સ.૧૫મી શતાબ્દીમાં રચાયેલ મરાઠીપ્રશસ્તિ તીર્થવંદનામાં આ નામનો ઉલ્લેખ આવે છે. તારણદુર્ગ નામના ડુંગરને તારંગા કહે છે.

તારંગા ઉપર કુલ ૧૩ દિગંબર મંદિરો, એક માનસ્તંભ અને ૯ શ્વેતાંબર મંદિરો છે જેમાંના અજિતનાથ અને સંભવનાથનાં મંદિરો મુખ્ય છે.

**અજિતનાથ મંદિર :**

ગુજરાતનું તેમજ ભારતભરનું ઊંચામાં ઊંચુ જૈન મંદિર આ સોલંકીકાળનું એક ઉત્તમ મંદિર છે જે કુમારપાળે બંધાવેલ મંદિરોમાનું મોટું બાંધકામ છે.

**સંભવનાથ મંદિર :**

સંભવનાથની મૂર્તિ સફેદ આરસપહાણની છે જે ૨ ફૂટ ૩ ઈંચ ઊંચી છે અને પદમાસનમાં છે. ડાબી બાજુ પાર્શ્વનાથની મૂર્તિ છે જે ૧ ફૂટ ૪ ઈંચ ઊંચી છે અને જમણી બાજુ શ્રેયાંસનાથની સફેદ આરસપહાણની મૂર્તિ છે જે ૧ ફૂટ ઊંચી છે.

મૂળનાયકની મૂર્તિની આગળની હારમાં ૪૪ ધાતુ પ્રતિમાજી ગોઠવીને રાખેલ છે. ડાબીબાજુના દિવાલ - ગોખલામાં પદમાવતી અને સરસ્વતીની મૂર્તિઓ છે.

આ બે મંદિરો સિવાય તારંગા ઉપર બીજા ચૈત્યમંદિર, છોટી દેરી, નંદીશ્વર જિનાલય, માનસ્તંભ, મહાવીર મંદિર, અજિતનાથ મંદિર, ઋષભનાથ મંદિર, અજિતનાથ ટૂંક, ઋષભદેવ મંદિર, બાહુબલી પદમપ્રભ, ચંદ્રપ્રભ અને વાસુપૂજ્ય મંદિર છે. આ સર્વમાં ઋષભદેવનું મંદિર ઉલ્લેખનીય છે.

**ઋષભદેવ મંદિર :**

મંદિરમાં ગર્ભગૃહ, સભામંડપ અને અર્ધમંડપનો સમાવેશ થાય છે. આ ત્રણે શિખરો છે. મૂળ નાયક ઋષભદેવની પ્રતિમા પંચધાતુની છે અને ૨ ફૂટ ૬ ઈંચ ઊંચી છે. જેની પ્રાણપ્રતિષ્ઠા ફાગણ સુદ ૨ સંવત ૧૯૨૩ને દિવસે થઈ હતી. આ મૂર્તિની આજુબાજુમાં ઋષભદેવ અને શાંતિનાથની મૂર્તિ છે જે સફેદ આરસપહાણની છે અને માનસ્તંભને ખણતા ત્યાંથી મળી હતી. મંદિરમાં હજી બીજુ ૧૬ ધાતુની પ્રતિમાઓ છે.

લોકવાયકા એવી છે કે ક્યારેક સંભવનાથના મંદિરમાંથી રાત્રે નૃત્ય-સંગીતનો અવાજ આવે છે અને એવી પ્રતીતિ થાય છે કે સ્વર્ગમાંથી અન્ય દેવો તીર્થંકરની પૂજા કરવા આવેલ છે.

**માઉન્ટ આબુના મંદિરો :**

આબુ રોડ રેલ્વે સ્ટેશન તેમજ બસ સ્ટેન્ડથી ૨૯ કિમી દૂર આવેલ માઉન્ટ આબુ પર્યટક સ્થળ હોવાથી ચારે બાજુના મુખ્ય

શહેરો જેમકે અમદાવાદ, ઉદેપુર, અંબાજી વગેરેથી રોડતી જોડાયેલ છે, રેલ્વેથી આબુ રોડ સુધી અમદાવાદ - ઉદેપુરથી આવી શકાય છે. આબુ રોડ તેમજ માઉન્ટ આબુ ઉપર ઘણી હોટેલો અને ધર્મશાળા છે.

ઋગ્વેદમાં અર્બુદાચલનો ઉલ્લેખ શાંબરના તેમજ બીજા દસ્યૂનાના કિલ્લા તરીકે કરેલ છે.

માઉન્ટ આબુ ઉપર પાંચ જૈનમંદિરો છે. જે દેલવાડાના દેરા તરીકે વિશ્વવિખ્યાત છે. આ જગ્યા દેલવાડા, દેઉલવાડા, કે દેવળ પટાકા તરીકે પણ ઓળખાય છે.

**વિમલ વસહી – આદિનાથ મંદિર :**

સોલંકી શિલ્પકાળનો સુંદર નમૂનો આ મંદિર વિમલ, ભીમા ૧લાના મંત્રીએ ઈ.સ. ૧૦૩૨માં રૂા.૧૯ કરોડના ખર્ચે બંધાવ્યું હતું. આરંભમાં ફક્ત ગર્ભગૃહ, ગૂઢ મંડપ અને ટ્રીકા મંડપ હતા પરંતુ સમયની સાથે સાથે બીજા મંડપોનો ઉમેરો થતો ગયો. મંત્રી પૃથ્વીપાલ એ ઈ.સ.૧૧૫૦ ની આસપાસ નૃત્યમંડપનો ઉમેરો કરાવ્યો.

સમચોરસ આંગણમાં સ્થાપિત મંદિરની આજુબાજુ નાનાં મંદિરો દેવકુલિકા, અને બે કોલોનેડની કતાર છે. આ બેઉ પાછળથી ઉમેરાયા છે. અંદર-બહારનો વિરોધાભાસ આંખને વળગે એવો છે. બહારની દિવાલ એકદમ સાદી છે તો અંદરનો ભાગ ઉદારતાપૂર્વક કરેલ નકશીવાળો છે.

મંદિરની દિવાલોના ગોખલાઓ જિનમૂર્તિથી સુશોભિત છે. મુખ્યમંદિર - ગર્ભગૃહ તરફ જવાને રસ્તે બેઠેલી જિનમૂર્તિઓ અને દિકપાલની મૂર્તિઓ છે. હાલના મૂળનાયક - મુખ્ય જિનતીર્થંકર આદિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા ઈ.સ.૧૩૫૨ના જિર્ણોદ્ધાર સમયે થયેલ છે.

શિલ્પકામની મુખ્ય કીર્તિ એની બારીક કારીગરીમાં સમાયેલ છે. ખાંભની હારમાં નાના ગોખલાઓમાં સુંદર મૂર્તિઓ, છટાદાર શણગાર અને સ્ક્રોલકામ, સુંદરીના રૂપમાં બનાવેલ ખૂણાઓ ખાંભની હારથી મુખ્ય રસ્તાને જોડતો ભાગ કે જે બહારના મંડપની સાથે છે એમાં ખૂણે મુકેલ લીન્ટેલ નાની નાની મૂર્તિઓથી આચ્છાદિત છે. ઘુમ્મટોની છતમાં નૃત્યાંગના, સંગીતકાર, સૈનિકો, ઘોડા અને હાથીઓની હાર છે જે પદમ આકારના પદકની આજુબાજુ ગોઠવાયેલ છે. છતની કોતરણીની વિવિધતા અને અચુકતા એ નોંધપાત્ર - ધ્યાન ખેંચનારી છે. મંડપની મધ્ય છત જે ખુલ્લા મંડપના મધ્યભાગમાં છે એનો વ્યાસ ૭ મીટર છે જે ગુજરાતમાં સૌથી મોટો છે. આમાં ૧૬ કમનીય કન્યા બ્રેકેટના રૂપમાં છે. મધ્યભાગે કમળ એ પદકના ગુચ્છાના આકારમાં છે અને પ્રમાણમાં નાનું છે બાજુમાં રસ્તાની પેનલ પર દેવીની મૂર્તિઓ તેમજ બીજી સરસ અને રસપ્રદ પ્રસંગો જેમકે નૃસિંહ અને કૃષ્ણનીકથાઓ કોતરેલ છે. એની વિરૂદ્ધમાં મંદિરની અંદરની જૈન મૂર્તિઓ કઠોર અને પુનરોક્ત છે.

**ગિરનાર :**

જૈન તેમજ હિંદુઓનું એક ખૂબજ પવિત્ર તીર્થસ્થાન ગિરનાર જ્યાંના શાંત પવિત્ર વાતાવરણમાં ઘણાં મંદિરો વસેલા છે એ સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લામાં છે અને ઘણો લાંબો ઈતિહાસ ધરાવે છે. ચોમાસા સિવાય આખા વર્ષ દરમ્યાન અહીં અવર-જવર હોય છે. આ જગ્યા બધા જ મુખ્ય શહેરો સાથે એસટીથી જોડાયેલ છે. ચોમાસામાં માત્ર પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો થાય છે. જૂનાગઢથી ગિરનાર પહાડ ઓટોરીક્ષા, એસટીથી જોડાયેલ છે. ગિરનાર તળેટીથી પહાડ ચડવા બેથી અઢી કલાક લાગે છે. ગિરનારનું નેમિનાથ મંદિર ૬૫૦ મીટરની ઉંચાઈ પર આવેલ છે.

જૈન લોકો માટે ગિરનાર અનોખું મહત્ત્વ ધરાવે છે. ૨૨ માં તીર્થંકર શ્રી નેમિનાથજીને ગિરનાર ઉપર કેવળજ્ઞાન અને નિર્વાણ પ્રાપ્ત થયા હતા એટલે ગિરનાર તીર્થક્ષેત્ર તરીકે ઓળખાય છે. ગિરનાર ઉપર ઘણાં જૈન મંદિરો છે. જેમાનું નેમિનાથ મંદિર સૌથી મોટું છે. અહીં ઘણા મંદિરો હોવાથી શત્રુંજયની જેમ ઘણીવાર ગિરનારને પણ મંદિરોનું શહેર કહેવાય છે.

જિનપ્રભસૂરિના વિવિધ તીર્થકલ્પમાં મુનિ શ્રી જિનવિજય આ તીર્થનું મહત્ત્વ સમજાવેલ છે.

ગિરનાર મુખ્યત્વે નેમિનાથ સાથે સંકળાયેલ છે ખાસ કરીને એમની દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષને કારણે આ એક મહત્ત્વનું તીર્થસ્થાન થઈ ગયું છે.

**મંદિરો :**

**નેમિનાથ મંદિર :**

ગિરનાર પર્વત ઉપરનું સૌથી જૂનું મંદિર - દંડનાયક સજ્જને ઈ.સ.૧૧૨૯માં પાછું બંધાવ્યું એમ મંદિરમાંના શિલાલેખમાં પુનઃસ્થાપનાનો ઉલ્લેખ છે - કદાચ આ પુનઃસ્થાપના બહુ મોટા પાયા પર ન હતી. પુનઃસ્થાપના પહેલા ૧૦૦ વર્ષ પહેલાં આ મંદિર હતું એમ લાગે છે. પછી નૂતનીકરણ કરવામાં મંદિરમાં ઘણાં ફેરફાર થયા છે. સોલંકી શૈલી - મરુગુર્જર કે નગરશૈલીમાં બંધાયેલ છે.

**રચના :**

આ મોટા મંદિરમાં પ્રસાદ સાથે ગૂઢમંડપ, મુખ ચતુષ્કી અને બે બાજુ ખુલ્લી જગ્યા છે. સાંધાર શૈલીના મંદિરના ગર્ભગૃહની ફરતે પ્રદક્ષિણાપથ છે.

મંદિરને ૭૨ દેવકુલિકા છે. જેમાં થાંભલાવાળી પરસાળ ગૂઢમંડપના દ્વારની સમાન ધરી ઉપર છે અને એની સામે માળવાળી બાલનક છે. મુખ્ય મંદિરના કોમ્પ્લેક્ષમાં આ બંધબેસતું નથી. ઈ.સ.૧૫મી સદીના ચૈત્યપરિપતિ આ દેવકુલિકાઓ વસ્તુપાલે ઉમેરાવી એવો ઉલ્લેખ કરે છે. મંદિરમાં રંગમંડપ નથી.

સમચોરસ જગ્યા ૭૦ દેવકુલિકાઓથી અને થાંભલાવાળી પરસાળથી ઘેરાયેલ છે. મંદિરની આજુબાજુનો રસ્તો તેમજ બાજુના મંડપની રચના સીડીવાળી છે. મંડપ, ચોરસ છે જેમાં વચ્ચે ખુલ્લી જગ્યા છે અને જેની આજુબાજુ ૨૨ થાંભલાઓ છે જે પરસાળ રચે છે. ખરેખર તો વિમાન કે મંદિરની બહારની ઉંચાઈમાં જ પહેલા મંદિરના લક્ષણો દેખાય છે. શિખરમાં ઉરુશ્રૃંગના ઝુમખા કે જે ઈ.સ.૧૨મી સદીની સોલંકી શૈલીમાં છે.

મંદિરમાં જાળીવાળા ઝરોખાની બારીઓ છે.

**જેસલમેર :**

જેસલમેર, રાજસ્થાનનો એક જિલ્લો જેનું મુખ્ય શહેર જેસલમેર છે એ પોતાની શિલ્પકલા માટે પ્રખ્યાત છે. ભારતના વાયવ્ય ખૂણામાં આવેલ આ જિલ્લો ભૌગોલિક દૃષ્ટિએ બહુ મોટો છે પરંતુ વસ્તીમાં ખૂબ નાનો છે. ઈંટોના કિલ્લાની દિવાલ અંદર આવેલ આ કિલ્લાએ ઘણી બધી લડાઈઓ જોઈ છે. બધી જ આફતોમાં આ અડીખમ ઊભો રહ્યો અને સુંદર કલા અને શિલ્પકામની રચનાના ફેલાવામાં સાથ આપતો રહ્યો. આ જોધપુર તેમજ અન્ય મુખ્ય શહેરો સાથે એસ.ટી. અને રેલ્વેથી જોડાયેલ છે. અહીંયા પર્યટકોની ગરદી હોય છે એટલે હોટેલ, ધર્મશાળા, રેસ્ટહાઉસ વગેરે પુષ્કળ છે.

**જૈન મંદિરો :**

જેસલમેરના જૈનમંદિરો સોલંકી અને વાઘેલા શૈલી ઉપર પરંતુ થોડા ફેરફાર સાથે બાંધેલા છે. આ મંદિરો પરંપરાગત બાંધેલા છે. જગતી, પડથાર જેના મધ્ય ભાગે સીડી છે એ શિલ્પકામ અને મોલ્ડીંગતી સુસોભિત છે. એના ઉપર આખું મંદિર ઊભું છે. જેમાં મૂળ પ્રસાદ, ગૂઢ મંડપ, મુખ મંડપ,(ટ્રીકા) અથવા થાભલાવાળી પરસાળ અને રંગમંડપ છે. આજુબાજુમાં દેવકુલિકા છે. મંદિરની આજુબાજુમાં થાંભલાવાળી પરસાળ છે.

જેસલમેરના મંદિરો કિલ્લાની અંદર આવેલા છે. પાર્શ્વનાથનું ઊંચુ અને શિખરબદ્ધ મંદિર જાણે કે સમૂહનું મુખ્ય મંદિર જોઈ લ્યો. એની ડાબી બાજુ પર સંભવનાથનું મંદિર છે. અને જમણી બાજુએ શીતલનાથજીનું મંદિર છે. એની સામેની બાજુ ડાબી બાજુ પર કુંથુંનાથજી અને શાંતિનાથજીનાં મંદિરો આવેલાં છે. અને આની સામે પાર્શ્વનાથની જમણીબાજુમાં ચંદ્રપ્રભુજીનું ભવ્ય મંદિર છે. ચંદ્રપ્રભુજીની બાજુમાં જમણી બાજુએ ઋષભદેવનું મંદિર છે. આ બધા સમૂહથી દૂર અને મોતી મહલની પાછળની બાજુએ કિલ્લામાં મહાવીર સ્વામીનું મંદિર એકલું અટુલું ઊભું છે.

**સંભવનાથ મંદિર :**

પાર્શ્વનાથ મંદિરની ડાબી બાજુએ આવેલ સંભવનાથના મંદિરમાં પાર્શ્વનાથ મંદિરના રંગમંડપમાંથી જવાય છે. આ મંદિરના ભોંયરામાં પ્રખ્યાત જિભદ્રસૂરી જ્ઞાન ગ્રંથભંડાર આવેલ છે. જેમાં જૈન હસ્તપ્રત અને મહત્ત્વનાં ગ્રંથો સાચવેલ છે. આ ગ્રંથાલયના પુસ્તકોમાં સૌથી જુનું પુસ્તક ઈ.સ. ૧૦૬૦ નું 'ઔધા નિર્યુક્ત વૃત્તિ'કે જે તાડપત્ર પર લખેલ હસ્તપ્રત છે.

શીતલનાથજીના મંદિરમાં સંભવનાથના રંગમંડપમાંથી જ જવાય છે. આ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા ઈ.સ.૧૪૫૧ માં થઇ. પરંપરાગત શૈલી ઉપર જ મંદિર છે.

કુંતુંનાથ અને શાંતિનાથના મંદિર તો જાણે જોડિયા મંદિરો જ છે.

**લોદ્રુવાનું મંદિર :**

જેસલમેરની ઉત્તરે ૧૬ કિ.મી. દૂર આ લોદ્રુવા નામનું ગામ વસેલ છે. રણમાંથી પસાર થતો રસ્તો ત્યાં જવાનો એક માત્ર માર્ગ છે. જે જરા તકલીફભર્યો છે.

હાલની પ્રતિમા 'કસોટી પથ્થર' તરીકે ઓળખાતા કાળા પથ્થરમાંથી બનેલ છે. પાર્શ્વનાથને ઘણા ફણાવાળા સર્પનું છત્ર છે. કારીગરી ઉપરથી એવું લાગે છે કે આ કામ ગુજરાતના કોઈ કારીગરે કર્યું છે અને પોતાના સુંદર કામ બદલ જરૂરથી એને કાંઈક ઈનામ મળ્યું હશે.

કમાનવાળા દરવાજાથિ આપણે મંદિરના પ્રાંગણમાં જઇએ છીએ. મંદિરની આજુબાજુ પ્રકાશ છે. રંગમંડપને ફાંસના શિખર છે. વરંડાની દિવાલ તેમજ પ્રદક્ષિણા પથને જાળીઓ છે જેમાંથી સૂર્ય પ્રકાશ અંદર આવે છે. મુખ્ય મંદિરની ચારેબાજુ બીજા ચાર મંદિરો છે. શિલ્પકામ રાબેતા મુજબનું છે. પૂર્વનું મંદિર આદિનાથનું, દક્ષિણનું અજિતનાથનું, પશ્ચિમનું મંદિર સંભવનાથનું અને ઉત્તરનું મંદિર ચિંતામણિ પાર્શ્વનાથનું છે. આ મંદિરો ઈ.સ. ૧૬૧૮ માં ઉમેરાયા મુખ્યમંદિરનું શિખર પ્રભાવશાળી છે. જેમાં ઉરુશ્રૃંગ સિવાય બધી બાજુ ઝરોખા છે. આ મંદિરનું મુખ્ય આકર્ષણ કલ્પવૃક્ષ છે.

જેસલમેર અને લોદ્રુવાની વચ્ચે અમરસાગર કરીને એક જગ્યા છે અહીં આદિશ્વર-આદીનાથનું એક મંદિર છે.

**રાણકપુર :**

રાણકપુર ઉદેપુરથી ૮૫ કિ.મી. દૂર આવેલ આ મંદિરોનો સમૂહ મઘઈ નદીના કાંઠે અરવલ્લીની હારમાળા વચ્ચે સુંદર, શાંત નિસર્ગની ગોદમાં આવેલો છે. અહીં મદિરના સમૂહમાં જ ધર્મશાળા છે જ્યાં જમવાનું પણ મળે છે. મંદિરથી થોડે દૂર રાજસ્થાન ટુરીસ્ટ ગેસ્ટ હાઉસ પણ છે. આ ભારતીય શિલ્પકળાનો બેનમૂન નમૂનો એવું એક અતિ સુંદર મંદિર ત્રિલોકદીપક પ્રસાદ કે યુગાધિશ્વરમંદિર એ જૈન સ્થાપત્યની પરિપૂર્ણતા છે. આ મંદિરની આજુબાજુમાં બીજા થોડા મંદિરો પણ છે. આ મુખ્ય મંદિર માટે એક દંતકથા પ્રચલિત છે.

ત્રણ માળ લાંબુ ઊંચુ મંદિર એ એક ખુલ્લા આંગણામાં છે

અને અંદરનું મંદિર એ ગર્ભગૃહ અને શિખર સાથે પૂર્ણ છે. ગર્ભગૃહ ને ત્રણ મજલી શિખર છે જેના પ્રત્યેક માળ ઉપર સુંદર ઝરૂખા છે. ગર્ભગૃહના ચાર દરવાજા થાંભલાવાળા સભા મંડપમાં ખૂલે છે જેને ઘુમ્મટ છે. પશ્ચિમ બાજુનો મંડ બાકી બધા કરતાં મોટો અને વધારે સુશોભિત છે - કદાચ એ દર્શાવવા કે અંદરનું મંદિર પશ્ચિમમુખી છે. ખુલ્લા આંગણાના પ્રત્યેક ખૂણામાં શિખરબદ્ધ નાના મંદિર છે બે બાજુએ બંધ છે જ્યારે બીજા બે પરસાળમાં પડે છે કે જે થાંભલાવાળા હોલથી જોડાયેલ છે. ખુલ્લા આંગણામાં એક બાજુ રાયણનું ઝાડ કે જે મંદિર બંધાતું હતું ત્યારે વાવેલું એવી માન્યતા પ્રચલિત છે. તો છત્રવાળા પેવેલીયનમાં ઋષભનાથજીના આરસપહાણનાં પગલાં છે.

**શત્રુંજય :**

**પાલીતાણા-શત્રુંજય -**

પાંચ મહત્ત્વ અને મુખ્ય તીર્થક્ષેત્રમાંનું એક એવું પાલીતાણા-શત્રુંજય એ ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકામાં આવેલ છે અને ગુજરાતના લગભગ બધાં જ મોટા શહેરો સાથે એસ.ટી. થી જોડાયેલ છે. શત્રુંજય પર્વત ઉપર રહેવા દેતા નથી નીચે પાલીતાણામાં જ રહેવું જરૂરી છે. અહીં ઘણી ધર્મશાળાઓ છે. શત્રુંજય પહાડ ચડવા માટે લગભગ દોઢ કલાક થાય છે. પહાડ એલે તો જાણે મંદિરોનું એક ગામ જ જોઈ લ્યો. જુદી જુદી ટૂંક પર ઈ.સ. ૧૬ મી સદી થી ૧૮-૧૯ મી સદી સુદી બંધાયેલ ભવ્ય મંદિરો છે. આમાંના ઘણાં મંદિરો સેન્ડસ્ટોનના બનેલા છે.

એક એવી માન્યયા છે કે રાજા ભરત કે જે ભારતવર્ષના પહેલા ચક્રવર્તી રાજા હતા અને ભગવાન ઋષભદેવના પુત્ર હતા એમણે શત્રુંજય ઉપર સોનાનું દેરાસર બંધાવેલ.

શ્રી પુંડરિકસ્વામી એ ૫ કરોડ મુનિવરો સાથે અહીં શત્રુંજય ઉપર ચૈત્રી પૂર્ણિમાએ સૌ પ્રથમ નિર્વાણ પ્રાપ્ત કર્યું. શ્રી મણિ અને વિનામીએ ૨ કરોડ મુનિ સાથે, દ્રાવિડ અને વરિખિલા ૧૦ કરોડ, મહાત્મા, ચક્રવર્તી અને એના વંશજો, અને બીજા ઘણા બધા, સાંબ, પાંચ પાંડવ અને બીજા ઘણાએ આ પવિત્ર પર્વત ઉપર નિર્વાણ પ્રાપ્ત કર્યું એવી માન્યતા છે.

**આદિનાથનું ચૌમુખ મંદિર :**

ટોચ ઉપર આવેલ આદિનાથ મંદિર એ ચૌમુખ મંદિરનું લાક્ષણિક ઉદાહરણ છે ત્યાં જે લેખ મળેલ છે એના ઉપરથી માહિતી મળે છે કે આ મંદિર ઈ.સ. ૧૬૧૮ માં જૂના મંદિરની જગ્યા ઉપર સવા સોમજીએ બંધાવ્યું હતું.

૨ ફૂટની પડથાર ઉપર ઉભુ આ ચોરસ મંદિર ૫૭ ફૂટ પહોળું અને ૬૭ ફૂટ લાંબુ છે. અને એનો આગળનો ભાગ વિસ્તૃત છે. મંદિરમાં બે ચોરસ હોલ છે અને પૂર્વમાં એક ચોરસ મંડપ/મુખ ચતુષ્કી છે જ્યાંથી સીડીથી ઉપર ચડતા અંતરાળાનું દ્વાર આવે છે. જે ૩૧ ફૂટ પહોળું અને ૧૨ થાંભલાઓમાંથી શિખર ઉભરે છે. અષ્ટકોણી થાંભલાઓ ઉપર ગોળાકાર રિસેસવાળું શિખર છે. પૂર્વના મુખ્ય દરવાજા ઉપરાંત હોલ ને બે દ્વાર છે કે જે બેઉ બાજુથી મુખ ચતુષ્કીમાં ખુલે છે. ગર્ભગૃહ ૨૩ ફૂટનું છે જેમાં ચાર કોલમ આરસનું સિંહાસન બનાવે છે.

**નંદિશ્વર દ્વીપ, આદિશ્વર મંદિર, બાલાભાઈ મંદિર, મોતીશા મંદિર**

અહીં શત્રુંજયના દરેક મંદિરનું વર્ણન કરવું મુશ્કેલ છે.

શત્રુંજયની મહત્તા એના ઉપર કેટલા મંદિરો છે અને દેલવાડાના મંદિરોથી જુદા છે અને શિલ્પકામ જુદું છે એમાં નથી - પરંતુ અહીં પ્રવર્તતી શાંતિ માટે છે. શત્રુંજય પર્વત પર સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પછી માણસોની અવર-જવર નથી હોતી. કોઈપણ વ્યક્તિ બ્રહ્મ મુહૂર્તમાં પણ એક ટૂંક ઉપર બેસે તો એને સમજાશે કે કેવળજ્ઞાન પામેલા તીર્થંકર આ પર્વત ઉપર શું કામ આવતા ?

પશ્ચિમ ભારતના જૈન મંદિરોની પવિત્રતા ખ્યાતી આજે ઉચ્ચ કક્ષાએ છે. દરેક જૈનો અને કેટલેક અંશે અજૈનોના હૃદયમાં પણ આ તીર્થ સ્થાનો શ્રદ્ધા પાત્ર બની ચૂક્યા છે.

gunvant.barvalia@gmail.com | Mob.: 09820215542



# હસ્તગિરિ

**કિશોરસિંહ સોલંકી**

**પ**ર્વતો આપણાં પ્રાચીન તીર્થસ્થાનો છે. એ હિમાલય હોય, ગિરનાર હોય, અરવલ્લી કે શત્રુંજય હોય. એ નામ સાંભળતાની સાથે જ આપણામાં એક નવી ચેતનાનો સંચાર થતો હોય છે. ઈશ્વર સાથે અનુસંધાન સાધવા માટેનું ઉત્તમ ક્ષેત્ર એ તીર્થસ્થાન છે. જ્યાં મહાન પુરુષોની ચરણરજ પડેલી છે, જ્યાં એમની તપોભૂમિ છે એવી તીર્થભૂમિમાં, આપણાં મનની મલિનતાનો નાશ થાય છે અને પવિત્ર વિચારોનું ઝરણું વહેવા માંડે છે. પ્રકૃતિના સાન્નિધ્યમાં આપણા અહમ્‌ની બર્ફાળી શિલાઓ ઓગળી જાય છે. આપણામાં જ આપણી શ્રદ્ધાની જ્યોતિ પ્રગટતી હોય છે, એ જ છે આપણી સંસ્કૃતિનો આત્મા. તેથી કોઈપણ તીર્થક્ષેત્રનું નામ સાંભળતાની સાથે જ ત્યાં જવા માટે આપણાં ઘટમાં ઘોડા થનગનતા હોય છે.

એવું જ એક તીર્થ ક્ષેત્ર છે : શત્રુંજય. 'શત્રુંજય' અને 'પાલીતાણા' આ બંને શબ્દો એકબીજાના પર્યાય છે. કોઈપણ ધાર્મિક ભાવનાવાળાને, વિશેષ કરીને કોઈ જૈનને આ બે શબ્દો સાંભળીને તરત જ આંખોમાં ચમક આવી જતી હોય છે. એ શત્રુંજયની ૧૦૮ ટૂંકમાં, ૩૫મી ટૂંક - હસ્તગિરિ વિશે થોડી વાત.

ઈ.સ.ના આરંભકાળની સદીઓ આસપાસ થઈ ગયેલા જૈનાચાર્ય પાદલિપ્તસૂરિના નામ પરથી જેનું નામ પડેલું મનાય છે. જ્યાં સૌથી વધારે જૈન મંદિરો આવેલાં છે, જે શત્રુંજય પર્વતની તળેટીમાં ભાવનગરથી ૫૪ કિ.મી., શિહોરથી ૨૯ કિ.મી. અને સોનગઢથી ૨૪ કિ.મી.ના અંતરે વાલાકા પ્રદેશમાં ખારી નદીના જમણા કાંઠે આવેલું છે.

રાષ્ટ્રકૂટ રાજા ગોવિંદ પ્રભૂતપૂર્વ દેવલીના ઈ.સ.૮૧૮ના દાન શાસનમાં તેનો 'પાલિતાનક' તરીકે, પ્રબંધકોશમાં 'પાદલિપ્તપુર', વિવિધ તીર્થકલ્પમાં 'પાલિતાણય' અને પુરાતન પ્રબંધ સંગ્રહમાં 'પાલિતાણક' તરીકે ઉલ્લેખ જોવા મળે છે.

શત્રુંજયતીર્થ આગમમાન્ય શાશ્વત સિદ્ધિક્ષેત્ર ગણાય છે. શત્રુંજયને 'પુંડરિકગિરિ' તરીકે પણ ઓળખાવાય છે. તેની જુદી જુદી જોડણી મળે છે : શત્રુંજયા, શત્રુંજાયા, શત્રુંજયો... બીજાં પણ નામ છે : સિદ્ધક્ષેત્ર, સિદ્ધાંચલ વગેરે. એનું કારણ એ છે કે, મોટાભાગે બધા જ તીર્થંકરોએ અહીં યાત્રા કરેલી છે.

'શત્રુંજય' શબ્દનો અર્થ 'વિજય સ્થળ' થાય છે. શાનો વિજય? તો તરત મનમાં થાય છે કે, આપણી અંદર રહેલા આપણા જ આંતરિક શત્રુઓ ઉપર મેળવેલો વિજય.

જૈનધર્મના પ્રથમ તીર્થંકર અને જૈન સંસ્કૃતિના આદિ સ્થાપક ભગવાન ઋષભદેવે, જ્યારે અહીં સૌ પ્રથમ ઉપદેશ આપ્યો ત્યારે શત્રુંજય પર્વતનો જીર્ણોદ્ધાર થયો, તેવું કહેવાય છે. ભગવાન આ તીર્થમાં ૯૯ પૂર્વ વાર સમોસર્યા હતા. જૈનોના ૨૪ તીર્થંકરો પૈકી ૨૨માં તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાન સિવાયના ૨૩ તીર્થંકરોએ આ તીર્થભૂમિ પરથી જૈન ધર્મનો માંગલકારી સંદેશો આપેલો છે.

આ પર્વતનો પ્રાચીન ઈતિહાસ ભગવાન ઋષભદેવના પ્રથમ ગણધર અને પૌત્ર પુંડરિક સ્વામી સુધી દોરી જાય છે. જ્યાં તેમને સત્યના સાક્ષાત્કારની સાથે શાન્તિનું સર્વોત્તમ શિખર મોક્ષ પ્રાપ્ત થયો હતો. આદિનાથ ભગવાનના મંદિરની સામે આવેલ તેમની સમાધિ કે જે તેમના પિતા ભરત ચક્રવર્તી દ્વારા બનાવવામાં આવી હતી. શ્વેતવર્ણીય પદ્માસનસ્થ શ્રી આદિનાથ ભગવાન એમના મૂળ નાયક છે.

ગિરિરાજ શત્રુંજયની ઊંચાઈ ૬૦૩ મી. જેટલી છે. એના પરનો ગઢ વિસ્તાર ૨૦ એકરમાં પથરાયેલો છે. એના પરની નવ ટૂંકોમાં ૧૦૮ દેરાસરો અને ૮૨૨ નાની દેરીઓ આવેલી છે. લગભગ ૭૦૦૦ જેટલી જિન પ્રતિમાઓ છે.

અહીં આદિનાથ ઋષભદેવના પ્રાચીન મંદિરનો સોલંકી રાજા સિદ્ધરાજ જયસિંહના મંત્રી ઉદયન અને તેના પુત્ર વાહડે જીર્ણોદ્ધાર કરાવેલો. તળેટીથી મંદિર ૩ કિ.મી. છે. ૩૭૫૦ પગથિયાં છે. ધર્મભાવનાથી રંગાયેલું આ તીર્થ ગુજરાત તેમજ ભારતભરમાં અજોડ છે.

મોગલકાળમાં પાલીતાણા પરગણું અને લશ્કરી થાણું હતું. સેજકજીના બીજા પુત્ર શાહજી ગોહિલ ૧૩મી સદીના અંતમાં આ પ્રદેશના પ્રથમ શાસક હતા. મુસ્લિમ શાસક ધોરી બેલીમને પૃથ્વીરાજે (૧૬૯૭-૧૭૩૪) હરાવીને ગરિયાધારથી પાલીતાણા તેની રાજધાની ફેરવી હતી. છેલ્લા રાજા બહાદુરસિંહજીના વખતમાં આઝાદી પછી ૧૫ ફેબ્રુ. ૧૯૪૮ના રોજ સૌરાષ્ટ્ર રાજ્યની રચના થતાં આ જૂના દેશી રાજ્યનું અસ્તિત્વ ભૂંસાઈ ગયું.

પાલીતાણાનો આટલો સામાન્ય પરિચય મેળવ્યા પછી ચાલો આપણે હવે જઈએ શત્રુંજય પર્વતની ૩૫મી ટૂંક હસ્તગિરિ તરફ...

જે ભગવાન ઋષભદેવની વિહારભૂમિ છે. તેઓના પ્રપૌત્ર અને શિષ્ય શ્રી હસ્તિસેન રાજર્ષિ આદિ કરોડ મુનિવરોની નિર્વાણભૂમિ છે અને ભરત ચક્રવર્તીના ૭૦૦ હાથીઓની જે અનશનભૂમિ છે. એવા હસ્તગિરિ તરફ યતિ શ્રી વિજયસોમજી મ.સા.ની આગેવાની નીચે અમારાં ડનલોપી પગલાં સરકી રહ્યાં છે.

પાલીતાણાથી ૧૬ કિ.મી.ના અંતરે શત્રુંજયની પાછળના ભાગમાં આવેલ હસ્તગિરિ જવા માટે ગરજિયા, નવકાર, જીવપુર, ડુંગરપુર, રોહિશાળા થઈને જાળીયા પહોંચી ગયા. રોહિશાળામાં

વિશાળ ઘાટ બની રહ્યો છે. ત્યાંથી સીધા જ હસ્તગિરિનાં દર્શન થાય છે.

ઉઘલતું ચોમાસું, ઢોળાવવાળાં ખેતરો, ઝાડ અને ઘરની વાડે વાડે ફેલાયેલી લીલીછમ્મ વેલીઓ, ખેતરોમાં લહેરાતી બાજરી, ઉત્તરમાં શત્રુંજયની ટેકરી અને દક્ષિણમાં શત્રુંજી નદીનાં ભરાયેલાં પાણી... દૂર દેખાતાં સૂરખાબ, ઊડતાં બગલાં અને વચ્ચે વચ્ચે ઊભેલી ટેકરીઓ-એ મનોહર દૃશ્ય હતું.

શત્રુંજયને કારણે નદીને 'શત્રુંજી' નામ મળેલું છે. તે અમરેલી અને ભાવનગર જિલ્લામાં થઈને વહે છે. તેની લંબાઈ ૧૭૪ કિ.મી.ની છે. ગીરમાં બગસરાથી દક્ષિણે સીસવાણ ગામ નજીક આવેલા જંગલમાં મથુરામાળ નામની ડુંગરમાળના ચાંચ શિખરમાંથી નીકળે છે. પાલીતાણા નજીક રાજસ્થળી ગામ પાસે એના પર બંધ બાંધેલો છે. આ બંધના કારણે હજારો હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળે છે તેથી તે ખેડૂતોની જીવાદોરી છે.

હસ્તગિરિ ઉપર હાથસણી, મુંડકીધારા અને જાળીયા થઈને જઈ શકાય છે. હસ્તાગિરિ તીર્થોદ્ધારની ઓફિસ જાળીયા (અમરાજી)માં રાખવામાં આવી છે. અમરાજી જાળીયા, હાથસણી અને સમઢિયાળા એમ ત્રણ ગામના ધણી હતા. તેથી કયું જાળીયા? તો કહે કે અમરાજીવાળું, એમ કહેવાય છે. જૂની હાથસણી અને ભોજનાથ મહાદેવનું મંદિર ડૂબમાં ગયાં છે.

જાળીયા તળેટીની સાતેક વીઘા જેટલી જમીન હશે. ઓફિસ, ધર્મશાળા, ભોજનાલયની પણ વ્યવસ્થા છે. સામે નવું બનાવેલું દેરાસર છે. ત્યાંથી જ હસ્તગિરિ ઉપર જવાનો રસ્તો છે. ઉપર માલસામાન અને પથ્થર લઈ જવા માટે રોડ બનાવેલો છે. તેથી ગાડી ઠેઠ ઉપર સુધી જઈ શકાય છે.

પૂર્વમાં શત્રુંજય ડેમનાં પાણી હિલ્લોળા લઈ રહ્યાં છે. લીલાંછમ્મ વૃક્ષોને પવન પંપાળી રહ્યો છે. સામે, સહેજ દૂર જે ટેકરીઓ દેખાય છે તે કદંબગિરિ છે. ઉપર સીધાં જવા માટેનાં પગથિયાં પણ છે. આગળ ખોડિયાર માતાનું મંદિર પણ આવ્યું. આગળ મજૂરોને રહેવા માટે ઓરડીઓ બનાવેલી છે, જેનો અત્યારે કોઈ જ ઉપયોગ થતો નથી.

અમે ઉપર પહોંચ્યા. બાજુના ઝાડ નીચે કેટલાક મજૂરો ચા બનાવી રહ્યા હતા. ગાડી આગળ જાય એમ નહોતી. સામેના ભાગમાં પર્વતને તોડીને સપાટ જમીન બનાવવાની કામગીરી ચાલતી હતી. મજૂરો સવારથી જ કામે વળગી ગયા હતા. અમે ચાલતા ઉપર તરફ ગયા. પૂર્વ દિશામાં જોતાં શત્રુંજીનું પાણી દૂર સુધી ફેલાયેલું હતું. દક્ષિણે પણ પાણી જ હતું. આ વર્ષે વરસાદ સારો થયો છે તેથી પાણી ઘણું ભરાયું છે.

આ પર્વત ઉપર આટલી સમથળ જમીન જોઈને નવાઈ લાગી. જો કે પૂર્વ - ઉત્તર દિશામાં પથ્થરોથી ચણીને અતિ મજબૂત દિવાલ બનાવેલી છે. આગળનો ભાગ ખુલ્લો છે. એની આગળ પણ ચણીને પાળી બનાવી છે તેથી તમે ત્યાં ઊભા રહીને આજુબાજુનું હરિયાળું - પાણીયાળું દૃશ્ય માણી શકો.

અહીંથી ઉત્તરમાં શત્રુંજય પર્વત ઉપરની ટૂંકો આવેલી છે. બંધાયેલા પાણીમાં નાની નાની ટેકરીઓ ડૂબેલી છે. પવનની ગતિ એટલી બધી હતી કે જાણે હમણાં આપણને પાંખો આવશે અને ઊડવા માંડશું. પવન ઠંડો હતો. પર્વતો, પાણી, પવનનું સાયુજ્ય સધાયું હતું. સૂરજનાં કિરણો વાતાવરણને અનોખો ઓપ આપતા હતા. પંખીઓની ઊડાઊડ. દૂર સફેદ બગલાં પાણીના કાંઠે કાંઠે બેઠેલાં જાણે સફેદ લીટી દોરી ન હોય! વાતાવરણનો નજારો મનને પ્રફુલ્લિત કરી રહ્યો હતો. ચોમેરની હરિયાળી આનંદ આપતી હતી. કેવું ખૂશનુમા વાતાવરણ હતું!

પાછળ ફરીને જોતાં શિલ્પસ્થાપત્યની અદ્ભુત દુનિયા સૂરજના પ્રકાશમાં ચમકી રહી હતી. પવનની સાથે મંદિર તરફથી આવતી સુવાસ અમને આધ્યાત્મિક આનંદ આપતી હતી. આ ઐતિહાસિક તીર્થભૂમિની મહાપ્રભાવકતા નિહાળવી એ અમારા જીવનની ધન્યતા હતી. આ તીર્થોદ્ધારનું ભગીરથ કાર્ય જોઈને આપણને અંદરથી ઓડકાર આવે.

મંદિરમાં જવા માટે પગથિયાં છે. અમે ઉપરના પરિસરમાં ગયા. આ દેરાસરની ભવ્યતા જોઈને અમારી આંખો સ્થિર થઈ ગઈ. શ્રી વિજય મ.સા.એ કહ્યું કે, સમવસરણ યુક્ત અષ્ટકોણાકાર ૭૨ ચતુર્મુખ જિન પ્રાસાદનું આ દેરાસર શ્રી આદિશ્વર ભગવાનના કેવલજ્ઞાનના પ્રતીક તરીકે ભવ્ય વિશાળકાય ચાર લાખ સ્કવેરફૂટના ફલક ઉપર નિર્માણકામ થયું છે. સ્વ. શ્રીમદ્ વિજયમાનતુંગ સૂરિશ્વરજી મ.સા.ના ઉપદેશથી અને સ્વ. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરિશ્વરજી મ.સા.ના પ્રેરક વચનામૃતથી પ્રોત્સાહિત થઈને પાટણવાસી સ્વ. કાંતિલાલ મણિલાલ ઝવેરી દ્વારા આ તીર્થોદ્ધારનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. શ્રી સંઘના ભાવપૂર્વકના સહકારથી જ આ તીર્થ આજે આટલી પ્રગતિ સાધી શક્યું છે.

છૂટોછવાયો પથરાયેલો પુંડરિકગિરિ, શત્રુંજીના ડેમના વમળાતા જળ, આજુબાજુના વિસ્તારમાં દેખાતા નાના નાના ગામ. સામેના પહાડ ઉપર એક ટેકરી છે. એની ઉપર એક દેરી દેખાય છે. વિજય મ.સા.એ કહ્યું કે એમાં શ્રી આદિનાથ ભગવાનના ચરણ છે.

આ દેરાસરની આકૃતિ અષ્ટકોણાકાર છે. વચ્ચે મુખ્ય મંદિર છે. ૧૨૫ ફૂટ ઊંચું તેનું શિખર છે. મુખ્ય મંદિરમાં ૬૧ ઈંચ ઊંચાઈવાળા ચૌમુખજી એટલે ચાર પ્રતિમા પ્રતિષ્ઠિત છે. મુખ્ય મંદિરને ચાર દરવાજા છે. ચારે દિશામાં આરસના સ્તંભોથી શોભતા ચાર મેઘનાદ મંડપ છે. પ્રદક્ષિણામાં ચાર દિશામાં તથા ચાર વિદિશામાં અઢાર અઢાર એમ કુલ બોંતેર દેરીઓ છે. દેરાસરની બહાર ચારે દિશામાં પચાસ-પચાસ ફૂટ લાંબુ ફરતું ચોગાન છે. તેમાં ઉત્તર દિશામાં એક ઉન્નત 'તીર્થ-સ્મૃતિ-સ્તંભ' છે. ચોગાનની વચ્ચે બગીચો બનાવવાનો છે. ચોગાનની ફરતી ચાર દરવાજા

ધરાવતી પથ્થરની કિલ્લેબંધી છે. મંદિરનો ગભારો તૈયાર થઈ ગયો છે. મંડોવરનું કામ પૂર્ણ થઈ ગયું છે. મકરાણાના આરસના થાંભલા અને મંડોવરની સુંદર કોતરણી સાથે તૈયાર પથ્થરો જડેલા છે.

અત્યારે પૂજારીઓ પૂજાના કપડાં પહેરીને ગભારા અને મૂર્તિઓની સાફ સફાઈ કરી રહ્યા છે. મૂર્તિઓની સ્નાનાદિ ચાલે છે. અમે પ્રદક્ષિણા કરીને ચારેય મૂર્તિઓના દર્શન કર્યાં. પછી ઉપરના માળે ગયા. ત્યાં પણ ચૌમુખજી જ છે. ત્યાં તો ભગવાનની પૂજા-વિધિ પતી ગઈ હતી. ધૂપની સુગંધ વાતાવરણમાં ફેલાઈ રહી હતી.

કોઈપણ પર્વત ઉપર આટલી વિશાળ સમતલ જમીન મળવી ઘણી અઘરી છે. તેથી પૂર્વ-પશ્ચિમ-ઉત્તરમાં ઊંચાણવાળા ભાગ સાથે પથ્થરોની ભરણી કરીને સમતલ બનાવવામાં આવી છે. પાણીની વ્યવસ્થા માટે પૂર્વ અને પશ્ચિમમાં મોટા કુંડ બનાવવામાં આવ્યા છે. વરસાદનું પાણી એમાં જમા થાય એવી વ્યવસ્થા કરેલી છે. લાઈટની વ્યવસ્થા છે. નીચેથી પાણી લાવવા માટે પમ્પ દ્વારા ટોચ સુધીની પાઈપ લાઈન ગોઠવવામાં આવી છે.

સવારનો સમય છે. અમારા સિવાય કોઈ દર્શનાર્થી નથી. અમે દર્શનાર્થી કરતા વધારે તો જિજ્ઞાસાર્થી છીએ. કેટલાક મજૂરો પાણીનો છંટકાવ કરી રહ્યા છે. કેટલાક આરસના પથ્થરોને ઘસી રહ્યા છે. કેટલાક હાથમાં સાવરણી લઈને સફાઈ કરી રહ્યા છે. ચાર-પાંચ સિક્યુરીટી પોતપોતાના સ્થાને આઘાપાછા થાય છે. મનમાં થાય છે કે, જ્યારે આ દેરાસર સંપૂર્ણપણે તૈયાર થશે ત્યારે આટલી જગ્યાની સફાઈ કરવા માટે કેટલા માણસો રાખવા પડશે ? અત્યારે તો આ વિશાળતા જોયા પછી કલ્પનાનો પનો ટૂંકો પડે છે. છતાંય સ્વચ્છતા એ જૈન મંદિરોની મૂડી છે.

આ વિશાળ પરિસર અને ઝીણી ઝીણી કોતરણી એની પ્રતિષ્ઠામાં ચાર ચાંદ લગાવી રહી છે. ઉપરના માળે ઊભા રહીને સામે નજર કરીએ છીએ તો સાક્ષાત ગિરિરાજ અને શત્રુંજી નદીનું નયનરમ્ય દૃશ્ય આંખ અને હૃદયને શાતા આપે છે. પવનની ઠંડી લહેરો આવી રહી છે. કબૂતરોની ઊડાઊડ અને ઘટર ઘૂ... અવાજો વિસ્તરી રહ્યા છે.

અમે ચાલતાં ચાલતાં સમગ્ર પરિસરની પરિક્રમા કરી. ચારે દિશાના ચારેય દરવાજાઓને અડી આવ્યા. એની સાથે સાથે હસ્તગિરિની આજુબાજુની વનરાજિને પણ માણી. ઉત્તર તરફ ધર્મશાળા બનાવવાની છે, એની કાર્યવાહી ચાલતી હતી. પથ્થરોમાં સુરંગો ભરીને તોડવાનું કામ પૂરું થઈ ગયું હતું.

અમે ઉપરના માળે ઊભા છીએ. શ્રી વિજય મ.સા.એ કહ્યું કે, પવિત્ર તીર્થભૂમિ એ આરાધનાનું સર્વોચ્ચ આલંબન છે. તીર્થની પ્રાચીનતા જેમ જેમ વધતી જાય તેમ તેમ તેની તારકતા પણ વધતી જાય છે. એક કોડાકોડી સાગરોપમ કાળ જેટલા પ્રાચીન શ્રી હસ્તગિરિજી તીર્થનો મહિમા ઘટતો જતો હતો તેથી ગુરૂ ભગવંતોના આશીર્વાદથી આ તીર્થોદ્ધારનો પ્રારંભ થયો છે. આવા તીર્થો એ જૈન સંઘની અણમોલ મૂડી અને ભવિષ્યની પેઢી માટે મહામોંઘું ઘરેણું છે.

આ ઘરેણાને હૃદય - મનમાં ધારણ કરીને અમે ધીમેથી નીચે આવીને ગાડીમાં ગોઠવાયા.

૧. 'તીર્થાધિરાજ શ્રી શત્રુંજય' - મધુસૂદન અ. ઢાંકી (શેઠ આણંદજી કલ્યાણજી)

૨. માહિતી દાતા : પ.પૂ. આચાર્ય શ્રી અભયસેન સૂરિ મ.સા. પાલીતાણા

❑❑❑

# ધાર્મિક સ્થાપત્યનું મનોવિજ્ઞાન

**હેમંત વાળા**

**સ્થા**પત્યને સમાજનું દર્પણ કહેવાય છે; તેવી જ રીતે મંદિર સ્થાપત્યને ધર્મના પ્રતિક તરીકે લેખી શકાય. સ્થાપત્યની રચનામાં



સમાજમાં પ્રવર્તમાન કલાના મૂલ્યો, તત્કાલીન સામગ્રી તથા તેના વપરાશની તકનિક, સમાજના વિવિધ વર્ગોની સંવેદનશીલતા, જે તે સમયે પ્રભાવિત કરતું સામાજિક તેમજ રાજકીય માળખું; આ અને આવી બાબતો સ્થાપત્યમાં પ્રતિબિંબિત થતી જ રહી છે. તેવી જ રીતે મંદિર - સ્થાપત્યમાં ધર્મના પ્રમાણ સાથે માનવીની અનુભૂતિને સાંકળી લઈને એક વિશેષ ઘટના આકાર પામે છે.

મંદિર સ્થાપત્યની અનુભૂતિની ચર્ચા થાય તો તેમાં મુખ્યત્વે શાંતિ, ભવ્યતા, શ્રદ્ધા, શુદ્ધતા, પૂર્ણતા, સાત્વિકતા, અલંકૃતતા, પ્રફુલ્લિતતા તથા પવિત્રતા જેની લાગણીઓની વાત થઈ શકે. આ બધી બાબતોમાં સ્થાપત્ય કોઈ ને કોઈ રીતે તો ભાગ ભજવે જ છે.

મંદિરની અનુભૂતિમાં જે શાંતિની લાગણી ઉદ્દ્ભવે છે

તેમાં તે રચનામાં વિભંગતાનો અભાવ, તે સ્થાને નિર્ધારિત થતી કેન્દ્રિત આંતર્બિમુખતા તથા મંદિરના વિવિધ અંગોની રચનામાં વર્તાતી લયબદ્ધતા કારણભૂત બને છે. મંદિરમાં જે ભવ્યતાની અનુભૂતિ થાય છે તેની પાછળ તેના બાંધકામનું પ્રમાણમાપ તથા તેના વિગતીકરણની સમૃદ્ધિ મહત્ત્વની બની રહે છે. મંદિરની મુલાકાતે એક વિશેષ પ્રકારની શુદ્ધતા તથા સાત્વિકતાની અનુભૂતિ પણ થતી હોય છે. આ રચનામાં જ એક જ પ્રકારની સ્થાપત્યકિય વિચારધારા પ્રવર્તતી જોવા મળે છે તે કારણભૂત બની શકે. આવી એક જ વિચારધારાથી જાણે અપ્રદુષિત વાતાવરણ સર્જાય છે અને શુદ્ધતાની પ્રતિતિ થાય છે. આ ઉપરાંત મંદિર - સ્થાપત્યમાં જે એકધારો પ્રવાહ વહેતો રહેતો હોવાની જે કાળજી રખાય છે તે પણ આ બાબતમાં કંઈ ફાળો આપે છે.



મંદિરની રચનામાં પ્રકાશનું આગવું મહત્ત્વ છે. આ પ્રકાશ જાણે ક્રમશઃ ઓછો થઈને ગર્ભગૃહમાં સાવ નહિવત્ થઈ જાય છે. પ્રકાશની આવી સતત ઘટતી માત્રાથી માનવી ધીમે ધીમે જાણે સમાજથી વિમુખ થતો જાય છે અને પરમતત્ત્વ સાથે જોડાતો જાય છે. પ્રકાશના આવા આયોજનથી દર્શનાર્થી દુનિયાથી વિખૂટો પડીને જે તે મૂળનાયકની યાદમાં મગ્ન થઈ જાય છે. ગર્ભગૃહમાં રખાયેલ નાનકડો દીવો જાણે પ્રભુ-કેન્દ્રિત થવામાં મદદરૂપ થાય છે. આ સમગ્ર પ્રક્રિયામાં સ્થાપત્ય માનવીને પ્રભુની વધુ સમીપ લાવીને ઉપસ્થિત કરી દે છે. આ આખી પ્રક્રિયામાં ચોક્કસ પ્રકારની હકારાત્મક સંભાવના વધી જાય છે.



મંદિરમાં પરંપરાનું આગવું મહત્ત્વ હોય છે. મંદિરમાં પ્રવેશ પહેલાં પગરખાં કાઢવાથી શરૂ કરીને ક્યારે શું કરવું તે લગભગ નિર્ધારિત હોય છે. આ પ્રકારની ક્રિયાકાંડ - પૂજા અર્ચના માટે જાણે સ્થાપત્ય ખાસ તકો તથા સવલતો આપે છે. સાથે સાથે મંદિરની રચના કઈ વખતે શું કરવું જરૂરી છે પણ જાણે સૂચિત કરે છે. આ બધી પ્રક્રિયાથી આધ્યાત્મિકતાનો ભાવ વધુ દઢ થતો જ હોય છે. સાથે સાથે મૂર્તિનું પ્રમાણમાપ, તેની સામગ્રી તથા તેની રચના, ત્યાં પ્રવર્તતી નિઃશબ્દતા, ક્યાંક એકનો એક અવાજ ઘુંટાયા કરાયાની અનુભૂતિ તથા ન્યૂનતમ પ્રકાશ-સ્તર પણ આધ્યાત્મિકતા સ્થાપવામાં મદદરૂપ બને છે.



મંદિરની મુલાકાતે આવનાર પ્રત્યેક વ્યક્તિ એક ચોક્કસ પ્રકારની સંઘભાવના તથા સામુહિકતા અનુભવે છે. આ માટે પણ મંદિરના સ્થાપત્યની રચના મદદરૂપ થાય છે. મંદિરની રચનામાં અક્ષીયતા મહત્ત્વની છે. આ અક્ષીયતાથી મંદિરના બધાં જ ભાગો એકબીજા સાથે પરસ્પર સંકળાયેલાં રહે છે. આ પ્રકારની રચનાથી તે ભાગોનો ઉપયોગ કરનાર માણસો પણ જાણે પરસ્પર સંકળાયેલાં હોય તેમ લાગે છે. તે ઉપરાંત મંદિરની રચનામાં ગર્ભગૃહ સિવાય ક્યાંય અલાયદાપણાની વાત નથી પ્રયોજાતી. આથી પણ મંદિરમાં પરસ્પર જોડાયેલા હોવાનો ભાવ વધુ દઢ થાય છે. મંદિર સ્થાપત્યની રચના આમ પણ એક સરખા ધ્યેય, એક સમાન પ્રક્રિયા. એક સરખી માનસિકતા તથા એક સમાન પૂર્વભૂમિકા માટે કરાતી હોય છે. તેવી સ્વાભાવિક રીતે જ આ રચના થકી માનવીઓ પરસ્પર સંકળાય અને સહકારની - ભાગીદાર થવાની ભાવના ઉભરે.

મંદિર એ ક્રમશઃ પ્રભુને પામવા માટેના માર્ગની જાણે વ્યૂહાત્મક રચના છે. અહીં પ્રકાશની માત્રાથી તો માનવી દુનિયાથી વિમુખ થઈને પ્રભુ સાથે જોડાય જ છે; પણ સાથે સાથે ઊંચાઈ, અલંકૃતતા તથા ખુલ્લાપણાની ક્રમબદ્ધતાથી પણ માનવી આધ્યાત્મિક ઉન્નતિ પામે છે. અહીં મંદિરની ઊંચી પ્લીન્થ ચઢતી વખતે માનવીને

દુનિયાથી જાણે ક્યાંક ઉપર લઈ જવાય છે. આ ઉન્નતિની ચરમસીમા તરીકે જાણે ગર્ભગૃહ પરનું ઉન્નત શીખર છે. સાથે સાથે પ્રવેશથી ગર્ભગૃહ સુધીના માર્ગમાં ક્રમશઃ બંધિયારપણું આવતું જાય છે. વળી આ જ માર્ગમાં ક્રમાનુસાર અલંકૃતતા પણ વધતી જાય છે. આ બધી બાબતો જાણે માનવીને મનોવૈજ્ઞાનિક રીતે દુનિયાથી દૂર અને પ્રભુની નજીક લઈ જવાય છે.



અહીં માનવી અને પ્રભુનો મેલાપ થાય છે. અહીં પામર તથા વિરાટ એકબીજાને મળે છે. અહીં નાના અસ્તિત્વની ભેટ તે મહાન સાથે થાય છે. આ માટે અહીં તે માનવી તે ભવ્ય વિરાટની સામે આવીને ઉભો રહે છે. મંદિરની રચનામાં આ વિરાટની વિરાટતાને અનુરૂપ સ્થાન નિર્ધારિત કરાયેલ છે. તેથી ગર્ભગૃહની રચનામાં ઉન્નત મંચ, ઉન્નત શિખર સાથે અકલ્પનીય અલંકૃતતા પ્રયોજાય છે.

મંદિરની રચનામાં પ્રયોજાતા શિલ્પ-કોતરણી એક પ્રકારની લયબદ્ધથા, સુંદરતા સાથે નાજુકતા પણ વ્યક્ત કરે છે અને તેથી જ મંદિર વિશાળ હોવા છતાં તે માનવીના અસ્તિત્વ પર બીનજરૂરી રીતે હાવી નથી થતું. આ કોતરણીમાં પણ જે પ્રતિકાત્મક રજુઆત થતી જોવા મળે છે, તેનાથી પણ દર્શનાર્થી ધાર્મિકતામાં વધુ ઊંડો





ઉતરતો જાય છે.

મંદિર એક પવિત્ર સ્થાન છે. અહીંની રચનામાં આ પવિત્રતા સાથે પૂર્ણતા પણ અનુભવાય છે. આ પ્રકારની અનુભૂતિ માટે ગાણિતિક તથા ભૌમિતિક ચોકસાઈ મહત્ત્વનો ભાગ ભજવે છે. અહીં નિયમોમાં ક્યાંય બાંધછોડ નથી. અહીં સિદ્ધાંતો સાથે કોઈ છૂટછાટ નથી લેવાતી. અહીં બધું જ યોગ્ય માત્રામાં તેના સ્થાને હોય છે. સ્થાપત્યની આવી બાબતો મંદિરને પૂર્ણતાનો પર્યાય બનાવે છે; મંદિર પવિત્ર બનતું જાય છે.

મંદિરમાં જાણે દુન્યવી થાક ઉતરી જાય છે. અહીં માનવી પરસ્પર સુસંગતતાથી સંકળાયેલા સ્થાપત્યકીય અંગોને જોતા, તેમાં વણાયેલ અલંકૃતતા માણતા તથા ચિંતા-તનાવને દૂર કરવાની ભાવનાને કારણે જ સ્થપાતી ચોક્કસ ક્રમબદ્ધતામાંથી પસાર થતા પ્રફુલ્લતા અનુભવે છે. આ બધાંમાં મંદિરની રચનામાં વપરાતા પથ્થરથી મળતી ઠંડક પણ કંઈક ભાગ ભજવી જાય છે.

આમ તો મંદિર ભૌતિક રચના છે, પણ તેના નિર્ધારણમાં મનોવિજ્ઞાનને યોગ્ય રીચે સાંકળવામાં આવ્યું છે. અંતે તો તે માનવીના મનના ઉર્ધ્વગમન માટેનું સ્થાન છે. આવા મનોવૈજ્ઞાનિક પ્રયોજનનો કારણે જ મંદિરમાં શ્રદ્ધા તથા ભાવનાનો વિકાસ થાય છે.

❑❑❑

૯૮૨૫૦૬૨૫૨૬

# જૈન સ્તૂપનું સ્થાપત્ય અને વિભાવના

રેણુકા પોરવાલ

**પરિચય :**

પ્રસ્તુત લેખમાં આપણે જૈન સ્તૂપના સ્થાપત્ય અને એની વિભાવના - કન્સેપ્ટની વિસ્તારથી ચર્ચા કરશું. આજથી એકસો પચ્ચીસ વર્ષ પહેલા જૈનોનો દેવ નિર્મિત સ્થૂપ મથૂરા નગરીના ઉત્ખનનમાં મળી આવ્યો. આ અતિ વિશાળ સ્તૂપમાંથી ઘણા શીલ્પો અને પ્રતિમાઓ પ્રાપ્ત થઈ. એની ઈંટો તથા સ્તૂપના સ્થાપત્યનું અવલોકન બારીકાઈથી કરીને વિન્સંટ સ્મિથે જણાવ્યું કે - ''મોહેં-જો-ડેરોની પ્રાચીન સભ્યતા પછી અન્ય કોઈ પ્રાચીન સભ્યતાવાળી ઈમારત ભારતમાં મળી આવેલ હોય તો એ ઈમારત જૈનોના આ સ્તૂપની છે, એના નિર્માણનો સમય છસો ઈ.સ. પૂર્વેથી પહેલાનો ગણી શકાય.''

અહીં જૈનોની વિશાળ વસાહત હતી. આ સ્થળેથી ઘણા મંદિરોની પ્લીંથ - પાયા મળ્યા હતા. આપણે કેવળ એ સ્તૂપમાંથી પ્રાપ્ત થયેલા પવિત્ત પટટો જેને આયાગપટટ કહે છે તથા તોરણો અને બારશાખો જેમાં સ્તૂપનું વાસ્તવિક સ્થાપત્ય દ્રષ્ટિગોચર થાય છે એની જ ચર્ચા કરીશું.

મનુષ્યમાં જ્યારથી કલાની પરખ આવી ત્યારથી એના પરિણામ સ્વરૂપ કલા અને સંસ્કૃતિ અભિવ્યક્તિનો ઉદ્ભવ થયો. વિકાસ પામતી કલા અને સંસ્કૃતિ સાથે અનાયાસે સ્થાપત્ય જોડાયું જેનો અર્થ ગૃહ નિર્માણની વિદ્યા કે ભવન નિર્માણની શૈલી તરીકે થયો. સ્થાપત્યની કૌશલ્યતા પ્રથમ સ્તૂપમાં આકાર પામી ત્યારબાદ ગુફામંદિરોમાં વિકસીત થઈ અને અંતે વર્તમાનમાં નિર્માણ પામતાં સુંદર દેરાસરોના રૂપમાં પરિવર્તિત જોવા મળે છે. ભવન નિર્માણની શૈલીમાં મુખ્ય બે વિભાગનો સમાવેશ કરાય -

અ. ધાર્મિક સ્થાપત્ય :- ચૈત્ય, સ્તૂપ, ગુફા મંદિરો - લેણ કે લેન, દેવકુલિકા, દેરાસરો, પ્રાસાદો, વગેરે.

બ. સામાજીક સ્થાપત્ય :- ગૃહ, સભાગૃહ, નાટ્યઘર, મહેલ, સરોવર, વગેરે.

**ચૈત્ય અને સ્તૂપનો અર્થ તથા વિકાસ :**

સ્તૂપ શબ્દ ચૈત્યમાંથી નિસ્પન્ન થયેલો હોવાથી પ્રથમ ચૈતન્ય શું છે એ જાણીએ. મહાપુરુષોના નિર્વાણસ્થળ પર એમની યાદમાં ભવન નિર્માણ કરવામાં આવે છે. આ પ્રથા ભારતીય મૂળના દરેક ધર્મમાં સરખી જોવા મળે છે. વિશેષ પ્રકારે તૈયાર થયેલ એ બાંધકામને ચેઈય કે ચૈત્ય કહે છે. આવા ચૈત્યો પુણ્યભૂમિ તરીકે વિકાસ પામતા ગયા અને કાળક્રમે મંદિર કે દેરાસરોના ભવન તરીકે પ્રખ્યાત થયા. જૈનોમાં પણ ચૈત્યાલય શબ્દ દેરાસરો માટે વપરાય છે. 'ચૈત્યવંદન કે અરિહંતે ચેઈયાઈમ' વગેરે રોજિંદા શબ્દો ચૈત્ય શબ્દના ઉત્તરોત્તર વિકાસ થયા પછી નિપજેલ છે. નિર્વાણસ્થળ પર નિર્માણ પામેલ બાંધકામ જો અર્ધ ગોળાકાર હોય તો એને સ્તૂપ કહેવાય છે. કોઈકવાર ત્યાં ચબુતરો બાંધી વૃક્ષારોપણ કરાય તો એ ચૈત્યવૃક્ષ તરીકે પણ પૂજાય છે. ભારતમાં વૃક્ષપજા તો વૈદિકકાળથી જ અસ્તિત્વ ધરાવે છે.

જૈનધર્મમાં સ્તૂપની અવધારણા કે વિચાર બૌદ્ધધર્મથી પણ વધુ પ્રાચીન છે. જૈન શાસ્ત્રોમાં ત્રણ સ્થળે વિશાળ સ્તૂપ હોવાના ઉલ્લેખો છે -

અષ્ટાપદ - ભરત ચક્રવર્તીએ પ્રભુ ઋષભદેવના નિર્વાણસ્થળે સિંહનિષિદયા આયતન - અષ્ટ સૌપાનિય સ્તૂપનું નિર્માણ કર્યું હતું.

વૈશાલી - આ સ્થળે મુનિસુવ્રતસ્વામીનો અતિ વિશાળ સ્તૂપ હતો જેનો કુણિકરાજાએ વૈશાલી પર જીત મેળવવા માટે નાશ કર્યો.

મથુરા - મથુરાના દેવનિર્મિત સ્તૂપના ઉલ્લેખો આવશ્યક નિર્યુક્તિ, આવશ્યક ચુર્ણિ - ટિકા. વ્યવહાર ચૂર્ણિ - ટિકા. યશસતિલક ચંપૂ કાવ્ય, વિવિધ તીર્થકલ્પ, વગેરે ઘણાં જૈન શાસ્ત્રોમાં જોવા મળે છે. એમાં સ્તુપ નિર્માણની કથા, એના સ્થાપત્યનો પ્રકાર, ગુરુમહારાજાઓની મથુરાની યાત્રા, વગેરે વિપુલ માહિતી ભરી છે.

શીલાલેખોમાં 'દેવનિર્મિત સ્તૂપ' શબ્દ :

મથુરાપુરીમાં તૈયાર કરાતી મથુરા શૈલીની પ્રતિમાઓ અને શીલ્પો પર પ્રેરણાદાયી ગુરુજનોની વંશાવલી - કુળઃગણઃશાખા, એને ભરાવનારનું નામ, વર્ષ તથા રાજ્ય કરતાં રાજાનું નામ, શીલ્પનો પ્રકાર અને ક્યાં સ્થાપિત કરાય છે તે ભવનનું નામ આપવાની પ્રથા હતી. અહીંની ચાર પ્રતિમાઓના શિલાલેખોમાં 'દેવનિર્મિત સ્તૂપ'માં એ સંબંધિત પ્રતિમાઓ સ્થાપિત કરેલ છે એવું લખાણ છે જ્યારે અન્ય મૂર્તિઓ પર એને રંગમંડપ કે દેવકુલિકા કે પ્રાસાદમાં સ્થાપિત કરાઈ હોવાના ઉલ્લેખો છે. નિશિથ ચૂર્ણિ વગેરે ઘણાં ગ્રંથોમાં સ્તુપને દેવીએ નિર્માણ કર્યો હોવાની કથા છે. ઉપરાંત મથુરાના સ્તૂપમાંથી પ્રાપ્ત થયેલ પ્રતિમાઓ પરથી જાણી શકાય છે કે બારમી સદી સુધી દેવ નિર્મિતમાં પ્રતિમાનું સ્થાપન કરીએ છીએ એવા શબ્દપ્રયોગો ઉપયોગમાં લેવાતા હતા.

આચાર્ય સંગમસૂરિ રચિત 'તીર્થમાળા', સોમદેવસૂરિના 'યશસ તિલક ચંપૂ' કાવ્ય, તથા અન્ય રચનાઓ - સર્વદેવ ચૈત્ય પરિપાટિ, પ્રભાવક ચરિત્ર, ઈત્યાદિમાં મથૂરાનગરી જંબુસ્વામીના

કલ્યાણક અને દેવી નિર્મિત સ્તૂપના યાત્રાધામ તરીકે જાણીતી હતી. આચાર્ય જિનપ્રભસૂરિના 'વિવિધ તીર્થ કલ્પ'માં 'મથુરાપુરી કલ્પ'માં એની કળા, સ્થાપત્ય, મૂળનાયક સુપાર્શ્વસ્વામીની વિગત ઉપરાંત ઈતિહાસ પણ દર્શાવ્યો છે.

ખરતરગચ્છના આચાર્ય શ્રીજિનપ્રભસૂરિએ ઈ.સ. ૧૩૩૩ માં રચેલ વિવિધ તીર્થ કલ્પમાં નવમાં પાઠમાં મથુરાના સ્તૂપનું સ્થાપત્ય કેવું હતું તે ઉપરાંત એની કથા પણ જાણવા મળે છે. તે માહિની પ્રમાણે સાતમાં તીર્થંકર સુપાર્શ્વનાથના સમયમાં બે સાધુઓ - ધર્મરૂચિ અને ધર્મઘોષ મથુરાનગરમાં વર્ષાવાસ વ્યતિત કરવા પધાર્યા. તેઓ ભૂતરમણા નામના ઉપવન - ઉદ્યાનમાં રોકાયા. તેમની ઉગ્ર સાધના, ઉત્કૃષ્ટ તપસ્યા અને સ્વાધ્યાય જોઈ ઉદ્યાનની દેવી કુબેરા અતિ પ્રસન્ન થઈ. તે સાધુઓ આગળ પ્રત્યક્ષ રૂપે હાજર થઈ અને સાધુઓને કહ્યું ''તમારા ગુણોથી હું ઘણી આકર્ષિક થઈ છું, કહો આપને શું વરદાન આપું? આપને મેરુ પર્વતના દર્શન કરાવું?''

સાધુઓએ વિનયથી દેવીને જણાવ્યું, ''અમે તો આગમિક શક્તિથી મેરુ પર્વતના દર્શન કર્યા છે, છતાં આપની ઈચ્છા હોય તો અહીંના મહુરાપુરી - મથુરાપુરીના સકળ સંઘને મેરુપર્વતના સ્વર્ણમંડિત મંદિરોના પૂજનનો લાભ અપાવો.''

ત્યારે તે દેવીએ કંચનથી ઘડાયેલ રત્ન જડેલો, અનેક દેવ-દેવીના પરિવારથી યુક્ત ચૈત્યવૃક્ષની લતાથી શોભિત, તોરણ, ધજા, માળાથી અલંકૃત, ત્રણ મેખલા - વેદિકાવાળો અને સોનાની પ્રતિમાઓથી સ્થાપિત મેરૂ સદશ સ્તૂપનું નિર્માણ એક જ રાત્રિમાં કરી આપ્યું.

આપણે ત્યાં દ્વારિકા નગર પિરામિડો દેવોએ નિર્માણ કર્યા હતા એવી અનુશ્રૂતિ છે માટે જૈન સ્તૂપ માટે પણ એ શક્ય છે. પ્રાચીન જૈન શાસ્ત્રોમાં દેવી દ્વારા પ્રસ્તુત સ્તૂપના નિર્માણ ઉપરાંત એની પૂજા માટે દેવો પધારતા હતા એવો ઘણાં ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. પાર્શ્વનાથ, મહાવીર સ્વામી અહીં પધાર્યા હતા. આ. બપ્પભટસસૂરિ, ક્ષમાશ્રમણ જિનભદ્રસૂરિ, વગેરે ગુરુભગવંતોએ અહીં આરાધના કરી હતી. ગઝનીથી આવેલા હુમલાખોરોએ આખી મથુરા નગરીનો દશમી સદીમાં નાશ કર્યો. ગઝનીએ એનું વર્ણન કરતા લખ્યું છે કે 'એના જેવું સુંદર બાંધકામ કોઈ મનુષ્ય ધારે તો કુશળ બે હજાર કારીગરોને લઈ ખૂબ ધન વાપરે તો પણ બસો વર્ષે આવું સુંદર ભવન નિર્માણ ન કરી શકેઃ લોકો કહે છે કે એને દેવીએ બનાવેલ છે.' એણે સ્તૂપને નષ્ટ કર્યો એના પાંચ જ વર્ષમાં મથુરા સંઘે એનો જીર્ણોદ્ધાર કરી લીધો હતો એવું ઈ.સ. ૧૦૨૩ ની સાલમાં અને ત્યારબાદ ૬૩ વર્ષ સુધી પણ એ સ્થળે ભરાવેલ પ્રતિમાઓના આધારે કહી શકાય કે એ યાત્રાનું મોટું ધામ હતું. ત્યારબાદ ચારસો વર્ષ પછી આ. જિનપ્રભસૂરિ ઈ.સ. ૧૩૩૩ માં યાત્રાએ આવ્યા ત્યારે સ્તૂપ સારી સ્થિતિમાં હતો. પછી અકબરના રાજ્ય સુધી પણ એ સારી સ્થિતિમાં હતો એમ જણાય છે.

**સ્તૂપનું સ્થાપત્ય અને કંકાળીટીલો :**

ઈ.સ. ૧૮૮૮-૧૮૯૨ સુધીમાં બ્રિટીશરોએ મથુરાનગરના ઘણાં ટેકરાઓનું ખોદકામ કરાવ્યું તેમાં આ સ્તૂપનો ટેકરો પણ હતો. આ સ્થળે ઘણાં ભવનોના પાયા હતા. લોકો એને જૈની ટીલા કહેતા. આ સ્થળે કોઈકે એક દેવીની આકૃતિવાળા સ્તંભને બહાર કાઢી લઈ ટેકરી ઉપર પધરાવ્યો તથા ત્યાં મંદિર બાંધી એને કંકાળીદેવી એવું નામ આપ્યું જેને કારણે ઉત્ખનનમાં પ્રાપ્ત થયેલી જૈનોની આ મોટી વસાહત કંકાળી ટેકરો - ટીલાના નામથી ઓળખાઈ, અહીંથી લોકો ઘર બાંધવા માટે ઈંટો લઈ જતા હતા. અન્ય ટીલાઓમાં ચૌર્યાસી ટીલા, કેશવદેવા ટીલા, ચૌબારા ટીલા, વગેરે હતા.

કંકાળી ટીલાનું માપ ૪૦૦ x ૩૦૦ ચો.ફૂટ હતું તથા સરાસરી ઊંચાઈ ૧૦-૧૨ ફૂટ અને પૂર્વ તરફનો ભાગ ૨૫ ફૂટ ઊંચો હતો જ્યાંથી સ્તૂપના અવશેષો અને શીલ્પો પ્રાપ્ત થયા. એનો પાયો અંદરથી ગોળાકાર ૪૭ ફૂટ વ્યાસનો હતો. એમાં અષ્ટ આરાઓ હતા જે બહાર તરફ નીકળેલા હતા. દરેક આરામાં પોલાણ હતું ઉત્ખનનમાંથી મળેલ ઈંટો અને એના આરાઓની વચ્ચે માટી ભરવામાં આવેલી હોય એવું જણાયું. આ સ્તૂપનો દેખાવ કેવો હતો તે જાણવા માટે આ સ્થળેથી જ મળી આવેલા ઘણાં શીલ્પો છે જેના પર સ્તૂપનું અંકન છે.

લોણશોભીકા નામની ગણિકાના આયગપટ તરીકે જાણીતા શીલ્પમાં સંપૂર્ણ સ્તૂપ દ્રષ્ટિગોચર થાય છે - અહીં સ્તૂપના તોરણદ્વાર પર પહોંચવા માટે અષ્ટ સોપાન નજરે પડે છે એની બંને તરફ ગવાક્ષમાં ક્ષેત્રપાલ - કુબેરાદેવી જોવા મળે છે. ઉપરાંત, સુંદર અલંકૃત તોરણ, રેલીંગ, ત્રણ વેદિકાઓ, સૌથી ઉપર ચૈત્યવૃક્ષની વેલીઓ અને એની નીચે અર્ધગોળાકાર ડોમ - સ્તૂપનું મૂળ માળખું, બંને બાજુએ સ્તંભ જેની ઉપર અનુક્રમે ધર્મચક્ર અને સિંહ અથવા હાથી કંડારેલો જોઈ શકાય છે. રાયપસેનિયસૂત્રના આધારે દ્વારની ઉભય બાજુએ સોળ - સોળ શાલભંજિકાઓ સ્થાપિત કરાય છે. અહીં પણ પ્રતિક તરીકે બંને તરફ આકર્ષક ભાવભંગિમા ધરાવતી એક - એક પુતળી સ્થાપિત કરેલી દેખાય છે.

એક ઘણાં જ વિશાળ તોરણદ્વાર પર સ્તૂપની પૂજા માટે આવતા ગ્રીક દેવી દેવતા કંડારેલા છે એનો આકાર સમવસરણને મળતો છે.

એક આયાગપટ જેને એક નર્તકે સ્થાપિત કર્યો હતો એના પર અર્ધગોળાકારવૃત્ત છે, બંને તરફ શાલભંજીકાઓ, વિશાળ સ્તંભ, પ્રદક્ષિણા પથ અને એની ચારે તરફ સાદી રેલીંગ નજરે પડે છે. અહીં પણ અલંકૃત તોરણ પ્રવેશદ્વારને અનેરી શોભા આપે છે પરંતુ સોપાન પાંચ છે તથા એની આસપાસ ગવાક્ષનો અભાવ છે.

અન્ય એક શીલ્પ બે ખંડમાં વિભાજિત છે એમાં ઉપરના ભાગમાં મધ્યમાં સ્તૂપ તથા એની બંને તરફ બે તીર્થંકરો બિરાજમાન કરાયા છે તેમણે મુગટ અને કડલ ધારણ કર્યા છે. અહીં સ્તૂપનો આકાર સમવસરણ જેવો દેખાય છે. બીજા ખંડમાં કણ્હ સાધુ અને વિધા દેવી તથા ભક્તો નજરે પડે છે.

બે અન્ય વિશાળ બાર બારશાખો પર પણ સ્તૂપની પૂજાના અંકનો સ્પષ્ટ છે ત્યાં પણ એને દેવ-દેવી, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓ વંદન કરે છે. અહીં બે પ્રકારના સ્થાપત્યના અંકનો છે જેમાં એકમાં અર્ધગોળાકારવૃત્ત અને બીજામાં ઉપરની બાજુએ ઘટતો જતો સમવસરણ જેવો આકાર છે. વિદ્વાનોના જણાવ્યા અનુસાર કંકાલી ટીલાના ઉત્ખનનમાં બે સ્તૂપની રેલીંગ મળી હતી, જેમાં એક ખૂબ સાદી તથા બીજી અલંકૃત હતી અર્થાત્ એ સ્થળે જે પ્રથમ સ્તૂપ હતો તે શૂંગ વંશમાં હયાત હતો જ્યારે ત્યાર બાદ એ જ સ્થળે ક્ષત્રપ સમયમાં તેનો જીર્ણોદ્ધાર થઈ બીજા સ્તૂપનું નિર્માણ થયું. સ્તૂપની રેલીંગ પર થોડે થોડે અંતરે શાલભંજિકાઓ હતી જે રેલીંગ સાથે જ તેના પાછળના ભાગથી જોડાયેલ હતી. અહીંના દરેક શીલ્પો ચારેબાજુએથી કંડારેલા હોય છે જે મથુરાકળાની આગવી વિશેષતા ગણાય.

ડૉ. અગ્રવાલે એક લેખ "Some foreign words in Ancient Sanskrit Literature" (Journal UPHS, vol XXIII, 1950) માં જણાવ્યા અનુસાર સમવસરણનું મૂળ સ્તૂપના સ્થાપત્યમાં રહેલું છે. સમવસરણમાં ઉપરની તરફની ગંધકૂટિ ચારે બાજુથી ખુલ્લી હોવાથી એમાં બિરાજિત પ્રભુજીને સર્વ કોઈ સાંભળી શકે છે. પંચમેરૂમાં પાંચ મેખલા-વેદિકાઓ હોય છે જ્યારે સમવસરણમાં ત્રણ મેખલા-ગઢ હોય છે.

ડૉ. યુ. પી. શાહ - 'સ્ટડીઝ ઈન જૈન આર્ટ'માં સ્તૂપની તૂલના બેબીલોનમાં પ્રાપ્ત થતાં ઝીગુરાતના સ્થાપત્ય સાથે કરે છે. તેઓ જણાવે કે ઝીગુરાતનું સ્થાપત્ય સમવસરણ અને સ્તૂપને મળતું આવે છે અર્થાત્ પ્રાચીન સમયમાં ભારત દેશ પર અન્ય દેશનો પ્રભાવ હતો અથવા અહીં પણ એવા સ્થાપત્યોનું અસ્તિત્વ હતું. નેબુઝનેઝરે ઝીગુરાતનું સમારકામ કરાવ્યું હતું. સોમનાથ જૈન દેરાસરમાંથી પ્રાપ્ત થયેલા શીલાલેખ અનુસાર બેબીલોનનો નેબુઝનેઝર ગિરનાર પર્વત પર અરિષ્ટમેનિના દર્શનાર્થે આવ્યો હતો. મથુરાના સ્તૂપમાંની ઘણી પ્રતિમાઓને પરદેશની વ્યક્તિઓએ ભરાવી હતી.

રાયપસેનિયસૂતમાં સૂર્યાભદેવના યાનવિમાનનું વર્ણન સ્તૂપમાંથી પ્રાપ્ત થયેલા શીલ્પોને સંપૂર્ણપણે મળતું આવે છે જેમાં મુખ્યપણે તારણ, જાળીઓ, હાથીદાંતની ખૂંટીઓ, વિવિધ કાર્યમાં પરોવાયેલ શાલભંજિકાઓ, તીર્થંકરોના જીવનપ્રસંગોનું નાટ્ય રૂપાંતર, મંગળ પ્રતિકો, સોપાનો, વગેરેનો સમાવેશ કરી શકાય.

આ ઉપરાંત અન્ય શીલ્પોમાં પણ સ્તૂપને દેવો, સાધુઓ, સાધ્વીઓ અને ભક્તો દ્વારા પૂજન અને અર્ચન કરાય છે એમ દર્શાવ્યું છે. આમ જૈનોમાં સ્તૂપો સ્થાપિત કરવાની પ્રથા હતી જે ધીરે ધીરે ઓછી થઈ એના બદલે માનસ્તંભ અને ચૈત્ય સ્તંભ અસ્તિત્વમાં આવ્યા. કાળક્રમે સ્તૂપની વિભાવના સમવસરણમાં આવી જ્યાં ઉપર સર્વતોભદ્ર પ્રતિમાનું સ્થાપન હોય છે.

**સ્તૂપના અન્ય ઉલ્લેખો :**

અશોક મોર્યે કાશ્મીરમાં જૈન સ્તૂપોનું નિર્માણ કરાવ્યું હતું. એવો ઉલ્લેખ કલ્હણ રચિત 'રાજ તરંગિણી'માં મળે છે પરંતુ એમાં 'જૈન' શબ્દનો અનુવાદ ઈતિહાસકારોએ 'ઓર્થોડોક્સ બુધ્ધિસ્ટ' કરતા હોવાના કારણે અશોકના પૂર્વાશ્રમથી લોકો અપરિચિત રહ્યા. અકબરના સમયમાં શાહૂ ટોડરમલે ૫૨૭ સ્તૂપોનું નિર્માણ કર્યું હતું કે એનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. સ્તૂપોના નિર્માણ ઘટતાં ગૂફાઓમાં તીર્થંકરોની પ્રતિમાઓ સ્થાપિત થતાં ગુફાના સ્થાપત્યનો વિકાસ થયો.

**ઉપસંહાર :**

જૈનોના પવિત્ર યાત્રાધામના રૂપમાં સદીઓથી જાણીતા મહુરી - મહુરાઉરી - મથુરાપુરીને જગચિંતામણી ચૈત્યવંદનમાં દુઃખ અને પાપનો નાશ કરનાર તીર્થ તરીકે વંદન કરાય છે. અન્ય એક તીર્થ મોરી ગુજરાતમાં આવેલું છે જે વલ્લભીપુરના નાશ સમયે પાંચમી સદીમાં વસ્યું હોવાના ઉલ્લેખો છે જે મથુરાના પ્રમાણમાં ઘણું અર્વાચીન કહેવાય. મ. ગઝનીએ સ્તૂપને ૧૦૧૮ માં લૂટ્યો હતો. મથુરાના જૈન સંઘે ૧૦૨૩ માં જીર્ણોદ્ધાર કર્યો, આ. જિનપ્રભસૂરિએ વિવિધ તીર્થયાત્રાઓ ૧૩૨૯-૧૩૩૩ દરમ્યાન કરી અને સ્તૂપના સ્થાપત્યનું વર્ણન કર્યું. અકબરના રાજ્યકાળમાં ગોવાથી ક્રિશ્ચીયન મિશનર ફાધર મોન્સેરાટ ફતેહપુરસિક્રિ આવ્યા હતા. તેમના વર્ણન મુજબ મથુરામાં પિરામિડ જેવું એક ભવન સિવાયના બધા ભવનો અસ્તવ્યસ્ત દશામાં હતા અને એ ભવનમાંથી લોકો સુંદર શીલ્પો કાઢી લેતા હતા. ત્યારબાદ નાદિરશાહ (૧૭૩૯) અને અહમદશાહ અબ્દાલીએ (૧૭૫૭) એનો સંપૂર્ણ નાશ કર્યો જે ટેકરાની ઊંચાઈ જ ત્રીસ ફૂટ રહી ગઈ અને લોકોએ એની ઈંટોનો ઉપયોગ ઘર બાંધવામાં પણ કર્યો. જૈનોની વસાહત, મંદિરો, વગેરે ટેકરામાં પરિવર્તિત થયા. ત્યારબાદ લોકોની સ્મૃતિમાંથી વિસ્મૃત થયા. એનું સ્થાપત્ય કેવું હતું એ સ્તૂપના વર્ણનો અને શીલ્પોથી જ નક્કી કરાયું. વિવિધ તીર્થ કલ્પના આધારે ત્રણ વેદિકાઓથી સુશોભિત, ઉપર લટકતી ચૈત્યવૃક્ષની વેલીઓ. ત્રણ છત્ર બંને તરફ સ્તંભ જેની ઉપર ચક્ર કે સિંહ કે હાથી, શાલભંજિકાઓ, ગવાક્ષ, પાંચ કે આઠ સોપાન તથા સ્વર્ણ અને રત્નની પ્રતિમાઓ ઉપરાંત દેવ-દેવીઓની મૂર્તિઓ પણ હતી.

કંકાળી ટીલાના ઉત્ખનનમાં બ્રાહ્મીના શિલાલેખવાળી પ્રતિમાઓ મેળવવાની ઉતાવળમાં મૂળ સ્તૂપના સ્થાપત્ય પર ઓછું લક્ષ અપાયું છતાં એના ગોળાકાર માળખા, દરવાજા અને કમાનો તથા તોરણો પરથી મળેલી માહિતી પરથી જણાય છે કે એ સ્તૂપ સાંચીના સ્તૂપ કરતાં પ્રાચીન અને વૈભવશાળી હતો.

**સંદર્ભ સૂચિ :**


કલ્હણ - રાજ તરંગિણિ, પ્રથમ તરંગ - શ્લોક ૧૦૧-૧૦૫.

મધુકર મુનિ - રાયપ્રસેનિય સૂત્ર

જિનપ્રભસૂરિ - વિવિધ તીર્થ કલ્પ

ડૉ. રેણુકા પોરવાલ - જૈન સ્તૂપ એટ મથુરા : આર્ટ એન્ડ આઈકોન્સ


❑❑❑


૧૧૦૫, ઝેનિથ ટૉવર, પી.કે. રોડ,

મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

renukap45@gmail.com | મો. ૯૮૨૧૮૭૭૩૨૭


# આબુ-દેલવાડા : સર્વોત્તમ શિલ્પકળાનું સંગમ ધામ


**આચાર્ય વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી**


અરવલ્લીની ગિરિમાળાનો વિસ્તાર ચોક્કસ કોઈ એક દેશ સુધી જ સીમિત નથી, અનેક દેશોમાં આ ગિરિમાળા ફેલાયેલી છે, પણ આ ગિરિમાળામાં જો સૌથી વધુ ઊંચો કોઈ પર્વતીય વિભાગ હોય, તો તે આબુ છે, આ દૃષ્ટિએ અરવલ્લીની ગિરિમાળાના ગૌરવોન્નત મસ્તક તરીકે આબુને ઓળખાવી શકાય, ભારતની દક્ષિણ દિશામાં આવેલા નીલગિરિથી માંડીને ઉત્તરમાં આવેલ હિમાલય સુધીના પર્વતોમાં જેની ઉપર અનેક ગામો વસ્યાં હોય, એવો ઊંચો એક માત્ર પર્વત આબુ છે.

મૂળમાં વીસ માઈલની લંબાઈ અને આઠ માઈલની પહોળાઈ ધરાવતા આબુના ૧૨ માઈલની લંબાઈ ને ત્રણેક માઈલની પહોળાઈ ધરાવતા ઉપરના પર્વતીય-વિસ્તારમાં એક કાળમાં બારેક ગામો વસેલાં હતાં, જેમાં જૈનોની વસ્તી પણ સારા પ્રમાણમાં હતી, આજે એ ગામોનું અસ્તિત્વ છે, પણ જાહોજલાલી નથી. આબુ જેના કેન્દ્રમાં હોય, એવો જૈન-અજૈન ઈતિહાસ મોટા પ્રમાણમાં આજે પણ ઉપલબ્ધ છે. કાળના પંખેરુંઓની પાંખ જ્યાં પહોંચી શકે એવી નથી, એ યુગાદિ પ્રભુ શ્રી આદિનાથનો સમય આબુ સાથે જોડાયેલો છે. પ્રભુના પુત્ર ચક્રવર્તી શ્રી ભરતેશ્વરે આબુ પર ચાર દ્વાર ધરાવતું સુવર્ણ-ચૈત્ય બંધાવ્યું હતું.

જૈન ઈતિહાસ મુજબ આબુને અર્બુદગિરિ આવું નામ આપવામાં ભરતચક્રવર્તીનું એ સુવર્ણ ચૈત્ય નિર્મિત્ત બન્યું હતું, એ સુવર્ણ ચૈત્યમાં પ્રતિષ્ઠિત શ્રી આદિનાથ પ્રભુનું ધ્યાન ધરીને આત્મસાધના કરવા દશ ક્રોડ જેટલા સાધકો તપ કરતા હતા, દશ કરોડની સંસ્કૃતમાં 'અર્બુદ' તરીકે ઓળખાતી હોવાથી, આ સાધનાની સ્મૃતિમાં આ ગિરિ 'અર્બુદાચલ' તરીકે ઓળખાવા માંડ્યો. અહીં કરેલી પૂજા વગેરે આરાધના દશ કરોડ ગણું ફળ આપનારી હોવાથી પણ આ ગિરિ 'અર્બુદાચલ' તરીકે પ્રખ્યાતિ પામતો ગયો.

છદ્મસ્થકાળમાં શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્મા અર્બુદ ભૂમિમાં વિચર્યા હોવાની વાતને શિલાલેખો અને શાસ્ત્રલેખોનું સમર્થન મળે છે, આના પ્રત્યક્ષ પુરાવાઓ તરીકે અર્બુદાચલની આસપાસનાં અનેક ગામોમાં આજેય અસ્તિત્વ ધરાવતાં શ્રી મહાવીર પરમાત્માનાં અનેકાનેક ભવ્ય તીર્થો ને મંદિરોને આગળ કરી શકાય!

શ્રી ભરત ચક્રવર્તીના મંદિરના સર્જન પછી આબુને તીર્થ તરીકે મળતી પ્રસિદ્ધિનો સ્થિતિકાળ તો ક્યાંથી આંકી શકાય? પણ એટલું નક્કી છે કે, ભગવાન શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ પછીનાં કેટલાંય વર્ષો સુધી જૈન તીર્થ તરીકે આબુ પ્રસિદ્ધ રહ્યું હતું. પ્રભુજીની દશમી પાટે થયેલા શ્રી સુસ્થિતાચાર્ય અર્બુદાચલથી અષ્ટાપદજી તીર્થની યાત્રાએ ગયા હોવાના શાસ્ત્રલેખ ઉપરાંત શ્રી પાદલિપ્તાચાર્ય આકાશગામિની વિદ્યા દ્વારા જે પાંચ તીર્થોની રોજ યાત્રા કરતા હતા, એમાં એક તીર્થ તરીકે અર્બુદાચલનો પણ ઉલ્લેખ ઉપલબ્ધ છે. પ્રભુની ૩૭ મી પાટે થયેલા વડગચ્છ સ્થાપક પૂ. આ શ્રી ઉદ્યોતનસૂરિજી મહારાજ વિ. સં. ૯૯૪માં આબુની યાત્રાર્થે પધાર્યા હતા. આ બધા પુરાવાઓના આધારે એમ કહી શકાય કે, વિ. સં. ૯૯૪ પછીના ગાળામાં ક્યારેક આબુ ઉપરનાં જિનમંદિરોનો નાશ થઈ જતાં, એનું જૈનતીર્થત્વ લોકોના માનસપટલ પરથી ભૂંસાઈ જવા પામ્યું હોય!

શાસ્ત્રલેખો અને શિલાલેખોમાં સુરક્ષિત હોવા છતાં જનમાનસમાંથી ભુલાઈ ગયેલી આબુની જૈનતીર્થ તરીકેની પ્રતિષ્ઠાની પુનઃ સ્થાપના (વિ.સં. ૧૦૮૮ માં) ઉપરાંત તીર્થોદ્ધારનું મહાપુણ્ય ઉપાર્જન કરવાના કોઈ ભાગ્યસૌભાગ્યનો જ જે સદેહે અવતાર ગુજરાતમાં થયો, એ અવતારને જે નામ મળ્યું, એને શોભાવનારી અક્ષરાવલી હતી : દંડનાયક શ્રી વિમલ !

યોગીઓ માટે યોગભૂમિ અને ભોગીઓ માટે ભોગભૂમિ ગણાતા આબુનાં, સમુદ્રીય સપાટીથી ૪ હજાર ફૂટની ઊંચાઈ ધરાવતાં એ શિખરો ઉપર ભવજલતારક નામની મોટી અનેક નાવડીઓને તરતી મૂકવાનું સ્વપ્નદૃષ્ટા વિમલનું સ્વપ્ન અનેરા કોઈ ઠાઠમાઠ સાથે અને અનોખી કોઈ ચહલ-પહલ સાથે આશ્ચર્યકારી ઝડપથી સાકાર થઈ રહ્યું હતું. સમુદ્રની સપાટી પર નાવડીઓ તરતી

મૂકવાનું કાર્ય પણ સહેલું નથી હોતું, ત્યારે દંડનાયક તો સમુદ્રની સપાટીથી ચાર હજાર ફૂટની ઊંચાઈએ પથ્થરની એવી નાવડીઓ તરતી મૂકવા કૃતનિશ્ચયી હતા, જે ભવસાગરને તરવાનું અમોઘ સાધન બની જાય!

ભવસાગરને તરવા નૈયા બની જાય, એવાં એ મંદિરો કોઈ અનેરા વૈભવ વચ્ચે શિલ્પદેવના હાથ હેઠળ નિર્માણ પામી રહ્યાં હતાં. આ નિર્માણનો તો વૈભવ જ વર્ણવી શકાય, એવો નહોતો! ધરતી, સોનાના સાટે ખરીદાઈ હતી! આરસપહાણની શિલાઓ, હાથીના હોદ્દે બેસીને ઠાઠમાઠ સાથે આબુ ઉપર આવતી હતી! નાનામોટા પથ્થરો, રૂપાચાંદીના મૂલે એ સર્જન-ભોમ પર પધારતા હતા, ઘર કરતાં સવાઈ સગવડો માણતા સેંકડો શિલ્પીઓ અને હજારો મજૂરો એવા ઉત્સાહ સાથે નિર્માણ-કાર્ય કરી રહ્યા હતા કે, દર્શકોને એમ જ લાગતું કે, આ બધા જાણે પોતપોતાના ઘરને વહાલથી ચણી રહ્યા છે!

શિલ્પીઓનાં ભાગ્ય ઊઘડી ગયાં હતાં, મજૂરોનાં દળદર ફીટી રહ્યાં હતાં. અને આબુની એ ગિરિભોમ દિન-દિન ચડતા રંગ પામી રહી હતી. બીજે જે નિર્માણ-કાર્યને આગળ વધવા અઠવાડિયુંય ઓછું પડતું, એ નિર્માણ અહીં એક દિવસમાં તૈયાર થઈ જતું! કારણ કે બધા કારીગરો પોતાનું લોહી રેડીને પોતાના પહેલા નવજાત શિશુની અદાથી આ નિર્માણને ઉછેરી રહ્યા હતા.

એ નિર્માણમાં જે નિષ્ઠા-તત્ત્વ નૃત્ય કરી રહ્યું હતું, એ દર્શનીય હતું. દંડનાયકે ઉદારતા અને આત્મીયતાથી સૌનો સ્નેહ એ રીતે જીતી લીધો હતો કે, કોઈ મજૂર ઈંટો ગોઠવતો હોય, કોઈ કારીગર પથ્થર પણ કસબ અજમાવતો હોય, કોઈ શીલ્પી પોતાના ટાંકણાથી કોઈ સૌંદર્યસૃષ્ટિ આરસમાં ઉપસાવતો હોય, આ બધામાં રસ અને એકતાનતાની એક એવી લાગણીનો અખંડ તાર જળવાયેલો જોવાતો કે, આ બધા કાર્યનો સરવાળો શિલ્પ અને સૌંદર્યના અજોડ સર્જનમાં સમાપ્ત થતો.

કાગળ કે મીણ જેવા પોચા પદાર્થો પણ ન ઝીલી શકે, એવી સૂક્ષ્મ કોતરણી આરસમાં અવતરવા માંડી. એ આરસને કોઈ ભાગ એવો નહોતો રહેતો કે, શિલ્પીનાં નાનાં-મોટાં ટાંકણાંનો જેને સ્પર્શ ન મળ્યો હોય! જેના કારણે આરસની એ આલમમાં એવા સાગરો ને એવી સરિતાઓ, એવા કલ્પતરુઓ ને એવાં કમળવનો, એવા વૃક્ષો ને એવી વેલડીઓ તેમજ એવો ઈતિહાસ અને એવું વર્તમાન જીવન અવતાર ધરી રહ્યું કે, જેમાં પાણી, વનસ્પતિ તેમજ પુરુષ જેવા તત્ત્વનો અભાવ હોવા છતાં, આ બધાં તત્ત્વોનું અવતરણ સપ્રાણ અને સજીવન જણાવા માંડતું.

શિલ્પશાસ્ત્રમાં કલમથી અક્ષર રૂપે દોરાયેલી એ વિશાળ શિલ્પસૃષ્ટિને પાષાણ ઉપર ટાંકણાથી આકાર રૂપે કંડારવામાં શિલ્પદેવના આશ્રય હેઠળના એ કારીગરો જેમ જેમ કલ્પનાતીત સફળતા પામતા ગયા, એમ એમ દંડનાયક વિમલ પણ સુવર્ણની વૃષ્ટિને એ કારીગરોની હથેળી પર ઉતારવામાં વધુ ને વધુ ઉદારતા દાખવતા ગયા.

જેના દ્વારા મંદિરોની છતો, દીવાલો અને ઘુમ્મટો શિલ્પશાસ્ત્રને તેમજ જૈન ઈતિહાસને ઝીલવા આરસી બને, એવી કળા તેમજ એવા જ્યોતિર્ધરોનાં જીવન એક તરફ આરસમાં કંડારાઈ રહ્યાં હતાં, તો બીજી તરફ આવાં મંદિરો પણ જેના વિના સૂનાં સૂનાં ભાસે, એવી જિનપ્રતિમાઓ ધૂપ-દીપથી મઘમઘતા તેમજ મંગલભર્યા વાતાવરણ વચ્ચે ઘડાઈ રહી હતી. વિરાગની સરવાણી વહાવતી મુખમુદ્રાથી અને વીતરાગતાની લહાણી કરતી અંગભંગીથી ભરપૂર એ જિનમૂર્તિઓના સામાન્ય દર્શને જ દર્શકને એવી અનુભૂતિ થતી કે, જાણે આ મૂર્તિની મુખમુદ્રા હમણાં જ મુખરિત બની ઊઠશે અને અણબોલ બોલ દ્વારા પ્રેરણાનું પીયૂષ પાશે!

પ્રકૃતિના વિધવિધ સૌંદર્યને ઝીલવા ઉપરાંત તત્કાલીન ધાર્મિક વિધિઓની પદ્ધતિઓનું સુરમ્ય પ્રતિબિંબ ઝીલતી આરસની એ સૃષ્ટિમાં કારીગરોએ જૈન ઈતિહાસને પણ મોટા પ્રમાણમાં કંડારીને અમર બનાવી દીધો. પાષાણમાં જાણે પ્રાણ પુરાયા! કોઈ સ્થાને યુદ્ધ આદરનારા ભરત-બાહુબલીમાંથી પ્રબુદ્ધ બનતા બાહુબલીનો પ્રસંગ અંકિત થયો, તો કોઈ શિલા સાક્ષાત્ સમવસરણની ઝાંખી કરાવી રહી. ક્યાંક આર્દ્રકુમારનું જીવન જડવામાં આવ્યું, તો ક્યાંક શિલાઓની સૃષ્ટિમાં ભગવાન શ્રી નેમિનાથ પ્રભુના પ્રસંગો ઉલ્લિખિત ઉત્કિર્ણિત બન્યા. ક્યાંક ''પ્રભુ મેઘરથ ભવ ગુણખાણી, પારેવા પર કરુણા આણી''નું ગીત સરી પડે, એવું અંકન થયું, તો ક્યાંક આરસ આરસી બનીને ૧૬ વિદ્યાદેવીઓનું પ્રતિબિંબ ઝીલી રહ્યો. ક્યાંક પ્રભુના પંચકલ્યાણક મહોત્સવની ભવ્યતા પાષાણમાં પ્રતિબિંબિત થઈ, તો ક્યાંક અષ્ટપ્રકારી પૂજા કરતા શ્રાવકોનું પ્રતિબિંબ ઝીલતા પાષાણ મૌનપણે ધર્મની ધજા લહેરાવતી પૂજાનું પ્રેરણાગાન ગાઈ રહ્યા!

આમ, અનોખી અનેરી લંબાઈ પહોળાઈ ધરાવતી એ દેવનગરી, ૧૨૧ સ્તંભો અને ૫૪ દેરીઓ દ્વારા એવું અમાપ અને અજોડ પ્રેરણા દાન મુક્ત હાથે કરાવી રહી કે, જેથી દર્શકની ભવોભવની દરિદ્રતા અને જનમ-જનમનાં દળદર ફીટી જાય! સ્વર્ગમાંની કોઈ દેવનગરી જ જાણે આબુના સૌંદર્યમંડિત એ ભૂભાગ પર ઊતરી આવી ન હોય! આવી અનુભૂતિ કરાવતી એ મંદિરાવલિ રાત-દિવસના અવિરત પુરુષાર્થ પછી એક દહાડો પૂર્ણતા પામી. વિશાળ એના મંડપો, ઊંચા ઊંચા એના સ્તંભો, સ્તંભો પર નૃત્ય કરતી એની પાંચાલિકાઓ, ચતુષ્કોણ એનો ચોક, સુવર્ણનો વર્ણ ધરાવતા એના ધ્વજદંડો ને કળશો, દેવદૂષ્યની યાદ અપાવતી એની ધજાઓ તથા ભવ્ય એનાં પ્રવેશદ્વારો : આ બધું જ કળાનાં ઝરણાં જ્યાંથી વહેતાં હોય, એવા દૂધમલ કોઈ પહાડની જેમ શોભી રહ્યું!

મહામંત્રી નેઢ, એમના પુત્ર લાલિગ, દંડનાયક વિમલ, માતા વીરમતિ, પુત્રવધૂઓ ધનશ્રી અને શ્રીદેવી : આ બધા માટે ૧૦૮૮

ની સાલ જાણે હર્ષોલ્લાસની ભરતીનો અપૂર્વ ઘુઘવાટ લઈને આવી હતી, કારણ કે લગભગ ૧૦૮૦ ની સાલથી પ્રારંભાયેલો આબુનો વિરાટ તીર્થોદ્ધાર આ સાલમાં પૂર્ણ થવા આવ્યો હતો અને પ્રતિષ્ઠા-વિધિનું મુહૂર્ત પણ નીકળી ગયું હતું.

દંડનાયક વિમલે પોતાના ધર્મદાતા પૂ. આચાર્યદેવશ્રી ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં એવું ઉત્સાહભર્યું પ્રતિષ્ઠાનુષ્ઠાન યોજ્યું કે, એમાં રાજવી ભીમદેવથી માંડીને કેટલાય રાજવીઓ હાજર રહીને ધન્યતા અનુભવી રહ્યા. તીર્થોદ્ધારના પ્રારંભથી પ્રતિષ્ઠા સુધીના વચગાળામાં દંડનાયકે ઉદારતાથી જે ધનવૃષ્ટિ કરી હતી, એ ધનવૃષ્ટિથી આબુના એક વખતના વિરોધી બ્રાહ્મણો સારી રીતે પરિચિત હતા. એમાં વળી પ્રતિષ્ઠાના એ સમયે બ્રાહ્મણોને જે દાન મળ્યું, એથી તો આ 'તીર્થોદ્ધાર'ને ઊની આંચ પણ ન આવવા દેવાની સ્વયંભૂ પ્રેરણાથી એઓ પ્રતિબદ્ધ બન્યા. દેલવાડાનાં એ દહેરાંઓમાં પ્રભુજીની એ પ્રતિષ્ઠાનો અને ધ્વજદંડ તેમજ કળશ-ઈંડાના સ્થાપનનો મહોત્સવ પૂ. આ. શ્રી ધર્મઘોષસૂરિજી મહારાજ અને પૂ. આ. શ્રી વર્ધમાનસૂરિજી મહારાજના મંગળ વાસક્ષેપપૂર્વક એવી ભવ્યતાપૂર્વક ઊજવાવા પામ્યો કે, આ મહોત્સવ તીર્થોદ્ધારની સાથે તીર્થોદ્ધારકની કાર્યસિદ્ધિની પણ એક યશકલગી બની ગયો. દંડનાયકનું એક ચિરદૃષ્ટ સ્વપ્ન એ દહાડે ફળ્યું અને આબુનાં ગિરિશિખરો પર ભવસાગર તરવાની એક નૈયાના રૂપમાં એક વિરાટ મંદિરાવલિ વહેતી મુકાઈ.

★★★★

ભવસાગરને તરવાની નૈયાઓ તો આબુના એ ગિરિશિખરે વહેતી મુકાઈ ગઈ! પણ આટલામાત્રથી જ કંઈ તીર્થોદ્ધારનું એ વિરાટ કાર્ય પૂર્ણ નહોતું બની જતું! આ નૈયાઓ બરાબર વહેતી રહે, એના શિલ્પ સચવાઈ રહે, એમાં ઉત્તરોત્તર શુદ્ધિ-વૃદ્ધિ થતી રહે અને તારક આ તીર્થ વર્ષોનાં વર્ષો સુધી યાત્રિકોને પ્રબળ ધર્માલંબન પૂરું પાડતું રહે, એ માટે ભાવિનેય નજરમાં રાખીને કોઈ આયોજન કરવાનું મહત્ત્વનું કર્તવ્ય અદા કરવામાં દંડનાયક શ્રી વિમલ પાછા પડે એવા નહોતા.

ભૂમિની ખરીદીથી માંડીને શિખર પર ધ્વજ લહેરાતો મૂકવા સુધીના તીર્થોદ્ધાર સંબંધી કાર્યમાં અઢાર કરોડ અને ત્રેપન લાખ રૂપિયાનો સદ્વ્યય થયો હતો, છતાં હજી ઓછું ખર્ચાયાનો અસંતોષ અને શેષ રહેલા પરિગ્રહની પાપાત્મકતા જેમને ડંખી રહી હતી, એ દંડનાયક વિમલના આ સર્જનને પ્રતિષ્ઠા-પ્રસંગે એકઠી થયેલી લાખોની મેદનીએ 'વિમલવસહી' તરીકે વધાવી લીધી. આ 'વિમલવસહી'ને આબુના સ્થાનિક સંઘને સમર્પિત કરવા ઉપરાંત દંડનાયક વિમલે ત્યાં ઘણા ઘણા પોરવાડ શ્રાવકોને પણ વસવા માટે પ્રોત્સાહિત કર્યા, તેમજ 'વિમલવસહી'નું સંચાલન સુંદર રીતે થયા જ કરે ને દેવદ્રવ્યાદિની વૃદ્ધિને જરાય આંચ ન આવે, એ માટે આસપાસનાં કેટલાંય ગામોની ઊપજ આ તીર્થ ખાતે અર્પણ થતી રહે, એવી વ્યવસ્થા કરાવીને એને દંડનાયકે શિલાપટ્ટો દ્વારા ચિરંજીવી કરાવી.

આબુનો એ ગિરિપ્રદેશ ધરતીકંપની શક્યતાવાળો હોવાથી 'વિમલવસહી'નાં મંદિરો સાવ બેઠા ઘાટનાં બનાવાયાં હતાં. તેમજ અનાર્ય-આક્રમણોની નજરમાંથી એ મંદિરો હાથતાળી દઈને છટકી જઈ શકે, એ માટે બહારનો એનો દેખાવ સાવ સામાન્ય પસંદ કરાયો હતો, બહારથી શ્રીફળ અને દાડમની જેમ સામાન્ય જણાતા એ મંદિરોની અંદર તો દાડમની કળી જેવી કળા અને નાળિયેર જેવી દૂધમલતાનો વાસ હતો. વસતિનો જ પર્યાયવાચી શબ્દ વસહી છે, જેને વિમલે વસાવી અથવા જ્યાં વિમલતાનો જ વાસો હોય છે, એ વિમલવસહી!

'વિમલવસહી' આજે પણ 'વિમલવસહી' જ છે. જેમ ચંદ્રથી રાત, રાતથી ચંદ્ર અને ચંદ્ર તેમજ રાતથી આકાશ શોભે; મણિથી વીંટી, વીંટીથી મણિ અને મણિ તેમજ વીંટીથી આંગળી અલંકૃત બને, બરાબર આ રીતે જ્યાં વેરાયેલી કળાથી મંદિર, મંદિરથી એ કળા અને કળા તેમજ મંદિરથી 'અર્બુદાચલ' તીર્થ તરીકે આજ સુધી વધુ ને વધુ પ્રસિદ્ધિ-સમૃદ્ધિ પામી જ રહ્યું છે. આ 'વિમલવસહી'ને પગલે પગલે પછી તો બીજીય 'વસહી'ઓ આબુ પર અવતરી, પણ પ્રેક્ષક આજેય બોલી ઊઠે છે કે, ભાઈ! વિમલવસહી તો વિમલવસહી જ છે! સાગરની અસીમતા અને આકાશની અગાધતા જેમ અનાદિ કાળથી અનુપમેય રહી છે, એની ઉપમા ન જડતાં અંતે થાકીને કહેવું પડે છે કે, સાગર તો સાગર જેવો જ છે ને આકાશની અગાધતા પણ આકાશ જેવી જ છે એમ 'વિમલવસહી'ની ઉપમા ન જડતાં આજેય દર્શક અહોભાવથી એવા ઉદ્ગાર કાઢે છે કે, વિમલવસહી તો વિમલવસહી જ છે!

'વિમલવસહી'ના યાત્રિક-દર્શકની બીજી પણ એક સ્વાનુભૂતિ સાંભળવા જેવી છે. 'વિમલવસહી'નો દર્શક આજેય આના સર્જકનું નાસ્તિત્વ સ્વીકારવા કબૂલ નથી થતો, દંડનાયક વિમલનું કાયા રૂપે અનસ્તિત્વ વ્યક્ત કરવા કરતાં એ દર્શક 'વિમલવસહી'ના કૃતિત્વ રૂપે કીર્તિદેહે દંડનાયક વિમલનું અમર અસ્તિત્વનું ગાન ગાતા ગેલમાં આવી જાય છે. આબુ તીર્થોદ્ધારના એ સર્જક આજે નથી, પણ એમનું સર્જન આજેય એટલું જ સુવાસિત છે, આમ લખવા કરતાં એવું લખવું વધુ સાર્થક અને વધુ બંધબેસતું લાગે છે કે, દંડનાયક વિમલના અસ્તિત્વ-કાળ પછીય એમને વધુ ને વધુ પ્રભાવક તરીકે પ્રસિદ્ધ કરવા સમર્થ બનતા એમના કીર્તિદેહને જ્યાં સુધી 'વિમલવસહી'ની એક પણ દેરી અસ્તિત્વ ધરાવતી હશે, ત્યાં સુધી કાળના ગમે તેવા ઝપાટા જર્જરિત તો શું, ચલિત પણ નહિ બનાવી શકે! કારણ કે આ 'વિમલવસહી' તો વિમલવસહી જ હતી, છે અને રહેવા પામશે!

'વિમલવસહી'માંથી પ્રેરણા લઈને આ પછીથી જૈન તીર્થ

તરીકેની આબુની પ્રતિષ્ઠામાં વધારો કરતાં સર્જનોની સરવાણી સદીઓ સુધી વહેતી જ રહી. ગૂર્જરેશ્વર ભીમદેવ બીજાના કાળ દરમિયાના સુપ્રસિદ્ધ બાંધવ બેલડી મંત્રીશ્વર વસ્તુપાળ-તેજપાળે વિ.સં. ૧૨૮૭માં 'લૂણવસહી'નું નિર્માણ કરાવ્યું. વિ.સં. ૧૩૭૩ થી વિ.સં. ૧૪૮૯ સુધીનાં વર્ષોમાં ગૂર્જર જ્ઞાતીય શ્રી ભીમાશ્રેષ્ઠી દ્વારા 'પિત્તલહર'નું નિર્માણ થયું. વિ.સં. ૧૫૧૫ની આસપાસ 'ખરતરવસહી'નું નિર્માણ થયું. આબુ-દેલવાડાનાં આ મંદિરો સિવાય, આબુ-ઓરિયા અને આબુઅચલગઢ પણ આ પછી મંદિરાવલિથી મંડિત બન્યું, જેમાં ગૂર્જરેશ્વર કુમારપાલ ભૂપાળ દ્વારા સર્જિત એક મંદિરનોય સમાવેશ થાય છે.

'વિમલવસહી' ના નિર્માણ પૂર્વે પણ આબુનું અસ્તિત્વ તો હતું જ! પણ 'વિમલવસહી'એ અસ્તિત્વને વિશ્વ-પ્રસિદ્ધિ આપવામાં જે ફાળો આપી ગઈ, એ ફાળો હજી આજેય અપ્રતિમ જ રહ્યો છે.

આબુના દેલવાડા-અચલગઢ વિસ્તાર પાસે ઠીક ઠીક હિન્દુ મંદિરો છે, ગુફાઓ છે, શ્રાવણ-ભાદરવા અને નખી જેવાં તળાવો છે, કિલ્લાઓ અને કુંડો છે, આશ્રમો છે, ગુરુશિખર, દૂધવાડી, દેડકાકાર ખડકો, સનસેટ ને પાલનપુર જેવાં પોઈન્ટો તેમજ આવું નાનું-મોટું ઘણું ઘણું છે! પણ આ બધું હોવા છતાં જો આબુના જમા ખાતે દેલવાડા અચલગઢનાં જૈનમંદિરો ન હોત, તો આ આબુ વિશ્વપ્રસિદ્ધ ન હોત! આમ, આબુની વિશ્વપ્રસિદ્ધિનો પાયો 'વિમલવસહી' આદિ અનેક જિનાલયોની એક શ્રેણી છે, એનો કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી! આની કોરણી-કારીગરી અને શિલ્પવિષયક વિખ્યાતિ સાંભળ્યા બાદ આકર્ષિત બનીને આવતા અસંખ્ય યાત્રિકોના અંતરનો એકાદ પણ ખૂણો, પ્રશમરસને ઝરાવતી જિનપ્રતિમાઓના દર્શને અહોભાવ ધરાવીને નમ્ર બનતો જ હશે, અને આ પુણ્યનો પુરવઠો એના સર્જકો સુધી અવશ્ય પહોંચતો જ હશે! કારણ કે આવા આશયની અનુમોદનાનું અનુસંધાન સર્જન અને સર્જક વચ્ચે, પાયાથી પ્રારંભીને પ્રાસાદ-શિખરની પૂર્ણાહુતિની પળો સુધી અખંડ રહેતું આવ્યું હોય, એ સુસંભવિત છે.

દૂધ જેવા ધવલ અને અત્યંત સૂક્ષ્મ કોતરણીને કારણે સ્ફટિક જેવા જણાતા જેના ઘુમ્મટોમાં સદૈવ વિકસિત પોયણાનાં અધોમુખી ઝૂમખાં મંડપે મંડપે ઝૂલી રહ્યાં છે, એ વિમલવસહી વિમલવસહી જ છે! કારણ કે ભારતવર્ષીય સર્વોત્તમ શિલ્પ-કળાઓનું એ સંગમધામ છે. ગુજરાતના અમાપ ગૌરવને અને જૈનત્વની જ્વલંત જાહોજલાલીને ગાતું એ સંગીત ધામ છે. એનાં તોરણે-તોરણે, ગોખે-ગોખે, સ્તંભે-સ્તંભે ને મંડપે-મંડપે ભારતીય શિલ્પ, એક ગુર્જર વેપારીની ભગવદ્‌ભક્તિ-કેન્દ્રિત કલાપ્રિયતા અને તત્કાલીન શિલ્પ-કૌશલ્યનો વૈભવ ઊભરાઈ રહ્યો છે. ધર્મરત્નને મૂળનાયક રૂપે મંદિરોમાં પ્રતિષ્ઠિત બનાવીને, એના મંડપોમાં કળા તેમજ શિલ્પનો સુભગ સંગમ સાધવાની કેવી ઉદારતા, કેવી સંસ્કારિતા અને કેવી સમર્પણ-ભાવના ગુજરાતની વણિક તરીકે વિખ્યાત જૈન આલમ ધરાવતી હતી, એનો આજેય સાક્ષાત્કાર કરાવતાં આબુનાં એ દહેરાં કુશળમાં પણ કુશળ કારીગરોનેય સ્તબ્ધ કરી દે, એવી કળાની કુટિર સમાં છે, આ કુટિરમાં પણ એટલી બધી સમૃદ્ધિ છે કે, એને રક્ષવા કુદરત પણ કિલ્લા તરીકેનું કર્તવ્ય દિનરાત ખડે પગે અદા કરવામાં ગૌરવ અનુભવી રહે છે.

વિમલવસહી અજોડ છે, કારણ કે એની છતો અને એના ઘુમ્મટોમાં આરસની જડતાને દાબી દઈને ઊપસી આવેલી આકૃતિો અને વ્યક્તિઓ જાણે સજીવ-ભાવની તરવરાટભરી વિવિધતા માણી રહી છે અને વર્તમાન યુગની શિલ્પ-દરિદ્રતા સામે હળવું હસી રહી છે, જેવા અંગમરોડ આજના નૃત્ય વિશારદો પણ ન લઈ શકે, એ જાતની અંગભંગીઓને પૂતળીઓના પાષાણમાં સજીવન બનાવનાર કલ્પનાશીલ અને ઊર્મિ-સમૃદ્ધ એ કાળનું શિલ્પકૌશલ્ય જ્યાં ડગલે-પગલે નીરખવા મળે છે, એ 'વિમલવસહી' ગુજરાતના જૈન સ્થાપત્યોમાં જ નહિ, પણ ભારતભરનાં શિલ્પ-સ્થાપત્યોની સૃષ્ટિમાં મુકુટમણિ તરીકે શોભી રહ્યું છે.

વિમલવસહી એ કારણે પણ વિમલવસહી જ છે કે, આના સર્જન પછી આની સમકક્ષામાં પણ ઊભી શકે, એવું સ્થાપત્ય સર્જવાની ભક્તિ-શક્તિનું પ્રાગટ્ય જોવા-સાંભળવા મળતું નથી. આની પછી પાંચસો વર્ષ બાદ સર્જાયેલા તાજમહેલનો સર્જક એ કાળનો એક મહાસામ્રાજ્યનો માલિક હતો અને પોતાની પ્રિયતમાની સ્મૃતિ એમાં પ્રેરક હતી, છતાં એ તાજમાં એવું શિલ્પ કંડારી શકાયું નથી કે, જે વિમલવસહીની કળા-ચાતુરીની ચરણરજ તરીકેય શોભી શકે! વિમલવસહી અને તાજની એક સુંદર સમાલોચના કરતા શ્રી રત્નમણિરાવ ભીમરાવે કુમાર માસિકમાં જે ઉદ્‌ગારો વર્ષો પૂર્વે રજૂ કર્યા છે, એનું અહીં અવતરણ કરવાનું મન રોકી શકાય એમ નથી. કારણ કે વિમલવસહી વિમલવસહી જ છે, આ ધ્રુવ-પંક્તિમાં એ પોતાનો સૂર મિલાવી રહ્યું હોય, એમ લાગે છે :

'દેલવાડામાં કુલ પાંચ મંદિરો છે. પણ વિમલવસહીની તોલે તો હિંદનું બીજું કોઈ મંદિર આવી શકે એમ નથી. તેમાં શ્રી આદિનાથ તીર્થંકરની ભવ્ય મૂર્તિ છે, એમાં ચક્ષુ તરીકે રત્નો જડયાં છે. બહારથી જોતાં તો આ મંદિર એટલું બધું સાદું દેખાય છે કે, અંદરની ભવ્યતાનો ખ્યાલ ભાગ્યે જ કોઈને આવી શકે. અત્યારે પણ આ દેવાલયો ગૂર્જર-સંસ્કૃતિનું ખરેખરું મૂર્ત સ્વરૂપ બતાવે છે. ઘણા દર્શકો આની સાથે મોગલસમ્રાટ શાહજહાંની હૃદયેશ્વરીની જગવિખ્યાત આરામગાહ તાજ મહાલને સરખાવે છે. પરંતુ દેલવાડાનાં આ મંદિરોમાં અને આના ઈતિહાસમાં તાજ કરતાં ચાર વેંત ચઢે તેવી અનેક વિશેષતાઓ જોઈ શકાય છે.

તાજ અનન્ય સ્ત્રીપ્રેમથી બંધાયો છે, દેલવાડાનાં દહેરાસરો જૈનોની ભક્તિ, કર્મ કરવા છતાં ઉદ્‌ભવેલો વિરાગ અને અપરિમિત

દાનશીલતાથી બંધાયાં છે. તાજ એની આજુબાજુનાં મકાનો, દશ્યો, નદી, બાગ વગેરેની સમગ્રતામાં જ રમ્ય લાગે છે, જ્યારે વિમલવસહીનો એક એક થાંભલો, તોરણ, ઘુમ્મટ કે ગોખ અલગ અલગ જુઓ, તો પણ રમ્ય લાગે છે. તાજનો આવો એકેક ટુકડો જોવો નહિ ગમે. તાજ એટલે આરસનું એક ગંજાવર રમકડું! દેલવાડા એટલે એક મનોહર આભૂષણ! તાજ એટલે એક મહાસામ્રાજ્યના મેજ ઉપરનું પેપરવટ્ટું! દેલવાડાનાં મંદિરો એટલે ગૂર્જરીના લાવણ્યનું પૂર વધારતા હીરાના સુંદર કર્ણપૂરો-એરિંગો!

તાજની રંગબેરંગી જડિત-કામની નવીનતા બાદ કરીએ, તો શિલ્પકળા અને કારીગરોમાં દેલવાડાની દિવ્યતા ચડે એવી છે. એ નવીનતા તો સમય-ભેદને લીધે પણ હોઈ શકે, આ બંનેના સમય વચ્ચે પાંચ સદીઓનો ગાળો છે. તાજ કરતાં દેલવાડાનાં મંદિરો પાંચસો વર્ષ જૂનાં છે, આ ભૂલવું ન જોઈએ! અને સૌથી અગત્યની વાત તો એ છે કે, વિમલવસહી એક ગૂર્જર-વણિકે ભગવદ્ભક્તિથી પ્રેરાઈને બંધાવ્યું છે. તાજના પથ્થરોમાં રાજ-સત્તાની વેઠના નિસાસા છે, દેલવાડામાં મંત્રીશ્વર વિમલ શાહ અને મંત્રીશ્વર વસ્તુપાલ-તેજપાલ જેવા ગૂર્જર જૈન-વણિકોની ઉદારતાથી ઉદ્ભવેલા શિલ્પીઓના આશીર્વાદ છે અને તેથી જ વેઠના ત્રાસથી મુક્ત એ શિલ્પીઓએ પૂર્ણ સંતોષ મળ્યાથી પોતે જ એક મંદિર દેલવાડામાં બાંધી, એ અપૂર્વ દેવનગરીમાં એકનો ઉમેરો કર્યો છે. તાજમાં તો કારીગરોને રોજના પૈસા પણ પૂરતા મળ્યા નથી. એકનો બંધાવનાર મહાસમ્રાટ, બીજાનો બંધાવનાર એક ગુજરાતી વણિક વિમલ શાહ! જે સંસ્કૃતિએ આવા નર નિપજાવ્યા છે, તેની મહત્તા આજ સુધી કાયમ છે.

દંડનાયક વિમલ જો દંડનાયક જ હતા, તો પછી એમની અમર સર્જના વિમલવસહી વિમલવસહી જ રહી હોય, એમાં આશ્ચર્ય શું છે! અને યુગ યુગ સુધીના અનાગતના ઓવારે પણ વિમલવસહી વિમલવસહી જ રહેશે, એમ અંતરમાંથી અહોભાવભર્યો અવાજ સંગીતના સાજ સાથે રેલાતો હોય, તો એમાંય આશ્ચર્ય શું છે!

❑❑❑

C/o. પ્રવચન શ્રુતતીર્થ
શંખેશ્વર-૩૮૪૨૪૫. જિ. પાટણ

## દ્વારકા : ઐતિહાસિક અને સાંસ્કૃતિક

**સવજી છાયા**

*ચિત્રકલા ક્ષેત્રે અદ્વિતિય કહી શકાય એવું નામ દ્વારકાના શ્રી સવજીભાઈનું છે. ગુજરાતી પાઠ્યપુસ્તકોમાં આવતા નરસિંહ-મીરા-નર્મદ વગેરેના તમામ ચિત્રો શ્રી સવજીભાઈનાં છે. એ રીતે આપણે સૌ તેમના નામથી પરિચિત છીએ. વાન ગોગની ઉપમા આપીને આપણા ઈતિહાસવિદ શ્રી નરોત્તમભાઈ પલાણ એમને 'સવ ગોગ' કહે છે. માત્ર બ્લેક પેનથી કરેલાં તેમના અદ્ભુત સ્કેચ કોઈને પણ મંત્રમુગ્ધ કરે તેવા હોય છે. તાજેતરમાં તેમની જન્મભૂમિની રજેરજની વિગત આપતું તેમનું સચિત્ર પુસ્તક 'દ્વારકા : ઐતિહાસિક અને સાંસ્કૃતિક' પ્રકાશિત થયું છે. દ્વારકા અને તેની આસપાસના પ્રદેશો, શિલ્પ, સ્થાપત્ય, મહાનુભાવોના જીવન અને અન્ય અનેક નાની મોટી વિગતોને આવરી લેતાં આ પુસ્તકોનું વિશિષ્ટ પાસું તેનું ચિત્રાંકન છે.*


### (૧) જગતમંદિર : સ્થાપત્ય અને શિલ્પ




દ્વારકામાં હાલ હયાત દ્વારકાધીશનું જગત મંદિર સોળમી સદીનું સર્જન છે. ખોદકામ કરતા પટ્ટાંગણમાં નીકળેલ મંદિરો તેરમી અને આઠમી સદી સુધી જાય છે. આ બધા મંદિરોની શિલ્પકલા અંગેના સમગ્ર અભ્યાસો હજુ બાકી છે. ૧૫૬૦માં મંદિરનું અને ૧૫૭૨માં જે શિખરનું કામ પૂર્ણ થયું છે, સોળમી સદીનાં અંતભાગનું આ શિખર શિલ્પકલાની નવી જૂની અનેક પરંપરાઓના મિશ્રણ સમું છે. માત્ર શિખર જ એકસો ફૂટ ઊંચું હોય તેવો આ એક માત્ર નમૂનો છે! આ મંદિરના દિકપાલાદિ મૂર્તિશિલ્પો અને સુશોભનો શિલ્પો કલા શૈલીની દષ્ટિએ અભ્યાસીને સભ્રમમાં મુકી દે એવા છે. ઘણા લાંબા સમય સુધી કામ ચાલ્યું છે. એટલે એકસાથે અનેક સૂર વાગતા અહીં સંભળાય છે. સ્તંભવિધાન સર્વોત્તમ છે. મૂર્તિ વિધાન પ્રમાણમાં મધ્યમ અને પહોળાઈના પ્રમાણમાં ઊંચાઈ વધુ એટલે એક અલગ કલાકૃતિ સમું આખું મંદિર છે. (નરોત્તમ પલાણ, ધૂમલી સંદર્ભ)

જગતમંદિરના નિજ પ્રદક્ષિણાપથના શિલ્પોમાં દક્ષિણ ગવાક્ષે લક્ષ્મીનારાયણ, પૂર્વે વિષ્ણુ, ઉત્તર દિશાએ વિષ્ણુ-લક્ષ્મીજીની પ્રતિમાઓ છે. પશ્ચિમના બન્ને ઓટલાના ગવાક્ષોમાં ગરુડજી તથા ગણેશના શિલ્પો છે. આ તમામની શિલ્પ શૈલી જોતા માપ-તાલ સહજ નથી. શિલ્પોનો શારીરિક બાંધો માનનીય શ્રી નરોત્તમ પલાણના વિધાન પ્રમાણે પહોળાઈના પ્રમાણમાં ઊંચાઈ વધુ ધરાવે છે. અહીં આપેલ નિજ પરિક્રમાના શિલ્પનું રેખાંકન તેની સાક્ષી


નિજ પરિક્રમાનું શિલ્પ


જગતમંદિર

પૂરે છે. આ શિલ્પ સ્થાપત્ય જોતાં સમગ્ર મંદિરના નિર્માણ કાળ માટે હજુ વધુ સંશોધનને અહીં અવકાશ છે.

## (૨) દ્વારકા અને આદ્ય શંકરાચાર્ય


શંકર દિગ્વિજયના પાંચમાં સર્ગની પરંપરામાં દર્શાવ્યા પ્રમાણે શ્રી આદ્યશંકરાચાર્ય ગોવિંદ-પાદજીના શિષ્ય હતા. આદ્યશંકરાચાર્યે શૃંગેરી મઠની સ્થાપના વખતે ત્યાં જે શ્રીચક્ર સ્થાપિત કર્યું હતું તે આજે પણ પૂજાય છે. તેમણે રચેલા 'સૌંદર્યલહરી' એમની ત્રિપુરાસુંદરીની ઉપાસનાને સ્પષ્ટ કરે છે. આદ્યશંકરા-ચાર્યના સમયમાં હિંદુ પ્રજા અનેક ક્રિયા-કર્મો, પરંપરા, સંપ્રદાયો તથા અર્થ સિધ્ધિના પ્રલોભને કામણ ટૂમણ, મંત્ર-તંત્રના પ્રભાવમાં અટવાયેલી હતી. ત્યારે સનાતન ધર્મની સ્થાપના તથા હિંદુ ધર્મના ઉદ્ધાર માટે આદ્યશંકરાચાર્યે 'પંચાયતન' દેવોની પૂજા કરવાનો આદેશ આપ્યો હતો. તેઓ જ્યારે દ્વારકામાં પશ્ચિમ દિશાની શારદાપીઠની સ્થાપના કરવા આવ્યા ત્યારે અહીં પણ શિવ-વિષ્ણુના સંપ્રદાયો પરસ્પર લડતા હતા. આ કલેશને તેમણે શાંત કરી શિવ-વિષ્ણુ સાથેની પાંચ દેવોની ઉપાસનાને પ્રાધાન્ય અપાવ્યું હતું. આ રીતે દ્વારકા તેમજ ઓખામંડળમાં હિંદુ સમાજને એકત્રિત કરવા માટે શ્રી આદ્યશંકરાચાર્યનો મોટો ફાળો રહ્યો હતો.


આદ્યશંકરાચાર્ય

દુર્લભંત્રયમેવૈતદ દેવાનુગ્રહેતુકમ।
મનુષ્યત્વ મુમુક્ષુત્વંમહાપુરુષસંશ્રય:।।

અર્થાત... આ ત્રણ બાબત જ પરમ દુર્લભ છે કદાચ દેવાધિદેવ (પરબ્રહ્મ)ના અનુગ્રહ (કૃપા)થી પ્રાપ્ત થઈ જાય. આ ત્રણ છે મનુષ્યત્વ, મુમુક્ષુત્વ અને મહાપુરુષોનું શરણ.

## (૩) પિંડતારક


દુર્વાસાનો આશ્રમ

પિંડારા વિષે કેપ્ટન મેકમર્ડોની પ્રવાસ ડાયરીની વિગત મળે છે. તે પ્રમાણે આ અંગ્રેજ ઓફિસરે પિંડારામાં તા. ૩૦-૯-૧૮૦૯ના રોજ સરકારી કેમ્પ યોજ્યો હતો. ત્યારે આ વિસ્તાર જંગલી અને બિહામણો હતો. તેમના કહેવા પ્રમાણે પિંડતારક નાનું ગામ હતું, આ પ્રદેશ સમુદ્રની સપાટીથી ખૂબ નીચો હતો. ગામ પાસે એક ગુલાબી રંગનો ઝરો વહેતો હતો. આ સ્થળ હિન્દુઓનું જાણીતું તીર્થ હતું. ગામમાં બ્રાહ્મણોની થોડી વસ્તી હતી. તેઓ યાત્રાળુ પર નભતા'તા. અહીં કેટલાક સુંદર તળાવો પણ હતા.

કેપ્ટન મેકમર્ડો પ્રથમ અંગ્રેજ પોલિટિકલ રેસિડેન્ટ હતા. તેઓ કચ્છમાં ભૂરિયાબાવા તરીકે ઓળખાતા. તેનું કારણ તેઓ જાતમાહિતી માટે બાવાનો વેશ ધારણ કરી અંજારની બજારમાં વર્ષો સુધી રખડ્યા હતા. આજે અંજારમાં તેનું નિવાસ સ્થાન ભિંત-ચિત્રો માટે પ્રખ્યાત છે. વેદમતી નદીને કાંઠે આવેલ દાત્રાણા, રાણ, ગુરગઢ તથા પિંડારાનો પ્રદેશ તેમજ ઓખામંડળના ઉત્તર કિનારાનો પ્રદેશ યાદવોના સાંસ્કૃતિક યુગની ભૂમિકા હતી.

## (૪) જામપરાની હવેલી

જામપરાની હવેલી જામનગરના શ્રી રણમલજી જામસાહેબે વિ. સંવત ૧૯૦૩માં બંધાવ્યાનો શિલાલેખ મળે છે, જે ગર્ભગૃહે પ્રવેશતાં બહારની બાજુએ આવેલ છે. જેમાં ક્રમિક વીસ પંક્તિઓ કોતરવામાં આવેલ છે. તેની વિગત પ્રમાણે પ્રદ્યુમ્નરાયજીના આ મંદિરની રચના નવાનગરના મહારાજા જામસાહેબ દ્વારા વિ. સં ૧૯૦૩માં કરવામાં આવેલ હતી, પરંતુ કોઈ કારણસર ત્યાં પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા થઈ ન શકી અને જામસાહેબ અવસાન પામ્યા બાદ તેમના ઉત્તરાધિકારી પુત્ર મહારાજા જામ-વિભાજીએ વિ.સંવત ૧૯૪૬માં આ મંદિરનો જિર્ણોદ્ધાર કરી પ્રદ્યુમ્નરાયજીની પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા કરાવી, પાસે રતિની ધાતુપ્રતિમાને સ્થાન આપ્યું. મંદિરને સંલગ્ન ધર્મશાળા ગોમતી કિનારે બાંધવામાં આવેલ તથા મંદિરના નિભાવ-ખર્ચનો પ્રબંધ કરવામાં આવ્યાના ઉલ્લેખો શિલાલેખમાં મળે છે. મંદિરનો દરવાજો વિશાળ છે. તેની પર કાષ્ઠકલાથી શોભતા ઝરૂખાઓ છે. અહીં કોતરણીવાળું શિખર તથા હવેલીઓમાં હોય છે તેવી અગાસીવાળી મેડીનું બાંધકામ

છે. ગર્ભગૃહે પ્રદ્યુમ્નરાયની શંખ, ચક્ર, ગદા તથા પદ્મનાં આયુધોવાળી પૂરા કદની પ્રતિમા છે, જે પારેવા રંગનું મનમોહક લાવણ્ય ધરાવે છે. ગર્ભગૃહ ૧૦ ફૂટ ઊંચું હોવાથી પગથિયાં ચડી ત્યાં જવાય છે. મંદિરના પ્રવેશદ્વારે બંને બાજુ મહાવત સાથેના વિશાળ હાથીઓનાં શિલ્પો છે. મંદિરના બાંધકામ માટે સલાટો છેક જામનગરથી આવ્યાની નોંધ મળે છે. એટલે આ હવેલીનું બાંધકામ દ્વારકાના અન્ય મંદિરોથી અલગ પડે છે.



જામપરાની હવેલીનું શિખર



જામપરાની હવેલી

પહેલાંના સમયમાં આ હવેલીની જાહોજલાલી હતી. તે અનેક ધાર્મિક ઉત્સવોથી ધમધમતી હતી. અહીં વિશાળ પ્રવેશદ્વારો પર રોશની કરવામાં આવતી. દીવાલો ઝરૂખાઓ નાના-નાના દીવડાઓથી ઝગારા મારતા હતા. શ્રીજીની પછવાડે નજાકત ભરેલ પિછવાઈઓથી ગર્ભગૃહ મનમોહક લાગતું હતું. આજે તે ભૂતકાળની ઘટના બની ગયું છે. આસપાસ અનેક રહેણાંક મકાનો બની ગયાં છે જેને કારણે મંદિરની પ્રાકૃતિક નજાકતતા ઝાંખી પડી ગઈ છે. સંવત ૧૯૧૬માં વાઘેર સરદારોએ જ્યારે દ્વારકા પર ઘેરો ઘાલ્યો હતો ત્યારે દ્વારકાના ગાયકવાડી વહેવટીદાર શ્રી નારાયણરાવ ગોખલેએ છૂપી રીતે આ જામપરાની હવેલીમાં સંરક્ષણ મેળવ્યું હતું. ત્યાંથી તેઓ પોરબંદર નાસી ગયાના ઉલ્લેખો હવેલીના ચોપડે બોલે છે.

## (૫) વૈષ્ણવી દ્વારકા અને તુલસી ક્યારો

દ્વારકાના ઈશાન ખૂણે આવેલા કૃકલાસકુંડ તથા સૂર્ય-રન્નાદેના મંદિર સંકુલમાં એક સુંદર તુલસી ક્યારાનું આગવું સ્થાપત્ય છે. તે અઢી ફૂટ ઊંચા ઓટલા પર બાંધવામાં આવેલ છે. સમગ્ર સ્થાપત્ય રેતાળ પથ્થરમાં તક્ષણ પામ્યું છે. સ્થાપત્યની બરોબર મધ્યમાં દીવો મૂકવાનો ગવાક્ષ છે. તેની ઉપર સળંગ ચારે તરફ સકરપારાની રચના છે. તુલસી ક્યારાની ઊંચાઈ તેને પ્રાચીન કાળમાં લઈ જાય છે. એટલે અનુમાન થઈ શકે કે તુલસી ક્યારો અગાઉના ભગ્ન મંદિરનો એક હયાત ભાગ છે. હાલનાં સૂર્ય-રન્નાદે, સત્યનારાયણ મંદિરનાં બાંધકામ સાથે આ સ્થાપત્યનો મેળ નથી ખાતો. વિધર્મી દ્વારા અહીં પણ મંદિરો તોડી પાડવાની પ્રવૃત્તિ થઈ હશે ? જૂના મંદિરના અવશેષો કૃકલાસકુંડની દીવાલોમાં ચારે તરફ પુનઃ સ્થાપિત કરવામાં આવ્યા છે. સંકુલમાં હાથમાં ડાંડલીવાળા કમળ સાથેની એક સૂર્ય પ્રતિમા પુનઃ સ્થાપિત કરાયેલ છે. તુલસી ક્યારાનાં સમકાલીન સ્થાપત્યનો અવશેષ છે. તુલસી વધારે માત્રામાં પ્રાણવાયુ આપે છે તે વિજ્ઞાને સિદ્ધ કર્યું છે. એટલે વૈષ્ણવ સંપ્રદાયે તેને ધર્મમાં અનેરું સ્થાન આપ્યું હશે. તુલસીથી મેલેરીયાના જંતુ દૂર રહે છે. તેનો રસ સમુદ્ર કિનારાની ભેજવાળી આબોહવામાં કફ આદી ઉપાધીથી બચાવે છે એટલે આ પંથકમાં તુલસીનું વિશિષ્ટ મહત્વ છે. દ્વારકાધીશના મંદિરે પણ તુલસીનું અદકેરું મહાત્મય છે. શ્રીજીના દિવસભરના તમામ ભોગોમાં તુલસીપાન હોય જ. તેના વગર ભોગ અધૂરો ગણાય. રાજભોગ, છપ્પનભોગ કે ઉત્સવોમાં તુલસીપાનનું મહત્વ છે. દ્વારકાક્ષેત્રે તુલસીના છોડનું લાલન-પાલન જૂના સમયથી અબોટી બ્રાહ્મણો કરતા આવ્યા છે.



તુલસીક્યારો, ગયાકોટા



દ્વારકાની વૈષ્ણવ ગૃહિણીઓમાં આજે પણ સ્નાન બાદ તુલસી ક્યારે દીવો તથા કુમકુમનો ચાંદલો કરી તેને પાણી પાવાની પ્રથા જળવાઈ રહી છે. ચતુર્માસ દરમ્યાન શ્રીજીને તુલસીની માળા પહેરાવવાની પ્રથા પણ અહીં થી શરૂ થઈ છે. ૧૦૫ તુલસીપાનની જયમાળા દ્વારકાધીશને પ્રિય હોવાથી તેનો પણ મહિમા દ્વારકાધીશના મંદિરે છે. લોકોકિત પ્રમાણે નરસિંહ મહેતાના કાકા પર્વત મહેતા ચોમાસા દરમ્યાન માંગરોળથી પગપાળા દ્વારકા આવતા સાથે તુલસીનો છોડ લાવી શ્રીજીને અર્પણ કરતા હતા. તુલસીનું સ્થળાંતર દ્વારકા મધ્યે શ્રી કૃષ્ણનાં મથુરાગમને આવ્યું જણાય છે. વૃંદાવનમાં પહેલાં તુલસીનું વન હતું. તે દ્વારકા મધ્યે વૈષ્ણવો દ્વારા ફેલાતું રહ્યું છે.

□□□


જગત મંદિર સામે, ધનેશ્વરી શેરી,
દ્વારકા-૩૬૧૩૩૫.
મોબાઈલ : +91 9879932103

# પ્રાચીન તીર્થ કુંભારિયાજી

રમેશ ઠક્કર અને જગદીશ ભટ્ટ

રાજસ્થાનના વિખ્યાત આબુરોડ સ્ટેશનથી ૧૪માઇલ દૂર તથા ગુજરાતના સુપ્રસિદ્ધ તીર્થધામ અંબાજીથી ૨ કિમી. દૂર કુંભારીયા નામે ગામ છે. પ્રાચીન શિલાલેખમાં આલેખાયેલું 'આરાસણા' એ જ આ કુંભારીયા. શિલાલેખો ઉપરથી જણાય છે કે, સત્તરમાં સૈકા સુધી આ ગામ 'આરાસણ'ના નામે પ્રસિદ્ધ હતું. તેને બદલે 'કુંભારીયા' નામ કેમ પડ્યું હશે એ જાણી શકાતું નથી. ડો.ભાંડારકર કહે કે, 'કુંભારીયાની આસપાસ અવશેષો પડેલા છે તે ઉપરથી એક જમાનામાં અહીં ઘણા જિનમંદિરો હોવાં જોઇએ, એવું અનુમાન નીકળે છે.' ફાર્બસસાહેબ ઉમેરે છે કે, 'ધરતીકંપના લીધે આરાસણાનાં ઘણાખરા મંદિરો જમીનદોસ્ત થઇ ગયાં હશે.' પણ એ માટે કશું પ્રમાણ જડતું નથી. અલબત્ત, એક કાળે આ ગામ મોટું નગર અને વેપારનું મથક હોઇ શકે, અહીંની વસ્તી ક્યારે, શા કારણે અહીંથી જતી રહી, તે જાણવાને કશું સાધન નથી. આજે તો થોડી ઘણી વસતી અને અન્ય દેવાલયો તથા ધર્મસ્થાનોથી ધબકતા બનેલાં આ પ્રદેશમાં ૫ જૈન મંદિરો એક જ સંકુલમાં છે. આરાસણગ્રામની સ્થાપના મોટે ભાગે તો ૧૫મા શતકના દ્વિતીય ચરણના આરંભના અરસામાં થઇ હશે. અહીં પ્રાપ્ત થતા જૂનામાં જૂના સંવત ૧૦૮૭(ઈસ્વીસન્ – ૧૦૩૧)ના પબાસણ પરના લેખમાં આરાસણનગર પાટણપતિ, ચૌલુક્યવંશી મહારાજ ભીમદેવ પ્રથમને અધીન હોવાનું જણાવવામાં આવ્યું છે. ખરતરગચ્છ પટ્ટાવલીમાં વિમલમંત્રીએ આરાસનમાં અંબિકાનો પ્રાસાદ નિર્માણ કરાવ્યાનો ઉલ્લેખ આવે છે. પ્રસ્તુત પ્રાસાદ તે સાંપ્રત અંબાજીમાં રહેલ અંબિકાનું મંદીર, કે અન્ય કોઇ, તે કહેવું કઠિન છે. મંત્રીશ્વર વિમલનું કુળ ધનુહાવીની એટલેકે 'ચંડિકા'ની કુલાંબાના રૂપમાં ઉપાસના કરતું હતું તે વાત જૈન ગ્રંથ પ્રશસ્તિઓ-પ્રબંધો દ્વારા સુવિદિત છે. બીજી બાજુ મંત્રીશ્વરના સમયની જૈન યક્ષી અંબિકાની બે આરસી પ્રતિમાઓ આબૂ પર વિમલવસહીમાં ઉપલબ્ધ હોઇ, જૈનમતાનુકૂલ અંબીકાની પણ મંત્રીશ્વર ઉપાસના કરતા હશે. (સ્વ) મુનિશ્રી પુણ્યવિજયજીને પ્રાપ્ત થયેલી જેસલમેરના ભંડારની એક પુરાણી તાડપત્રીય પ્રતિમાં ચંદ્રાવતીના દંડનાયક વિમલે આબૂ પર જિનમંદિર બંધાવ્યા પૂર્વે આરાસણમાં આદીશ્વરદેવનો પ્રાસાદ બંધાવ્યાની હકીકત નોંધાયેલી મળી હોવાનું સાંભળવામાં છે. બીજી બાજુ ૧૫માં શતકમાં રચાયેલી ખીમા કૃત ચૈત્યપરિપાટીમાં, શીલવિજયજીની તીર્થમાળા સંવત ૧૭૨૨(ઈસ્વીસન્-૧૬૬૬ પશ્ચાત્) માં, તેમજ સૌભાગ્ય વિજયજીની તીર્થમાળા સંવત ૧૭૫૦ (ઈસ્વીસન્-૧૬૯૪) માં આરાસણમાં વિમલમંત્રી કારિત આદિનાથનાં મંદિરનો વિમલવસહી કિંવા વિમલવિહારનો-નિર્દેશ છે. મંત્રીશ્વરનું મંદિર બંધાયા પછી અહીં ૧૧મી સદીના ઉત્તરાર્ધથી લઇ ૧૩મા શતકના પૂર્વાર્ધ સુધીમાં આરસનાં અન્ય ચાર મંદિરો બંધાયાં છે.

આરાસણમાં પ્રવેશતાં ઉત્તર-દક્ષિણ રસ્તાને અંતે સૌથી પહેલાં ભગવાન નેમિનાથનું મહામંદિર નજરે પડે છે : નેમિનાથના ભવનથી ઠીક ઠીક ઇશાનમાં અત્યારે શાંતિનાથનું કહેવાતું મંદિર આવે છે. પ્રસ્તુત મંદિરથી અગ્નિકોણમાં મહાવીર સ્વામીનું મંદિર છે, અને તેની બાજુમાં અગ્નિ કોણમાં પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે : જ્યારે સંભવનાથનું કહેવાતું મંદિર નેમિનાથના જિનાલયથી અને સારાયે સમૂહથી જરા દૂર, કંઈક વાયવ્ય કોણમાં આવેલું છે, આ પાંચે મંદિરો ઉત્તરાભિમુખ છે, આલીશાન અને ઐતિહાસિક છે. એની સ્થાપત્ય કળા આજે પણ દર્શનાર્થીઓને આબુ પરના દેલવાડાનાં મંદિરો જેટલી જ મુગ્ધ બનાવે છે.

## શ્રીનેમિનાથ ભગવાનનું જિનાલય

અહીં આવેલાં પાંચે મંદિરોમાં આ મંદિર સૌથી મોટું, ઉન્નત અને વિશાળ છે. આ મંદિર મૂળ ગભારો, વિશાળ ગૂઢમંડપ, દશચોકી, સભામંડપ, ગોખલા, શૃંગારચોકી બંને બાજુના મોટા ગભારા ચોવીશ દેવકુલિકાઓ વિશાળ રંગમંડપ, શિખર અને કોટથી યુક્ત છે. મંદિરનું દ્વાર ઉત્તર દિશામાં છે. મંદિરમાં બહારના દ્વારથી પ્રવેશ કરતાં રંગમંડપ સુધી જવાને પગથિયાં છે. પગથિયાં ઉપર નોબતખાનાનો ઝરુખો છે. મંદિરનું શિખર ઉન્નત અને વિશાળ છે. આનું શિખર તારંગાના પહાડ ઉપર આવેલા શ્રીઅજિતનાથ ભગવાનના દેરાસરના શિખરને મળતું આવે છે. સમગ્ર શિખર આરસપાષણનું બનેલું છે.

## મંદિરની મૂર્તિઓ અને લેખો

દેરાસરની બાંધણી એવી માપસર અને સુંદર છે કે, મંદિરના પ્રવેશદ્વાર ઉપર ઉભા રહીને પણ મૂળનાયક ભગવંતના દર્શન થઇ શકે. મૂળગભારામાં મૂળનાયક શ્રીનેમિનાથ ભગવાનની ભવ્ય અને રમણીય મૂર્તિ બિરાજમાન છે. તેમની આસપાસ પાષણનું એકતીર્થીનું મોટું પરિકર હતું અને મોટા બે ઇન્દ્રો પણ હતાં, તે જિર્ણોદ્ધાર વખતે ખંડિત થતાં મંદિરની પાછલી ભમતીમાં મૂકેલા જોવાય છે. આ મૂળનાયકની મૂર્તિના પબાસન ઉપર સંવત-૧૬૭૫ માં આચાર્ય વિજયદેવસૂરિના હાથે પ્રતિષ્ઠા થયાનો લેખ છે.

ગૂઢમંડપમાં મોટા પરિકરયુકત ચાર કાઉસગ્ગીયા પ્રતિમાઓ છે. તેમાં મુખ્ય દરવાજા પાસેના કાઉસગ્ગીયા ઉપર સંવત-૧૨૧૪નાં લેખો છે. તેમાં 'આરાસણાનગર-નેમિનાથ ચૈત્યમાં

આ કાઉસગ્ગીયા સ્થાપન કર્યા, એમ લખેલું છે. બીજા બે કાઉસગ્ગીયા ઉપર સંવત ૧૨૧૪ના લેખો છે.

સંવત ૧૩૧૦ના લેખવાળો એક ૧૭૦ જિનનો સુંદર પટ છે. પરિકરમાંથી છૂટા પડેલા ૪ કાઉસગ્ગીયા અને ૧ યક્ષની પ્રતિમા છે. કાઉસગ્ગીયા પાસે ભીંત અગર સ્તંભમાં બે મૂર્તિઓ છે અને ૧ ધાતુની પંચતીર્થી છે.

અહીં છ ચોકીને બદલે બે હારમાં થઇને દશ ચોકી છે. તેમાં ડાબા હાથ તરફની ચોકીના ગોખલામાં નંદીશ્વરદ્વીપની સુંદર રચના કરેલી છે. તેના ઉપર સંવત ૧૩૨૩નો લેખ છે. તેની બાજુના એક સુંદર ગોખલામાં એક કાઉસગ્ગીયા પ્રતિમા છે, જેની ઉપર એક જિન પ્રતિમા બિરાજમાન છે.

જમણા હાથ તરફની છ ચોકીની એક દેરીમાં અંબાજી માતાની મોટી મૂર્તિ છે. છ ચોકીના ડાબા હાથ તરફના કોરણીભર્યા એક સ્તંભ ઉપર સંવત - ૧૩૧૦ના વૈશાખ સુદ ૫નો લેખ છે. એ સ્તંભ 'પોરવાડ શ્રેષ્ઠી આસપાલે આરસણનગરના અરિષ્ટનેમિ જિનાલયમાં ચંદ્રગચ્છીય શ્રીરત્નપ્રભસૂરિના ઉપદેશથી એક સ્તંભ યથાશકિત બનાવ્યો' એવી હકીકત લખી છે. છ ચોકીનાં સામેના બે ગોખલા ખાલી છે. તે પૈકી એકમાં ખાલી પરિકર છે. બાજુમાંના ત્રણ ગોખલા મૂર્તિ વિનાના છે. સભામંડપના ડાબા હાથ તરફના ગભારામાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવંતની આરસપાષણની એકતીર્થી પરિકરયુકત મનોહર પ્રાચીન પ્રતિમા છે. આ મૂર્તિની શ્રી વિજયદેવસૂરિએ સંવત ૧૬૭૫માં પ્રતિષ્ઠા કર્યાનો લેખ છે. એ ગભારામાં બાજુના બે ગોખલામાં મૂર્તિઓ નથી પણ સંવત ૧૩૩૫ના લેખોવાળાં પરિકરો મૌજુદ છે.

જમણા હાથ તરફનાં ગોખલામાં મૂળનાયક શ્રીપાર્શ્વનાથ ભગવંતની પ્રાચીન એકતીર્થના પરિકરયુકત ભવ્ય અને દર્શનીય પ્રતીમા છે. આ પ્રતિમા એવડી મોટી છે કે નીચે ઉભા રહીને ભગવંતના લલાટની પૂજા કરી શકાતી નથી, તેથી તુની બાજુમાં લાકડાની ઘોડી મૂકેલી છે.

મૂળગભારાની પાછળના ભાગની મંદિરની ભીંતમાં સુંદર કોરણી કરેલી છે. મંદિરની પાછલી ભમતીમાં પરિકર, સેંકડો ટુકડા પબાસણ અને ગાદીના ટુંકડા, કાઉસગ્ગીયા, પરિકરમાંથી છુટા પડી ગયેલા ખંડિત-અખંડિત ઇંદ્રો, અનેક સ્તંભોયુકત નકશીદાર સુંદર તોરણો વગેરે પડેલાં છે. વળી, આમાં જિનમાતૃપટો, ચોવીશીના પટો છે, જેમાં લગભગ સો જેટલા લેખો પણ છે. એક લેખ સંવત ૧૨૦૪નો છે એટલે એ પહેલાં આ મંદિર બન્યું હશે, કેમકે તેમાં 'આરાસણ-અરિષ્ટનેમિચૈત્ય' એવો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો વાંચી શકાય છે.

મંદિરના પાછલા ભાગના ગોખલામાં 'સમળીવિહાર'ના પટનો નીચેનો અર્ધ ભાગ ચોંટાડેલો છે.

આ પટમાં લંકાના રાજા બેઠેલા છે. તેમના ખોળામાં રાજકુમારી છે. ભેટશું ધરીને ઉભેલા જૈન ગૃહસ્થો, પાદુકા અને અશ્વ વગેરેની આકૃતિ આરસમાં કોતરેલી છે.

બાકીનો ઉપરનો અડધો પટ અહીં દેરીઓ પાસે જ્યાં દેરીઓના પબાસન વગેરે કાઢી નાખેલાં પડયાં છે ત્યાં દિવાલ પાસે મૂકેલો છે, તેમાં સમુદ્ર, નર્મદા નદી, ઝાડી, સમળી, પારધિ, જૈનાચાર્ય અને વહાણની સુંદર આકૃતિ આલેખી છે.

આ બંને ભાગને સાંધીને એકજ સ્થળે ચોંટાડવા જોઈએ જેથી લેખ સાથેની શિલ્પકૃતિ જળવાઇ રહે. આબુ ઉપરનાં મંદિરમાંના પટ જેવો જ આ પટ છે, તેની ઉપર સંવત ૧૩૩૮નો લેખ છે.

આ દેવાલયની જગતીમાં-ભિટ્ટમાં ચારે બાજુએ ફરતી ગજસર છે. તેમજ નર-નારી જોડલાની નરસર છે. તદુપરાંત દેવ, યક્ષ, યક્ષિણીનાં મોટાં પૂતળાં ફરતે બેસાડેલાં છે, કેટલેક સ્થળે જોડલાંની આકૃતિઓ પણ કોરેલી નજરે પડે છે.

મંદિરમાં ઘૂમટના અમલસારની નીચે ચારે બાજુએ મોંઢાં મૂકેલાં છે. મંદિરમાંની દેવકુલિકાઓના અગ્રભાગના છેડા ઉપર આવેલા સ્તંભો, તેમજ દેવગૃહની પરસાળમાંના સ્તંભો આબુ ઉપર આવેલા દેલવાડાના વિમલવસહી મંદિરના જેવા જ છે.

રંગમંડપની બીજી બાજુ ઉપરના દરવાજામાં તેમજ છેડેના બે સ્તંભોની વચ્ચેની કમાનો ઉપર મકરનાં મુખો મુકવામાં આવ્યાં છે. એ તોરણ ઉપરના પથ્થરની નીચેની બાજુને સ્પર્શે છે. આ તોરણ આબુ ઉપરના વિમલવસહી મંદિરમાંના તોરણ જેવું જ છે.

મંડપના સ્તંભોની તેમજ પરસાલના સ્તંભોની ખાલી કમાનો, જે ગૂઢમંડપના હારની બરાબર સામે રહેલી છે અને ઉપરના પાટડાની નીચે આવેલા આગળા ઉપરથી જણાય છે કે, પહેલાં આવાં બીજા કેટલાંક તોરણો અહીં હતાં પણ આજે તે નષ્ટ થયાં લાગે છે.

મંદિરમાં બધા મળીને ૯૪ સ્તંભો છે. જેમાં ૨૨ સ્તંભો સુંદર કોરણીવાળા છે. અને બીજા સ્તંભો સાદા છે. કોરણીવાળા સ્તંભોમાં દેવ-દેવીઓ અને વિદ્યાધરીઓની આકૃતિઓ આલેખી છે. રંગમંડપમાં પૂજા-મહોત્સવ વખતે સ્ત્રીઓને બેસવાના ઝરુખાઓ પણ છે.

અહીં ઝીણી નજરે તપાસતાં જૂના કામને બદલે નવું કામ એવી જ સફાઇથી કર્યું હોવાનું જોવાય છે. સભામંડપના ઘૂમટમાં ત્રણસો વર્ષ પહેલાં રંગનું કામ કરેલું છેતે જાણે તાજું જ હોય એમ દેખાય છે. રંગમંડપમાં પણ કોરણી ઉપર રંગ કરેલો છે. આ રંગમંડપ અને ચોકીની કોરણી આબુ ઉપરના દેલવાડાનાં મંદિરમાંની કોરણી જેવી અત્યંત સુંદર છે. મંડપના મધ્યભાગ ઉપર આધુનિક છાપરૂ છે. જેનો આકાર ઘૂમટ જેવો છે. તેના ઉપર રંગ કરેલો હોવાથી તે શોભાયમાન લાગે છે. આજુબાજુએ એક વાંસનું પાંજરૂ મૂકેલું છે. જેથી તેમા પંખીઓ કે ચામાચીડીયાં પ્રવેશી શકતાં નથી.

મંદિરની દેવકુલિકાની ભીંતો પ્રાચીન છે. પણ શિખર તેમજ ગૂઢમંડપની બહારનો ભાગ પાછળથી બનાવેલો હોય એમ લાગે છે. તેને ઈંટથી ચણી લઇ પ્લાસ્ટર કરીને આરસ જેવો સાફ કરેલો છે. મંડપના બીજા ભાગની છત તથા ઓસરીની છત સાદી કે અર્વાચીન છે. મૂળગભારાની જમણી બાજેએ ઉપરના ભાગે પાટડાને ટેકો આપતી જે ત્રણ કમાનો ચણેલી છે, તે સાથેના સ્તંભ સુધી લંબાવેલી છે.

## મંદિર નિર્માતા

શ્રી ધર્મસાગર ગણિએ રચેલી 'તપાગચ્છ-પટ્ટાવલી' માં જણાવ્યું છે કે, વાદિદેવસૂરિએ (સમય વિક્રમસંવત-૧૧૭૪ થી ૧૨૨૬) આરાસણમાં શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી હતી.

'સપ્તતિ' ગ્રંથ પ્રમાણે પાસિલ નામના શ્રેષ્ઠિએ આ શ્રીનેમિનાથ ભગવાનનું મંદિર બંધાવ્યું અને શ્રીવાદિદેવસૂરિએ તેની પ્રતિષ્ઠા કરી હતી.

## શ્રી મહાવીસ્વામી ભગવાનનું મંદિર

શ્રી નેમિનાથ ભગવાનના દેરાસરની પૂર્વ બાજુની ટેકરીથી નીચા ભાગમાં ઉત્તરદિશાના દ્વારવાળું શ્રી મહાવીરસ્વામી ભગવાનનું મંદિર છે. આ મંદિરને બીજાં પૂર્વ અને પશ્ચિમ તરફનાં દ્વાર પણ છે પરંતુ તે બંધ રાખવામાં આવે છે. પૂર્વ બાજુનું દ્વાર પેઢીના આગળ ચોકમાં પડે છે.

આ મંદિર મૂળગભારો, ગૂઢમંડપ, છચોકી, સભામંડપ, શૃગારચોકીઓ, તેની સામે આઠ ગોખલા અને બંને તરફની આઠ-આઠ દેવકુલિકાઓ મળીને કુલ ૨૪ દેરીઓ અને શિખરથી સુશોભિત છે. આખુંયે મંદિર આરસપાષાણનું બનેલું છે. મૂળગભારામાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાનની એકતીર્થના પરિકરયુકત મનોહર અને ભવ્ય પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયકની મૂર્તિ ઉપર સંવત ૧૬૭૫નો શ્રી વિજયદેવસૂરિએ આ આરાસણના નગરમાં પ્રતિષ્ઠા કર્યાનો લેખ છે. મૂળનાયકના પરિકરની ગાદી નીચે સંવત ૧૧૨૦નો જૂની લિપિમાં લેખ છે. તેમાં પણ આરાસણના નામનો ઉલ્લેખ કર્યો છે. આ ઉપરથી જણાય છે કે, આ મંદિર લગભગ એ સમયમાં કે તે પહેલાં બનેલું હોવું જોઇએ. મૂળનાયકની બંને બાજુએ એકેક યક્ષની તેમજ એક અંબાજી માતાની પ્રતિમા છે.

ગૂઢમંડપમાં પરિકરયુકત બે ભવ્ય કાઉસગ્ગીયા પ્રતિમાઓ છે. તે બંને ઉપરના લેખો કંઇક ઘસાઇ ગયા છે પણ તે સંવત ૧૧૧૮ના લેખો હોવાનું સ્પષ્ટ જણાય છે. અહીંથી મળી આવેલા પ્રતિમાલેખોમાં આ લેખ સૌથી પ્રાચીન છે. આ લેખ કરતાંયે પ્રાચીન એવા સંવત ૧૦૮૭નાં લેખની નોંધ મુનિ શ્રી જયંતવિજયજીએ પોતાના પુસ્તક કુંભારિયાનાં પરિશિષ્ટમાં નોંધી છે, એ લેખથી જણાય છે કે આ મંદિર સંવત-૧૦૮૭ પહેલાં બની ચૂક્યું હતું.

મૂળગભારાની બારશાખમાં બંને બાજુએ એકેક નાની કાઉસગ્ગીયા પ્રતિમાઓ કોતરેલી છે. ત્યાં પરિકરથી છૂટી પડેલી બીજી ૩ કાઉસગ્ગીયા પ્રતિમાઓ પણ છે.

બધી દેવકુલિકા અને ગોખલાઓ મળીને કુલ ૨૪ છે. તે પૈકી એકમાં પરિકર નથી, ત્રણ દેરીમાં જે પરિકરો છે તે અધૂરાં છે. એકમાં ત્રણ તીર્થીનું પરિકર છે. બાકીની બધીયે દેરીઓમાં પંચતીર્થીનાં આખા પરિકરો લાગેલાં છે. દેરીઓના પબાસણની ગાદી ઉપર પ્રાયઃબધા ઉપર સંવત-૧૧૪૦થી સંવત- ૧૧૪૫ સુધીના લેખો હોવાનું જણાય છે. ઉપર્યુકત પરિકરોમાં જિનપ્રતિમાઓ નહોતી પણ મહુડિયાપાદર નામના ગામના ખંડિયેર દેરારસમાંથી આવેલી પ્રતિમાઓ અહીંની દેરીઓમાં પધરાવેલી છે.

કુંભારિયાથી આશરે ૨૦ ગાઉ ઉપર દક્ષિણ દિશામાં દાંતા રાજ્યની હદમાં મહુડિયાપાદર નામે ગામ છે. તેની પાસેના જંગલમાં લગભગ અડધા માઇલ જેટલી જગામાં દેરાસરનાં ખંડિયેરોમાં મોટો પથ્થર ઉખેડાતો હતો ત્યારે પથ્થર ઉપાડતાં ભોંયરૂં જણાયું . દાંતાના રાજવીને આ હકીકતની જાણ થતાં તેમણે તે સ્થળે ચોકી બેસાડી પાકો બંદોબસ્ત કર્યો સંવત ૨૦૦૦ (ઈસ્વીસન્ ૧૯૪૪)માં દાતા રાજ્ય તરફથી જંગલ સાફ કરાવીને ભોંયરું ખોલવામાં આવ્યું તો તેમાંથી જિનપ્રતિમાઓ નીકળી આવી. ને બધી પ્રતિમાઓ દાંતા લાવવામાં આવી. તે બધી પ્રતિમાઓ શ્વેતાંબર જૈન આમાન્યાની હોવાનો નિર્ણય થતાં રાજ્યે દાંતાનાં શ્રી જૈન સંઘને તે પ્રતિમાઓ સુપરત કરી. તે પ્રતિમા કુંભારિયાના જિનાલયમાં સ્થાપન કરવાની સૂચના થતાં દાંતાના શ્રી સંઘે અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને ખબર આપી અને કુંભારીયાજીમાં પણ સમાચાર મોકલ્યા. સંવત ૨૦૦૦ (ઈસ્વીસન્ ૧૯૪૪)ના માહ મહિનાની વદી ૧૩ના દિવસે એ બધી પ્રતિમાઓને ગાડામાં પધરાવી કુંભારીયાજીમાં લાવ્યા.ચક્ષુ-ટીકાથી વિભૂષત કરીને સંવત ૨૦૦૧ના જેઠ સુદિ ૧૦ના રોજ અઢાર અભિષેક કરીને તે બધી પ્રતિમાઓ શ્રીમહાવીરસ્વામી ભગવાનના દેરાસરની દેરીઓમાં સ્થાપિત કરી.

મંદિરના દક્ષિણ દિશાના દ્વારથી પ્રવેશ કરતાં ડાબા હાથ તરફ એક સમવસરણની દેરી છે. તેમાં પ્રતિમાજી નથી પણ સમવસરણની નકશીભરી રચના પીળા આરસ ઉપર કરેલી છે. અને એ છત્રીવાલા સમવસરણમાં ત્રણ ગઢ અને પર્ષદાની સ્પષ્ટ આકૃતિઓ કોરેલી છે.

રંગમંડપના વચલા ભાગમાં ઊંચે કોરણીભર્યા એક ઘૂમટ છે, જે ભાંગેલો છે તે રંગેલો અને ધોળેલો છે. આ ઘૂમટનો આધાર અષ્ટકોણાકૃતિમાં આવેલા પરસાલના છે.

તે આબુના વિમલશાહના દેવાલયના સ્તંભો જેવા છે. બાકીના

સાદા છે. પહેલાં આ સ્તંભની દરેક જોડને મકરના મુખથી નીકળેલા તોરણોથી શણગારવામાં આવી હતી પણ હાલ એક સિવાય બધાં તોરણો નષ્ટ થયાં છે. રંગમંડપના બિજા ભાગોની છતના જુદા-જુદા વિભાગો પાડયાં છે, જેના ઉપર આબુના વિમલશાહના દેરામાં છે તેવાં જૈનચરિત્રોનાં જુદાં જુદાં દ્રશ્યો આલેખવામાં આવ્યાં છે. છ ચોકી તથા સભામંડપ અને ભમતીની દેરીઓની વચ્ચેના બંને તરફના થઇને છતના ૧૪ ખંડોમાં ખૂબ કોરણી છે. તેમાંના પાંચ ખંડોમાં સુંદર ભાવો કોતરેલા જણાય છે.

(૧) રંગમંડપ અને ભમતીની દેરી વચ્ચેની છતના જમણા હાથ તરફના સાતમાં ખંડમાં- અતીત અને ભાવિ ચોવીશીનાં માતા-પિતા એકેક છત્રપર કોરેલા છે.

(૨) બીજા ખંડમાં-વર્તમાન ચોવીશી તથા તેમનાં માતા-પિતા છે. તે જ ખંડમાં ચૌદ સ્વપ્ન છે. ઇંદ્ર મહારાજે ભગવાનને મેરુ પર્વત ઉપર લઇ જઇને ખોળામાં બેસાડ્યા છે અને બંને બાજુ ઇંદ્ર મહારાજ કળશો દ્વારા અભિષેક કરે છે. કમઠ તપાસ પંચાગ્નીનો તપ કરે છે તે વખતે પાર્શ્વકુમાર સેવક મારફત લાકડામાંથી સર્પ કાઢી બતાવે છે. તે પછી ધરણેન્દ્ર ભગવાનને નમસ્કાર કરવા આવ્યો છે. પાર્શ્વનાથ પ્રભુનું સમવસરણ તથા અનુત્તર વિમાનના ભવ વગેરે ભાવો કોતરાયેલા છે.

(૩) ત્રીજી છતમાં- શ્રી શાંતિનાથ ભગવાનનું સમવસરણ છે તેમનાં માતાપિતા વગેરે છે- બીજી બાજુએ શ્રીનેમિનાથ ભગવાનના પંચકલ્યાણકનો ભાવ કોતરેલો છે.

(૪) છઠ્ઠા ખંડમાં- મહાવીરસ્વામી ભગવાનના પાછલા સત્તાવીસ ભવો તેમજ પંચકલ્યાણક અને તેમના જીવન સંબંધી વિશિષ્ટ ઘટનાઓ છે અને ચંદનબાળાના પ્રસંગો, જેવાકે તપસ્યા, કાનમાં ખીલા ઠોકવા, ચંડકોશિયો નાગ વગેરે ઘટનાઓ છે. સાતમાં ખંડમાં પણ-ઋષભદેવ ભગવંતના પંચકલ્યાણકનો ભાવ તથા ચાર, પાંચ હાથી, ઘોડા વગેરેના વિશિષ્ટ ભાવ છે. બધા ભાવો ઉપર નામો લખેલાં છે.

(૫) ડાબી બાજુનાં સાતમાં ખંડમાં-આચાર્ય મહારાજ સિંહાસન ઉપર બેઠેલા છે, શિષ્ય નમસ્કાર કરે છે અને ગુરુ તેમના ઉપર હાથ મૂકે છે. વળી, વચમાં બીજા આચાર્ય મહારાજ, જેઓ હાથ જોડીને નમસ્કાર કરે છે તેમની સામે ઠવણી –સ્થાપનાચાર્યજી પણ છે.

તેવી જ રીતે પહેલી છતમાં પણ એવાં જ ભાવો છે

એક છતમાં –આચાર્ય મહારાજ વ્યાખ્યાન આપી રહ્યા છે અને તેમની આગળ ચતુર્વિધ સંઘ આવીને ઉપદેશ સાંભળી રહ્યા છે. બીજા ભાગમાં આચાર્ય મહારાજ સાધુઓને દેશના આપી રહ્યા હોય એવો દેખાવ છે. ત્રીજામાં દેવીઓની આકૃતિઓ કોતરેલી છે. તેની પાસેના ભાગમાં દેવોના નૃત્યનો દેખાવ આપેલો છે. સાતમાં ભાગમાં ભગવાન મહાવીરસ્વામી દેશના આપી રહ્યા છે. ત્યાં ગણધર ભગવંતો બેઠેલા છે અને શ્રોતાઓ જુદા જુદા વાહનો ઉપર સવારી કરીને દેશના સાંભળવા આવી રહ્યાં હોય એવો ભાવ આલેખ્યો છે. આ બધા ભાવો નીચે આરસમાં ભાવોની સમજૂતીના અક્ષરો પણ કોતર્યા છે, અને તેમાં રંગ પૂર્યા છે. આવા ભાવોનું આલેખન બીજે ક્યાંય જોવા મળતું નથી.

સભામંડપમાંથી બહાર નીકળતાં જે ચોકી આવે છે, તેમાં બે ગોખલા છે અને ઉપર નાના છ ઘૂમટો છે. તેમાં સભામંડપના બારણાં ઘૂમટ અદ્દભૂત કારીગરીવાળો છે. તેમાં આરસના જે પડદા કોતરેલાં છે, તેની નકલ કાગળ ઉપર પણ કરવી અશક્ય છે. આવો ઘૂમટ ભાગ્યે જ બીજે જોવા મળે. બાકીના પાંચ ઘૂમટમાં પણ અદ્દભૂત નકશીભર્યા ભાવો આલેખ્યા છે. તેમાં લટકતું લોલક કમળ છે અને પડદા પણ કોતર્યા છે .

ચોકીથી નીચે ઉતરતાં રંગમંડપમાંનાં ઘૂમટની કોરણી આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકે એવી છે. તેમાં જાણે છીપો જડી હોય, એવો દેખાવ કરેલો છે. ઘૂમટની વચ્ચે આરસનું લટકતું ઝુમ્મર કમળ આકારે કોતરેલું છે. આ બધું કલામય દ્રશ્ય તો આબુનાં દેલવાડાનાં મંદિરોથીયે ચડિયાતું હોય એમ જણાય છે.

દેવકુલિકાની ભીંતો હાલમાં બંધાયેલી છે, પણ શિખર જૂનાં પથ્થરના કટકાનું બનેલું છે. ગૂઢમંડપ જૂનો છે. તેને પહેલાં બંને બાજુએ બારણાં તથા દાદરો હતા. હાલમાં તે બારણાં પૂરી નાખેલાં છે. તેના ઠેકાણે માત્ર બે જાળિયાં રાખેલાં છે, જેથી અંદર અજવાળું આવી શકે છે. ગૂઢમંડપની બારશાખમાં ઘણું અજવાળું આવી શકે છે. ગૂઢમંડપની બારશાખમાં ઘણું જ કોતરકામ છે પણ દેવકુલિકાઓની બારસાખોને નથી.

ડાબી અગર પશ્ચિમ બાજુએ બે જૂના સ્તંભોની સાથે બે નવા સ્તંભો છે, જે ઉપરના ભાંગેલા ચોરસના આધારરૂપ છે. દક્ષિણ ખૂણાની પૂર્વ બાજૂમાં આવેલી ત્રીજી તથા ચોથી દેવકુલિકાની બારશાખો બીજી દેવકુલિકાઓ કરતાં વધારે કોતરેલી છે ત્રીજી દેવકુલિકાની આગળ, ઉપરના ચોરસની નીચેની બાજુને અડકનારી એક કમાનના આધારરૂપ સ્તંભો ઉપર બે બાજુએ 'કીચક' (બ્રેકેટ્સ) જોવામાં આવે છે. આ બાબત ખાસ જાણવા જેવી છે, કારણકે બીજે કોઇ ઠેકાણે અગ્રભાગમાં અગર દેવકુલિકામાં આ પ્રમાણે હોતું નથી.

શ્રી મહાવીરસ્વામી ભગવાન પાસેના મૂળગભારામાં બે સ્તંભો ઉપર સુંદર નકશીવાળું તોરણ હતું, તે હાલ સમવસરણના દરવાજા બહાર લાવીને ગોઠવ્યું છે. તેના ઉપર સંવત ૧૨૧૩નો લેખ છે.

## શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર

શ્રી મહાવીરસ્વામી ભગવાનના દેરાસરની પૂર્વ બાજુએ શ્રીપાર્શ્વનાથ ભગવાનનું ભવ્ય અને વિશાળ મંદિર છે. આ મંદિરની

બાંધણી શ્રીનેમિનાથ ભગવાનના મંદિર જેવી છે. આ મંદિરની પશ્ચિમ દિશાનું બારણું પેઢી આગળના ચોકમાં પડે છે. અને એ બારણાથી વિશેષ અવરજવર રહેતી હોવાના કારણે ઉત્તર દિશાનું બારણું બંધ રાખવામાં આવ્યું છે.

આ મંદિર મૂળગભારો, ગૂઢમંડપ, છચોકી, સભામંડપ, શૃંગારચોકીઓ, બંને તરફ થઈને ૨૪ દેરીઓ, ૧ ગોખલો અને શિખરબંધી બનેલું છે. આખુંયે મંદિર આરસપાષણથી બંધાયું છે.

મૂળગભારામાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની સુંદર પરિકરયુકત એકતીર્થી મૂર્તિ બિરાજમાન છે. તેના ઉપર શ્રી વિજયદેવસૂરિએ પ્રતિષ્ઠા કર્યાનો સંવત ૧૬૭૫નો લેખ છે.

ગૂઢમંડપમાં શ્રી શાંતિનાથ તથા શ્રીપાર્શ્વનાથ પ્રભુની પરિકરયુકત બે કાઉસગ્ગીયા પ્રતિમાઓ છે. તેના ઉપર સંવત ૧૧૭૬ના લેખો છે. ડાબા હાથ તરફ ત્રણતીર્થી વાળું એક મોટું ખાલી પરિકર સ્થાપન કરેલું છે. તેમાં મૂળનાયકજીની મૂર્તિ નથી. પરિકરમાંથી છૂટી પડી ગયેલી ૩ કાઉસગ્ગીયા પ્રતિમાઓ અને એક અંબાજી માતાની મૂર્તિ પણ છે. છચોકીઓમાં બંને બાજુના બે ગોખલાઓ પૈકી એક ગોખલામાં આખું પરિકર, સ્તંભો સહિત તોરણ વગેરે સુંદર કોરણીથી ભરેલું છે. ગૂઢમંડપ અને સભામંડપના ઘૂમટો, છચોકીનો સમ્મુખ ભાગ, છચોકી અને સભામંડપના ચાર સ્તંભો, એક તોરણ, બંને તરફ ને વચ્ચેની એકેક દેરીના દરવાજા, સ્તંભો, ઘૂમટો, માથેનાં શિખરો અને પ્રત્યેક ગુંબજોમાં સુંદર કોરણી કરેલી છે. સ્તંભો ઉપર દેવીઓ, વિદ્યાધરીઓ તેમજ બીજી કોરણી છે. મંદિરમાં ઉત્તર દરવાજાથી પ્રવેશ કરતાં જમણા હાથ તરફ મકરાણાના નકશીદાર બે સ્તંભો ઉપર મનોહર તોરણ છે. તેમાંના એક સ્તંભ ઉપર સંવત-૧૧૮૧નો લેખ છે. ગોખલામાં પ્રતિમાજી નથી.એક ગોખલામાં ફકત પરિકરવાળી ગાદી જ છે.

ગૂઢમંડપ અને સભામંડપના ઘૂમટો , છચોકીનો સમ્મુખ ભાગ, છચોકી અને સભામંડપના ચાર સ્તંભો, એક તોરણ, બંને તરફ ને વચ્ચેની એકેક દેરીના દરવાજા, સ્તંભો, ઘૂમટો માથેનાં શિખરો અને પ્રત્યેક ગુમ્મજોમાં સુંદર કોરણી કરેલી છે. સ્તંભો ઉપર દેવીઓ, વિદ્યાધરીઓ તેમજ બીજી કોરણી છે.

બે દેરીઓમાં ખાલી પબાસન છે. પરિકર નથી. બે દેરીમાં અધૂરાં પરિકર છે. બે દેરીઓમાં નકશીદાર સ્તંભો યુકત સુંદર તોરણો લાગેલાં છે. બીજી દેરીઓમાં પરિકર અને પબાસન છે. એક ગોખલામાં પબાસન અને પરિકરની ગાદી છે. દેરીઓમાંની પરિકરની ગાદી ઉપર ઘણે ભાગે તેરમી શતાબ્દિના મધ્યભાગના લેખો છે. સંવત-૧૨૫૯ના લેખમાં 'આરાસણમાં મંડલિક પરમાર ધારાવર્ષદેવનું વિજયી રાજ્ય' એમ લખેલું છે. છેલ્લા ગોખલાના પબાસનની ગાદી ઉપર સંવત – ૧૧૬૧નો લેખ છે. ગૂઢમંડપનો મુખ્ય દરવાજો અને નકશીવાળી બંને દેરીના દરવાજા માથે ચ્યવન કલ્યાણકનો ભાવ અને ૧૪ સ્વપ્નો કોતરેલા છે.

આ મંદિરના સ્તંભો તથા ગોઠવણી શ્રી મહાવીરસ્વામી ભગવાનના મંદિરના જેવી છે. પણ શ્રી શાંતિનાથભગવાનના મંદિરની માફક આમાં માત્ર ચાર તોરણો છે. જેમાંથી દેવકુલિકાની પરસાલની સામે આવેલા દાદર ઉપરનું એક જ હાલમાં બચી રહ્યું છે.

આમાં શ્રી નેમિનાથભગવાનના ચૈત્યની માફક ઘૂમટની આજુબાજુએ વાંસના સળિયા લગાડેલા છે. દેવકુલિકાનો બહારનો ભાગ તેમજ ગૂઢમંડપનો એક ભાગ અર્વાચીન છે. દાદર સાથે આવેલા બે સ્તંભોની વચ્ચેની એક જૂની બારશાખ ગૂઢમંડપની પશ્ચિમની ભીંતમાં ચણવામાં આવી છે. પણ આ દ્વાર બંધ કરવામાં આવ્યું નથી. ભીંતની બીજી બાજુએ આવીજ બારશાખો ગોઠવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોય તેમ લાગે છે. કારણકે ભીંત આગળ બે સ્તંભો ઉભા કરવામાં આવ્યા છે.

મૂળ દેવગૃહની બારશાખ ઉપર સારું કોતરકામ કરવામાં આવ્યું છે પણ તેના ઉપર પાછળથી ગુજરાતી રીતિ પ્રમાણે રંગ લગાડવામાં આવ્યો છે.

## શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર

શ્રી મહાવીરસ્વામી ભગવાનના દેરાસર આગળ રસ્તો મૂકીને શ્રીશાંતિનાથ ભગવાનનું દેરાસર આવેલું છે. તેની રચના ભગવાન મહાવીરસ્વામીના દેરાસર જેવી જ છે. આ દેરાસરને પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર તરફનાં દરવાજા ખાસ કામ સિવાય બંધ રહે છે. માત્ર પૂર્વ તરફના દરવાજે અવરજવર ચાલુ છે.

આ મંદિર મૂળગભારો, ગૂઢમંડપ, છચોકી, સભામંડપ, મુખ્ય દરવાજાની બંને બાજુએ આવેલી ૧૬ દેરીઓ અને ૧૦ ગોખલાઓ તેમજ શિખરથી સુશોભિત છે. મંદિરની પાછળનો ભાગ ખુલ્લો છે. ત્રણે બાજુના દરવાજાની શૃંગારચોકીઓ વગેરે બધું આરસપાષણથી બનેલું છે.

મૂળગભાગમાં મૂળનાયક શ્રીશાંતિનાથ ભગવાનની પરિકર વિનાની પ્રતિમા બિરાજમાન છે.

ગૂઢમંડપમાં પરિકરમાંથી છૂટા પડેલા ૪ કાઉસગ્ગીયા, ૨ ઇન્દ્રો અને ૧ હાથ જોડીને ઉભેલા શ્રાવકની મૂર્તિ છે. આ બધુંયે ગૂઢમંડપમાં છૂટું મૂકી રાખેલું છે.

મૂળનાયકની નીચેની ગાદી સંવત ૧૩૦૨ નો લેખ છે પણ તે ગાદી જીર્ણોદ્ધાર વખતે ત્યાં લગાવવામાં આવી હશે એમ લાગે છે. આરાસણના શ્રાવકો તે ગાદી કરાવેલી છે અને તેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ભરાવ્યાનું જણાવ્યું છે. જ્યારે મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન છે.

છચોકીઓમાં ગૂઢમંડપના મુખ્ય દરવાજાની બંને બાજુએ સુંદર

કોરણીવાળા બે ગોખલા છે. તે પૈકી એકમાં એકતીર્થીનું ખાલી પરિકર લગાડેલું છે.

છચોકી અને સભામંડપના ગુમ્મજો તથા સ્તંભોમાં આબુ ઉપરના દેલવાડાનાં મંદિરો જેવી સુંદર કોરણી કરેલી છે. તેમાંયે છ સ્તંભોમાં વિશેષ કોરણી છે.

સભામંડપનું એક તોરણ કોરણીવાળું છે. ગૂઢમંડપમાં પ્રવેશ કરવાના દરવાજા ઉપર, તેની પાસેના સ્તંભો ઉપર, અને છચોકીના નીચેના ભાગમાં પણ કોરણી કરેલી છે.

છચોકી અને સભામંડપની બંને બાજુની છતોના ૧૨ ખંડોમાં પણ આબુ-દેલવાડાનાં મંદિરો જેવા જુદા પ્રકારના સુંદર ભાવો કોતરેલા છે. છતમાં જે ભાવો કોતરેલા છે તેમાં ખાસ કરીને પંચકલ્યાણક સાથેના તીર્થંકરોના વિશિષ્ટ જીવનપ્રસંગો કલ્પસૂત્રમાં નિર્દેશેલી ઘટનાઓ, સ્થૂલિભદ્રનો પ્રસંગ વગેરે ભાવો ઉત્કીર્ણ છે. તે દરેકની નીચે સમજૂતી માટે અક્ષરો કોરેલાં છે. તે અક્ષરોમાં રંગ પૂરેલો ન હોવાથી દૂરથી વાંચી શકાતા નથી.

દરેક દેરીઓ અને ગોખલાઓમાં પબાસન અને પરિકરો છે. તેમાંથી કેટલીક દેરીઓમાંથી પરિકરો તોડી-ફોડીને તેના ભાગો છૂટા છૂટા જ્યાં ત્યાં મૂકેલાં છે. આ મંદિરની દેરીઓની પ્રતીમાઓ ઉપર સંવત-૧૦૮૭, સંવત-૧૧૧૦ તેમજ તે દેરીઓ ઉપર તથા તેની અંદરના પબાસનની ગાદીઓ ઉપર સંવત- ૧૧૩૮ ના લેખો છે. આ મૂળ મંદિર તો સંવત- ૧૦૮૭ અગર તેથીયે પહેલાં બન્યું હોય એમ લાગે છે. અહીંના બધાં મંદિરોમાંથી મળી આવેલા લેખોમાં આ દેરાસરના લેખો પ્રાચીન જણાય છે. તેમાં સંવત-૧૦૮૭ નો લેખ સૌથી પ્રાચીન છે. મંદિરમાં ડાબા હાથ તરફના ખૂણામાં ચતુદ્વારની દેરીંમાં સમવસરણના આકારવાળા સુંદર કોરણીભર્યા પબાસનમાં નીચે બે ખંડમાં ચારે દિશામાં ત્રણ-ત્રણ જિન પ્રતિમાઓને કોરેલી છે. તેના ઉપર એકજ પથ્થરમાં ત્રણ ગઢયુક્ત ચતુર્મુખ (ચાર પ્રતિમાવાળું) સમવસરણ મૂકેલું છે. તેના પર લેખ છે.

આ મંદિરની બાંધણી અહીંના શ્રી મહાવીરસ્વામી ભગવાનની મંદિર જેવી જ છે. ફરક માત્ર એટલો જ છે કે, ઉપરની કમાનની બન્ને બાજુએ ભગવાન મહાવીરસ્વામીના મંદિરની માફક ત્રણ ગોખલા નહીં પણ ચાર છે. આ દરેક ગોખલામાં સંવત ૧૧૩૮ના લેખો છે અને એક લેખ સંવત-૧૧૪૬ નો છે. વળી, મંડપના આઠ સ્તંભો, જે અષ્ટકોણાકૃતિમાં છે તે ઘૂમટને ટેકો આપે છે. તેના ઉપર ચાર તોરણો છે. આ બધાં તોરણો તૂટી ગયાં છે. ફકત પશ્ચિમ તરફનું અવશેષ બચી રહ્યું છે.

પાછળના ખાલી ભાગમાં એક દેરી છે, તેમાં નંદીશ્વરની રચના કરેલી છે. કેટલીક નાની નાની મૂર્તિઓ પણ છે. પણ મોટેભાગે તે ખંડિત થયેલી છે. બહાર ઓટલા ઉપરના ગોખલાની ભીંતમાં ચોડેલી મૂર્તિ સૂર્ય યક્ષની છે. તેને કેટલાક 'ગણપતિની મૂર્તિ' કહે છે. તેની બંને બાજુએ ભીંતમાં બીજી કેટલીક મૂર્તિઓ ચોંટાડેલી છે. એમાં એક મૂર્તિ ચામરધારી છે.

આ શાંતિનાથ ભગવાનના મંદિરમાં વસ્તુતઃસર્વ પ્રથમ મૂળનાયક શ્રી ઋષભદેવની મૂર્તિ પ્રતિષ્ઠિત હશે. મુનિ શ્રી જયંતવિજયજીના પુસ્તક કુંભારિયાનાં પરિશિષ્ટમાં આપેલા સંવત ૧૧૪૮ના લેખાંક :૨૮ (૧૪/૬) માં આ મંદિરનો શ્રીમદાદિજિનાલયે એવો ઉલ્લેખ કરેલો છે. આ સિવાય સંવત વિનાના લેખાંક;૩૦ (૧૫૦)માં ઋષભાલયે એવો ઉલ્લેખ મળે છે એટલે સંવત ૧૧૪૮ પછીના કોઇ સમયે અહીંના મૂળનાયકમાં ફેરફાર થયો હશે.

## શ્રી સંભવનાથ ભગવાનનું મંદિર

શ્રી નેમિનાથ ભગવાનના દેરાસરની દક્ષિણે લગભગ બસો વાર દૂર શ્રી સંભવનાથ ભગવાનનું મંદિર આવેલું છે. બધાં મંદિરો કરતાં આ મંદિરની બાંધણી જુદી પડે છે અને પ્રમાણમાં નાનું પણ છે.

આ મંદિર મૂળગભારો, ગૂઢમંડપ, સભામંડપ, શૃંગારચોકી, કોટ તેમજ શિખરબંધી છે. મંદિરમાં પ્રદક્ષિણા પથ-ભમતી નથી. પાષાણનું છે. દરેક દરવાજામાં પ્રાયઃ કોરણી છે અને શિખરમાં પણ કોરણી કરેલી છે. મૂળગભારામાં મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાનની મૂર્તિ બિરાજમાન છે. તેને એક પ્રાચીન વેદી ઉપર બેસાડેલી છે. કોઇને એ મૂર્તિ ઉપર સિહંનું લાંછન જણાતાં તેને મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની મૂર્તિ હોવાનું પણ કહે છે પરંતું અત્યારે આ મંદિર શ્રી સંભવનાથ ભગવાનનું કહેવાય છે. પ્રાચીન ગ્રંથો અને 'તીર્થમાળાઓ' માં સંભવનાથના મંદિરનો ઉલ્લેખ નથી. વસ્તુતઃ પ્રાચીનકાળની ચિત્રશૈલીમાં સિંહની આકૃતિ ઘોડા જેવી જ હોય છે એટલે આ મંદિર 'શ્રી મહાવીરસ્વામીનું મંદિર' હશે એમ લાગે છે. ગૂઢમંડપના એક ગોખલામાં પરિકર સાથેની પંચતીર્થીની એક પ્રતિમા સ્થાપન કરેલી છે. ગૂઢમંડપના દરેક ગોખલામાં મૂર્તિ વિનાનાં ખાલી પરિકરો નં. ૧૦ છે, તેમજ એક શ્રાવક-શ્રાવિકાનું યુગલ છે. આરસનાં આ ચાર મંદિરોનું શિલ્પ-સ્થાપત્ય, સ્તંભો, કમાનો, છતોમાં આલેખેલા ભાવો અને રચના આબુ ઉપરના દેલવાડાના વિમલવસહી મંદિર જેવાં છે એટલે સંવત ૧૦૮૮ માં વિમલવસહીની પ્રતિષ્ઠા થઈ તે પહેલાં એક વર્ષ અગાઉ અહીંના શ્રી શાંતીનાથ ભગવાનના મંદિરમાંથી મળી આવતા પહેલી દેરીના સંવત ૧૦૮૭ના લેખના આધારે કહી શકાય કે એ સમય પહેલાં આરાસણમાં મંદિરો બાંધવાનો પ્રારંભ થયો.

❑❑❑

# પોળોનાં મંદિરો

રમેશ ઠક્કર અને જગદીશ ભટ્ટ

*શ્રી રમેશભાઈ ઠક્કર હાલમાં નાયબ કલેક્ટર તરીકે ખેડબ્રહ્મા ખાતે ફરજ બજાવી રહ્યાં છે અને શ્રી જગદીશભાઈ ખેડબ્રહ્મા ખાતે હાઈસ્કૂલમાં ફરજ બજાવે છે.*

ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં અરવલીની હરિયાળી ટેકરીઓ અને ઘટાટોપ વનરાજી વચ્ચે હરણાવ નદીનાં નયનરમ્ય કાંઠે પોળોનાં પ્રાચીન મંદિરો શોભાયમાન છે. હરણાવ નદીનો ઉલ્લેખ પુરાણોમાં એક પવિત્ર નદી તરીકે થયેલો છે. આવા પ્રાકૃતિક વૈભવ વચ્ચે પોળોનાં જૈન, શિવ મંદિરો આવેલાં છે. આ મંદિરો આશરે ચૌદમી-પંદરમી સદીના હોવાનું મનાય છે. એનું સ્થાપત્ય અને શિલ્પો જોતાં તે સોલંકીકાલીન અવશેષો હોવાનું પ્રથમ નજરે લાગે છે. આમ છતાં એમાં તત્કાલીન ઈડર સ્ટેટના વંશજોનો પણ વારસો સચવાયેલો હોવાનું દૃષ્ટિગોચર થાય છે. 'પોળ' શબ્દ મારવાડી ભાષાનો શબ્દ છે જેનું ગુજરાતી થાય છે 'પ્રવેશદ્વાર' અથવા અંગ્રેજીમાં (Entrance) કહી શકાય. દેખીતી રીતે જ આ પ્રદેશનું જે ભૌગોલિક સ્થાન છે એ મારવાડ (રાજસ્થાન) અને ગુજરાતને જોડતા પ્રવેશદ્વાર તરીકેનું જ છે. આ મંદિરોની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં હિંદુ અને જૈન બંને સંસ્કૃતિનાં મંદિરો અડોઅડ ગોઠવાયેલા જોવા મળે છે. ગુજરાતમાં આ વિસ્તાર માટેની જાણકારી નહિવત છે. આપણે સહુ આવી કોઈ સુંદર, સાંસ્કૃતિક જગ્યા ગુજરાતમાં હોવા અંગે અજાણ છીએ. અને એટલે જ પોળોનાં મંદિરો વિશેની જાણકારી આપણા સહુ માટે જરૂરી બની જાય છે.




ગુજરાતની રાજધાની ગાંધીનગર અને ઐતિહાસિક નગર અમદાવાદથી માત્ર બે કલાકના રોડ માર્ગે આપણે પોળો સાઈટ સુધી પહોંચી શકીએ છીએ. અમદાવાદથી નેશનલ હાઈ-વે નં. ૮ મારફતે હિંમતનગર, ત્યાંથી ઈડર થઈને વિજયનગર તાલુકામાં પોળો સાઈટ સુધીનું અંતર ૧૧૦ કિ.મી. જેટલું થાય છે. માત્ર દોઢ-બે કલાકને રસ્તે આવું રમણીય અને ભવ્ય સ્થળ આવેલું છે એ હકીકત કોઈ પણ પ્રવાસીને માટે મનગમતી વાત છે. અહીં આવનાર પ્રવાસીઓને વિજયનગરનાં ગાઢ અને સુરક્ષિત જંગલો, અદ્‌ભુત એવી અરવલ્લીની લીલીછમ્મ ટેકરીઓ અને પર્યાવરણની રીતે તદ્દન સ્વચ્છ અને રળિયામણો પ્રદેશ જોવા મળે છે. રહેવા માટે સુંદર ગેસ્ટહાઉસ, બાજુમાં જ નાનકડો છતાં આકર્ષક એવો વણજ ડેમ અને હરણાવ નદીનો અતિ આકર્ષક ખુલ્લો અને વનરાજીથી લચેલો કિનારો પણ નિહાળવા મળે છે. ટ્રેકિંગ માટે અહીં સુંદર સાઈટ્સ છે. તો કેવળ પ્રકૃતિભ્રમણ કરનારા માટે સ્વર્ગસમાન જગ્યા છે. ખળખળ વહેતા ઝરણાં, વૈવિધ્યસભર વૃક્ષો અને ભોળાં ગ્રામ્યજનો અને તેમનાં ખોરડાં – આ તમામ પ્રાકૃતિક પરિવેશ આવનારને નવીન અને તાજગીપ્રેરક અનુભવ કરાવે છે.

ઉત્તર ગુજરાતમાં સાબરમતી નદીના ભીના કિનારાની આસપાસ વસેલા નાનાં-મોટા નગરોના ૭૬૯૦ ચો.કિ.મી.ના વિસ્તારને સાબરકાંઠા એવું હુલામણું નામ આપ્યું છે. આ સાબરમતીનું નામ પુરાણમાં સાંભ્રમતિ એવું હતું. આવા સાબરકાંઠામાં આવેલ હરણાવ નદીના કિનારે હિંદુ અને જૈન સંસ્કૃતિ અસ્તિત્વ ધરાવતી હતી. સાબરકાંઠાને અડીને રાજસ્થાનના શિરોહી, ઉદેપુર, ડુંગરપુર જિલ્લાઓ છે. દક્ષિણે અમદાવાદ, ખેડા, ગાંધીનગર જિલ્લાઓ આવેલા છે. પશ્ચિમે બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાની સરહદો અડે છે. સાબરકાંઠાના અમદાવાદ અંબાજી હાઈ-વે નં. ૮ ઉપરથી ઈડરથી આગળ જતા વિજયનગર ત્રણ રસ્તાથી લગભગ ૪૦થી ૪૫ કિ.મી.ના અંતરે વીરેશ્વર અને શરણેશ્વરનાં જંગલો આવેલાં છે. ત્યાં અભાપુરનાં જંગલોની વચ્ચે હરણાવ નદીને કિનારે-કિનારે ખજાનો વેરાયેલો પડ્યો છે. પોળો સાઈટ્સમાં પ્રવેશતાં જ સુંદર મજાની પથ્થરમાંથી બનાવેલી છત્રીઓ સ્વર્ગવાસી રાણીઓની યાદમાં બનાવી હોવાનું જાણવા મળે છે. આમાં સુંદર શિલ્પકામ અને પાળિયાઓની પ્રતિકૃતિ તેમજ પથ્થરમાં લખાણો પણ કોતરાયેલા જોવા મળે છે. શ્રદ્ધાળુ લોકો આને 'સતીમાના સ્થાનકો' તરીકે પૂજે છે.

## વર્તમાન સમયમાં સચવાયેલી વિરાસત

આવો ભવ્ય સાંસ્કૃતિક વારસો ધરાવતો આ સમગ્ર પોળો મંદિરોનો હાલ પણ રમણીય અને ઘટાટોપ વનરાજી અને હરણાવ નદીનો આકર્ષક પરિવેશ જાળવીને સહુ કોઈને આકર્ષે છે. અહીં આગળ તમામ પુરાતન મંદિરો અને તેના કિંમતી અવશેષો સારી રીતે સચવાયેલા નજરે પડે છે. પુરાતત્ત્વ વિભાગ, સ્થાનિક વહીવટીતંત્ર અને વન વિભાગ દ્વારા પોતોપોતાની રીતે આ રાષ્ટ્રીય સંપત્તિને સારી રીતે ટકાવી રાખવાના યથાશક્તિ પ્રયાસો થયેલા જોવા મળે છે. બાજુમાં જ વિજયનગર અને ખેડબ્રહ્માના તાલુકા-સ્થળો આવેલાં છે. આ વિસ્તારની ઐતિહાસિક જાણકારી સાથે

તેનો રસપ્રદ ઈતિહાસ કહી શકે તેવાં ગાઈડ પણ મળે છે. નજીકમાં આવેલો વણજ નદી ઉપરનો વણજ ડેમ અત્યંત આકર્ષક પ્રાકૃતિક દ્રશ્યો માટે સુવિખ્યાત છે. ડેમ સાઈટ અને તેની આસપાસનો સમગ્ર વિસ્તાર કોઈ પણ વ્યક્તિને મંત્રમુગ્ધ કરી દે, એવો આકર્ષક છે. અહીં આવનાર પ્રવાસી પોળો મંદિરોની મુલાકાત સાથે તેની આસપાસનો સમગ્ર વિસ્તાર કોઈ પણ વ્યક્તિને મંત્રમુગ્ધ કરી દે, એવો આકર્ષક છે. અહીં આવનાર પ્રાચીન પોળો મંદિરોની મુલાકાત સાથે વિજયનગર અને ખેડબ્રહ્મામાં અંબાજી માતા, બ્રહ્માજીનું મંદિર, ગઢડા શામળાજી.

## વીરેશ્વર મહાદેવ

વીરેશ્વરના મંદિરને આપણે Gate Way of Polo એમ કહી શકીએ. પ્રકૃતિ અહીં સોળે કળાએ ખીલી ઊઠેલી છે. અભાપુરનાં જંગલોમાં વેરાયેલા પોળોનો સોનેરી ખજાનો જોવા નીકળનાર પ્રવાસીઓ ઈડરથી આઠ કિ.મી.ના અંતરે વિજયનગર જવાના વળાંકે વળે એટલે તરત જ આત્માનો દોરીસંચાર જાણે કોઈ ઈશ્વરીય તત્વોના હાથમાં આવી જાય છે. જંગલ, ઝરણાં, પક્ષીઓ અને પર્વતોના દર્શનોમાં ખોવાઈ જવાય તેવો માર્ગ. પ્રથમ પડાવ આવે છે ભગવાન વીરેશ્વરનું ધામ. ચારે બાજુ લીલીછમ ટેકરીઓથી ઘેરાયેલા આ સ્થાનમાં સુંદર મજાનું પૌરાણિક વીરેશ્વર મંદિર આવે છે. પુરાણ કાળમાં આ મંદિરની સ્થાપના કેમ થઈ તેની વાત કરી તો પોતાના પિતા દક્ષ રાજાને ત્યાં યોજવામાં આવેલા યજ્ઞમાં ભભૂતિ લગાડેલાં ભરથારને આમંત્રણ ન મળતાં ક્રોધિત થયેલા પાર્વતી દેવી ક્રોધિત થઈ યજ્ઞવેદીમાં કૂદી પડ્યા છે એવા સમાચાર મળતાં જ કૈલાસમાંથી દોટ મૂકીને યજ્ઞસ્થળે પહોંચેલા ભગવાને પાર્વતી દેવીનો દેહ ખભે ઉપાડ્યો. ત્રિલોકના નાથે ત્રણે લોકમાં ભ્રમણ ચાલુ કર્યું. ગુસ્સે થયેલા ભગવાન શિવે પોતાની જટામાંથી એક વાળ તોડી તેમાંથી વીરભદ્ર નામનો ગણ ઉત્પન્ન કર્યો અને તેને દક્ષના યજ્ઞનો નાશ કરવાનું કહ્યું. પણ ગણે તો યજ્ઞની સાથે જોડાયેલા બ્રાહ્મણોનો પણ સંહાર કર્યો. આમ કરતાં વીરભદ્રને બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું. તેમાંથી મુક્ત થવાનો માર્ગ બતાવતાં શિવજીએ કહ્યું કે તારે ઉંબરાના વૃક્ષ નીચે બેસી ભગવાન દત્તાત્રેયના મંત્રનો જાપ કરવો પડશે. વીરભદ્રએ આ જંગલોમાં આવી એકાંત સ્થળ શોધી મંત્ર-આરાધના કરી. વીરભદ્ર બ્રહ્મહત્યાના પાપમાંથી મુક્ત થયો ત્યારે માતાજી ગંગા સ્વરૂપે પ્રગટ થયા. હાલમાં પણ આ મંદિરના પ્રાંગણમાં બારેમાસ કુદરતી ફુવારા સ્વરૂપે લગભગ દસ ફૂટ ઊંચાઈ ધરાવતો પાણીનો અભિષેક થયા કરે છે. આ એક મનોરમ્ય સ્થળ છે. ચોગાનમાં નરસિંહ અવતારનું પણ મંદિર છે. અહીં રહેવા-જમવા સાથેની સંપૂર્ણ વ્યવસ્થા હોવાથી બારેમાસ હજારોની સંખ્યામાં પ્રવાસીઓ આવતાં રહે છે. અહીં લોકોના સહયોગથી અન્નક્ષેત્રની સુંદર સેવા ચાલે છે.

## શિવશક્તિ અને સૂર્ય પ્રતિમાઓનો અદ્ભુત સંગમ ધરાવતું અભાપુરનું શક્તિ મંદિર

દ્વૈત આવિર્ભાવો અને સુંદર કોતરણીકામ ધરાવતું અભાપુર પરિસરનું શિવશક્તિ મંદિર ઉત્તન અને બેનમૂન અવશેષરૂપ મંદિર છે. પોળોમાં નીકળતાં-પોળો કેમ્પ સાઈટથી આગળ જમણી તરફ ઊંચી અને વિશાળ પર્વતમાળાઓ વચ્ચે બાજુમાં વહેતા જળપ્રવાહના એક છેડે આ પુરાતન સ્થાપત્ય આવેલું છે. જે પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત સ્મારક છે.

અભાપુરનું આ શિવશક્તિ મંદિર અને એની આસપાસનો સમગ્ર માહોલ અનેક પ્રકારની જિજ્ઞાસા અને કુતૂહલ પેદા કરે છે. અહીં પ્રવેશતાં જ ખંડેર હાલતમાં વિશાળ દરવાજાના અવશેષો ઊભા છે. એ આ સમગ્ર મંદિરની શરૂઆત હશે એવું અનુમાન કરી શકાય. સ્થાપત્ય બાંધણી અને રચના કાળ ચૌદમી કે પંદરમી સદીના હોવાનું સામાન્ય રીતે જાણી શકાય છે. તેમાં વપરાયેલા પથ્થરો, કારીગરી કે શિલ્પ કળાઓ જોતાં તે અન્ય પોળો મંદિરોનો જ કોઈ ભાગ હોય એવું પ્રથમ નજરે જ લાગે છે.

આ મંદિરમાં પ્રવેશતાં જ એમાં કોતરાયેલાં શિલ્પો અને મૂર્તિઓનો વૈભવ જોતાં એ શિવશક્તિ મંદિર હોવાનું જણાય છે. મંદિરની ચારે તરફ સુંદર શક્તિ પ્રતિમાઓ અને તેને ઉઠાવ આપતી કલાત્મક કોતરણી જોવા મળે છે. દરવાજાનું જે ખંડેર છે ત્યાં દીવાલ ઉપર એક શિલાલેખ કોતરેલો જોવા મળે છે. તેની ભાષા સ્પષ્ટ થતી નથી. પરંતુ મરોડદાર લિપિ એ સમયની કોઈ સમૃદ્ધ ભાષાથી વાકેફ કરાવે છે. આ ભાષા એ વખતના અહીંના સમયકાળ મુજબની ગુજરાતી અને મારવાડી બંને સંસ્કૃતિઓના સુમેળ જેવી કોઈ ભાષા હશે એવું લાગે છે. મંદિરનાં શિલ્પો, ઘુમ્મટ, પ્રવેશદ્વાર અનુપમ છે. પણ મંદિર ઘણી રીતે અદ્ભુત છે, અજાયબ છે. તે સૂર્યમંદિર હોવાનું પણ કહેવાય છે. સામાન્ય રીતે સૂર્યમંદિરો પૂર્વાભિમુખ હોય છે. પરંતુ આ મંદિરનું દ્વાર પશ્ચિમ તરફનું જોવા મળે છે. મંદિરમાં સૂર્ય ભગવાન અને બંને બાજુ અશ્વારૂપ અશ્વોની આજુબાજુ સૂર્યાણી દેવીની પ્રતિમાઓ દેખાય છે. જે આ મંદિર બેશક રીતે સૂર્યમંદિર હોવાનું સાબિત કરે છે.

મંદિરની ઊડીને આંખે વળગે એવી હકીકતોમાં પશ્ચિમાભિમુખ મંદિરની જંઘામાં શિવશક્તિના દ્વૈત દર્શનરૂપ ઈન્દ્ર અને ઈન્દ્રાણી, શિવ-પાર્વતી તેમજ બ્રહ્મા અને બ્રહ્માણીનાં શિલ્પો મૂકાયેલાં છે. દ્વારસાખના ભદ્રાદિ ભાગે સૂર્યાણી દેવીની અશ્વારૂઢ પ્રતિમાઓ સોળે કળાએ ઊપસી રહી છે. અંતરંગની મધ્યે આ શિલ્પો ઉપરાંત દર્પણકન્યા અને અપ્સરાનાં શિલ્પો પણ ગજબનું આકર્ષણ ધરાવે છે. પંદરમી સદીના ભગ્નાવશેષો જેવી આ પ્રતિમાઓ અને સમગ્ર મંદિર કોતરણીની ભાતમાં તથા સ્થાપત્યના તેના આવિર્ભાવોથી પોળો મંદિરના સમગ્ર વૈભવને ઉજાગર કરે છે. ❑❑❑

M. 9879524643 | email :rrthakkar@yahoo.com

# પ્રાચીન મંદિરોનું અફલાતૂન સંકુલ : હમ્પી

નંદિની ત્રિવેદી

ભારત એ સમૃદ્ધ સંસ્કૃતિ અને પરંપરાઓનો દેશ છે. દરેક પ્રદેશની આગવી કથા અને અનોખી દાસ્તાન. એમાંય મંદિર સ્થાપત્ય એ આપણા દેશની આગવી ઓળખ છે. એ વખતના સ્થપતિઓની અકલ્પનીય કલા-કારીગરીના પરિણામરૂપે ભારતનાં દરેક રાજ્યને અદભુત મંદિરોનાં શિલ્પ-સ્થાપત્યનો લાભ મળ્યો છે. આવી જ એક નગરી હમ્પી અને ત્યાંનું વિરૂપાક્ષ મંદિર પત્થરની રેખાઓ પરની એક સાદ્યંત સુંદર કવિતા સમાન છે. મંદિર કાંચીમાં આવેલા કૈલાશનાથ મંદિરની રચના મુજબ બન્યું છે. કર્ણાટકની ઐતિહાસિક નગરી હમ્પીમાં શિલ્પ-સ્થાપત્યોનું સૌંદર્ય બેનમૂન છે. હમ્પી, એ પમ્પા ક્ષેત્ર તરીકે પણ પ્રચલિત છે કારણ કે ત્યાં વહેતી તુંગભદ્રા નદી, પમ્પા તરીકે પણ ઓળખાય છે. પુરાણો મુજબ પમ્પા બ્રહ્માની દીકરી હતી, જે પછીથી ભગવાન શિવને પરણી હતી. અલબત્ત, એ તો પુરાણકથા જ છે. કન્નડમાં હમ્પે કહેવાતું આ સ્થળ અંગ્રેજોએ હમ્પી બનાવી દીધું. ભારતની સંસ્કૃતિ જ એવી છે કે દેશના કોઈપણ રાજ્યમાં જાઓ, તો ભવ્ય ઈતિહાસની મિસાલરૂપ એક એકથી ચડિયાતા સ્થાપત્યો જોવા મળે. પૌરાણિક નગરી હમ્પી વિષે જાણવાની બહુ નાનપણથી ઉત્સુકતા હતી. વરસાદી મોસમમાં એક વાર કર્ણાટકની મુલાકાત લીધી હતી. મુકુટા પહાડીઓ પર આવેલાં શિવ મંદિરોમાંથી વરસાદથી બચવા અમે એક મંદિરના ગુમ્બજ નીચે શરણ લીધું હતું. મંદિરની પાછળ વિશાળ પથ્થરો પરથી વહેતુ પાણી ખૂબ નયનરમ્ય દ્રશ્ય સર્જી રહ્યું હતું. તેમણે નાનાં નાનાં ઝરણાંના આકાર લઈ લીધા હતા. વાતાવરણમાં આહલાદક ઠંડી હતી. સામે વિરુપાક્ષ મંદિરનાં શિખરો એક સાથે ઝળહળી રહ્યાં હતા. વિરુપાક્ષ મંદિર એ હમ્પીનાં થોડાંક મંદિરોમાંનું મહત્વનું મંદિર છે જેમાં આજે પણ વિધિવત પૂજા થાય છે. વિરુપાક્ષ મંદિરમાં જેટલી ચહલપહલ હતી એનાથી તદ્દન વિપરીત મંદિરની બરાબર સામે આવેલા હેમકુટ પહાડોની આસપાસનાં શિવ મંદિર, જૈન મંદિર પ્રાચીન શાંતિ અને ભવ્ય સંસ્કૃતિની ઝલક દર્શાવી રહ્યાં હતા. હમ્પી એક સમયનું અતિ સમૃદ્ધ નગર કહેવાતું હતું. કૃષ્ણદેવ રાયે અહીં વિશાળ સામ્રાજ્ય ઊભું કરવા શ્રેષ્ઠ આર્કિટેકચરલ ડિઝાઇન્સનો પ્રયોગ કર્યો હતો.

હમ્પી બહુ વિસ્તરેલું કર્ણાટકનું પ્રાચીન નગર છે. પુરાતત્વ વિભાગના જણાવ્યા મુજબ ૨૬ વર્ગ કિલોમીટર સુધી એ વિસ્તરેલું છે. ઇતિહાસ અને સ્થાપત્યના ચાહકોને તો ખાસ જલસો પડે, એવું આ સ્થળ ૧૬મી સદીમાં બંધાયું હતું. દક્ષિણના મુસ્લિમ શાસકોએ આ સામ્રાજ્યનો ધ્વંસ કર્યો છતાં, એ ભવ્ય ઈતિહાસના અવશેષો આજેય પ્રવાસીઓમાં આકર્ષણરૂપ છે. બેંગલોરથી લગભગ સાડા ત્રણસો કિ.મી. દૂર આવેલા અને ખંડેરોના નગર તરીકે ઓળખાતા હમ્પીના વિરુપાક્ષ મંદિર અને હેમકુટ પહાડોનું મહત્વ બે દ્રષ્ટિએ વિશેષ છે. એક તો ત્યાં હજુ પણ પૂજા થાય છે અને બીજું હમ્પીની મોજુદ વસ્તી આ બંનેની આસપાસ જ વસેલી છે. શિલ્પ-સ્થાપત્યની દ્રષ્ટિએ વિઠ્ઠલ મંદિર પરિસર સૌથી સમૃદ્ધ છે. આ મંદિર પર ઓરિસાના કોણાર્ક મંદિરનો પ્રભાવ સ્પષ્ટ દેખાય છે. એનું કારણ એ છે કે ઓરિસાના ગજપતિને હરાવ્યા પછી કૃષ્ણદેવ રાયે ત્યાંનાં શિલ્પોનું અનુકરણ કર્યું એમ કહેવાય છે.



વિઠ્ઠલ મંદિર પર સ્થિત પથ્થરનો રથ હમ્પીની સૌથી મોટી ઓળખ છે. હમ્પીનું ત્રીજું મહત્વનું પરિસર શાહી અહાતે અને હજાર રામ મંદિર છે. શાહી અહતામાં પુષ્કરણી હજુ અક્ષુણ્ણ છે. એ વાસ્તવમાં સીડીદાર કુમ્ભ જેવો છે. આ સિવાય ખુલ્લો મંડપ છે જ્યાં બેસીને રાજ પરિવાર દરેક કાર્યક્રમો અને આયોજનો નિહાળતા હતા એવું કહેવાય છે. હજાર રામમંદિરનું નામ જ નિર્દેશ કરે છે કે અહીં હજાર રામની પ્રતિમાઓ અંકિત થયેલી છે. હમ્પીમાં મંદિરો સહિત બીજાં કેટલાય સુંદર સ્થાપત્યો છે જેને બારીકીથી નિહાળવા ઓછામાં ઓછા ત્રણથી ચાર દિવસ જોઈએ. હમ્પી જઈને મધ્યકાલીન નગરની સંરચનાનો અહેસાસ થયા વિના રહેતો નથી. મંદિરોની અંદર ધર્મશાળાઓ, રસોડું, વિવાહ મંડપ તથા કલાત્મક પ્રવેશદ્વાર તેમજ દિવાલો સુંદર આકૃતિઓથી દીપી ઊઠતી જોવા મળે છે. મુખ્ય મંદિરનું શિખર નવ માળ જેટલું ઊંચું છે. વિરૂપાક્ષથી થોડે આગળ જતાં સ્થાપત્યની લાજવાબ મિસાલસમું વિઠ્ઠલમંદિર છે. આંગણામાં પ્રવેશતાં જ પાષાણનો આકર્ષક રથ તથા કલામય ગોપુરમની

કોતરણી તમારું મન મોહી લે. પથ્થરના રથમાં મંદિરની પ્રતિકૃતિ દેખાય છે. વિઠ્ઠલ મંદિરની એક ખાસિયત પર તમારી નજર જરૂર



જાય જો તમે સંગીતપ્રેમી હો તો. મંદિરના રંગમંડપના લગભગ ૫૦થી વધુ સ્તંભો સંગીત વાદ્યના આકારના બનાવવામાં આવ્યા છે. પહેલાં વિઠ્ઠલ મંદિરની બહાર ઘોડાઓનું બજાર ભરાતું હતું. શિલ્પોમાં મધ્યકાલીન ભારતના શિલ્પોની તમામ પ્રવૃત્તિઓ જોવા મળે છે. અહીંનાં મંદિરોમાં દેવ-દેવીઓની મૈથુન ક્રિયા પણ કંડારાયેલી દેખાય છે. હમ્પીમાં દર જાન્યુઆરી મહિનામાં હમ્પી ઉત્સવ ઉજવાય છે. વિજય ઉત્સવ તરીકે ઓળખાતા આ મહોત્સવમાં દેશ-વિદેશમાંથી હજારો પ્રવાસીઓ ઉમટે છે. ફેબ્રુઆરીમાં અહીં શાસ્ત્રીય સંગીતનો જલસો પણ યોજાય છે. આ સંગીતોત્સવ ત્યાંના સુપ્રસિદ્ધ કવિ પુરંદરદાસની સ્મૃતિમાં યોજવામાં આવે છે. હમ્પીનો સૂર્યોદય અને સૂર્યાસ્ત જોવો એ પણ એક લ્હાવો છે. હમ્પીનો પ્રવાસ કરવાના શ્રેષ્ઠ મહિનાઓ છે નવેમ્બર થી ફેબ્રુઆરી.

## તુંગભદ્રા નદી અને કિષ્કિન્ધા નગરી

બસો વર્ષથી પણ વધુ સમય (૧૩૪૩ થી ૧૫૬૫) સુધી હમ્પીનો સુવર્ણકાળ હતો. તેને સૌથી વધુ ભવ્યતા કૃષ્ણદેવ રાયના સમયમાં પ્રાપ્ત થઇ હતી. હમ્પી તુંગભદ્રા નદીને કિનારે વસાવવામાં આવ્યું હતું. હમ્પી માટે આ સ્થળની પસંદગી કદાચ એટલે કરવામાં આવી હશે કારણ કે એક તરફ તુંગભદ્રા એનું રક્ષણ કરતી હતી, તો બીજી બાજુ પહાડો અને તેની વિશાળકાય શિલાઓ હકીકતમાં ચમત્કૃત કરી રહી હતી. કહેવાય છે કે રામાયણ કાળમાં વાલી અને સુગ્રીવની કિષ્કિન્ધા નગરી પણ આ પહાડીઓનો વચ્ચે જ હતી.

## હમ્પીના સહસ્ત્ર શિવલિંગ

આપણને જાણીને આશ્ચર્ય થાય પણ હમ્પીમાં હજાર શિવલિંગ એકસાથે ગોઠવાયેલાં છે. આ દ્રશ્ય કેટલું અપ્રતિમ હોય એ કહેવાની જરૂર ખરી? એ સિવાય કેટલીક હિન્દૂ માઈથોલોજીકલ પ્રતિમાઓ અહીં કંડારાયેલી જોવા મળે છે. જેમાં, શિવ, વિષ્ણુ, બ્રહ્મા, લક્ષ્મી, રામ અને હનુમાન મુખ્ય છે. યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં હમ્પીમાં નદી કિનારે પથરાયેલા શિવલિંગો અનોખી આભા સર્જે છે. એ જગ્યા 'વેલી ઓફ થાઉઝન્ડ લિંગ' તરીકે પણ ઓળખાય છે. બદાવીલિંગ પણ અહીંનું મુખ્ય આકર્ષણ છે. ત્રણ ફીટ ઊંચું આ લિંગ લક્ષ્મી નરસિંહની પ્રતિમાની પાછળ આવેલું છે. પાણીનો અભિષેક સતત થયા કરે એ પ્રકારે એની બાંધણી કરવામાં આવી છે.

## ગણીગત્તિ જૈન મંદિર

હમ્પીમાં પ્રાચીન હિન્દુ મંદિરો સાથે જૈન મંદિરો પણ આવેલાં છે. ગણગીત્તી, પાર્શ્વનાથ ચરણ અને રત્નત્રયકૂટ જૈન મંદિરો મુખ્ય છે પરંતુ મોટાભાગનાં આજે ખંડિત અવસ્થામાં છે. ૧૪મી સદીની આસપાસ એ બંધાયાં હતા. ગણગીત્તી મંદિર પિરામિડના આકારનું બનાવાયું છે જેમાં છ માળ બાંધવામાં આવ્યા છે. વિજયનગર સામ્રાજ્યના આરંભિક કાળમાં બનેલું આ ખૂબ સુંદર મંદિર છે. વિજયનગર



શૈલીના સ્થાપત્ય મુજબ બનાવેલાં આ જૈન મંદિરો પર ચાલુક્ય યુગનો પણ થોડો પ્રભાવ છે. સ્તંભોની વચ્ચેનાં રતિશિલ્પોની ગૂંથણી ઉત્તમ સ્થાપત્યનો નમૂનો છે. જૈન શિલ્પો અને ગર્ભગૃહનો એમાં સમાવેશ થયેલો છે. આ સિવાય કૃષ્ણ મંદિર, મલ્લિકાર્જુન મંદિર, જૈન નારાયણ મંદિર, લોટસ મહલ, આર્કિયોલોજીકલ મ્યુઝિયમ શિલ્પ-સ્થાપત્યના ઉત્તમ ઉદાહરણ છે. સ્તંભ અને દીવાલો પરની ભૌમિતિક કોતરણીમાં તથા પશુ-પંખી, ફૂલ-છોડની આકૃતિઓ સુંદર રીતે કંડારી છે. વિરુપાક્ષ મંદિરથી થોડે જ દૂર આવેલા હમ્પી બઝારમાં નંદીની વિશાલ કદની મૂર્તિ છે. વૈશ્વિક વારસા સમાન હમ્પીનાં શિલ્પ-સ્થાપત્ય તમે હજુ સુધી જોયાં ન હોય તો હવે જરૂર પ્લાન બનાવજો. તમને એ અભિભૂત કરશે એમાં બેમત નથી.

❑❑❑

ફોન નં. ૯૮૨૦૦૪૦૧૧૯

# પથ્થરમાં મઢાયેલી કવિતા : રાણકપુર

**પિંકી દલાલ**

बिन पीयां या जाणियै, किसो गंगजळ नीर।
बिन जीयां या जाणियै, किसड़ो भोजन खीर।।

વિના પીએ કેમ જાણી શકાય કે ગંગાજળ શું છે ? વિના ખાધે કેમ કહી શકાય કે ખીર કેવી હોય છે ?

એ જ રીતે કહી શકાય કે રાણકપુર ન જોયું હોય તો સ્થાપત્ય શું છે?

આજથી લગભગ છ સદી પૂર્વે એટલે કે ૧૪૩૭માં નિર્માણાધીન થયેલું રાણકપુરનું જૈન દહેરાસર આજે વિદેશી ટુરિસ્ટની 'મસ્ટ વૉચ લિસ્ટ'માં મોખરે હોય છે. એવું તો ખાસ શું છે આ દહેરાસરમાં?

૧૪૩૯ મનાય છે નિર્માણ શરુ થવાનું વર્ષ પણ એમાં થોડા મતભેદ છે. એક મત છે જે ૧૪મી સદીમાં આ ભવ્ય સ્થાપત્ય નિર્માણ થયું એમ માને છે, બીજો મત છે જે પંદરમી સદી લેખે છે. સદી ગમે તે હોય પણ પ્રથમ તીર્થંકર આદિનાથ માટે બનેલું આ દહેરાસર, કલાકારીગીરીનો એક ઉત્કૃષ્ટ નમૂનો તો છે એમાં કોઈ બેમત નથી.

એક એવું સ્થાપત્ય જેનો આકાર છે અવકાશયાન, એટલે કે સ્પેસશીપ જેવો. તે પણ સીધું સરળ નહીં ત્રિમંજિલ અવકાશયાન જેવો. હેરત પમાડે એવી વાત છે, જ્યારે રોકેટ સાયન્સ ટેક્નોલોજીનો વિચાર સુધ્ધાં નહોતો થયો એ સમયે આવી કલ્પના કરવી એ વાત જ ન માનવામાં આવે એવી છે. એ માટે આધાર હતો એક જૈન શ્રેષ્ઠિને આવેલા સ્વપ્નનો. નામ એનું ધરણ શાહ, તે જમાનામાં રાજસ્થાનમાં પ્રવર્તતા સિસોદિયા વંશના રાજવી રાણા કુંભાના દરબારી. જેણે અપભ્રંશ કરીને ઈતિહાસ ધના શાહ કે ધન્ના શાહ લેખે છે. અહીં એક આડ



વાત, આ રાણા કુંભા એટલે એના વંશજ મહારાણા પ્રતાપ .

ધરણ શાહને એક સ્વપ્ન આવ્યું જેમાં એક અદભૂત યાન દેખાયું. એ બન્યું ધરણ શાહની પ્રેરણા. ધન્ના શેઠ નામ પ્રમાણે ધનવાન હતા પણ આટલું ભવ્ય જિનાલાય બનાવવું ....!! એ માટે રાણા કુંભા મદદે આવ્યા. રાણા કુંભ ચુસ્ત હિન્દૂ રાજવી, આજે જૈન હિન્દુ વચ્ચે ઝાઝો ભેદ રહ્યો નથી, બાકી એ સમયે જ્ઞાતિભેદ હતા. જૈન દહેરાસર માટેની જમીન હિન્દુ રાજવીએ આપી છે. સોમ સુભાગ્ય ગ્રંથમાં આલેખાયેલ નોંધ પ્રમાણે ૧૪૩૭માં દહેરાસરનું ખાતમુહૂર્ત થયું ને ત્યાં સુધીમાં ધન્ના શેઠને મળી ગયો પોતાનું સ્વપ્ન પૂરું કરે, એવો કાબેલ સ્થપતિ, નામ એનું દેપા, ક્યાંક એનો ઉલ્લેખ દીપા તરીકે પણ થયો છે. ધરણ શેઠના વિમાનનું નામ પણ સ્વપ્ને દેખાડેલું, નલિનીગુલ્મ, એટલે આજે આર્કિયોલોજી દસ્તાવેજોમાં આ નામ પણ જોવા મળે છે. બીજું એક નામ છે ત્રિલોક્ય દીપિકા .

૧૪૩૭માં શિલાન્યાસ થવાનો ઉલ્લેખ મળે છે સાથે સાથે ૧૪૯૭માં પણ આ ઉલ્લેખ મળે છે. એટલે ચોક્કસ સમય કહેવો થોડું મુંઝવણભર્યું કામ છે પણ મુસ્લિમ વિરોધી રાણા કુંભાએ ધન્ના શેઠને જૈન દહેરાસર નિર્માણ માટે જમીન આપી છે એ વાત તવારીખે નોંધેલી છે.

અરવલ્લીની પહાડી વચ્ચે હરિયાળી ઘાટીમાં ૪૮,૦૦૦ ચોરસ ફૂટમાં પથરાયેલું આ સ્થાપત્ય કેટલા કારીગરોએ કઈ રીતે, કેવા સંજોગોમાં પૂર્ણ કર્યું એ ઉલ્લેખ મળતો નથી. કદાચ એટલે જ ઘણી બધી કિંવદંતીઓ આ સાથે



જોડાયેલી છે. જેમકે એનું નિર્માણ દેવોએ સ્વયં કર્યું કે એવી જ કોઈક અલૌકિક શક્તિઓએ કર્યું .

આવી વાર્તાઓ ઉદ્ભવવાનું કારણ છે દહેરાસરનું ભવ્ય સ્ટ્રક્ચર .

૪૮,૦૦૦ ચોરસ ફૂટ વ્યાપ, ૧૦૨ ફુટ ઊંચાઈ, જે ત્રણ વિભાગમાં વહેંચાયેલી છે (આજના હિસાબે અંદાજ લગાવતા ૧૦૨ ફૂટ એટલે કે લગભગ ૧૦ માળ), ૨૮ +૧ વિશાલ મંડપ, ૮૪ પ્રતિમાજી અને જેને માટે આ દહેરાસર વિખ્યાત છે તે, કુલ ૧૪૪૪ સ્થંભ. અલબત્ત આ સાથે એક કિંવદંતી એવી પણ છે કે આજ સુધી રાણકપુરના આ જૈન દહેરાસરજીના સ્થંભ કોઈ ગણી શક્યું નથી. કોઈ કહે છે ૧૪૦૦ કોઈક કહે છે ૧૪૪૪. એકેએક સ્થંભ રમ્ય કોતરણીમય છે પણ એક સરખો નથી. તમામે તમામ સ્થંભ અનોખા, પોતાની રીતે આગવા છે. દરેક સ્થંભ પર છે ફૂલકારી, પ્રાણી, જીવ, પ્રકૃત્તિ અને ભૌગોલિક રેખાંકનો. જે કોઈક નકશા કે ચાર્ટ જેવા લાગે છે.

તમામ સ્તંભ એકમેકથી જુદાં તો છે જ પણ એથી વધુ અચરજ




પમાડે એવી વાત હોય તો એ છે તેના રંગ. આ સ્તંભ આરસપહાણમાં કોતરાયેલા છે, જે અરવલ્લીની પર્વત-માળામાંથી જ મળી આવ્યો હશે, એવું ન માનવાનું કારણ નથી. કોઈ સ્તંભનો રંગ છે ભૂખરો, તો કોઈકનો ગુલાબી ઝાંયવાળો, કોઈક ભૂરાશ પડતો ભૂખરો ને કોઈક વળી સોનેરી. જોવાની ખૂબી એ છે કે સવારથી સાંજ સુધીમાં આ રંગ બદલાતા હોવાનું લોકોએ જોયું છે. અલબત્ત, આ વાત કેટલી સાચી છે અને કેટલી કાલ્પનિક એ વિવાદનો વિષય છે. સૌથી મહત્વની વાત હોય તો દહેરાસરનું લેઆઉટ. એક પણ ખૂણો એવો નથી જ્યાંથી મૂળનાયકની પ્રતિમાના દર્શન ન થાય. એક અનોખી સિદ્ધિ આ સ્થપતિએ રચી બતાવી છે.

દહેરાસરમાં ચારનો આંક પણ બખૂબીથી પ્રયોજાયો છે. ચાર





દિશામાં પડતાં ચાર મુખ્ય દ્વાર, ચાર મંડપ, ચાર વિભાગ જ્યાંથી મૂળ નાયક સુધી પહોંચાય છે. મૂળનાયક છે આદિનાથ, ચાર આંકનું પ્રતિનિધિત્વ ઘણી બધી વાર દોહરાવાયેલું દેખાય છે. મૂર્તિની ચૌમુખ પ્રતિમા, સમવસરણ જેવું ચૌમુખ . મૂળનાયક આદિશ્વર ભગવાન સુધી પહોંચતા સુધીમાં આ તમામ વાતો ધ્યાન ખેંચવા પૂરતી છે. જો તમે મુખ્ય દ્વારમાંથી પ્રવેશ કરો તો તરત જ ધ્યાન ખેંચશે કે અનોખી આકૃતિ, જે છે અકીચક્ર નામનું તોરણ. આ અકિંચક્ર નામ કેમ પડ્યું એ પાછળનું કારણ ગાઈડને પણ ખબર નથી. એવી તો ઘણી બધી અજાયબી દહેરાસરમાં જોવા મળશે. જેમ કે પાંચ દેહ ધરાવનાર એક પુરુષ, જે ખરેખર તો પ્રતિનિધિત્વ કરે છે પંચતત્વનું. અગ્નિ, પાણી, આકાશ, પૃથ્વી અને વાયુ એ તત્વમાંથી સર્જાયેલો જીવ, પ્રકૃતિનું પ્રતીક છે.



મુખ્ય ગૃહની છતમાં કોતરણીકામથી શોભતું કલ્પવૃક્ષ પણ જરા અજાયબીભર્યું છે. જે કહેવાય છે કલ્પવૃક્ષ પણ એનો આકાર કોઈ સ્ટાર ચાર્ટ જેવો છે.

જંબુદ્વીપની કલ્પના જૈન ધર્મમાં છે, એ વિષે માહિતી અપૂરતી છે પણ શિલ્પ રાણકપુરમાં શોભે છે. એવું જ એક રસપ્રદ શિલ્પ છે પાર્શ્વનાથ પ્રભુ અને વીંટળાયેલા ૧૦૦૮ સર્પ. જોવાની ખૂબી એ છે કે કોઈ સર્પની પૂંછ સંપૂર્ણપણે દેખાતી નથી



એક સર્પની પૂંછ બીજાના મુખમાં છે. ખરેખર તો આ મનુષ્યના જન્મનું પ્રતીક મનાય છે. મનુષ્યભવ પામવા અનેક યોનિમાંથી પસાર થવું પડે છે, એવાં કોઈક ગહન અર્થ, આ શિલ્પમાં છુપાયેલા છે.

કલાના સુંદર નમૂના જેવા આ દહેરાસરમાં સેવાપૂજા થતી હોય એમ લાગ્યું નહીં. એ વાત એને સામાન્ય મંદિર દહેરાસરથી અલગ પાડે છે.

એનું કારણ કદાચ ઈતિહાસમાં છુપાયેલું હોઈ શકે.

આ દહેરાસરનું નિર્માણ પૂરું થતા લગભગ પચાસ વર્ષ લાગ્યા હોવાનું જણાવ્યા છે. એ સમયે મુસ્લિમ આક્રમણકારીઓનું જોર ચરમસીમા પાર હતું. જે દહેરાસરને આટલી મહેનતથી, ચીવટથી, પ્રાણ રેડીને બનાવવામાં આવ્યું, એને ૫૦ જ વર્ષમાં મુસ્લિમ આક્રમણકારીઓની બર્બરતાનો સામનો કરવો પડ્યો અને એટલે આજે આ દહેરાસરમાં નીચે રહેલા ભોંયરામાં ઘણી પ્રતિમાજી દેખા દેશે . વર્ષો પૂર્વે આ ભાગ જાત્રાળુઓ માટે ખુલ્લો હતો.

આજથી ૬૦૦ વર્ષ પૂર્વે રૂપિયા ૯૯ લાખના ખર્ચે બનેલા દહેરાસરે માત્ર ગણતરીના દાયકામાં જ તારાજી જોવી પડી. સમય હતો ઔરંગઝેબનો (૧૬૫૮-૧૭૦૭) . ધર્માન્ધ, બર્બર, સંગીત, લલિત કલાઓના આ દુશ્મન રાજવીએ રાણકપુરના નલિનીગુલ્મને નેસ્તનાબૂદ કરી નાખ્યું . ૨૦મી સદી સુધી આ દહેરાસર ગુમનામીના અંધારામાં ધરબાઈ રહ્યું હતું. એનું ભાગ્ય જાગવાનું હતું ૧૯૫૩માં, કસ્તુરભાઈ લાલભાઈની પેઢીએ એનો વહીવટ પોતાને હસ્તક લઈ જીર્ણોદ્ધાર કરાવી ભાવિકો માટે ખુલ્લું મૂક્યું.

અહીં યાત્રાળુ તો ખરા જ, પણ પર્યટકોની મેદની જામે છે ધન્ના શેઠના નલિનીગુલ્મ જોવાને માટે .

૨૦૦૯ની સાલમાં ભારત સરકારે એને દર્શનીય સ્થળમાં આમે જ કર્યું અને આજે હવે એ વિશ્વના ૭૭ હેરિટેજ સ્થાનમાં ગણના પામે છે.

❑❑❑

Orior Consulting Pvt Ltd.
128, Parekh Market, Opera House,
Mumbai - 400004. India.

# અજોડ સ્થાપત્ય – સોમનાથ મંદિર

ડૉ. પ્રીતિ જરીવાલા

પુરાણ પ્રમાણે સ્થાપત્ય એટલે અથર્વવેદનો એક ઉપવેદ. એમાં શિલ્પશાસ્ત્રનો વિષય છે. બીજો અર્થ છે બાંધકામ. એમાં નાનીમોટી ઈમારતોથી માંડીને સૂક્ષ્મ કોતરકામવાળી મૂર્તિઓ અને તેને લગતી વિવિધ કળાઓનો સમાવેશ થાય છે. તે સમયના સમાજની સમૃદ્ધિ અને સંસ્કૃતિ તેના સ્થાપત્યમાં મૂર્તિમંત થાય છે.

સ્થાપત્યકળાનો એક ઉત્કૃષ્ટ નમૂનો એટલે પ્રભાસપાટણમાં સ્થિત સોમનાથ મંદિર. પ્રભાસપાટણ એટલે પરમ પ્રકાશિત ધામ જ્યાં શિવભક્તિનો સૂર્ય ક્યારેય અસ્ત નથી થતો. સોમનાથ મંદિરનો ઉલ્લેખ સ્કંદપુરાણ, શ્રીમદ ભગવતગીતા, શિવપુરાણ વગેરે પ્રાચીન ગ્રંથોમાં મળે છે. ઋગ્વેદમાં પણ સોમેશ્વર મહાદેવની મહિમાનો ઉલ્લેખ છે. શિવના બાર લિંગમાંથી સૌથી પ્રથમ અને મહાનતમ છે – સોમનાથ જ્યોર્તિલિંગ. અહીં આઠે પ્રહર શિવના નામની જ્યોત બળે છે. સોમનાથનું મંદિર ભૂતકાળમાં અનેકવાર ખંડિત થવા છતાં એનો વારંવાર જીર્ણોદ્ધાર થતો ગયો.

સોમનાથ મંદિરનું અવર્ણનીય શિલ્પસ્થાપત્ય કામ ચાલુક્ય શૈલીથી ગુજરાતના સોમપુરા કારીગરો દ્વારા કરવામાં આવ્યું છે. આ મંદિરની ઉંચાઈ લગભગ ૧૫૫ ફૂટ છે. આ મંદિર ગર્ભગૃહ, સભામંડપ અને નૃત્યમંડપ એમ ત્રણ ભાગોમાં વિભાજિત સાત માળનું છે. એક માળનું ભવ્ય ગર્ભગૃહ, ત્રણ માળનો સભામંડપ અને ત્રણ માળનો નૃત્યમંડપ છે. સભામંડપના ત્રીજા માળે હજારની સંખ્યામાં નાના નાના કળશની આકૃતિઓ કંડારાઈ છે. નૃત્યમંડપ ચારેબાજુથી નાના નાના શિખરોથી સુશોભિત છે.

મંદિરનું શિખર ૧૫૦ ફૂટ ઊંચું છે. એની ઉપર સ્થિત કળશનું વજન ૧૦ ટન છે. કળશની ઉપર ૨૭ ફૂટ ઊંચા ધ્વજદંડ ઉપર ૭ ફૂટ લાંબી ધજા સદા લહેરાતી જોવા મળે છે. ધ્વજાની ઉપર શિવજીનું ત્રિશૂલ અને ડમરું ખાસ ધ્યાન ખેંચે છે. મંદિરમાં પ્રવેશતાં જ પરમશાંતિનો અનુભવ થાય છે. મંદિરના પ્રવેશદ્વારના ઉપરના ભાગમાં સિંહના ચર્મ પર પદ્માસનમાં ધ્યાનસ્થ મુદ્રામાં બિરાજમાન ચાર ભુજાઓવાળી શિવજીની મૂર્તિ છે જેના કંઠમાં અને જટા પર ફેણીદાર નાગ વીંટળાયેલ જોવા મળે છે. શિવજીના એક હાથમાં ત્રિશૂલ અને બીજા હાથમાં ડમરું છે.

મંદિરની બહારની દિવાલો પર બારીક નકશીકામવાળી જુદી જુદી નાની મોટી અસંખ્ય મૂર્તિઓ કંડારેલી છે. એમાંની કોઈ ગણેશની છે તો કોઈ નર્તિકાની છે, કોઈ સંગીતકાર ગાંધર્વની હોય એવી લાગે છે તો કોઈ શિવના તાંડવનૃત્યની લાગે છે. આ મૂર્તિઓ ઉપરાંત હાથી, ઘોડા, ઘોડેસ્વારો, શિવલિંગને બે હાથ જોડી નમન કરતાં કે ઘૂંટણિયે બેસીને પૂજા કરતાં ભકતો તેમજ વાજિંત્રો સહિત નૃત્ય કરતાં દેવદેવીઓની અદ્ભુત પ્રતિમાઓ કંડારેલી જોવા મળે છે.

ભવ્ય ગર્ભગૃહમાં વિવિધ કોતરણી અને નકશીકામવાળા ૫૬ સ્તંભો છે. આ સ્તંભોમાં જે કલાના નમૂના કંડારેલા છે એ આંખોને વિસામો આપે એવા છે. ગર્ભગૃહના અંતઃભાગમાં કાળા પત્થરનું બનાવેલ ૭ ફૂટ ઊંચું શિવલિંગ છે જેના ઉપર નિત્ય રોજ સવારે ઓહ્મ આકારમાં ચંદન અને ગુલાબની પાંખડીઓ વડે પૂજન-સુશોભન કરવામાં આવે છે. આ સોમનાથ જ્યોર્તિલિંગના દર્શનમાત્રથી આત્મા તૃપ્ત થઈ જાય છે. શિવલિંગની પાછળ અનેક દેવદેવીઓની મૂર્તિઓ છે. શિવલિંગની સામે મંદિરના પ્રાંગણમાં પ્રભાવક નંદીની પ્રતિમા છે. મંદિરમાં સવારે ૭ વાગ્યે, બપોરે ૧૨ વાગ્યે અને સાંજના ૭ વાગ્યે હૃદય ધડકાવી દે એવાં સ્પંદનો જગાવતી સંગીતમય આરતીનો મહિમા કંઈક અલગ જ છે. આરતીમાં વાગતાં પખવાજ,ઢોલનગારાં,મંજિરાં અને શંખનાદથી ઉદ્ભવતો ધ્વનિ અલૌકિક આધ્યાત્મિક અનુભવ કરાવે છે.

જેમના દ્રઢ સંકલ્પ અને દૂરદર્શિતાને કારણે આ મંદિરનું પુર્નનિર્માણ થયું તે સરદાર વલ્લભભાઈ પટેલની અજોડ પ્રતિમા મંદિરના પરિસરમાં જોવા મળે છે. આ પ્રતિમા અજોડ એ રીતે છે કે તેમની દ્રષ્ટિ હરસમય ભગવાન સોમનાથના દર્શન કરતી નજરે પડે છે. મંદિરના સંકુલમાં મહારાણી અહલ્યાબાઈએ બંધાવેલ અહલ્યેશ્વર મંદિર, ગણપતિજી અને હનુમાનજીના દર્શનીય મંદિર છે.

મંદિરના પ્રાંગણમાં બેઠાં બેઠાં વિશાળ અરબી સમુદ્રના અફાટ વિસ્તારનું મનોહર દ્રશ્ય નજરે ચઢે છે. મંદિરના પ્રાંગણમાં અનોખો દક્ષિણ ધ્રુવ સૂચક બાણસ્તંભ છે. તેની પાસે સંસ્કૃતમાં લખેલા શિલાલેખ પ્રમાણે બાણસ્તંભથી ઠેઠ દક્ષિણ ધ્રુવ સુધી માત્ર ને માત્ર સમુદ્ર જ આવેલ છે અને કોઈ જમીન નથી.ભવ્ય સોમનાથ મંદિરના મંડપખંડની ત્રણ બાજુએ વિશાળ મહાસાગરના પ્રચંડ મોજાં સતત અથડાયા કરે છે. જેથી સંખ્યાબંધ વિમાનો આપણી આસપાસ ઘૂમતાં હોય એવો ઘૂઘવાટ સંભળાયા કરે છે.

સન ૧૯૫૧માં જ્યારે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેંદ્ર પ્રસાદના વરદહસ્તે જ્યોર્તિલિંગની પ્રતિષ્ઠાન વિધિ થઈ ત્યારે તેમણે કહ્યું હતું કે સોમનાથનું આ મંદિર વિનાશ પર નિર્માણના વિજયનું પ્રતીક છે. આ મંદિર ભારતીય સંસ્કૃતિ, એની સમૃદ્ધ પરંપરા, વિરાસત અને અસીમ આધ્યાત્મિકતાનું પ્રતીક છે. ભારત તેમજ દુનિયાભરથી અનેક શ્રદ્ધાળુ ભકતો શિવના આ ઉચ્ચ શ્રદ્ધાપૂર્ણ તીર્થમંદિરના દર્શને આવે છે અને અલૌકિક પરમાનંદ સંતોષ પામે છે. કાળ અને અનેક વિનાશકારી આક્રમણો સામે અડીખમ ઊભેલું આ મંદિર આપણને કંઈક ગૂઢ સંદેશો આપતું હોય એવું નથી લાગતું ? ❑❑❑

ફોન નં. ૯૩૨૦૨૯૭૨૩૨

# ગુજરાતની સાંસ્કૃતિક ધરોહર : વાવ, કૂવા અને તળાવ

નરેશ પ્રદ્યુમ્નરાય અંતાણી

ભારતીય સંસ્કૃતિના પુરાતત્ત્વ, સંસ્કૃતિ, શિલ્પ અને સ્થાપત્યના વિકાસમાં ગુજરાતનું પ્રદાન અદકેરું છે. અમદાવાદ નજીક લોથલ અને કચ્છના વાગડ વિસ્તારમાં આવેલું ધોળાવીરા ની ૫૦૦૦ વર્ષ જૂની હડપ્પીય સંસ્કૃતિએ ગુજરાતને વિશ્વભરમાં ખ્યાતિ અપાવી છે. ગુજરાતના પુરાતન વારસામાં સમ્રાટ અશોકના ત્રીજી સદીના શિલાલેખો, કચ્છના ખડીર વિસ્તારમાંથી મળતા ક્ષત્રપના બીજી ત્રીજી સદીના શિલાલેખો પણ મૌર્ય ગુપ્ત અને ક્ષત્રપ વારસાની ઝાંખી કરાવે છે. ગુજરાતના મુસ્લિમ સ્થાપત્યનો વારસો પણ ભારતીય અને આરબ કલાનું મિશ્રણ ધરાવતી ભવ્ય ઈમારતોમાં સચવાયો છે. જો કે ગુજરાતનું સ્થાપત્ય મોગલ સ્થાપત્યથી જુદું પડે છે. ગુજરાતની ઈમારતો વિશાળ નથી પણ તેનું શિલ્પ, કોતરકામની કારીગરી ઉચ્ચ કક્ષાની છે. ગરવી ગુજરાતની આપણી આ ધરોહર પૈકીના કેટલાક જાણીતા વાવ, કૂવા અને તળાવોના સ્થાપત્યોમાં સચવાયેલા આપણા સંસ્કાર વારસાની ઝલક મેળવીશું.

### પાટણ

અમદાવાદથી ૧૩૦ કિલોમીટર દૂર સ્થિત અને સરસ્વતી નદીને કાંઠે વસેલું ગુજરાતના સુવર્ણયુગની સાક્ષી પૂરતું નગર પાટણ અત્યારે તો ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લાનું વડું મથક છે. ગુજરાતને 'ગુજરાત' નામ મળ્યા પહેલાંની ગુજરાતની એક સમયની રાજધાની અણહિલપુર પાટણ વનરાજ ચાવડાએ વસાવ્યું હતું. વનરાજ ચાવડાના બાળસખા અણહિલ ભરવાડના નામ પરથી આ નગરનું નામ અણહિલપુર પડ્યું. વિક્રમ સંવત ૮૦૨ અર્થાત્ ઈસવીસન ૭૪૫ ના વર્ષમાં ૨૮ માર્ચના દિવસે અણહિલ ભરવાડે બનાવેલી જગ્યા પર વનરાજ ચાવડાએ આ શહેરની સ્થાપના કરી હતી. આ નગર તેની સ્થાપના પછી ૬૫૦ વર્ષ સુધી ગુજરાતની રાજધાની રહ્યું હતું. આ પછી સિદ્ધરાજ જયસિંહના સમયમાં ગુજરાતના સામ્રાજ્ય અને સમૃદ્ધિનો સુવર્ણકળશ સોળે કળાએ ખીલ્યો. એ સમયના સમૃદ્ધ અને જાહોજલાલી ધરાવતા પાટણ નગરની વાત અનેક ગ્રંથોમાં વાંચવા મળે છે. અલાઉદ્દીન ખીલજીએ પાટણ પર ચડાઈ કર્યા પછી મહમદશાહે રાજધાની બદલીને અમદાવાદ વસાવ્યું. આ પછી પાટણની જાહોજલાલીનો અસ્ત થયો.

### રાણીની વાવ

પાટણ નગરની શિલ્પ સમૃદ્ધિ જગપ્રસિદ્ધ છે. અહીં સિદ્ધરાજ જયસિંહે સહસ્ત્રલિંગ તળાવનું નિર્માણ કર્યું હતું. જેના આરાને ફરતે શિલ્પસભર ૧૦૦૮શિવાલયો હતા આજે જો કે તે ખંડેર હાલતમાં છે. આ સહસ્ત્રલિંગ તળાવની નજીકમાં જ અદ્ભૂત શલા અને શિલ્પ મંડિત રાણીની વાવ એ પ્રાચીન ગુજરાતની વિશિષ્ટ ધરોહર છે. વાવના શિલ્પાંકનમાં ગુજરાત એ સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે.



પાટણની રાણી ઉદયમતીએ નાગરિક સ્થાપત્યની ગણનામાં આવતી આ વાવ પ્રજાને પીવાનું પાણી મળી રહે તેવા શુભ હેતુથી પોતાના પતિ ભીમદેવની સ્મૃતિમાં ૧૦૬૩ માં નિર્માણ કરાવી અને નજીકમાં વહેતી સરસ્વતીના નીરથી વાવને છલોછલ ભરાવી હતી. રાણીએ નિર્માણ કરાવી હોઈ તેને 'રાણીની વાવ' તરીકે ઓળખવામાં આવે છે.

સદીઓ પહેલાં સરસ્વતી નદીમાં આવેલા પૂરને કારણે આ વાવ પૂરાઈ ગઈ હતી. પાછળથી છેક ૧૯૬૮ ના વર્ષમાં સંશોધન માટે વાવમાં રહેલી માટી કાઢવા ભારત સરકારના પુરાતત્વીય સર્વેક્ષણ વિભાગે અહીં ઉત્ખનન કરાવતાં સુંદર અને કલાત્મક વાવના સૌંદર્યના જગતને દર્શન થયા. સાત માળ ધરાવતી આ વાવ ૬૮ મીટર લાંબી અને ૨૭ મીટર ઊંડી છે. જેનો સમાવેશ ભારતની શ્રેષ્ઠ વાવોમાં કરાયો છે.

વાવના દરેક માળમાં સુંદર કલાત્મક કોતરકામ કરવામાં આવ્યું છે. દેવી દેવતાઓની પ્રતિમાઓની સાથે અનુચરતી અપ્સરાઓ અને નાગ કન્યાઓની સુંદર મૂર્તિઓ પણ જોવાલાયક છે.

### શિલ્પસૌંદર્યથી પ્રચૂર ભુજનો રામકુંડ

રાવ પ્રાગમલજી બીજાએ ભુજમાં નિર્માણ કરેલી અનેક ભવ્ય ઇમારતોની ઉપરાંત મહાદેવનાકાના નવનિર્માણની સાથે સાથે શિલ્પ અને સ્થાપત્યના બેજોડ નમૂનારૂપ રામકુંડનું નિર્માણ કર્યું. એક સમયે યાત્રાએ જતા સાધુ સંન્યાસીઓથી આ સ્થાન ગુંજતું રહેતું. ઓગનતા હમીરસરના સૌંદર્યની સાથે છલકાતો રામકુંડ પણ જોવા જેવો છે.

કચ્છમાં અનેક સ્થળે રામનામ સાથે જોડીને અનેક સ્થળોનું

નામકરણ થયું છે. જેની આખી જુદી શ્રેણી કરી શકાય એમ છે પણ એ ફરી ક્યારેક આજે ભુજના મહાદેવ નાકે આવેલા રામકુંડની વાત કરીએ. સ્થાપત્ય, પુરાતત્વ અને ઈતિહાસની દૃષ્ટિએ આ કુંડને રામાયણ કાળ સાથે જોડી શકાય એમ ન હોવા છતાં તેનું નામ રામકુંડ શાથી પડ્યું હશે ? રામકુંડમાંના કેટલાય શિલ્પો રામાયણની વાત કરે છે, આથી કદાચ તેને રામકુંડ કહેવાયો હશે એવું અનુમાન કરી શકાય.



ભુજના આ રામકુંડનું નિર્માણ રાવ પ્રાગમલજી બીજા (ઈ.સ. ૧૮૬૦-૧૮૭૫)ના સમયમાં કરાયું છે. રાવ પ્રાગમલજીના સમયમાં કચ્છમાં ખાસ કરીને ભુજમાં અનેક નવી ઈમારતો અને ભવનોનું નિર્માણ કરાયું હતું. તેઓ બાંધકામના શોખીન હોવાનું ઈતિહાસ નોંધે છે. એમના પંદર વર્ષના શાસન દરમ્યાન એમણે જે બાંધકામ કર્યા એટલા કચ્છના અન્ય રાજવીઓનાં નથી થયાં. આવા કેટલાક જાણીતાં ભવનો અને ઈમારતોમાં વીસ લાખના ખર્ચે પ્રાગમહેલનું નિર્માણ કરાયું. આ સિવાય ઓલ્ફ્રેડ હાઈસ્કૂલના ભવનનું નિર્માણ કાર્ય આરંભાયું. માંડવીનો કુડદો, ભુજની સરપટ નાકે નવી જેલ, શાક મારકીટ, શરદબાગ વગેરે ઉપરાંત મહાદેવનાકાનું નવનિર્માણ પણ તેમના શાસનકાળમાં જ કરાયું તેની સાથે રામકુંડનું બાંધકામ પણ કરાયું.

ભુજના આ રામકુંડને ધાર્મિક મહત્વ અપાયું છે. સ્થાપત્ય કૌશલ્યની દૃષ્ટિએ પણ આ કુંડની રચના અનોખી રીતે કરાઈ છે. ચતુષ્કોણ આકૃતિના ચાર માળના આ કુંડમાં ચારેતરફ સીડીઓ છે. તેમાં આપણે પગથિયાં ઉતરતા જઈને છેક નીચે સુધી પહોંચી શકીએ છીએ. બનાવટની સુંદરતા અને મજબૂતીની દૃષ્ટિએ પણ આ કુંડ અજોડ છે. પથ્થરોમાં કંડારાયેલી મૂર્તિઓ દરેક બાજુએ ૧૯-૧૯ની સંખ્યામાં છે જેનું કલા-સૌષ્ઠવ મનમોહક છે. આ શિલ્પ કૃતિઓમાં પરંપરાગત હાથી, કમળ ઉપરાંત ઋષિઓ અને દેવતાઓની પણ આકૃતિઓ છે. કેટલાક શિલ્પોમાં રામાયણ-મહાભારતના પ્રસંગો પણ શિલ્પાકૃત કરાયા છે. તો ગજાનન ગણેશની પણ મૂર્તિઓ કંડારવામાં આવી છે. હમીરસર છલકાય ત્યારે આ રામકુંડ પણ છલોછલ બની રહે છે તેને નિહાળવાનો પણ એક લહાવો છે.

એક સમય એવો હતો કે રામકુંડ નજીક જ હાલના નજરબાગના વિસ્તારમાં નારાયણ સરોવર, ધીણોધર કે હિંગલાજ જતી સાધુઓની જમાતનો અહીં ઉતારો રહેતો આથી રામકુંડ પણ ભિન્ન ભિન્ન ત્રિપુંડધારી અને વિભિન્ન વેશધારી સંન્યાસીઓના આવાગમનથી જીવંત બની રહેતો.

આજે ભલે રામકુંડ ઉપેક્ષિત હોય...પણ તેને જોતાં કલાત્મક સ્થાપત્યના પ્રતિકને નિરખવાનો આનંદ જરૂર થાય છે. અતીતના સ્થાપત્યપ્રેમ અને સૌંદર્ય બોધની પ્રતીતિ આ રામકુંડ કરાવે છે. તાજેતરના વરસાદથી રામકુંડ છલકાયો હતો આજે પણ રામકુંડમાં ભરેલું પાણી તેની શોભા બની રહ્યું છે.

**મધ્યયુગની ઉત્તમ તવારીખ ગાથા : વઢવાણની માધવવાવ**

ઝાલાવાડના પાટનગર સુરેન્દ્રનગરનું જોડીયા શહેર વઢવાણ ભોગાવો નદીની દક્ષિણે આવ્યું છે. સોલંકીયુગના મંદિરો, વાવો અને તળાવો આ શહેરની અનેરી શોભા બની રહ્યા છે. આ પૈકી રાણકદેવીના મંદિર તરીકે ઓળખાતું શિવમંદિર, માધવ અને ગંગા નામની ઉત્તમ વાવોની વાત કરવાની છે.

ભોગાવો નદીની દક્ષિણે એક ખંડેર હાલતમાં એક મંદિર ઊભું છે. જેને લોકો રાણકદેવીના મંદિર તરીકે ઓળખે છે. આ વઢવાણ શહેર પાસે જ જૂનાગઢના રા'ખેંગારની પત્ની રાણકદેવી સતી થયા હતા જે ઈતિહાસ જાણીતો છે. આ ઘટનાની યાદ આપતું આ મંદિર મૂળે તો શિવ મંદિર જ છે. જો કે કોઈપણ સમાધિ કે સ્મારકમાં શિવલિંગની સ્થાપના કરવામાં આવતી હોય છે. આથી આ મંદિર પણ સતી સ્મારક હોય અને તેમાં શિવલિંગની સ્થાપના કરવામાં આવી હોય તેવું સંભવી શકે છે.

મંદિરનું મંડપ ધ્વસ્ત થઈ ગયું છે. આથી મંદિરના પડથાર પર માત્ર ગર્ભગૃહ અને શિખર જ જોઈ શકાય છે. ૨૭ ફૂટ ઊંચુ આ શિવાલય રાણકદેવીની ભવ્ય ભાવના અને ઉચ્ચ આદર્શોની યાદ આપતું આજેય ઊભું છે. શિખર સાદુ અને રેખાઓથી અંકિત કરવામાં આવ્યું છે. તેમાં ક્યાંક ક્યાંક મોરપિચ્છ જેવા ચૈત્ય આકારોનું શિલ્પાંકન જરૂર ધ્યાન ખેંચે છે. મંદિરમાં ક્યાંય પણ માનવદેહની આકૃતિઓને સ્થાન આપવામાં આવ્યું નથી જે નોંધપાત્ર છે. અંદરના ભાગમાં રાણકદેવીની પ્રતિમા મૂકવામાં આવી છે જો કે આ પ્રતિમા આધુનિક અને પાછળથી મૂકવામાં આવી હોય તેવું જણાય છે. શિવલિંગ પણ નવું જ દેખાય છે. સંભવ છે કે કોઈ ભાવિકે પાછળથી તેની પ્રતિષ્ઠા કરી હોય. જળ માર્ગ ગર્ભગૃહની ઉત્તરની દિવાલમાંથી વહે છે. નિજ મંદિરના દ્વાર પર ગણપતિ, બ્રહ્મા અને શિવના શિલ્પો કોતરાયા છે. જેમાં ગણપતિને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

વઢવાણ શહેરની પશ્ચિમ દિશામાં એક સુંદર વાવ આવેલી છે

જેને અહીં માધવવાવ તરીકે ઓળખવામાં આવે છે. આ વાવ પાંચ માળની છે જેની લંબાઈ ૧૭૦ ફૂટ તથા પહોળાઈ ૨૦ થી વધારે છે. જ્યારે તેની ઊંડાઈ ૪૪ ફૂટ છે. મધ્ય યુગની ગુજરાતમાં આવેલી વાવો પૈકીની આ વાવ એક ઉત્તમ નમૂનો છે. વાવમાં ઉતરવા માટે ૬૦ પગથિયાં છે. જેના છ જુદા જુદા વિભાગો પાડવામાં આવ્યા છે. વચ્ચે વચ્ચે આવતા નાના પડથાર અને ચાર સ્તંભ અને છતવાળા છ ચોરસ મંડપો વાવને શોભા આપે છે. પગથિયાં અને મંડપની દિવાલોમાં દેવી દેવતાઓના શિલ્પો સ્થાપિત કરવામાં આવ્યા છે. વાવમાં દાખલ થતાં જ નકશીકામની ઝીણી જાળી આ વાવને ખૂબ શોભાયમાન બનાવે છે.

એક મંડપની દિવાલના ગોખલામાં અંકિત કરવામાં આવેલા એક શિલાલેખમાં કારતક સુદ ૨, ૧૨૫૦ તથા સીધુ અને તક્ષ એવા બે નામો કોતરાયેલા વાંચી શકાય છે. આ વાવ વાઘેલા રાજવી કામે બીજાના નાગર પ્રધાન માધવે બંધાવી હોવાથી તેની માધવવાવ તરીકે ઓળખવામાં આવે છે. વાવના પડથારમાં શેષશાયી વિષ્ણુ તેમજ બીજી બાજુએ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની પ્રતિમાઓ પણ ધ્યાનાકર્ષક છે. તેમની સાથે જ કોતરવામાં આવેલ બ્રહ્માનું વાહન હંસ, શિવનું વૃષભ તથા વિષ્ણુનું ગરુડ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

વઢવાણ શહેરના પૂર્વ તરફના દરવાજાની બહાર પણ એક સુંદર વાવ આવેલી છે. માધવવાવની સરખામણીમાં જ ઊભી રહી શકે તેવી આ વાવ ગંગાવાવ તરીકે જાણીતી છે. આ વાવ પણ પાંચ માળની જ છે. ૭૦ ફૂટ ઊંડી આ ગંગાવાવ શિલ્પકામની નજરે માધવવાવ કરતાં સાદી છે. વાવનો અર્ધો ભાગ ખંડિત હોઈ તેના શિલ્પાંકનો જોઈ શકાતાં નથી આમ છતાં બે મંડપોમાં કેટલાક શિલ્પો જરૂર જોઈ શકાય છે. વાવના સ્તંભોનું નકશીકામ સોલંકી યુગની યાદ કરાવે છે. વાવના ત્રીજા મંડપની અંદર દેવનાગરી લિપિમાં કંડારવામાં આવેલી ૧૭ પંક્તિઓ છે પણ પાણીના મારને કારણે તે ધોવાઈ ગઈ હોવાથી વાંચી શકાતી નથી. માત્ર તેમાં સુદિ નોમ અને ૧૨૨૫ એવું વંચાય છે અને શહેરનું નામ વર્ધમાનપુર એવું જ વાંચી શકાય છે. આ વાવ વધુ સંશોધન માંગે છે.

સુરેન્દ્રનગરની મુલાકાતે જવાનું થાય ત્યારે આ વાવ અચૂક જોવા જેવી છે. ગુજરાતની જાણીતી અડાલજ અને પાટણની રાણકી વાવ સાથે આ વાવને પણ પુરતું રક્ષણ આપવાની જરૂર છે.

## અનોખી પ્રેમકથાનું પ્રતીક : અડાલજની વાવ

અમદાવાદથી નવ કિલોમીટર દૂર સ્થિત ગુજરાતના ઈતિહાસમાં ધરબાયેલી વિશિષ્ટ પ્રેમકથાનું પ્રતીક સમાન અડાલજની વાવ મધ્યકાલીન ભારતની સ્થાપત્યકલાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. વાવના એક એક પગથિયે આપણા વિસરાયેલો ઈતિહાસ ડોકાય છે.

વાવ, કૂવા કે કુંડ સામાન્ય રીતે આમ જનતા માટે રોજબરોજના જીવનમાં પાણીની ઉપલબ્ધિ માટેના એક સ્થાન તરીકે વણાઈ ગયા છે. પરંતુ આ વાવ કે કુંડનું બેજોડ શિલ્પ સ્થાપત્ય પોતાનામાં એક એક ઈતિહાસ કે કેટલીક કથાઓને સમાવી બેઠેલા હોય છે.

અમદાવાદથી નવ કિલોમીટર દૂર આવેલી અડાલજની વાવ અંદાજે પાંચસો વર્ષથી વધારે જુની છે. આ અડાલજની વાવનું નિર્માણ અધૂરું છોડી દેવાયું છે તેની પાછળ એક પ્રેમ કથા છે. ધનદાઈના રાજવી રાણા વીરસિંહ મંગેલાએ આ વાવનું નિર્માણ શરૂ કરાવ્યું હતું. પરંતુ આ રાજવી યુદ્ધમાં મહમદ બેગડાને હાથે માર્યો ગયો જેથી વાવ અધૂરી રહી ગઈ. રાજા વીરસિંહની સુંદર પત્ની રુડાવા પર નજર પડતાં મહમદ બેગડો તેના પર મોહિત થયો અને તેની સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. રુડાવાએ પોતાની સ્વર્ગવાસી પતિએ અધૂરી છોડેલી વાવનું નિર્માણ પૂરું કરવાની શરતે આ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો. આ પછી રાણીની સુંદરતા પર મોહાંદ બનેલા મહમદ બેગડાએ વાવનું કામ તુરંત શરૂ કરાવ્યું.

વાવના નિર્માણનો પાંચમો માળ પૂરો થતાં જ મહમદે લગ્નની વાત કરી પરંતુ પોતાના પતિના દુઃખદ અવસાનના આઘાતમાંથી હજુ બહાર ન આવી શકેલી રુડાવાએ બીજે જ દિવસે આ અધૂરી વાવના પાણીમાં ડૂબી જઈ પોતાના પ્રાણનો ત્યાગ કર્યો. રુડાવાના પ્રેમમાં પાગલ બનેલા મહમદ બેગડાએ ગુસ્સામાં ને ગુસ્સામાં વાવનું કામ અધૂરૂં છોડી દેવા આદેશ આપ્યો. આમ આ વાવનું નિર્માણ બીજી વખત પણ અધૂરૂં જ રહ્યું. આથી જ તેના પર ગુંબજ જોવા મળતો નથી. વાવની એક એક ઈંટ આ પ્રેમકથાની મૂક સાક્ષી છે.

સ્લેટના પથ્થરથી બનેલી આ અડાલજની વાવમાં પ્રાચીન ભારતીય શિલ્પ કલા અને ઈસ્લામી સ્થાપત્યનું સુંદર મિશ્રણ જોવા મળે છે. મસ્જિદની સાદગી અને મંદિરની ખૂબસૂરતી અડાલજની આ વાવ મધ્યકાલીન ગુજરાતના વાસ્તુશિલ્પનો ઉત્તમ નમૂનો છે. એની દિવાલો પર સંસ્કૃતમાં શ્લોકો કંડારાયેલા જોવા મળે છે. વાવનું નિર્માણ ઈ.સ. ૧૪૫૫ ના માગસર મહિનાની પાંચમે શરૂ કરવામાં આવ્યું હતું અને તેની પાછળ પાંચ લાખ એકસો અગિયાર સુવર્ણમુદ્રાઓ ખર્ચાઈ હતી.

ચોરસ આકારમાં બનાવવામાં આવેલી આ વાવની ફરતે સ્તંભો છે અને વચ્ચે ઠંડા પાણીનો કુંડ છે. વાવની અંદરનો ભાગ સાત માળનો છે. જેમાં ત્રણ પ્રવેશ દ્વાર છે. છ છ સૈકાઓ દરમ્યાન કાળની અનેક થપાટો સહન કર્યા છતાં આ વાવ અડીખમ રહી ગુજરાતની એક વિસરાયેલી પ્રેમગાથાની વાત કહેતી હોય એમ ઊભી છે.

## સલ્તનતકાળનું સ્થાપત્ય અમદાવાદની વાવો

એક સમયમાં રાજા-મહારાજાઓ ઉનાળાની ગરમીથી બચવા અને પાણીની કમી દુર કરવા વાવ, કૂવાઓનું નિર્માણ કરતા તો કેટલાક રાજવીઓ શિકાર પછી ઠંડકમાં આરામ ફરમાવવા માટે

પણ આવી વાવોનો ઉપયોગ કરતા તો સિપાઈ, સામાન્ય જનતા, થાકેલા યાત્રાળુઓ, વેપારીઓ અને પ્રવાસીઓ પણ વાટમાં આરામગૃહ તરીકે આવી કલામંડીત વાવોનો ઉપયોગ કરતા. વાવોની રચના મોટેભાગે ધોરીમાર્ગ પર કરવામાં આવતી.

ગુજરાતમાં આવેલી વાવોમાં સલ્તનતકાળ અગાઉની વાવોમાં ઓછા વિસ્તારમાં વધુ ઊંડું ખોદકામ રહેતું ને પગથિયાંની પદ્ધતિ પણ કુંડ પ્રકારની રહેતી. આવી વાવોને ઊંડા કૂવા પણ કહી શકાય. આ પદ્ધતિમાં એક ક્ષતિ એવી હતી કે એને ટેકો આપનારી પથ્થરની ભીંત જો સરખી રીતે જમીનના વિવિધ ભાગોમાં અંદર સુધી ન ગઈ હોય તો ચોમાસા દરમ્યાન કે ધરતીકંપ જેવા કારણોસર ધરતી પોચી થતાં પકડ ઢીલી પડી જાય પરિણામે તે ધસી પડવાની સંભાવના વધુ રહેતી. વાવ નિર્માણની આ ક્ષતિ સલ્તનતકાળ દરમ્યાન વાવ બાંધનારાઓના ધ્યાનમાં આવતાં તેમણે તેમાં સુધારો કર્યો હોવાનું જોઈ શકાય છે. એમણે વાવનું લંબાણ વધાર્યું અને ક્રમે ક્રમે તેમાં ઉતરવાની યોજના કરી. આ યોજનામાં પ્રથમ કૂવો ખોદી લેતા. પછી અમૂક ઊંચાઈએ પાણીની સપાટીથી નજીકની છેલ્લામાં છેલ્લી જે ઊંચાઈ હોય ને જ્યાંથી પાણી આવતાં બાજુનાં કુંડમાં સંગ્રહાય ત્યાં પ્રવેશનું અંતર નક્કી કરી વચ્ચે ગાળા રાખી ખોદકામ વધું ઊંડું કરતા જતા. એક ગાળાનું ખોદકામ પુરું થાય ત્યાં સપાટ જમીન રાખી તેના પર બાંધકામ કરી લેતા. આ પછી ઢોળાવવાળું ખોદકામ કરતા ને પગથિયા ગોઠવતા, સ્તંભો વગેરે જોડી દેતા અને આજુબાજુની ભીંતમાં પથ્થરો અંદર ઊંડે સુધી જવા દેતા તેને ટેકા વડે બરાબર પકડ પણ આપતા. પરિણામે વાવની લંબાઈ વધતી પણ વધુ મજબૂત, આવવા જવાની સરળતાવાળી બનતી. અમદાવાદની અડાલજની વાવ અને દાદા હરિની વાવમાં આ સુવિધા સ્પષ્ટ જોઈ શકાય છે.

### માતા ભવાનીની વાવ

અમદાવાદ શહેરના અસારવા વિસ્તાર સ્થિત આ વાવ સલ્તનતકાળની છે કે તે અગાઉની છે તે બહુ સ્પષ્ટ થતું નથી એ સમયે તેનું અસ્તિત્વ હશે તે નક્કી છે અને શહેર વસ્યા પહેલાંની છે, તેવું ડો. બર્જેસે નોંધ્યું છે અને તેની બાંધણી પણ તેમાં સૂર પૂરાવે છે. મીરાંતે અહમદીમાં ઉલ્લેખાયેલી આ વાવમાં ચઢાણ સીધું હોવાથી પગથિયાં સીધા ન કરતાં થોડે થોડે કાપીને આડાં કર્યાં છે જેથી ચડાણનો અનુભવ ન થાય. સંભવતઃ આ વાવ ૧૪મી સદીની હોવાનું પન્નુભાઈ ભટ્ટનું માનવું છે.

સોલંકી રાજનું પાટનગર અણહિલવાડ પાટણ કે જે **કચ્છના નાના રણના કાંઠે** આવેલું સ્થળ છે. બનાસ અને સરસ્વતી નદીઓ તેની પાસે થઈને વહે છે. સિદ્ધરાજના પુરોગામી દુર્લભરાજે અહીં સરોવર બંધાવ્યું હતું અને આગળ જતાં સિદ્ધરાજે તેનો જિર્ણોદ્ધાર સહસ્ત્રલિંગ સરોવરના નામે કરાવ્યો હતો. આજે આ સહસ્ત્રલિંગ સરોવરની વિગત મેળવીએ.

સરસ્વતી નદીના પ્રવાહને આ જગ્યાએ વાળી સરોવરને સમૃદ્ધ કરવામાં આવ્યું હતું. હેમચંદ્રજીના દ્વયાશ્રય કાવ્યમાં આ તળાવનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે અને આ વર્ણનના આધારે પૂર્વ વડોદરા રાજ્યના પુરાતત્વ ખાતાએ અહીં ઉત્ખનન કરાવતાં તેમાં વર્ણવાયા મુજબના જ ગરનાળા, રુદ્રકૂપ અને ઘાટ યથાવત સ્થિતિમાં મળી આવ્યા હતા. સહસ્ત્રલિંગ સરોવરનો આકાર વલયાકાર એટલે વૃતાકાર હતો. એની ચારે બાજુએ ઘાટ આવ્યા હતા. આ તળાવનું વર્ણન ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસના ચોથાભાગમાં કરવામાં આવ્યું છે.

હેમચંદ્રજીએ પોતાના કાવ્યમાં આ સરોવરને કાંઠે ૧૦૦૮ શિવ મંદિર, ૧૦૮ દેવી મંદિર તથા એક દશાવતારનું મંદિર હોવાનું જણાવ્યું છે. એના કાંઠે સૂર્ય, ગણેશ તથા કાર્તિક સહિત અનેક દેવોની દેરીઓ પણ હોવાનું તેમાં નોંધાયું છે. સરોવરના મધ્યભાગમાં વિધ્યવાસિનીદેવીનું મંદિર પણ હતું અને એ મંદિરે પહોંચવા માટે પથ્થરના પુલની પણ રચના કરાયું હોવાનું તેમાં જણાવાયું છે. જળાશયના ત્રણ ગરનાળા ઉપર જળશાયી વિષ્ણુનું મંદિર હતું. દેરીઓમાં વૈષ્ણવ, શૈવ તથા શકાત દેવી દેવતાઓની પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવી હતી. સરોવરના મુખ્ય માર્ગ પાસે સુંદર કીર્તિ તોરણ પણ હોવાનું જણાવાયું છે. આ કીર્તિ તોરણના કેટલાક અવશેષ પાટણના ઘરો તથા કેટલાક ધર્મસ્થાનોમાં જડાયેલા મળી આવ્યા હતા.

સરોવરમાં પાણી ભરવાની પદ્ધતિ પણ કૌશલ્ય ભરી હતી એ નહેર અને સરોવરની વચ્ચે રુદ્રકૂપ (નાગધરા)ની રચના કરવામાં આવી હતી. નદી તરફના નહેરના મુખ્ય ભાગે પથ્થરની જાળીવાળા ગરનાળાની રચના હતી. નદીનું પાણી નહેર વાટે આ ગરનાળામાં આવતું અને અહીંની પથ્થરની જાળીમાં ગળાઈને પ્રથમ રુદ્રકૂપમાં આવતું અહીં પાણી સ્થિર થતું તેથી કચરો તળીએ બેસી જતો આ પછી તે બીજા અને ત્રીજા રુદ્રકૂપમાં થઈને સરોવરમાં દાખલ થતું આથી સરોવરમાં આવેલું પાણી સ્વચ્છ અને નિર્મળ રહેતું. છલકાયેલા પાણીના નિકાલ માટે આવી જ વ્યવસ્થા સરોવરના બીજા છેડે રાખવામાં આવી હતી.

ઉપલબ્ધ અવશેષોના આધારે એવું કહી શકાય કે **હાલનું અડધું પાટણ શહેર આ સરોવર પર વસ્યું હોય તેમ જણાય છે.** કવિ શ્રીપાલે પણ આ સરોવરની પ્રશસ્તિ કરી છે. તેની આ રચનાનો એક ખંડિત ટૂકડો પાટણના એક શિવાલયમાં શિલાલેખ સ્વરૂપે સચવાયેલો છે.

### મીનળદેવીના નામ સાથે જોડાયેલા જળાશયો : વિરમગામનું માનસર અને ધોળકાનું મલાવ તળાવ

ગુજરાતના ઐતિહાસિક અને ગણનાપાત્ર જળાશયોની વાત આપણે આરંભી છે. સિદ્ધરાજના માતા મિનળદેવીના નામ સાથે જોડાયેલા તળાવોની વાત કરવાની છે.

સિદ્ધરાજના માતા મિનળદેવીના નામ સાથે બે તળાવોના નામ જોડાયેલા છે. અમદાવાદના વિરમગામનું મુનસર કે માનસર તળાવ એ સહસ્ત્રલિંગ સરોવરની પ્રતિકૃતિ સમાન જ છે જો કે કદમાં તે નાનું છે.



સહસ્ત્રલિંગ સરોવર અને માનસર તળાવ બન્ને એક જ સમયે અને એક જ રાજકૂળ દ્વારા નિર્માણ કરાયા છે. આમ છતાં બન્ને તેની રચના પરત્વે ભિન્ન જણાયા છે. માનસરનો શિલ્પ વૈભવ સહસ્ત્રલિંગ સરોવર કરતાં ઓછો વૈભવશાળી જણાય છે એવું તેના સાહિત્યિક ઉલ્લેખો પરથી જણાતું હોવાનું કાંતિલાલ સોમપુરા કહે છે.

માનસર તળાવનો ઘાટ શંખાકૃતિ છે, કેટલાક વિદ્વાનો આ ઘાટને કાનના આકારનો પણ કહે છે. તળાવમાં પાણીની આવક તથા નિકાલ માટેની યોગ્ય વ્યવસ્થા છે. એના કાંઠે ૫૨૦ જેટલા નાના મોટા મંદિરો આવ્યા હતા જે પૈકી હાલે ૩૦૦થી વધારે મંદિરો જળવાઈ રહ્યાં છે. તળાવની ઉત્તર બાજુએ આવેલા મંદિરો વૈષ્ણવ સંપ્રદાયનાં છે જ્યારે તળાવની પૂર્વ તરફના મંદિરો શૈવ સંપ્રદાયના છે. આ પૈકીના ઘણા ખંડિત થઈ ગયા છે. પશ્ચિમ અને દક્ષિણ દિશામાં પણ શૈવ મંદિરો છે. આ મંદિરોની રચના ચાલુક્ય શૈલીને મળતી આવે છે. ૧૧મી સદીના સૂણક તથા સંડેરના મંદિરો સાથે તે ઘણું સામ્ય ધરાવે છે અને એમાં એક જ મંડપ અને સંલગ્ન સામસામા બબ્બે ગર્ભગૃહવાળા બે મંદિરો અન્ય તમામ મંદિરો કરતાં કદમાં મોટા છે. જે ચાલુક્ય શૈલીના બધાંયે તત્વોને સમાવી લે છે. અહીંના તમામ મંદિરો કરતાં આ બે મંદિરો ખાસ નોંધપાત્ર છે. બાકીના મંદિરો નાની દેરી જેવા અને માત્ર ગર્ભગૃહ જ ધરાવે છે. જેના પર નાના છતાં સુંદર કલાકૃતિવાળા શિખરોની રચના સોહામણી લાગે છે. આજ રીતે આ મંદિરોની દિવાલની ત્રણે બાજુએ જંઘાના થરમાં ગવાક્ષ મૂકેલા છે. જેમાં શૈવ, વૈષ્ણવ અને શાકત સંપ્રદાયને લગતા શિલ્પો મૂકાયા છે.

## ગુજરાતનો સમૃદ્ધ શિલ્પ વારસો મોઢેરાનો સૂર્યકુંડ

કુંડ એ સ્થાપત્યની દૃષ્ટિએ વિશિષ્ટ પ્રકારનું બાંધકામ છે. કુંડની મધ્યમાં એટલે કે છેક તળિયે કૂવો આવેલો હોય છે. આ કૂવામાં પહોંચવા માટે ચારે બાજુએથી સમચોરસ, લંબચોરસ કે વૃતાકાર ઘાટે બાંધવામાં આવેલા પગથિયાં અને પડથારની રચના એનો વિશિષ્ટ ઘાટ કે આકાર આપતા હોય છે, એમાં પણ સુંદર શિલ્પાંકન તેની સુંદરતામાં વધારો કરતું હોય છે.

સોલંકીકાળના સમયના સ્થાપત્યોની વાત કરીએ તો આ સમયના પ્રસિદ્ધ કુંડોમાં મોઢેરાના સૂર્ય મંદિરની આગળ આવેલો કુંડ તેના સ્થાપત્યકીય રચના પરત્વે કુંડના તમામ લક્ષણો ધરાવે છે. સૂર્ય મંદિર સાથે જોડાયેલા આ કુંડને સ્થાનિક લોકો રામકુંડ તરીકે ઓળખે છે. અહીં નોંધનીય છે કે ભુજના સત્યનારાયણ મંદિર પાસે આવેલા પ્રસિદ્ધ કુંડને પણ રામકુંડ તરીકે ઓળખવામાં આવે છે. જો કે ભુજનો આ રામકુંડ સોલંકીકાળ પછી ઘણા વર્ષે બંધાયો છે.

મોઢેરાનો સૂર્યકુંડ લંબચોરસ ઘાટનો છે. આખોય કુંડ તથા એની આજુબાજુનો જમીનનો કેટલોક ભાગ પથ્થરો વડે આચ્છાદિત કરાયો છે. કેટલાંક પગથિયાં ઉતર્યા બાદ વિસ્તૃત પડથાર આવે છે. સૂર્ય મંદિરની આગળ કુંડમાં ઉતરવાનો મુખ્ય ઘાટ આવ્યો છે એટલે એવું કહી શકાય કે કુંડમાં સ્નાન કર્યા પછી જ મંદિરના દર્શન કરવા જવાનો મુખ્ય માર્ગ અહીં હશે. એ પછી પગથિયાં અને પડથાર એ ક્રમ ચારે બાજુએ ફરી વળે છે, એટલુંજ નહીં પણ પૂર્વ પશ્ચિમ કે ઉત્તર દક્ષિણ આવેલા પગથિયાંને વચ્ચે વચ્ચે એવી રીતે તોડવામાં આવ્યાં છે કે, તોડેલા ભાગને અનુક્રમે પૂર્વ પશ્ચિમ



કે ઉત્તર દક્ષિણ એનો સમગ્ર તારાકૃતિ બનાવવામાં આવ્યો છે. પ્રથમના વિસ્તૃત પડથાર પર કેટલાક નાના નાના શિખર ધરાવતાં મંદિરોની રચના કરવામાં આવી છે. પગથિયાં અને પડથારની દિવાલ પર અનેક દેવી દેવતાઓના શિલ્પો કંડારવામાં આવ્યા છે. કુંડની પૂર્વ દિશામાં પશ્ચિમાભિમૂખ એક સુંદર નાના મંદિરની રચના કરાઈ છે, જો કે આ મંદિરનો મોટાભાગનો ભાગ ખંડિત થઈ ગયો છે. આ મંદિરમાં શેષશાયી વિષ્ણુની પૂરા માનવકદની મૂર્તિ અદ્‌ભુત અને દર્શનિય છે. અહીં મૂકાયેલી ત્રિવિક્રમ અને શિતળામાતાની પ્રતિમાઓ પણ સુંદર શિલ્પાંકન ધરાવે છે. કુંડના ચારે છેડે આવાં

જ સુંદર શિલ્પાંકન ધરાવતાં નાના મંદિરોની રચના કરાવામાં આવી છે.

મોઢેરાના આ સુંદર કુંડની રચના નિહાળીને પૂરાવિદ્ બર્જેસે નોંધ્યું છે કે પાટણના સહસ્ત્રલિંગ તળાવની પ્રેરણા આ કુંડમાંથી મેળવાઈ હોવાનો સંભવ છે. બર્જેસે આ સંભાવના શક્ય પણ છે કારણ કે મોઢેરાનું સૂર્ય મંદિર ભીમદેવ પહેલાના સમયમાં ઈસવીસન ૧૦૨૭માં નિર્માણ કરાયું છે, જ્યારે સહસ્ત્રલિંગ તળાવ સિદ્ધરાજના સમયમાં બંધાયું છે.

મોઢેરાના આ સૂર્ય કુંડ ઉપરાંત મહેસાણા જિલ્લાના મુંજપુરમાં આવેલા લોટેશ્વર મંદિર પાસેનો કુંડ પણ ઘણો જાણીતો છે. આ કુંડની રચના પણ વિશિષ્ટ રીતે કરાઈ છે. ચાર અર્ધવર્તુળાકારોને સ્વસ્તિકની જેમ ચાર છેડે જોડવામાં આવ્યો હોય તેવા પ્રકારની રચના છે. તેનો કૂવાવાળો મધ્યભાગ સમચોરસ છે.

આ જ રીતે ઝાલાવાડના સુરેન્દ્રનગર જિલ્લાના થાનના ત્રિનેત્રેશ્વર મંદિરની જગતીની ત્રણે બાજુએ મોટી નીકની માફક પથ્થરમાંથી નિર્માણ કરાયેલો કુંડ પણ જાણીતો છે. મંદિરના પ્રવેશ બાજુ કે જ્યાં જગતીનો મોટો ભાગ ખુલ્લો છે તે સામે જોડાયેલ પથ્થરના પુલ વડે સામેની બાજુએ આવેલો પ્રવેશ ભાગ જોડાયેલો છે. તો વડનગરનો અજયપાલ કુંડ પણ સોલંકીકાળનો જ છે.

## નાગરિક સ્થાપત્યમાં વાવ નિર્માણ

ગુજરાતના જળાશયોમાં વાવ નિર્માણ પણ એક મહત્વનું સ્થાન ધરાવે છે. વાવ એ નાગરિક સ્થાપત્ય તરીકે ગણવામાં આવે છે. નાગરિક સ્થાપત્યમાં વાવની રચના વિશિષ્ટ પ્રકારની ગણાય છે. આ પ્રકાર ગુજરાતમાં ઘણે અંશે વિકાસ પામ્યો છે. આ વાવની રચના એ પ્રકારની હોય છે કે લંબચોરસ વાવના એક છેડે કૂવો હોય અને એ કૂવાની સામે છેડેથી પાણીની સપાટી તરફ ઉતરવાના પગથિયાં હોય, જેથી તેમાં સહેલાઈથી ઉતરી શકાય.

કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતનો પ્રદેશ પ્રાચીનકાળથી જ વેપારવણજ સાથે સંકળાયેલો છે આથી વેપારીઓ, સોદાગરો ઉપરાંત માલધારી અને વણજારાની પોઠો એક સ્થળેથી બીજે સ્થળે નિરંતર આવનજાવન કર્યા કરતી આથી વિરાન રસ્તાઓમાં પીવાનું મીઠું પાણી મળી રહે એ માટે અનેક નિર્જન સ્થળોએ તથા ગામની ગોદરે ઠેર ઠેર આવી વાવો બંધાયેલી આજે જોવા મળે છે. આવી વાવો નિર્માણ કરનારાઓનો ઉલ્લેખ તેના શિલાલેખોમાં જોવા મળે છે પરંતુ આવો ઉલ્લેખ જોવા ન મળે તેવી વાવો વણજારાઓના નામે ચડી જાય છે અને તેને વણજારાની વાવ તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતમાં આવી ઘણી વણજારાની વાવો પણ જોવા મળે છે.

રચનાની દૃષ્ટિએ વાવનું સ્થાપત્ય વિશિષ્ટ પ્રકારનું છે. સામાન્ય ભાષામાં તેને પગથિયાંવાળો કૂવો પણ કહી શકાય. ગુજરાતમાં નિર્માણ કરાયેલી મોટાભાગની વાવો ચૂનાની બનાવાઈ છે તો કેટલીક વાવો પથ્થરની બાંધેલી છે. આવી પથ્થરની વાવો મોટેભાગે સાદી હોય છે પરંતુ કેટલીક વાવોમાં શિલ્પાંકન પણ જોવા મળે છે. જે જગ્યાએ કૂવો કરવાનો હોય તેનાથી અમૂક અંતરે જમીન પર પ્રથમ એક પીઠિકા બાંધવામાં આવે છે તેની એક બાજુએ ચોક્કસ કદના પગથિયાંઓની સીડીવાળી રચના કરતા ક્રમે ક્રમે એ પગથિયાં ધીમે ધીમે પેલા કૂવાની એક દિવાઈને છેદે છે. પાણીની સપાટીએ પગથિયાં ઉતરનારને વધુ શ્રમ ન પડે એ માટે અંતરે અંતરે નાના કદના અને વચ્ચે વચ્ચે મોટા પડથાર પણ બાંધવામાં આવે છે અને આ રીતે વાવના કૂવા સુધી પહોંચવા માટે ત્રણ-ચાર પડથારથી લઈને નવ પડથાર સુધીની યોજના આ વાવ ધરાવતી હોય છે. મુખ્ય પડથારની બન્ને બાજુએ દિવાલને અડીને ભીતાસ્તંભો તથા વચમાં છૂટક સ્તંભો પર ટેકવેલ એક પછી એક માળની પણ રચના કરવામાં આવતી હોય છે. વળી પડથારની બન્ને બાજુની દિવાલમાં ગવાક્ષ રચીને દેવ દેવીઓની પ્રતિમા તથા શિલ્પો મૂકવામાં આવતા હોય છે.

આમ, કૂવાના પાણીની સપાટીએ પહોંચતા સુધીમાં વાવમાં ત્રણ, પાંચ કે સાતમાળની યોજના આપો આપ થઈ જાય છે. સ્થાપત્યની પરિભાષામાં વાવને કૂટ પણ કહેવામાં આવે છે. વાવની દિવાલ આસપાસ અથવા તો બન્ને બાજુએ કૂવામાં સહેલાઈથી ઉતરી શકાય એ માટે તેની દિવાલોમાં ત્રાંસી કે વર્તુળાકાર સીડીની યોજના પણ કરવામાં આવે છે. જેથી કૂવામાં ઉપરથી સીધો ભૂસકો મારનાર વ્યક્તિ આ સીડી મારફતે ઉપર આવી શકે. જો આ યોજના ન કરવામાં આવે તો તેને વાવના તમામ પગથિયાં ચડીને ઉપર આવવું પડે. ❑❑❑

'ભૂમાનિકેતન' ૨૨/બી, શિવમ્ પાર્ક, નાનાયક્ષ મંદિર
પાસે, માધાપર રીંગરોડ, ભુજ-કચ્છ.
ફોન (ઘર) (૦૨૮૩૨) ૨૪ ૩૨ ૪૨
મોબાઈલ : ૯૯૯૮૨ ૨૦૪૭૮/૯૪૦૮૭ ૩૧૮૭૮
e-mail:antaninp@gmail.com

તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.
**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**
વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડોલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જિસ** ઉમેરીને મોકલશો.

**ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂ. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂ. ૨૫૦૦**
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260. IFSC:BKID0000039

# હઠીસિંગના જૈન મંદિરો – અમદાવાદ

**મિતલ પટેલ**

અમદાવાદમાં જૈન શ્રેષ્ઠીઓની ભૂમિકા હકારાત્મક રહી છે. અકબરના સમય પહેલાંથી જ તેઓ સામાજિક, રાજકીય તેમજ ધાર્મિક બાબતોમાં અગ્રેસર રહ્યા છે. તેમાં પણ ૧૯મી તથા ૨૦મી સદીમાં તેમની સામાજિક તથા ધાર્મિક સખાવતોએ અમદાવાદનો જાણે ઈતિહાસ બદલી નાંખ્યો છે. તેમણે ઘણી શિક્ષણ સંસ્થાઓને સ્થાપવા માટે, નિભાવ માટે તથા વિકાસ માટે આપેલ ફાળો અમૂલ્ય છે. આ ફાળો માત્ર આર્થિક ન રહેતા અન્ય સ્વરૂપે પણ અપાતો રહ્યો છે. તેમણે સ્થાપેલી સામાજિક તથા સાંસ્કૃતિક સંસ્થાઓએ અમદાવાદને સુસંસ્કૃત કરી છે. આ બધાં સાથે જૈન ધર્મના વિકાસ માટે તેમનું માર્ગદર્શન અમૂલ્ય છે. અમદાવાદના આવા જ એક શ્રેષ્ઠી પરિવાર દ્વારા દિલ્હી દરવાજા બહાર શાહિબાગ વિસ્તારમાં જૈન મંદિર બનાવાયેલ. આ મંદિર તે કુટુંબના નામને કારણે હઠીસિંગના દેરા કે હઠીસિંગના જૈન મંદિર તરીકે પ્રખ્યાત છે.

અમદાવાદના તે શ્રેષ્ઠી કુટુંબના શેઠ હઠિસિંગના દ્વારા તેનું બાંધકામ સન ૧૮૦૫માં શરૂ કરાયેલું. માત્ર ૪૯ વર્ષની ઊંમરે



તેમનું અવસાન થવાથી તેમના પત્ની શેઠાણી હરકુંવર દ્વારા તેના બાંધકામની કમાન સંભાળાઈ હતી. અંતે આ દેરાસર ૪૩ વર્ષ પછી સન ૧૮૪૮માં પૂર્ણ થયું. ત્યારબાદ તેના સંકુલમાં રાજસ્થાનના કિર્તીસ્તંભ તથા વિજયસ્તંભથી પ્રેરાઈને ૭૮ ફૂટ ઊંચો માનસ્તંભ બનાવાયેલો.

૧૫મા તીર્થંકર ધર્મનાથજી એમાં મૂળ નાયક છે. આ મંદિરના મુખ્ય સ્થપતિ પ્રેમચંદજી સલાટ હતા. તેમના માર્ગદર્શન હેઠળ તથા તેમના કારીગરો દ્વારા આ ચોગાન - બંધ મંદિર તૈયાર કરાયું છે.



તે સમયે આ મંદિરની રચના પાછળ ૮ થી ૧૦ લાખ રૂપિયા ખર્ચાયા હશે તેમ મનાય છે. ધાર્મિક ભાવનાથી બનાવાયેલ આ મંદિર દ્વારા ઘણાં કુટુંબોનો વરસો સુધી જીવન-નિર્વાહનો પ્રશ્ન ઉકેલાયો હતો. તેમાં પણ તે સમય ગુજરાતમાં પડેલ દુકાળના તે બે વરસોમાં આ મંદિરનું બાંધકામ, ઘણાં માટે જીવનદોરી સમાન હતું.

આ મંદિરની રચનામાં લંબચોરસ આંતર્મુિખ ચોક મુખ્ય છે. આ ચોકની બહારની ધારે ચારે તરફ અંદરની તરફ ખૂલતાં હારબંધ, એકબીજાને અડીને આવેલાં



તથા પરસ્પરની જોડણીથી પરસાળ જેવી રચના બનાવતાં, નાના નાના દેરાં આવેલા છે. આ હારબંધ રચનાથી નિર્ધારિત થતી ખુલ્લી જગ્યાની વચમાં મુખ્ય મંદિર આવેલું છે. આ મુખ્ય મંદિર ૨ માળનું છે અને તેમાં કુલ ૧૧ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાઈ છે. આમાંની ૬ મૂર્તિઓ ભોંયરામાં તથા ૫ મૂર્તિઓ બે વિભાગોમાં ભોંયતળિયાના સ્થાને સ્થપાઈ છે. અહીં મુખ્ય મૂર્તિ માટેનું ગર્ભગૃહ પૂર્વમાં છે. જેની આગળના ભાગમાં ૧૨ અલંકૃત સ્તંભો વડે ટેકવાયેલ ગુંબજ છે. મૂળ નાયકની મૂર્તિ પર વિશાળ શિખરની રચના કરાઈ છે, જેની બંને તરફના ઉપ-નાયકના સ્થાને તેવી જ રચનાવાળા, પણ પ્રમાણમાં થોડાં નાના શિખર બનાવાયાં છે. આ મુખ્ય મંદિરના સભામંડપ પર અર્ધગોળાકાર ગુંબજ બનાવાયો છે. જે આ મંદિરની ભવ્યતામાં વધારે કરે છે.

મુખ્ય મંદિરની ચારે તરફ ખુલ્લી જગ્યા બાદ અન્ય તીર્થંકરો માટે ચારે તરફ સરખા



માપના નાના બાવન મંદિરો હારબંધ ગોઠવાયાં છે. આનાથી જાણે મુખ્ય મંદિરની ચારે તરફ લંબચોરસ ધાર બની જાય છે. આ મંદિરોની પૂર્વ, ઉત્તર તથા દક્ષિણે મધ્યમાં થોડાં મોટાં દેરાં રખાયાં છે, જેથી મંદિરની અક્ષ વ્યવસ્થિતપણે સ્થપાય અને વ્યક્ત થાય. તે સાથે પશ્ચિમમાં બે માળનું પ્રવેશદ્વાર છે. આ પ્રવેશદ્વારની અલંકૃતતા સ્થાપત્યના ક્ષેત્રમાં ઘણી વખણાઈ છે.

પશ્ચિમના આ પ્રવેશદ્વારને, મંદિરના પરિસરના લંબચોરસની બહાર કઢાયું છે. આનાથી તેનું મહત્ત્વ ઉભરાઈ આવે છે. વળી તેની રચનામાં પ્રયોજાયેલ ઝરૂખાઓથી તે વધુ નયનરમ્ય તથા

નાજુક લાગે છે.

ઝીણવટ ભરેલી કોતરણી, તેના તળ-આયોજનમાં પ્રયોજાયેલ



નવીન અભિગમ, છતાં મંદિરોની સ્થાપત્યક્રિયા પરંપરા પ્રમાણોની રચના, તેના શિલ્પકામમાં રહેલી વિવિધતા છતાં સમગ્રતામાં ઉપસતી સુસંગતતા, આખાય મંદિરમાં વ્યક્ત થઈ લયબદ્ધતા, માનવીની દૃશ્ય-અનુભૂતની જરૂરિયાતને, યોગ્ય ન્યાય મળે, તેવું વિગતીકરણ, મુખ્યત્વે સફેદ આરસના ઉપયોગથી ઉભરાતી શુદ્ધતા, અલંકૃતતા હોવા છતાં પણ દેખાઈ આવતી ચોક્કસ પ્રકારની સરળતા, એક વિશાળરમ્ય શિલ્પ હોય તેવી તેની સુંદરતા, શાસ્ત્રીય નિયમોને આધારિત તેનું પ્રમાણમાપ, ભારતીય સ્થાપત્યની પરંપરા માટેની કટીબદ્ધતા દર્શાવતી વિવિધ સ્તરોની રચના, ક્યાંક પ્રતિકાત્મક રજૂઆતને અપાયેલ વ્યુહાત્મક મહત્ત્વ; આ બધી હઠીસિંગના જૈન મંદિરોની સર્વમાન્ય પ્રતિતિ છે.



આ ઉપરાંત મંદિરની રચનામાં ક્યાંક હળવાશ તો ક્યાંક ગંભીરતા વ્યક્ત થાય છે, તે બાબત પણ નોંધપાત્ર છે. અહીં વ્યક્ત થતી પવિત્રતાથી આત્મીયતાવાળી શાંતિ અનુભવાય છે. આ મંદિર ભવ્ય હોવા સાથે, તેની રચનામાં સૌમ્યતા તેમજ નરમાશ વર્તાય છે. તે આંતર્ભિમુખ હોવાથી ત્યાં બહારના વિશ્વના સમીકરણો સાથે અલગાવનો ભાવ ઉભો થાય છે, અહીં જેમ જેમ આગળ જઈએ તેમ તેમ વિશ્વ સાથેનો સંબંધ છૂટતો જવાથી માનવી જાણે પ્રભુમય થઈ ખોવાઈ જાય છે. વળી આગમ વધવાની આ પ્રક્રિયામાં મંદિરની ભવ્યતા વધુ પ્રગાઢ થતી જણાય છે.







અહીં જાણે બધું જ પ્રમાણસર તથા સુયોગ્ય છે. અહીંની કમાન, કાંગરી, સ્તરિય આલેખન, સ્તંભ, ખૂણિયા, ઝરૂખા, ગોખ, પગથિયાં, પીઠ, જગતિઃ બધાંમાં ભારતીય શાસ્ત્રીય પરંપરા જળવાઈ છે. અહીં પ્રત્યેક સ્થાન, પ્રત્યેક ખૂણો સ્થાપત્યકીય સમૃદ્ધિથી ભરાયેલો છે. હઠીસિંગના જૈન મંદિરો પથ્થરમાં કંડારાયેલ ઉત્કૃષ્ઠ કવિતા સમાન છે. આ રચનાને માણવી એ એક લાહવો છે.

આટલાં વરસ પછી પણ આ રચના યોગ્ય હાલતમાં છે અને તે માટે તેની રાખરખાવ કરનાર હઠીસિંગનું કૌટુંબિક ટ્રસ્ટ પ્રશંસાને પાત્ર છે. અમદાવાદના જૈન શ્રેષ્ઠીઓની આવી પરંપરા આજે પણ એટલી જ સાર્થક તેમજ કાર્યરત છે.

❑❑❑

ફોન નં. ૯૪૨૯૫૭૯૫૧૬

# ભગ્નાવશેષો સમીપે

**કનુ સૂચક**

ॐ आदित्याय विद्महे मार्त्तण्डाय धीमहि तन्नः सूर्यः प्रचोदयात्

પ્રકાશના પ્રણેતા હે સૂર્યદેવ! અમને પ્રજ્ઞા પ્રદાન કરી અમારાં મનને પ્રકાશમય કરો અમે આપને નમન કરીએ છીએ.

(ભાવાનુવાદ)

સૂર્ય છે તો આપણે છીએ એ સામાન્ય બુદ્ધિ છે. હિરણ્યગર્ભ તેજ એ જ આપણી જીવનઉર્જા. આજે જ્યારે કાશ્મીરના અનંતનાગ તાલુકાના અનંતનાગથી પાંચ માઈલ દૂર, માતન ગામમાં તોડી પડાયેલાં, માર્તંડ સૂર્યમંદિરે ગયા ત્યારે આંખમાં આવતાં આંસુ અને ગળાના ડૂમાએ, વેદનાથી હૃદયમાં અટવાતી ચીસ પાડી રડી પડવાનું અટકાવ્યું. મંદિર તોડ્યું પણ સૂર્ય તો સનાતન છે તેનું શું!! 'असतो मा सद्गमय।' 'અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઇ જા.' રટણ થઇ ગયું. ભગ્નાવશેષ મંદિર સમીપે જતાં જ તેની ભવ્યતા કેવી હશે તે વિચારતાં મન અભિભૂત થઇ જાય. જે દેખાય છે તે પણ એવું અદ્દભુત છે કે રોમાંચ થાય.



થોડું ઈતિહાસ દર્શન કરીએ. ગુફા સ્થાપત્યોથી શરુ કરીએ તો ભારતમાં ૫૦૦૦ વર્ષનો સ્થાપત્ય ઈતિહાસ છે પરંતુ પુરાતત્વ નિષ્ણાંતોના મત મુજબ મંદિર સ્થાપત્યોનો ઈતિહાસ ૨૦૦૦ વર્ષથી વધુનો નથી. આમાં પણ જે પ્રખ્યાત અને તાંત્રિક (techniques) કાર્યરીતિથી પૂર્ણ સૂર્યમંદિરો છે તેનો ઈતિહાસ ૮મી સદીની આસપાસ કે પછીનો છે. આ સૂર્યમંદિરોને શ્રધ્ધાળુ લોકો અજાયબીથી જોતા. સૂર્યની ગતિની ગણતરી મુજબ સૂર્યનું પ્રથમ કિરણ ગર્ભગૃહ સ્થિત મૂર્તિ પર પડે તેવી રીતે બાંધકામ થતું. આ પદ્ધતિનો ઉપયોગ માત્ર સૂર્યમંદિર પૂરતો જ નહીં અન્ય દેવમંદિરોમાં પણ જોવા મળે છે. સ્થાપિત મુખ્ય દેવના મુખ ઉપર કે ચરણપૂજા કરતાં કિરણો વિગેરે સ્થપતિઓના કૌશલને જ પ્રતિપાદિત કરે છે. આપણી પાસે એવાં સ્થપતિઓ હતા. સ્થપતિઓની કેવી લાયકાત હોવી જોઈએ તે અંગે વાસ્તુશાસ્ત્ર વિગતે જણાવે છે. આ સ્થાપત્યોને જોવાની અને તેના સ્થપતિઓ અને સલાટોનું એ




કૌશલ પામવાની વાત ભૂલી માત્ર દેવદેવીઓના દર્શન અને તેમના દ્વારા જ ચમત્કૃતિ સર્જાઈ હોય તેવી શ્રધાથી મંદિરો સમૃદ્ધ થતાં રહ્યાં છે. વેદકાળથી પ્રકૃતિના પ્રતીક તરીકે દેવો બન્યા. આ પ્રતીકમાં દેવભાવની પ્રતિષ્ઠા તો સ્થપતિઓ અને સલાટોની દેણ છે. દેવોને કોણે જોયા છે? દેવ-ગુણને કોતરણીથી પ્રમાણિત કરવાનું કામ તો સલાટોએ જ કર્યું છે. ધર્મના નામે સ્થાપત્યોનું નિર્માણ થયું અને ધર્મના નામે જ એના ધ્વંશ થતા રહે છે. ભલે ભગ્નાવશેષ હોય પરંતુ સદીઓને પોતાનામાં સમાવી બેઠેલા માર્તંડ સૂર્યમંદિરના ઈતિહાસ તરફ જઈએ. કારકોટા વંશના હિંદુ રાજા રણાદિત્યે ૪થી સદીમાં આ સૂર્યમંદિરની પરિકલ્પના કરી બાંધવાની શરૂઆત કરી હતી. તે પછી ત્રીજી પેઢીએ રાજા લલિતાદિત્ય મુકતપીડાએ ૮મી સદીની મધ્યમાં આ મંદિરના બાંધકામને પૂરું કર્યું. કાશ્મીરનું આ એકમાત્ર સૂર્યમંદિર છે. અને અદ્દભુત છે આ સૂર્યમંદિર.

અવશેષોમાંથી પણ તરી આવતું આ મંદિરનું શિલ્પકર્મ અચંબામાં મૂકી દે તેવું છે. વર્ષો સુધી પાણીના સંપર્કમાં રહી રેતી, ચુના વિગેરેના સંયોજનથી અને વાતાવરણના ફેરફારોને સહી અને પોતાનામાં સમાવી લઇ બનેલા રેતિયા પથ્થરો મજબૂત હોય છે. ઉપરાંત દિવાલો ચણવામાં ઈંટની જેમ પથ્થરને સમાન આકારના મોટા નાના ચોસલા બનાવી ચણતર કરી શકાય. તેની ઉપર શિલ્પો બનાવવા અને આકાર આપવા કોતરકામ કરવું પણ સરળ છે. આવી રીતે પથ્થરોનો ઉપયોગ આ મંદિર બનાવવામાં થયો છે.





મોટી શીલાઓનો પણ આવો ઉપયોગ ચોથી સદીના મંદિરમાં પણ જોવા મળ્યો છે. કાશ્મીરમાં પર્વત ઉપર સપાટ મેદાનો ઘણી જગ્યાએ જોવા મળે છે. આ મેદાનો સ્વયં સૌન્દર્યધામ તરીકે આકર્ષણના કેન્દ્રો છે. આ મંદિર એવાં એક પર્વતની ટોચ પર બન્યું છે. સપાટ ભાગ પર મુખ્ય મંદિર અને પછી પર્વતના ઢળતા ભાગમાં દીવાલ અને અન્ય સ્થાપત્યો બન્યા છે. મુખ્ય મંદીરની ટોચ પરથી મંદિરની પૂર્ણ રચના અને કાશ્મીર ખીણનું સૌન્દર્ય માણી શકાય છે. પૂર્વાભિમુખ ગર્ભગૃહ સાથે આ મંદિર આજે તો ખંડેર હાલતમાં છે. કહેવાય છે કે જે હિંદુઓએ ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો નહીં અને વટલાયા નહીં તેની કત્લેઆમ કરનાર તેમજ હિન્દુઓના અને બુધ્ધીષ્ટના હજારો શ્રદ્ધાસ્થાનો અને તેના ધર્મગ્રંથોનો ધ્વંસ કરનાર ૧૫મી સદીમાં કાશ્મીરના અસહિષ્ણુ અને ક્રુર મુસ્લિમ શાસક સિકંદર બટ-શિકણ(મૂર્તિભંજક)ના લશ્કરના માણસોને આ સૂર્યમંદિર તોડતા એક વર્ષ લાગ્યું હતુ. કેટલાયે પ્રયત્નો પછી ખંડિત થયેલા આ મંદિરના અવશેષ શિલ્પોનું કોતરકામ આજ પણ શિલ્પકારોની અનુપમ કળાનું દર્શન કરાવે છે. ઈતિહાસનો ઉલ્લેખ કર્યો છે તે માત્ર મંદિરના ભગ્નાવશેષની સમજ માટે છે. જે થયું છે તે દુઃખદ છે અને છતાં તે ભૂલી આજમાં આગળ વધીએ.

વાસ્તુશાસ્ત્ર પ્રતીકોની સહાયથી બ્રહ્માંડ-વિશ્વને સમજાવે છે અને મંદિરોના શિલ્પો પ્રતીકો દ્વારા સૌન્દર્યબોધ સહિત તેને સ્પષ્ટ કરે છે. વાસ્તુશાસ્ત્ર એક વાસ્તુપુરૂષની કલ્પના કરે છે. ઘણી વખત વાસ્તુશાસ્ત્ર અંગે વાત કરતી વખતે કેટલાક નિષ્ણાતો મંદિરના સ્થાપત્યની પુરુષની જૈવિક ક્રિયા સાથે તેની સરખામણી કરે છે.





અહીં માર્તંડ-સૂર્યમંદિરમાં એવી સરખામણી કરીએ તો એક સૌષ્ઠવશાળી પુરુષનું દર્શન કરી શકાય તેવું છે. પ્રકૃતિ અને પુરુષના સંયોજનનું એક આદર્શ ઉદાહરણ લાગે છે. વાસ્તુશાસ્ત્ર અને તેના સિદ્ધાંતો જળ, પૃથ્વી, આકાશ, અગ્નિ અને વાયુ તે પાંચ મૂળભૂત તત્વોની અસરો સમગ્ર વિશ્વના પદાર્થો પર પડે છે તે વિચારણા કરે છે અને સ્થાપત્યો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થને તે સાથે સંયોજે છે. આ સરળ વાત ધ્યાનમાં લઇ સ્થાપત્ય દર્શન કરીએ તો ઇતિહાસ અને અનેક સાંસ્કૃતિક સંદર્ભો સ્વયંમાં સંકોરી બેઠેલા આ સ્થાપત્યોની મૌનભાષા આપણે ઉકેલી શકીએ.

પશ્ચિમ દિશામાં પ્રવેશદ્વારથી સમતળ શિખરના ગર્ભગૃહ સુધી ત્રિકોણાકારે ઉપર જતા મંદિરનું પ્રાંગણ ૨૨૦ ફૂટ લાંબુ અને ૧૪૨ ફૂટ પહોળુ છે. બન્ને બાજુ ભુજાઓ જેમ ફેલાયેલા નાના નાના ૮૪ મંદિરોથી ઘેરાયેલું છે. સમતળ સપાટી પર મંદિરની અંદરના ભાગમાં આડાઅવળી લાગતી પરંતુ સ્થાપત્યના માન





મુજબ બનેલી અનેક દેવડીઓની રચના અને તેમાં વિવિધ દેવોની સ્થાપના થઇ હશે તે ભગ્ન મૂર્તિઓ દ્વારા દેખાય છે. તેની અંદરબહાર પણ શિલ્પો બન્યાં છે. વિભિન્ન પરિમાણો સાથેના સ્થાપત્યોની રચના વાસ્તુશાસ્ત્ર મુજબ શરીરના અંગોમાં વસતા ભિન્ન ભિન્ન




દેવોના નિવાસસ્થાન ગણાય છે. અહીં આ દેવડીઓમાં સૂર્ય ઉપરાંત અન્ય હિંદુ દેવોની પ્રતિમાઓની પ્રતિષ્ઠા છે. વેલબુટ્ટા, પશુ-પંખીઓ, માનવ અને તેઓ સાથે સંકલિત ઘટનાઓનું નિરૂપણ છે. અન્ય શિલ્પો છે જેમાં વિષ્ણુ, કૃષ્ણ, શિવ તેમજ નદીમાતાઓ ગંગા-યમુનાના અને મેરુ,મંદરાચલ અને કૈલાસ પર્વતોના શિલ્પોનો પણ સમાવેશ છે. જાણે કે એક નાના બ્રહ્માંડની રચનામાં ઉર્જા-સૂર્ય-જીવનની સાથે સંકળાયેલ સૃષ્ટિનું પ્રતીકાત્મક આલેખન છે. આ પ્રકારની રચનાનું કાશ્મીરમાં આ એકમાત્ર સ્થાપત્ય છે. આ સ્થાપત્ય કાશ્મીરી સંસ્કૃતિની ઓળખ કહી શકાય. સમન્વય અને સંમિલિતની સંસ્કૃતિ. બાંધકામની રીતમાં એ સમયના ભારતના મંદિર સ્થાપત્યોથી વધુ આધુનિક પધ્ધતિનો ઉપયોગ દેખાય છે





તેનું પણ એજ કારણ છે. ચોરસ કાપેલા પથ્થરોની વચ્ચે ચુનાથી ભરેલા સાંધાઓ, તેને લોખંડના સળીયાથી બાંધ્યા છે. તે સમયમાં લોખંડ અને લાકડાનો ઉપયોગ ગજબની બુદ્ધિક્ષમતા અને ઈજનેરી કૌશલની પ્રતીતિ આપે છે. અહીંની કેટલીક રચનાઓ ત્રણ, ચાર કે વધુ ખૂણાવાળી બેઠકવાળુ ઉપર સાંકડું થતું જતું એક નક્કર બાંધકામ, જે ઈજીપ્તના પિરામીડ આકારના સ્થાપત્ય પ્રકાર સાથે સરખાવી શકાય છે અને છતાં તે તેમાં નકલ નહીં કાશ્મીરિયત કૌશલ પ્રગટ થાય છે. સાથે સાથે બન્ને બાજુની દિવાલો પર ગુજરાતના જાણીતા તોરણો સાથે સ્પર્ધા કરે તેવા તોરણો અને તેના સ્તંભો અને કમાન પરની કોતરણી પણ નયનરમ્ય છે. આ મંદિરનું રચનાકૌશલ અત્યંત પ્રભાવી અને ક્ષતિરહિત છે. તેના કોઈ પણ ભાગને ફેરવવાનું સાહસ કરનાર નિષ્ફળ જાય. કાશ્મીર જયારે વિશ્વભરમાં સંસ્કૃતપીઠ અને વૈદિકજ્ઞાનના કેન્દ્ર તરીકે પ્રસિદ્ધ હતું તે સમયે અનેક દેશોમાંથી લોકો અહીં શીખવા આવતા અને સાથે પોતાના દેશોની કળાને પણ અહીં લાવતા. આ દેશો સાથે વ્યાપારિક સંબંધોની માહિતિ પણ મળે છે. આ સંસ્કૃતિ અને વ્યવહારના સંબંધોની અસર આ સ્થાપત્યોને જોતા સિદ્ધ થાય છે. ભારત તેમજ અન્ય દેશોના સ્થાપત્ય રચનાનું સુંદર સંયોજન થયું છે. ગાંધાર-અફઘાનિસ્તાન, ગુપ્ત, ચીન, રોમન, સિરિયા અને ગ્રીક સ્થાપત્યો તેમાં મુખ્યત્વે ગણી શકાય. નોંધનીય ફેરફાર તરીકે એ દેશોમાં બાંધકામમાં ઉપયોગમાં લેવામાં આવતા પદાર્થો કે ઘટકોને બદલે સ્થાનિક રીતે સહેલાઈથી મળી આવતા ઘટકોના ઉપયોગે કાશ્મીરની સ્વતંત્ર પ્રકારની સ્થાપત્યરીતિને જન્મ દીધો. શિલ્પો અને કોતરણીમાં બુધ્ધીષ્ટ અને હિંદુ અસર કાયમ રહી. વિશેષ ઉલ્લેખનીય વાત એ છે કે આ મંદિરોના સ્થળ માટેની પસંદગીમાં પ્રકૃતિ સાથે સ્થાપત્યનો સુમેળ દેખાય છે. એથી પ્રકૃતિ અને પુરુષાર્થનું ઉત્તમ સાયુજ્ય સંધાયું છે. આ સૂર્યમંદિર બન્યા પછી શ્રીનગરમાં બનેલા આદિગુરૂ શંકરાચાર્યનાં મંદિરમાં







સ્થાપત્યરીતિનો નવો ઉન્મેષ જોવા મળે છે. અષ્ટકોણ ભૂતલ-બેઠક-plinth પર ત્રિદલ પાંખડી જેવો મંદિરનો પિરામીડ જેવો આકાર અને સાદું સરળ બાંધકામ મંદિરની અંદરથી ગોળાકાર છે. અહીં સરળતામાં શાંતિની અનુભૂતિની પરિકલ્પના પ્રગટ કરે છે. ૩૦૦ જેટલા પગથિયા ચઢતાં શ્રમ તો જરૂર પડે પરંતુ આરામથી ચઢતાં ખીણનું પ્રાકૃતિક સૌન્દર્ય આંખ અને મનને નિર્વેદ શાંતિના એ ધામમાં પ્રવેશ સહેલો બનાવે છે. આ ઉપરાંત અન્ય બચી ગયેલાં પુરાણા મંદિરોમાં ઉલ્લેખનીય ચોથી સદીનું શિવ મંદિર મામલ અથવા મામલેશ્વર મંદિરની સામે કુંડની રચના અને તોરણ પ્રકારનું પ્રવેશદ્વાર પણ સ્થાપત્યસંગમ દ્વારા કાશ્મીરી રચનાકૌશલની પ્રતીતિ કરાવે છે. ભગ્નાવશેષોમાંથી મંદિર, તેના સ્થાપત્યની ભવ્યતા તેમજ પરિકલ્પના અંગે અવગત થવાય છે પરંતુ સાથે અવસાદથી મન ભરાય જાય છે. માર્તંડદેવની તો ખંડિત પ્રતિમા પણ નથી. જે જાણ મળી તે મુજબ તે કોઈ સંગ્રહાલયમાં સચવાઈ છે. અહીં ખંડિત અવશેષોમાં પણ જે રચનાકૌશલના દર્શન થાય છે તે ઉપરથી જ ખાત્રી થાય છે કે તે પણ જરૂરથી અદ્દભુત જ હશે. આવું રચનાકૌશલ દાખવનાર તેના સ્થપતિઓ અને સલાટોએ જીવનના પ્રચંડ ઉર્જાસ્રોતને પ્રતિમામાં પરિવર્તિત કરવામાં કોઈ કસર ન જ છોડી હોય. હાથ અને મસ્તક બંનેનો અહીં સમન્વય છે. અને એથી જ માર્તંડ મંદિરની સ્થાપત્યરચના હિંદુ મંદિરો માટે આવનારી સદીઓનો સ્થાપત્ય આદર્શ બની રહી હશે. અવશેષોથી આ વાત ફલિત થાય છે. મૂર્તિની જગ્યાનો ખાલીપો સ્વયં તેનો અંદાજ આપે છે. મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા કરનાર સ્થપતિઓ અને સલાટો જ નમનના ભાવનું આપણામાં સંક્રમણ કરે છે તેમને નમન કરી ભારે હૈયે પાછા વળ્યા.

આ સ્થાનકને ભારતના પુરાતત્વ વિભાગે સંરક્ષિત રાષ્ટ્રીય સ્થળ તરીકે જાહેર કર્યું છે. પર્યટન સ્થળ તરીકે સુંદર લાગે તેવી સ્થળની સફાઈ થતી હોય તેવું લાગે છે પરંતુ સંભાળ કે સંરક્ષણ જેવું લાગ્યું નહીં. બેકાર અને અનિચ્છનીય લોકોની ઉપસ્થિતિ દેખાણી. ભાંગેલા ભાગો જ્યાંત્યાં અને જેમતેમ પડ્યા હતા. કેટલીક જગ્યાએ આ અવશેષોને જંગલી ઘાસે પોતાના આગોશમાં લીધા છે. અધૂરી માહિતિ સાથે પર્યટકો પાસે રોકડા કરી લેવા માર્ગદર્શક હોવાનો સ્વાંગ રચતા લોકોની પર કોઈ રોકટોક નથી.



કોઈ પણ કારણો કે અનિવાર્ય દબાણ હોય આ અદ્દભુત સ્મારકની અવહેલના સ્પષ્ટ છે. કહેવાતા સંરક્ષકો માટે એક ગઝલની બે પંક્તિઓ આ સંદર્ભે યોગ્ય લાગે છે.

*"લો કહ્યું અદ્દભુત છે આ પ્રીત પરવાના તણી,*
*રાખના એ ઢેરને શી અંજલિ આસાન છે!!! (શીલ)*

કાશ્મીર શ્રીનગર, પહેલગામ, ગુલમર્ગ અને સોનમર્ગ જેવાં સૌન્દર્યધામોથી પણ અનેક ગણું સૌન્દર્યમય છે. તેની ખીણો, પહાડો, વૃક્ષો અને તેનું માતાની જેમ જતન કરતી ખળખળ વહેતી નદીઓ સાથે રહેવામાં અને મનભર વહેવામાં જે અનુભવ થશે તેનો આનંદ અનુપમ હશે. સ્વયંનું શરીર પણ ન જોઈ શકાય તેવી કોઈ અંધારી રાત્રે ગગનમંડપના કણકણમાં ચમકતાં તારાઓનો એક ભાગ બની જઈ ઓગળી જવાનો અનુભવ લેવા જરૂર જવું જોઈએ. ત્રાસવાદ પોષતાં ત્યાંના રડ્યાખડ્યા રાજકારણીઓ અને તેને અણસમજથી અનુસરતા માણસો ઉપરાંતનું આવું અદ્દભુત અને અલગ કાશ્મીર પણ છે.

અસ્તુ.

❑❑❑

# કિંગ નેપચ્યુન : વરુણદેવ

કનુ સૂચક

યુરોપ, ભારત અને અન્ય પ્રદેશોમાં પૌરાણિક ગાથાઓ છે અને તેમાં પરાક્રમી સ્ત્રી-પુરુષો અંગે અને સાથે સાથે અનિષ્ટ પાત્રોની કાર્મિક પ્રવૃતિઓ અંગે વાતો કરવામાં આવી હોય છે. કેટલાક દેવ તો કેટલાક દાનવો તરીકે ઓળખાય છે. આ કથાઓમાં સત્ય કેટલું તે અંગે અહીં ચર્ચા અપ્રસ્તુત છે. સમયાનુવર્તિક આવાં પાત્રોના શિલ્પ-સ્થાપત્યો અને સ્મારકોની રચના થાય છે. અહીં એવાં એક અનુપમ શિલ્પની વાત કરવી છે. સ્થાપત્યો જોવા અને માણવા, દૃષ્ટિ કેળવવી જરૂરી હોય છે અને તે માટે જેટલું જાણો તેટલું વધુ માણો. ઉદાહરણ તરીકે આપણે સ્વર્ગસ્થ માતાપિતાની છબી સામે પ્રણામ કરીએ કે ઈષ્ટદેવની મૂર્તિને નમન કરીએ ત્યારે તે જો રોજેરોજ થતી યાંત્રિક ક્રિયા હોય તો પણ કરવા જેવું કામ કરવાનો ભાવ તો જરૂર રહેવાનો. જન્મદિવસ કે તેવાં કોઈ વિશેષ પ્રસંગે તેમાં થોડો ભાવ અને અપેક્ષાનો ઉમેરો થવાનો. ધર્મસ્થાનકોના નિર્માણ પાછળ પણ આ ભાવ કારણરૂપ હોય છે. સ્મારકો અને સ્મૃતિસ્થાપત્યોમાં શિલ્પીઓ પોતાના કલાકસબથી તે ભાવોને પ્રગટ કરે છે અને આપણામાં એ ભાવનું સંક્રમણ થાય તેવું તેનું ધ્યેય હોય છે. આ શિલ્પીઓ અને સ્થપતિઓ આપણી સમગ્ર ચેતના અને સંસ્કૃતિના મૂક ઉદ્ઘોષકો છે. આ નિર્માણ અને શિલ્પોમાં આપણા માટે સમય અટકીને ઊભો છે. તે સમયના પ્રવાસ માટે આ શિલ્પો આપણને આહ્વાન આપે છે. અમેરિકામાં વર્જીનિયા રાજ્યના વર્જીનિયા શહેરમાં જોતાં જ મન પ્રસન્ન થઈ જાય તેવા, ત્રણથી ચાર માઈલ સુધી વિસ્તરતા અતિ સુંદર દરિયાકિનારા- વર્જીનિયા બીચ પર હોટલો અને મોટેલોની હારમાળા છે. દરિયાકિનારા પરના આ નિયોજનનું નિરીક્ષણ કરતાં જ તેના કુશળ સ્થપતિઓની પ્રસંશા કરવાનું મન થાય. શહેરની સુંદર વહીવટી વ્યવસ્થા અને તેના વખાણ કરવામાં વિષયાંતર થઇ જશે પરંતુ આ હોટેલો અને મોટેલોની વચ્ચે અને સામે સ્મૃતિસ્મારકો રચીને અહીંના હોદ્દેદારોએ દાખવેલ દુરંદેશી દૃષ્ટિનો પરિચય થાય છે. મજા માણવા આવેલ માનવીઓની નજર થોડી પળ માટે પણ જ્યારે આ સ્મારકો સામે પડે અને કુતૂહલવશ પણ અટકે તો તેઓને વિચારોના વિશ્વમાં દોરી જાય. જાણવાનું મન થાય. સ્મારકોનો પરિચય વાંચે. કદાચ અનુસંધાન સ્થાપિત કરે..

રોમન અને ગ્રીક પૌરાણિક કથા મુજબ દરિયાનો રાજા નેપચ્યુન છે. ધરતીકંપ, પ્રલય અને અશ્વોનો દેવ છે. ત્વરિત ક્રોધિત થઈ જાય તેવી પ્રકૃતિનો દેવ ગણાયો છે. તેનું ગ્રીક નામ પોસીડન (Poseidon). પોસીડન ધારે ત્યારે શક્તિશાળી ત્રિશુળ દ્વારા ભરતી-ઓટ, સુનામી, સમુદ્રી તોફાન અને ધરતી પર પ્રહાર કરી ભૂકંપ કરી શકે એવી ગ્રીક માન્યતા છે. આવી અન્ય કથાઓ પણ છે. રોમન ધર્મમાં ગ્રીક દેવના સમાનધર્મા દેવ નેપચ્યુનનું સ્થાન છે. આ શબ્દની વ્યુત્પત્તિ વિદ્વાન સંશોધકોએ કરી છે. તેમાં લગભગ દરેક સંમત છે કે જળ સાથે સંબંધ ધરાવતાં દેવ જુદાજુદા નામે દરેક સંસ્કૃતિમાં સ્થાપિત થયા છે. ભારતની વૈદિક સંસ્કૃતિ તેને વરુણ દેવ તરીકે ઓળખે છે. યુરોપના સંશોધકો નેપચ્યુન નામની વ્યુત્પત્તિમાં 'નભ' શબ્દનું અનુસંધાન વેદ અને પારસી અવેસ્તા સાથે કરે છે. આપણી સંસ્કૃતિ મૂલતઃ પ્રકૃતિ તત્વોની પૂજક રહી છે. વરુણ પરમ શક્તિશાળી દેવ છે પરંતુ તેઓ ઋતવાન અને ધૃતવ્રત ગણાયા છે. ઋતવાનનો અર્થ સુનિયોજક તરીકે અને ધૃતવ્રત એટલે ધર્મપાલક તરીકે કરવામાં આવ્યો છે. દરિયાલાલ, ઝૂલેલાલ વિગેરે અનેક નામ સાથે તેમની પૂજા થાય છે. પાકિસ્તાનમાં પણ આ દેવનું મંદિર છે અને તેનો ધ્વંશ થયા પછી ફરી જીર્ણોધ્ધાર થયો છે. ભારતમાં શિલ્પ-સ્થાપત્યનો ઈતિહાસ ૨૦૦૦ વર્ષથી પણ વધુનો છે અને આ સ્થાપત્યોના સૌન્દર્યની સરખામણી વિશ્વના કોઈ સ્થાપત્ય કરી શકે તેમ નથી. વર્જીનિયા બીચ પરના રાજા નેપચ્યુન-વરુણદેવનું સ્થાપત્ય તો માત્ર ૧૨ વર્ષ પહેલાં જ સ્થાપિત થયું છે તેમ છતાં તે ઉલ્લેખનીય બન્યું છે. વિશ્વભરના સ્થપતિઓને આ સ્થાપત્યની પરિકલ્પના માટે નિમંત્રિત કરવામાં આવ્યાં અને પસંદગીનો કળશ સ્થપતિ અને શિલ્પી પોલ ડાયપાસકવેલ (Paul DiPasquale) પર ઢોળાયો. રચનાનું કામ જેમજેમ આગળ વધતું ગયું તેમતેમ આર્થિક અનુમાનથી અનેકગણો વધુ ખર્ચ થતો જતો હતો. પોલ ડાયપાસકવેલના અગાઉ ચીન દેશમાં કામ કરવાના અનુભવના લીધે મૂર્તિનો પૂર્ણ ઢાંચો બનાવવાનું કામ ત્યાંના એક ઉત્તમ રચનાકારને સોંપ્યું. આ રચનાકાર કલાકારનું નામ ઝંગ કોંગ (Zhang Cong.) આ વ્યાપારી નહીં પરંતુ સાચો કલાકાર હતો. પોલ ડાયપાસકવેલની પરિકલ્પનામાં કાચબો અને વરુણની મૂર્તિના કદ નાના હતા. કોંગની કલ્પના પ્રમાણે એક શક્તિશાળી રાજવી નેપચ્યુનનું કદ એવું હોવું જોઈએ જે રાજવીના સ્વભાવને મૂર્તિમંત કરે. ત્યારે તો કોંગ ચૂપ રહ્યો. પરંતુ તેણે તો એ પોતાની પરિકલ્પના પ્રમાણે જ કર્યું. કહેવાય છે કે ઓછી આર્થિક સહાય મળી હતી અને કલાકારે બનાવેલ શિલ્પનો ખર્ચ વધુ થયો. સમયસર આર્થિક ભંડોળ ન મળતાં આ કલાકારની આર્થિક સ્થિતિ અત્યંત નાજુક થઇ ગઈ. છતાં આ નિષ્ઠાવાન કલાકારે કામ પૂરું કર્યું. સ્થપતિ પોલ પણ કલાકાર હતો, અનુભવી શિલ્પકાર હતો. કૃતિ અદ્ભુત બની હતી. શિલ્પકાર કોંગની સૂઝ બેનમૂન હતી. આર્થિક ભંડોળનો અંદાજ

કૂદાવી જતી આ પરિસ્થિતિનો તોડ વધુ સહાયથી મળ્યો. શિલ્પને કાંસાની ધાતુમાં ત્રણ ઢાંચામાં ઢાળવામાં આવ્યું અને તે મુજબ આ સ્થાપત્ય અમેરિકા પહોંચ્યું. અહીં પહોંચ્યા પછી ત્રણ ઢાંચાઓ જોડતી વખતે ખબર પડી કે મૂર્તિના અંદરના ભાગમાં આધાર આપતી સામગ્રી હલકી અને પૂરતી ન હતી. એ કામ તો ધાતુના ઢાળકામ કરનાર ચીનના એક કારખાના(Foundry)નું હતુ. તેઓ તો વ્યાપારી હતા. આ સામગ્રી કાઢી નાખી અને તેની જગ્યાએ સ્ટેનલેસ સ્ટીલ ભરવામાં આવ્યું. વધુ દોઢ મહિનો આ કામ કરતાં વીતી ગયો. તા.૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૫માં આ સ્થાપત્યનું વિધિસર વિમોચન થયું.



કેવું છે આ અદ્દભુત સ્થાપત્ય!

આ શિલ્પી કલાકાર જુંગ કોંગ કહે છે ''અત્યાર સુધીમાં મેં બનાવેલ કલાકૃતિઓમાં આ કૃતિ સૌથી શ્રેષ્ઠ છે.'' વર્જીનિયા બીચના આ દરિયા કિનારા પર થોડા સ્મારકો છે તે સામાજિક સંબંધો અંગે છે પરંતુ આ સ્મારક પૌરાણિકકથાના દરિયાના દેવ કિંગ નેપ્ચ્યુનનું છે. કલામય રીતે ગોઠવેલા પથ્થરના આસન પર સ્થિત ત્રિશુળની ઊંચાઈ સહિત ૩૪ ફૂટ ઊંચા અને ૧૨.૫ ટન વજન ધરાવતાં આ દરિયાના દેવ ભરતી સમયે ભૂમિ પર ધસી આવ્યા હોય તેવી ગતિ અને મતિનો નિર્દેશ આપે છે. તેમની વિશાળ બલિષ્ઠ કાયાની આજુબાજુ ૧૫ ફૂટ અને ૧૭ ફૂટની ડોલ્ફિન માછલીઓ વીંટળાયેલી છે. અન્ય ૧૨ માછલીઓ સ્વૈરવિહારી દેખાય છે. એક હાથની નીચે વિશાળ કાચબાનું સુંદર શિલ્પ છે, આ શિલ્પોની વિશેષતા એ છે કે દરેકમાં જીવંત હોય તેવી ગતિશીલતાનો આભાસ થાય છે. બીજા હાથમાં, ભગવાન શિવના હાથમાં હોય છે તેવું, મજબૂત હાથમાં સુરક્ષાની શ્રદ્ધા આપે તેવું ત્રિશુળ અને અન્ય જળજીવો કરચલો, ઓકટપસ-દરિયાઈ પ્રાણી વિગેરેના શિલ્પો છે. આ શિલ્પોનું પ્રતીકાત્મક અર્થઘટન કરીએ તેને બદલે પ્રેક્ષક પર છોડી દેવું વધુ યોગ્ય છે. ઉદાહરણ તરીકે ત્રિશુળનાં પ્રતીકને જન્મ-જીવન અને મૃત્યુ, મન-તન અને ભાવ અથવા ભૂત-વર્તમાન અને ભવિષ્ય વિગેરે ત્રિવિધ ભાવો સાથે જોડી શકાય. આ પ્રમાણે અન્ય જળજીવો અંગે પણ કરી શકાય. કિંગ નેપચ્યુનને આપણે વરુણદેવ કહીએ.પથ્થરોના અસમાન લાગતા આધાર પર કાંસાના ઢાળામાં રચાયેલ આખું શિલ્પ તેની વિશાળતા માત્રથી અદ્દભુત નથી પરંતુ વિશાળતા સાથે સપ્રમાણ અંગઉપાંગ, જળચરોના શિલ્પોમાં ગતિ , મજબૂત હાથ, મુખપરના ભાવ, શરીરની ભાવભંગિમા, દરિયાની આજુબાજુ અને દરિયાનો સતત પ્રવાસ કરતા માનવોની જેમ વરુણદેવની સમગ્ર કાયા પર સૂકાયેલી ચામડીની તાદૃશ્ય સમાનતા આંખનો ઉત્સવ બની જાય. ભારતના ધર્મસ્થાનકો અને અન્ય સ્થાપત્યોની એ વિશેષતા રહી છે કે તેના સ્થાનો પ્રકૃતિની નજીક અને ક્યારેક દુર્ગમ પહાડો પર સ્થાપિત થયા છે. દૃષ્ટિ એ રહી હશે કે લોકો પ્રકૃતિ સાથે સંયોજન સાધી શકે. આ સ્મારક પણ એક અનુપમ સૌન્દર્યરસિત દરિયાકિનારે આવેલું છે. આ સ્મારકને સ્પર્શ કરી શકો. તેની આજુબાજુ ઊભાં રહી ફોટાઓ પાડી શકો. મરજી પડે બાળકો તેની ઉપર ચડી નાનકડી સવારી પણ કરી શકે,સંતાકુકડી અને પકડ દાવ રમી શકે. કોઈ રોકટોક નથી. છતાં આ સ્થાપત્યની કાળજી લેવામાં કોઈ મણા નથી. સ્થાપત્યની આવી સંભાળમાં આપણે ઊણાં પડીએ છીએ. આ અદ્દભુત સ્થાપત્ય પાસે ઊભા રહીએ ત્યારે પ્રકૃતિની વિશાળતાના આ નિદર્શન સમક્ષ અભિભૂત થઈ જઈએ અને આપણે બાળ વામન હોવાની અનુભૂતિ કરીએ.

ક્યારેક જવાની તક મળે તો જરૂર જવું. સ્મૃતિમંજુષા આનંદથી લથબથ થઇ જશે.

અસ્તુ.

❑❑❑

# A QUINTESSENCE OF ARCHETYPE – JAIN TEMPLES

Prachi Dhanvant Shah

It is the pleasing aura bequeathed by the sheathing edifice that is at the heart of worship! Worship indeed is an integral constituent towards seeking the path of salvation and serenity. Worship possibly and certainly would thrive within oneself and could be conducted anywhere within the proximity of oneself and devout environment. But when it is accomplished within the shrine of idols, the perseverance is pleased to utmost. This serene experience is enhanced by means of articulated sculptures enthralling the meticulous structures - the Jinalayas (Jain temple).

Flashing over antiquity, history reveals that Jain temples sustain and clouts an inimitable identity by itself. With this being stated, I am addressing your attention to Shikharbandhi Derasar (temple with domes). The architectural epitome, the ethnicity, and virtuosity of sculptures and idols exhibit affluence of Jain culture to its grandeur. During the ancient era, Jain temples were outlaid using rock faces which were enhanced and articulated by handcrafted sculptures. The architectural portray was most likely an analog of Hindu temples. Although, eventually, Jains deviated the structural embodiment by constructing temple cities on hills. Jain philosophy explains that our soul is immortal, and in life, one needs to sustainably thrive to take this soul uphill on the path of serenity and moksha. Upholding this principle, based on the moralities of "mountains of immortality" temple cities were built uphill on mountains, unlike Hindu or Buddhist temples. Referring to temple cities on mountains, and not just a secluded temple uphill, you can picturize an artifactual crown of eternal saints'(Arhat chaityas) in massifs, bequeathing and enhancing the essence of spirituality. In olden days, these temple cities were not the result of a structured blueprint plan, but rather was the outcome of the intermittent structure. A mountain would certainly not be leveled or sustain uniformity. As a result, temples were built meeting the requirements of the uphill as it elevated, eventually giving it a structured site of temple city. Although every temple was built as per conventional motif, layout, and elegance based on archetype incorporated in those days. Few of the most glorious and pious temple cities thriving in India are Sametshikar, Palitana, Delvada, Ranakpur and many more.

Looking at the constitution of these magnificent temples, each of them would incorporate opulently structured and carved pillars arranged significantly forming cubical structures. These pillars, portray archways which bound about two-thirds of the way up, which eventually helixes into the roof that is meticulously and magnificently carved as well. These roof exhibit artifacts of richly hand-crafted sculptures of deities and carved concentric rings. The column of pillars forming cubes, lead to a distinctive section, ornamented with an idol of deity, that is enhanced and glorified by signifying profusion of ornamentation. Every temple (Derasar- Jinayalay) is significantly enhanced by one main idol of the Deity ( Mulnayak ) besides several others in the epitome. Mulnayak can be espied in the most auspicious and pious aura called Gabhara ( Main chamber). The material initially used in the ancient era, to build these epitomes and idols within, was rock just as Hindu temples, but eventually as time passed by, it was substituted with rich white marble signifying purity. Architecturally, the majority of Jain temple incorporates a square overlay with four cardinal openings to the main temple such that every entrance would lead to the idol of Tirthankara. Meeting this requirement, it is distinctive to perceive four idyllic images of Tirthankars, placed back to back, sighting one for each core entrance. Jain temples are distinctive in its idiosyncratic form due to the dome it manifests which is precisely acute and pointy, unlike Hindu temples. These domes give a very much pictorial outlay to temple cities reflecting multiple domes trumpeting up top on hills. Also, in places of these domes, internally, pillars are omitted such that it forms an octagonal top within. Majority of all Jain temples encompasses eight auspicious symbols of Jainism which are the most essential symbols of Jain religious life. These symbols are foresighted at commonplaces in a Jain temple in the form of bas-reliefs or sculptures on temple walls, precisely often on the entrance beams or window borders of wooden domestic shrines. In contradiction, the Digambar sect of Jain temples beholds these propitious symbols in the form of free-

standing metal objects. These Jain temples are exalted by glorious statues of welcome elephants engraved at the entrance, giving the temple a meticulous stance, but moreover, these elephants symbolize the time of Bhagawan's Samavasaran, when he gave Deshna (teachings) to the living beings around, the elephants present at that time expressed an intense desire to seek Moksha and follow the path of liberation. Similarly, as we enter a Jain temple, the sculptures of elephants would be the stimulus to our determination to seek the path of liberation and Moksha, be it just as resilient and gigantic as those elephants.

An experience to any of the shikharbadhi derasar (Temple with dome) would certainly be just alike to a complete pragmatic experience to placid and blissful paradise. The sublime purpose of visiting Jinayala (temple) is to remind our self to purify our soul to utmost integrity, to significantly sustain the goal of our life to pursue the path of salvation and moksha, to foresight oneself to be like Tirthankar Bhagwaan and follow the sermons expounded through Jainism. And these insights achieve a glorious impetus through the aura ousted within the sculpture's architectural edifice the Jinalaya !!

Conviction and worship has no boundaries and so does the artifacts of worship. Glancing at Jain Tirth (Pilgrimage) and Derasar outside of India – in the USA, the name that flares bright is Siddhachalam in New Jersey. Siddhachalam is a Jain ashram and pilgrim that expenses over 120 acres of hilly terrain in a peaceful rural area of north-western NJ, about 70 miles from New York City. Acharya Sushil Kumarji was the first Jain monk who deviated himself from the conventional practice of monks traveling only by barefoot. In 1975, he took a bold monarchic measure and travelled across the miles through aircraft outside of India to spread Jainism arriving in USA, which indeed was the most significant pursue in the history of Jainism in present epoch. Siddhachalam considered as the first Jain Pilgrimage outside of India is a conclusion of devotion and fervor by Acharya Sushil Kumar, attaining silhouette in 1983. This treasure foresighted and bestowed by Acharya Sushilkumar, till date glorifies the land of NJ and its spirit is still experienced with utmost affluence. In 1983 this barren land on which the ashram thrives today, was in disgusts until Acharyashri strode on it. It is strange but blissful to learn that before conducting construction on this dense forest land, Acharya Sushilkumar engaged himself into intense meditation, to enhance the ecstatic essence of this land without harming any living beings dwelling on this land such as snakes and other wild animals. In just a short while, these living beings evacuated the place without being harmed and the land was cultivated into blossoming flowers and satiated with vivacity. The spiritual essence and the blissful worship sprouted into the archetype of embodiment – Siddhachalam. This Tirth is justified by the name "Sddhachalam" which signifies the literal meaning "Mountain to Siddhas". Although, constructing a colossal structure on this foreign land is not an effortless chore for sure. Meeting the state and township requirements was the biggest challenge. One of the prior requirement was the town demanded a direct access to the property from highway, without disturbing the neighborhood, which seemed to be challenging as it would have been possible only if the Siddhachalam trust bought the adjoining land commencing directly to highway. But when there is faith and devotion, the destiny takes shape without much of obstacles. The land was put to sale soon and was then acquired by Siddhachalam trust giving a direct access to highway. Siddhachalam sights an idyllic temple city constituting many temples and most auspicious Shikharji. It also bestows residence to nuns, monks and visitors, library, cabins for temporary stay for worshippers, congregation hall, community dining hall, nature and meditation trails, and playgrounds. The aesthetic aroma is enhanced by a beautiful lake and several ponds filled with water from natural springs, thus meeting the archetypes of modern times. It is also a safe sanctuary for deer, peacocks, turkeys, cats and other animals and birds, inspiring life of all forms living with peace and harmony on one land. Siddhachalam has 11 nature and meditation trails spread over about 3 miles. This unique embodiment of worship has three temples. The main temple encompasses splendid marble idols of Lord Adinath, Lord Parshvanath, Lord Mahavira, Lord Chandra-prabhu, and Lord Shantinath. The smaller temple beholds main idol of Lord Parshvanath made in the Digambar tradition. It is carved in glorious black marble. The smallest temple is a meditation site with several idols. The main idol in this temple is that of

Lord Mahavira. The spirit of Siddhachalam was enriched by constitution of Teerthadhiraj Shikharji in 2012. It is an idyllic replica of Shikharji in India. This symbolic mystical bequest with the persona of Tirth Darshan on foreign land is indeed an emblematic worship towards Tirthankar Bhagwaan. This foresight beholds Tonks atop Shikharji reflecting an archetype analogous of the one in India. Endless efforts of four long years, reflects a masterpiece with profuse embodiment, exhibiting beautifully sculptured exquisite marble prefigures of Tonks and temples. Building a sculptures archetype outside of India, farther away from the roots is indeed difficult but not unattainable. With sustainable technology and conveniences, the challenge is indeed significant but not incomprehensible. As a result, many of such Sikharbandhi Jinalayas mount stupendously all around the world without any conciliations to its aesthetic and cultural artifacts and epitomes.

*"Jain archetype is an expression of Jain ethics and serenity.... splendid and opulent"*

❑❑❑


49, wood ave, Edison, N.J. 08820

U.S.A.

prachishah0809@gmail.com

+1-9175825643



## પુસ્તક મનુષ્યનો શ્રેષ્ઠ મિત્ર છે. ખરીદો, આપો અને સહુમાં વહેંચો

**રૂ. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂ. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂ. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો** | |
| ૧. | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨. | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩. | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪. | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫. | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬. | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭. | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૮. | જિન વચન | ૨૫૦ |
| ૯. | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૦. | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૧. | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૨. | પાસપોર્ટની પાંખે ભાગ-૧ થી ૩ | ૫૦૦ |
| ૧૩. | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબહેન ૨. શાહ લિખિત** | |
| ૧૪. | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૧૫. | સંસ્કૃત નાટકોની કથા ભા.૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબહેન શાહ લિખિત** | |
| ૧૬. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૧૭. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| ૧૮. | ઊગ્યો મુક્તિનો અરુણોદય સમ્યગ્દર્શન | ૨૦૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૧૯. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૦. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૧. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૨. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૩. | નવપદની ઓળી | ૫૦ |
| ૨૪. | ભગવદ ગીતા અને જૈન ધર્મ | ૧૫૦ |
| | **ઈલા દીપક મહેતા સંપાદિત** | |
| ૨૫. | **સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રનો ગુજરાતી-અંગ્રેજી-હિંદી ભાવાનુવાદ | |
| | **ડૉ. કે.બી. શાહ લિખિત** | |
| ૨૬. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૨૭. | વિચાર મંથન | ૧૮૦ |
| ૨૮. | વિચાર નવનીત | ૧૮૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરિકૃત** | |
| ૨૯. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૦. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૧. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૨. | પ્રભાવના | ૧૨ |
| ૩૩. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે. | ૩૯ |
| ૩૪. | મેરુથી યે મોટા | ૧૦૦ |
| ૩૫. | JAIN DHARMA [English] | ૧૦૦ |
| | **ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** | |
| ૩૬. | અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | ૩૦૦ |
| ૩૭. | શ્રી જૈન મહાવીર ગીતા એક દર્શન | ૩૫૦ |
| | **ગીતા જૈન લિખિત રમજાન હસણિયા સંપાદિત** | |
| ૩૮. | રવમાં નીરવતા | ૧૨૫ |
| | **પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ સંપાદિત** | |
| ૩૯. | પંથે પંથે પાથેય | ૧૨૫ |
| ૪૦. | Inspirational Stories of Shravak | ૫૦ |
| ૪૧. | **જૈન તત્ત્વનું સંક્ષિપ્ત વિવરણ** રમાબેન વિનોદભાઈ મહેતા લિખિત ગુજરાતીમાંથી અનુવાદ - | વિના મૂલ્ય |

**ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે. નં. ૨૩૮૨૦૨૯૬.**

રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં. ૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટ બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

# ભુતાન પ્રવાસના સંસ્મરણો : ૮

**કિશોરસિંહ સોલંકી**

(ગતાંકથી ચાલુ...)

### ૧૧. પારો

આજે તા.૨૭-૪-૨૦૧૭ છે. પારો તરફ અમારી સફર શરૂ થવાની છે.

થિમ્ફુ ડિસ્ટ્રીકથી પારો ડિસ્ટ્રીક જવાનું છે. થિમ્ફુથી પારો ૬૦ કિમીનું અંતર છે. તે પારો પર્વતની ખીણમાં આવેલું છે. તે સમગ્ર પ્રદેશમાં છૂટા છવાયા આવેલાં મકાનો અને પવિત્ર સ્થળો ધરાવતું એક ઐતિહાસિક નગર છે. એવી માન્યતા છે કે, ગુરૂ રિપોંચે એક સિંહણની પીઠ ઉપર બેસીને ઊડતાં ઊડતાં અહીં આવીને ઉતર્યા હતા. એ ભુતાનનું એક માત્ર આંતરરાષ્ટ્રીય હવાઈ મથક છે. તમે દૂરના ઊંચા રસ્તે ઊભા રહીને હવાઈ મથકને જુઓ તો એ એક ભવ્ય અને મનોહર દૃશ્ય લાગે છે. તે દુનિયાનાં અતિ ખતરનાક હવાઈ મથકોમાંનું એક છે. વિમાનો હિમાલયની ટેકરીઓથી ૫૫૦૦ મી.ના અંતરેથી પસાર થાય છે અને ૧૯૮૦મી. લંબાઈ ધરાવતો રન-વે બમણું જોખમ ઊભું કરે છે. તેથી વિમાનચાલકોને સ્પેશયલ ટ્રેનીંગ આપવામાં આવે છે. એનું કારણ એ છે કે કેટલાક પહાડો તો ૧૮૦૦ ફૂટની ઊંચાઈએ છે. પ્લેનને ચડતાં- ઉતરતાં ૯૦ અંશના કાટખૂણે ઉતારવું પડતું હોય છે. અને ૧૮૦ કિ.મી.ની ઝડપે ઉપાડવું પડતું હોય છે. વળી, દરિયાની સપાટીથી પારો એરપોર્ટ ૨૩૫૦ મી.ની ઊંચાઈએ આવેલું હોવાથી પાતળું વાતાવરણ હોય છે. એની પણ મુસાફરી કરવી એ એક રોમાંચક અનુભવ છે. એવા પારોની સુંદર ઘાટીને પ્રમાણવા માટે અમારી સવારી સવારે નાસ્તા-પાણી કરીને ઉપડી છે.

થિમ્ફુ પારોનો રસ્તો થિમ્ફુ ચુની સમાંતર જાય છે. ભુતાનના લુંગ તેન કુંગના આર્મી કેમ્પમાંથી પસાર થઈને આગળ જતાં સામાન્ય વર્ગના લોકોમાં ઓછા દરનાં મકાનો બાંધવામાં આવેલાં છે. તે દૃશ્યમાન થાય છે. ઉત્તર-દક્ષિણ દિશામાં ફેલાયેલી વેલી અને થિમ્ફુ શહેરનો અદ્ભુત નજારો દેખાય છે. એક પુલ પસાર કર્યા પછી ઉત્તર-દિશામાં ડાબી બાજુએ સિમ્તોખા જોન્ગ દેખાય છે. આગળ ૧૨ કિ.મી. જતાં નામસેલિંગ મોટું ગામ આવે છે, જ્યાં ખેતરોમાં ડાંગર લહેરાય છે. ભુતાનનું વેટરનરી ફાર્મ જોવા મળે છે. ત્યાં રસ્તાના વળાંક પર પૂર્વ અને ઉત્તર દિશાના દિક્પાલોની વિશાળ પ્રતિમાઓ છે.

અમે આવી ગયા છીએ ચુઝુમ જંક્શન પાસે. ત્યાંથી એક રસ્તો કુસ્તોલિંગ નદીના કિનારે જાય છે તો ક્રોસ કરીને સામેના કિનારેથી બીજો રસ્તો હા જાય છે. થિમ્ફુથી આવતાં જમણી બાજુ પારો જવાય છે. આ સ્થળે થિમ્ફુ ચુ અને પારો ચુનો સંગમ થાય છે. પારો નદી ડાબી બાજુ જ્યાં થિમ્ફુ નદીને મળે છે ત્યાં ત્રણ સ્મારકોની રચના કરવામાં આવી છે. આ સ્થાનકો દુરાત્માઓના પ્રભાવથી આ સ્થળનું રક્ષણ કરે છે. આ ત્રણ સ્મારકો અલગ અલગ સમયે બાંધવામાં આવ્યાં હતા અને ભુતાનની પ્રચલિત સ્થાપત્યની ત્રણ અલગ અલગ શૈલીનું પ્રતિનિધિત્વ કરે છે : નેપાળી, તિબેટીયન અને ભુતાની. ભુતાનની શૈલીનું સ્મારક ૧૯૮૦ના દાયકાની શરૂઆતમાં બાંધવામાં આવ્યું હતું.

આ એક રમણીય સ્થળ છે. બે નદીઓનો સંગમ અને ચારેબાજુ ઊંચા ઊંચા પર્વતો! ચુઝુમનો અદ્ભુત દરવાજો અને પસાર થતા રસ્તા! અમે અહીં ઉતર્યાં. પુલ ઉપરથી, નીચેથી, સામેથી, ફોટાઓમાં આ નજારાને કંડાર્યો! અહીં બધા જ રસ્તા મળે છે, છૂટા પડે છે. બે અલગ નદીઓ એક થઈ જાય છે. દરવાજાની સામેના પર્વતની પીઠ ઉપર ભુતાનના રાજા-રાણીનું ભવ્ય બેનર લગાવેલું છે.

અમારી સવારી પારો તરફ ઉપડી છે. હા, થિમ્ફુ અને કુસ્તોલિંગના રસ્તા પાછળ રહી ગયા. આ બાજુ થોડો સૂકો પ્રદેશ લાગ્યો. પર્વતોમાં આછાં વૃક્ષો પણ વિશાળકાય લાગ્યાં. આગળ જતાં એક જૂનામાં જૂના લોખંડના વાયરથી બનાવેલો પુલ આવ્યો. અમે ત્યાં ઉતર્યાં નીચે નદીમાં જવાનું હતું. અમે નીચે ઉતર્યાં. આ દેશની વિશિષ્ટતા એ છે કે, જ્યાં જાઓ ત્યાં ખીણ હોય કે પર્વતનું શિખર, વૃક્ષો હોય કે ટેકરીઓ - ધજા - પતાકાઓ તો ચોમેર હવામાં લહેરાતી જ હોય છે. જે એકદમ સફેદ હોય તે પોતાના પૂર્વજોના આત્માની શાંતિ માટે હોય છે. જે રંગીન હોય છે એ સમગ્ર સમાજ, દેશ અને સૌની સુખાકારી માટે હોય છે. કેવી મહાન ભાવના! ત્યાં બે પર્વત વચ્ચે ઓછામાં ઓછું ૩૦૦ મી. જેટલું અંતર હશે એ બે શિખરોને જોડતી ધજાઓ જોઈને તો એકદમ આશ્ચર્ય થાય કે, આ કેવી રીતે બાંધી હશે! પણ એમની ધાર્મિક માન્યતા અને શ્રદ્ધાને ખરેખર નમન કરવાની ઈચ્છા થાય છે. અહીં પોતાની સુખાકારી સાથે પ્રાણી માત્રની સુખાકારીનો સંદેશો અપાય છે. પર્વતોના શિખરે કે ટેકરીઓની ટોચે - જ્યાં નજર નાખો ત્યાં ધજા-પતાકાઓ જ જોવા મળે છે. આ જ તો બૌદ્ધિઝમની વિશિષ્ટતા છે.

ભુતાન પોતાની માન્યતાઓ પ્રત્યે સંપૂર્ણ કટિબદ્ધ છે. અહીં આર્થિક નહિ પણ સુખનો માપદંડ છે. (ઈન્ડેન ઓફ હેપીનેસ) ભારત અને ચીન જેવા અતિ પ્રદુષિત દેશો વચ્ચે સંપૂર્ણ શુદ્ધતાને વરેલા આ નાનકડા દેશને સલામ કરવી જોઈએ. શુદ્ધ હવાને ફેફસાંમાં ભરીને તરોતાજા થઈ જાઓ છો એ જ રીતે ભુતાનમાં

બધું જ ઑર્ગેનિક મળે છે. રાસાયણિક ખાતર કોને કહેવાય એ પ્રજાને ખબર જ નથી. મેં એક ખેડૂતને પૂછ્યું તો આશ્ચર્ય સાથે મારી સામે જોઈ રહ્યો. ખાતર ક્યાંથી લાવો છો? તો એણે આ વૃક્ષ-વનરાજિ વિશે જ વાત કરી. એમનાં ખરતાં પાંદડાં અને જમીનમાં રગદોળાતી વનરાજિ એ જ એમનું ઉત્તમ ખાતર છે. એના ઘઉં અને ચોખાની મીઠાશમાં આર્ગેનિક ખાતરનો પ્રભાવ જોવા મળે છે. આપણે તો જાણે ઝેર ખાતા હોઈએ એવું જ લાગે છે. અનાજ, શાકભાજી, ફળ-ફળાદિ, બધું જ આર્ગેનિક હોવાના કારણે પ્રજામાં રોગનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળ્યું. ઢોળાવોવાળા રસ્તા, પગે ચાલવાની અને ખેતરોમાં કામ કરવાનો શ્રમ એમના શરીરની મજબૂતાઈનું કારણ છે. નેવું વર્ષનો વૃદ્ધ પણ સાઈઠ વર્ષ જેટલો જ લાગે છે.

ભુતાનમાં તીખુ તમતમતું ખાણું જોઈએ. 'જો પરસેવો ના છૂટે તો ભોજનનો કોઈ જ મતલબ હોતો નથી.' એવી માન્યતાવાળાઓને તીખાં મરચાંનો ટેસ્ટ ઘણો ગમે છે. જ્યારે એવાં મરચાંનો ટેસ્ટ કર્યો તો ભાઈ તોબા તોબા... એમના ભોજનની શરૂઆત ચાથી કરવામાં આવે છે. ગાય અથવા યાકનું દૂધ વપરાય છે, આ બધું જ પરંપરાગત રીતે એ લોકો વાપરે છે.

ભુતાનના મોટા ભાગના લોકો માંસાહારી છે. પણ ત્યાંની સૌથી મોટી વિશિષ્ટતા એ છે કે, અહીં જાનવરોની હત્યા કરવાની સખત બંધી છે. ભુતાનને મોટા ભાગનું માંસ ભારત પૂરું પાડે છે, બોલો, રામચંદ્ર કી જય..

ભુતાનમાં રોડ-રસ્તા, વિદ્યુત મથકો અને અન્ય વિકાસ કાર્યો હાથ ધરાયેલાં હોવા છતાં એની પ્રાકૃતિક સંપદાને અકબંધ રાખી છે. પારો વેલીનો મોટા ભાગનો વિસ્તાર ખેતરોથી છવાયેલો છે. બીજા વિસ્તાર કરતાં અહીં સમથળ જમીન વધારે જોવા મળે છે. ખેતરોમાં છૂટાં છવાયાં મકાનો જોવા મળે છે. પારો વેલીનાં મકાનો સમગ્ર ભુતાનમાં સૌથી સુંદર માનવામાં આવે છે. મકાનોમાં ત્રિસ્તરીય બારીની રચના ફક્ત અહીં જ જોવા મળે છે. પારો વેલી શરૂઆતમાં એકદમ સાંકડી ખાઈથી શરૂ થાય છે અને ધીમે ધીમે વિશાળ સ્વરૂપ ધારણ કરે છે અને એરપોર્ટ પાસે એમાં સૌથી પહોળો પટ આવેલો છે એ અમે ઊંચાઈવાળા રસ્તેથી જોઈ રહ્યા છીએ. એરપોર્ટનું દૃશ્ય સુંદર લાગે છે.

ત્યાંથી અમે વળાંકો વળોટતા, ઢાળ ચડતા-ઉતરતા ધીમેથી આવી ગયા છીએ પારોના બજારમાં. પારો બજારમાંથી જમણીબાજુ વળીને, પારો ચુ ઉપર બાંધેલા નાનકડા બ્રીજને વળોટીને આગળ ઊંચા ભાગે આવી ગયા છીએ. અમારા ઉતારાના રીસોર્ટમાં. રીસોર્ટ ખાસ્સી ઊંચાઈએ આવેલો છે. ત્યાં ઉતરીને સૌ સૌને ફાળવેલી રૂમમાં બધા ગોઠવાઈ ગયા. મેં રૂમની બારી ખોલી તો સામે જ પારો ચુ ખળખળ વહેતી હતી. એનો કર્ણમધુર અવાજ કાનને શાતા આપતો હતો. એના સામે કિનારે ઊભાં મકાનો અને એની પાછળ ઊભેલા પર્વતોમાં પથરાયેલો આછો આછો તડકો અમારા આનંદમાં વધારો કરતો હતો. શિખરોની ટોચે બેઠેલાં વાદળો એક આહ્લાદક દૃશ્યને ઑપ આપતાં હતા. બારીમાંથી આવતો ઠંડો પવન થથરાવતો હતો.

સાંજે પારોની બજારમાં આંટો મારવા નીકળ્યા. ઊભા રસ્તે બંને બાજુ મકાનોની હારમાળા છે. પારોનું બજાર મજાનું છે. એમાં પરંપરાગત બે માળનાં મકાનો છે. નીચેના ભાગમાં ગીફ્ટની દુકાન હોય અને ઉપરના ભાગમાં રહેઠાણ. તમારે ભુતાનની યાદગીરી સાથે લઈ જવી હોય તો હેન્ડીક્રાફ્ટ કે એનો પરંપરાગત પોશાક લઈ જઈ શકશો. મેં તનવ અને તનય માટે ભુતાનનો પરંપરાગત પોશાક ખરીદ્યો.

આ પ્રજાની વિશિષ્ટતા એ છે કે, તમે ગ્રાહક તરીકે આવ્યા તો તમને કેવી રીતે લૂંટી લેવા, એવી કોઈ જ દાનત નહિ. વળી, તમે કોઈ વસ્તુ ખરીદો કે ન ખરીદો એનો કોઈ જ વસવસો નહિ. જે રીતે હસતાં હસતાં આવકારે એવી જ રીતે હસતાં હસતાં વિદાય પણ કરે. આ દુકાનોમાં મોટા ભાગે બહેનો જ કામ કરે છે. ભુતાનની પ્રજાના ચહેરા ઉપર હાસ્ય અને આનંદ સિવાય બીજું કશું જ નહિ. તમે ખરીદી માટે વધારે કચકચ કરો તો બે હાથ જોડીને તમને ના પાડી દે. પોતાની વસ્તુ વેચવાની પણ કોઈ જ તમા નહિ! પ્રજાની કેવી ખુમારી. સંતોષ એમનો મુદ્રાલેખ છે.

પારો ચુનો એરપોર્ટ પાસે જ પહોળો પટ છે ત્યાંથી બે ભાગમાં વહેંચાય છે. દોપચારી નામની એક વેલી એરપોર્ટથી ૧૫ કિ.મી., ઉત્તરમાં ફેલાયેલી છે. જ્યારે મુખ્ય વેલી ઉત્તર-પશ્ચિમમાં ફેલાયેલી છે. એ માર્ગ અમારા ઉતારાની સામેના કિનારે આવેલા ડ્રોકિયેલ જોન્ગ આગળ પૂરો થાય છે. જે પારો ગામથી ૧૬ કિ.મી. દૂર છે. એવું લાગે કે પારો વેલીનો અંત આ જોન્ગ આગળ પૂરો થાય છે પરંતુ એ જોન્ગથી પણ ૧૨ કિ.મી. આગળ એકદમ સાંકડા માર્ગ દ્વારા ફેલાયેલી છે.

બૌદ્ધધર્મનો પ્રભાવ ઝીલનારી વેલીમાં પારો વેલી પ્રથમ મનાય છે. અહીં આવેલા કીચુ અને તાક્સંગ મંદિરો એની સાક્ષી પૂરે છે. એવા આ પારોની બજારમાં આંટો મારતાં એની ચોખ્ખાઈ અને પ્રજાની રીતભાતથી પ્રભાવિત થયા વિના રહેવાતું નથી.

અમે હજી તો દુકાનમાં હતા અને એકદમ વરસાદની શરૂઆત થઈ ગઈ. થોડીવાર પહેલાંનું સ્વચ્છ આકાશી વાતાવરણ વરસાદી માહોલમાં ફેરવાઈ ગયું. દૂર દૂર પર્વતોનાં શિખરો ઉપર બેઠેલાં વાદળ દોડતાં આવી ગયાં અને વાતાવરણનો કબજો લઈ લીધો. સાથે પવન અને ઠંડીનો ચમકારો પણ આવી ગયો. અમે ફટાફટ ગાડીમાં ગોઠવાઈને ઉતારે જવા નીકળ્યાં.

❑❑❑

'ઋત' ૪૩, તીર્થનગર, વિ૦૧, સોલા રોડ, ઘાટલોડીયા,
અમદાવાદ - ૩૮૦૦૬૨. મો. ૯૮૨૫૦૯૮૮૮૮

# જશો

## નટવરભાઈ દેસાઈ

ઘણાં વર્ષો પહેલા એક મોટો સમ્રાટ ચક્રવર્તી રાજા હતો. તે પોતે ખૂબ વિદ્વાન અને તેનાં દરબારમાં અનેક મોટા મોટા વિદ્વાનોને આશરો આપતો. દરબારમાં અવારનવાર આધ્યાત્મિક તથા ધાર્મિક ચર્ચાઓ થતી. તેમાં બાદશાહ પણ સક્રિય રસ લેતો હતો. એક વખત બાદશાહને વિચાર આવ્યો કે સાર્થક જીવન જીવવાની જે ફીલસૂફી છે, તે ફક્ત એક જ શબ્દમાં જણાવવી હોય તો તે માટે કયો શબ્દ યોગ્ય છે. તેણે દરબારમાં વિદ્વાનોને અનુલક્ષીને જાહેરાત કરી કે જે વિદ્વાન ફક્ત એક જ શબ્દમાં જીવનનું રહસ્ય સમજાવી શકે તેનું અભિવાદન કરી અને તેને ઈનામ આપવામાં આવશે.

આ જાહેરાત સાંભળીને બધા વિદ્વાનો વિચારમાં પડી ગયા અને જીવનની ફીલસૂફી માટે લખવાનું હોય તો વિગતવાર લખવું જોઈએ. તેને માટે ફક્ત એક જ શબ્દમાં જણાવવાનું અશક્ય છે. આ બાબતમાં દરેક વિદ્વાનો મુંઝવણમાં પડી ગયા અને તેમાંથી કોઈ પણ વિદ્વાન જવાબ આપી શક્યો નહીં. આ બાબત રાજાએ બીજે દિવસે પણ પંડિતોને આનો જવાબ આપવા માટે ખૂબ આગ્રહ કર્યો. પરંતુ કોઈને આ બાબત શક્ય લાગી નહિ. રાજાએ જાહેરાત કરી કે જે કોઈ પણ આનો જવાબ આપી શકે તેમ હોય તે એક કાગળ ઉપર લખી મને આપી જાય અને તે યોગ્ય હશે તો હું તે માન્ય કરીશ.

ત્રીજે દિવસે તાજેતરમાં દરબારમાં દાખલ થયેલ એક વિદ્વાને દરબારમાં રાજા પાસે જઈ અને કાગળની એ ચબરખી આપી જેની ઉપર ફક્ત એક જ શબ્દ લખેલો હતો. રાજાએ એ ચબરખી ખોલી અને વાંચ્યા પછી થોડો વિચાર કરી ખુબ ખુશ થયો અને પોતાનો આનંદ વ્યક્ત કરવા ઊભા થઈને તે વિદ્વાનને ભેટ્યો અને તે કાગળની ચબરખીની ઘડી વાળી રાજાએ પોતાની વીંટી પાછળ આંગળી ઉપર આ ચીઠ્ઠી રાખી દીધી અને વિદ્વાનનું બહુમાન કરી ખૂબ મોટો ઈલ્કાબ આપી અને ઈનામ પણ આપ્યું. પરંતુ ચીઠ્ઠીમાં શું લખ્યું છે, જેથી કરી રાજા આટલા ખુશ થયા, તે જાણવા માટે બધાએ રાજાને વિનંતી કરી કે ચીઠ્ઠીમાં શું લખ્યું છે, તે જાણવાની અમારી ખૂબ ઈંતેજારી છે. રાજાએ જણાવ્યું કે ચીઠ્ઠીમાં એક જ શબ્દ લખ્યો છે અને તે શબ્દ 'જશે' છે. જો આ શબ્દનો સાર્થક અર્થ સમજણમાં આવે અને તે આત્મસાત કરી જીવનમાં ઉતારીએ તો જીવનની આધિવ્યાધિમાંથી મુક્ત થઈએ અને હંમેશા પ્રફુલ્લિત રહીએ. 'જશે'નો અર્થ થાય જે કંઈ પણ છે તે કાયમ માટે નથી. વહેલું-મોડું તે જવાનું છે. દુઃખ હોય કે સુખ હોય તે કાયમ માટે નથી. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવ્યા કરે છે. વસંત પછી પાનખર અને પાનખર પછી વસંત આવવાની જ છે. તે જ રીતે જન્મ પછી મરણ અને મરણ પછી પાછો જન્મ તે ઘટમાળ ચાલતી રહે છે. જે કાંઈ પરિસ્થિતિ છે તે કાયમ માટે નથી અને તે બદલાતી રહે છે. તેમાંથી આપણે સાર ગ્રહણ કરવાનો કે સુખમાં છકી ન જવું અને દુઃખમાં હારી ન જવું. આ બન્ને વસ્તુ બદલાતી રહે છે અને તે સમજણ પ્રમાણે જો આપણે આપણું જીવન જીવીએ તો સુખ યા દુઃખની આપણી ઉપર બહુ ઘેરી અસર થાય નહીં. આ જીવન પણ ક્ષણભંગુર છે અને ક્યારે પૂરું થશે તે કોઈ જાણતું નથી અને પુરું થશે ત્યારે ગમે કે ન ગમે બધુ છોડીને જવું પડશે. એટલે તેનો મોહ અથવા મમતા રાખવી યોગ્ય નથી. આ વાતો સમજવામાં આવે તો જીવન જીવવાની કોઈ મોટી ફીલોસોફીની ચર્ચા કરવાની જરૂર નથી અને ફક્ત આ બાબત આત્મસાત કરી આપણું જીવન પ્રફુલ્લિત રાખી શકીએ. આપણે સૌ જાણીએ છીએ તેમ કાળને કોઈ રોકી શકતું નથી અને સમયને કોઈ અટકાવી શકતું નથી અને તે મુજબ જે નિયતીમાં લખાયેલ હોય છે તે સઘળું બનતું રહે છે. તેમાં આપણાથી કોઈ ફેરફાર થઈ શકે નહીં. આપણા હાથમાં ફક્ત તેને કઈ રીતે સ્વીકારવું તે આપણે નક્કી કરવાનું છે અને જે કાંઈ આવે છે તે જવાનું છે અને જશે તે પાછું આવવાનું છે તે કુદરતનો નિયમ છે અને સત્ય એ આપણે સૌ હસતે મોઢે સ્વીકારી લઈએ તો આપણી માનસિક સમતુલા જળવાઈ રહે અને પ્રફુલ્લિતતા કાયમ રહે. આપણે પ્રાર્થના કરીએ કે ઈશ્વર આપણને આવી સદ્‌બુદ્ધિ આપે અને આપણે સૌ હંમેશા આનંદમાં રહીએ.

❑❑❑

મોબાઈલ : ૯૩૨૧૪૨૧૧૯૨


### 'પ્રબુદ્ધ જીવન' હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ

૧૯૨૯ થી માર્ચ ૨૦૧૫ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના બધાં જ અંકો સંસ્થાની વેબસાઈટ www.mumbai-jainyuvaksangh.com ઉપર આપ વાંચી શકશો. તેમજ ડી.વી.ડી. સ્વરૂપે પણ આ બધાં અંકો ઉપલબ્ધ છે.

જિજ્ઞાસુ અને પુસ્તકાલયોને આ ડી.વી.ડી. **વિના મૂલ્યે** અમે અર્પણ કરીશું.

આ ડી.વી.ડી. ના સૌજન્યદાતા

૧. ફોરમ ઑફ જૈન ઈન્ટેલેકચ્યુઅલ
   હસ્તે-અંજના રશ્મિકુમાર ઝવેરી અને મયૂર વોરા.

૨. નિર્મળાનંદ જ્યોત, રેખા-બકુલ નંદલાલ ગાંધી

**સંપર્ક : સંસ્થા ઑફિસ - ૦૨૨-૨૩૮૨૦૨૯૬**

# અભ્યંતરતપ - સ્વાધ્યાય-ધ્યાન અને કાયોત્સર્ગ

સુબોધીબેન સતીશ મસાલીઆ

**(ગતાંકથી ચાલુ...)**

**સ્વા**ધ્યાય - ધ્યાન અને કાયોત્સર્ગ આ હેડીંગ નીચે સપ્ટેમ્બર ૨૦૧૭ થી ચાલુ કરી માર્ચ ૨૦૧૭ સુધી સાત લેખ છપાઈ ચૂક્યા છે. જીજ્ઞાસુએ આ બધા લેખ ભેગા કરી એકવાર સળંગ વાંચી જવાથી આ ઉત્કૃષ્ટ તપ સ્વાધ્યાય-ધ્યાન વિષે બૌધિક સ્તરે જાણકારી મળશે. પરંતુ આ જાણકારીને ફક્ત બૌદ્ધિક સ્તર સુધી ન રહેવા દઈ એને અનુભવ જ્ઞાન બનાવવા માટે જો એમાં ડૂબકી મારશો તો એક બોધીબીજ વવાઈ જશે. એક સમ્યક્ રત્ન પ્રાપ્ત કરવા ભણી ડગ મંડાઈ જશે. બૌધિક સ્તર સુધીનું જ્ઞાન તો એક અહંકાર જગાવશે કે 'હું જાણું છું, મને બધી ખબર છે. ' પરંતુ પ્રાપ્ત કંઈ નહીં કર્યું હોય. દરેકે દરેક અધ્યાત્મ યોગી અનુભવમાં ઉતરવાની જ વાત કરે છે જુઓ...

યોગીશ્વર ચિદાનંદજી આધ્યાત્મબાવનીમાં કહે છે કે,

*''ચેતનકુ પરખ્યો નહિ, ક્યા હુઆ વ્રતધાર?*
*શાલ વિહુણા ખેત મેં, વૃથા બનાઈ વાડ.''*

એ જ વાત અધ્યાત્મ યોગી આનંદઘનજી વાસુપૂજ્ય જિનસ્તવનમાં કહે છે કે...

*'આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલીંગી રે..'*

તો ઉપાધ્યાય યશોવિજયજી આધ્યાત્મિક પદ -૩૯ માં કહે છે કે

*''લિંગ, વેષ, કિરિયાકું સબ હી, દેખે લોક તમાસી હો,*
*ચિન મૂરતિ ચેતન ગુન ચિન્હે, સાચો સોઉ સંન્યાસી હો.''*

વૃત્તિના પરિવર્તન વિનાની પ્રવૃત્તિની ફેરબદલીનું એટલે કે સમ્યક્ દર્શનના સાથ વિનાના ચારિત્રનું બહુમૂલ્ય જ્ઞાનીઓએ આંક્યું નથી. સમ્યક્દર્શન એ ચારિત્રનો પાયો છે. મુક્તિનું એ બીજ છે. પારમાર્થિક સમ્યક્ દર્શન જેનાથી ભવભ્રમણ સીમિત થઈ જાય છે તે સમ્યક્ દર્શન છે શું?

શું એ અમુક જાત-પંથ-સંપ્રદાય કે ધાર્મિક જૂથમાં જોડાવાથી પ્રાપ્ત થઈ જતી કોઈ ચીજ છે? કે પછી વ્યક્તિ જે સંપ્રદાયમાં જન્મી હોય કે જે સંપ્રદાય કે જૂથની એ સભ્ય હોય, તે જૂથના સાધુ સંતો સિવાયના અન્ય સાધુ-સંતો કે શાસ્ત્રના સન્માન-સત્કાર-સમાગમ ન કરવાના શપથ લેનારને સમ્યક્ દર્શન પ્રાપ્ત થઈ જાય છે? ના...

આંતરિક નિર્મળતા વધતાં, વિષય કષાયનો વેગ મંદ પડે છે. ખોટા કદાગ્રહો છૂટી જાય છે. પોતાના શુદ્ધ સ્વરૂપ તરફ સાધકની દૃષ્ટિ જાય છે તેને ભાન થાય છે કે હર્ષ-શોક, સુખ-દુઃખ, રાગ-દ્વેષ અને વિકલ્પ માત્રથી પર નિર્વિકલ્પ શુદ્ધ જ્ઞાન અને આનંદ એ જ પોતાનું સ્વરૂપ છે. એ બૌધિક ભાન યોગ્ય સાધના દ્વારા જ્યારે અનુભૂતિમાં પરિણમે છે ત્યારે સમ્યક્ દર્શન પ્રાપ્ત થાય છે. સમ્યક્ દર્શન એ એક અનુપમ ઉપલબ્ધિ છે. એ એક અનુભવ છે. જેને જેને આ અનુભવ થયો છે તેઓ આનું વર્ણન શબ્દોમાં કરી શક્યા નથી. એ અલૌકિક આનંદની અનુભૂતિ શબ્દોથી પર છે. ચાલો...સમ્યક્ દર્શન વિષેની વિસ્તૃત ચર્ચા આપણે પછી કરીએ... પહેલાં વાચકોના આવેલાં બે-ચાર સવાલો પ્રત્યે દૃષ્ટિ કરીએ...

**સવાલ : આ પ્રક્રિયાનું વિપશ્યના-ધ્યાન-સ્વાધ્યાયનું લક્ષ્ય શું છે?**

**જવાબ :** શરીરની સ્થૂલ-સૂક્ષ્મ સંવેદનાઓને નિરાશક્ત ભાવે જોતા રહેવાનો અભ્યાસ પરિપક્વ થયે (આ અભ્યાસ એજ સ્વનો અધ્યાય-સ્વાધ્યાય) ખુદ પોતા જ અનુભવને આધારે એ તથ્યનો સાક્ષાત્કાર થાય છે કે આ શરીર એ કોઈ સ્થિર કે ઘન વસ્તુ નહિ પણ ક્ષણે ક્ષણે પલટાતા પરમાણુઓનો પુંજ માત્ર છે. આ અનુભવ દ્વારા, શરીરની ઘન સંજ્ઞા નષ્ટ થતાં દેહમાં થતી આત્મબુદ્ધિની ભ્રાંતિ ભાંગે છે અને નિર્લિપ્તતા પુષ્ટ થાય છે. આપણા શરીરમાં અનુભવાતી સ્થૂલ-સૂક્ષ્મ સંવેદનાના અવલંબનથી સતત પરિવર્તનશીલ દેહધારાનું ને ક્રમશઃ ચિત્તધારાનું પણ નિરિક્ષણ અને પરીક્ષણ કરતાં રહી સમસ્ત અવચેતન મનને જાગૃત કરી તેને ચેતન મનમાં પલટી નાખી, શરીર અને મનની પ્રવાહમાન ધારાથી અલગ એવા શાશ્વત સત્યનો પ્રત્યથી બોધ પ્રાપ્ત કરી, રાગ-દ્વેષ-મોહના સમસ્ત સંસ્કારોથી મુક્ત થઈ જવું, એ આ પ્રક્રિયાનું લક્ષ્ય છે.

બધી જ ધાર્મિક પ્રવૃત્તિનું લક્ષ્ય છે. ચિત્ત શુદ્ધિ, વ્યવહાર શુદ્ધિ અને સમત્વના વિકાસ દ્વારા સાધકની વૃત્તિને અંતરમુખ કરી આત્મદર્શન/આત્મજ્ઞાનની પ્રાપ્તિ ભણી સાધકને દોરી જવાનું. જો એ ધર્મ પ્રવૃત્તિ વડે ચિત્તની શુદ્ધિ ન થાય અને ધાર્મિક ક્રિયાઓ ભટકતા ચિત્તે, ઉપયોગ શૂન્યપણે જ થતી રહે તો તે મોક્ષસાધક બનતી નથી. આ ચેતવણી આપણા પૂર્વાચાર્યોએ શાસ્ત્રગ્રંથોમાં ઠેર ઠેર ઉચ્ચારી છે. જુઓ... ઉપા. યશોવિજયજી મહારાજે સજ્ઝાયમાં શું કહ્યું છે..

*વચન કાયા તે તો બાંધીએ, મન નવિ બાંધ્યું જાય..*
*મન બાંધ્યા વિણ પ્રભુ ના મિલે, ક્રિયા નિષ્ફળ થાય..*

આજની આપણી ધર્મક્રિયાનું હુબહુ ચિત્ર આ પંક્તિઓમાં રજૂ થયું છે. ઉપયોગ શૂન્ય, અમનસ્ક પણે, થતી ધર્મક્રિયા, દ્રવ્યક્રિયા બની જાય છે. ચિત્ત શુદ્ધ - શાંત - સ્થિર થઈ શકે એવી કોઈ સાધના પદ્ધતિ હોય તો તે વિપશ્યના સાધના છે.

વિપશ્યના સાધનાથી અંતર્મુખી થઈ, દૃષ્ટાભાવ કેળવી, સમતામાં સ્થિત થઈને ક્રમશઃ પ્રગતિ કરતાં કરતાં અંતે સર્વે કર્મનો

ક્ષય કરી મુક્તિની ઉપલબ્ધિ કરી શકાય છે. આવી સુંદર અને શુદ્ધ ધર્મની સાધના અંગે આપણામાં ઘણી ગેરસમજ ચાલી રહી છે.

**સવાલ : ઘણી બધી ધ્યાન સાધના પ્રચલિત છે જેવી કે પ્રેક્ષાધ્યાન, બ્રહ્મધ્યાન વગેરે વગેરે.. એમાંથી વિપશ્યના ધ્યાન સાધનાની જ પસંદગી શા માટે ?**

**જવાબ :** ધ્યાન તો ઘણા પ્રકારના છે. પણ કોઈ ધ્યાનમાં તમે જાણ્યું કે દસ-દસ દિવસ સુધી સંપૂર્ણ મૌન રહેવું, સંપૂર્ણપણે સાંસારિક સંબંધો, વ્યવહારો કાપી નાખીને એક સાધુ જેવું જીવન જીવવું... ન છાપું, ન મોબાઈલ, ન વાતચીત. સંપૂર્ણ બ્રહ્મચર્ય, સ્વાભાવિક રીતે બનતી ઘટનાઓ પ્રત્યે રાગ નહિ કરવો, દ્વેષ નહિ કરવો, સંપૂર્ણ પણે સમતામાં સ્થિર થવું (સામાયિક). બીજા કોઈ ધ્યાન સાધનામાં આવું બધું જાણ્યું ? નહિ ને ? અને આમાં તમે જોયું ને કે જે કાંઈ કરવાનું છે તે જૈન ધર્મના સિદ્ધાંત પ્રમાણે જ કરવાનું છે. પ્રતિક્ષણ જાગ્રત રહેવું (સમયં મા પમાયં ગયંમ્) અનિત્ય ભાવનામાં સ્થિર થવું, કર્તા-ભોક્તા ભાવમાંથી બહાર નીકળી ફક્ત દૃષ્ટાભાવ સ્થાપિત કરવો તો આ એક જ સાધના પદ્ધતિ છે. જે સંપૂર્ણપણે જૈન સિદ્ધાંત અનુસાર છે. આમાં કોઈ વસ્તુ તમને જૈન સિદ્ધાંતની વિરૂદ્ધ દેખાતી હોય તો મને બતાવો. પાંચ નિયમોમાં પહેલું જ અહિંસાનું પાલન (જૈન ધર્મનો પાયો) જૂઠું નહિ બોલવું, ચોરી નહિ કરવી, માદક પદાર્થોનું સેવન નહિ કરવું, બ્રહ્મચર્યનું પાલન કરવું... મને કહો આમાં કયો નિયમ જૈન ધર્મની વિરૂદ્ધ છે ? મૌનનું મહત્ત્વ જૈન ધર્મમાં બતાવ્યું છે, એટલું કોઈ ધર્મમાં નથી. રોજની દસ-દસ કલાક સાધના - તેમાંય ત્રણ કલાક તો સંપૂર્ણ સમતામાં સ્થિર.. એક આંગળી પણ ન હલે એવું અડોલ આસન.. બતાવો કયા ધ્યાન - સાધનામાં છે ? આવું જો સામાયિક કરતાં આવડી જાય તો જીવનમાં સાચું સામાયિક સમજાઈ જાય.. પૂન્યાનું સામાયિક સમજાઈ જાય.

વળી બીજી વસ્તુ ખાસ ધ્યાનમાં રાખો કે જેમાં જેમાં જરાપણ મન-વચન કે કાયાનું હલન-ચલન છે, તેમાં કર્મોનો આશ્રવ ચાલુ છે. પછી તે ૐનું રટણ હોય, ઉચ્ચારણ હોય કે વિવિધ રંગોની કલ્પના કરવાની હોય, મનથી વચનથી આવતા કર્મોનો આશ્રવ ચાલુ. તો કર્મોથી મુક્તિ ક્યાં ? જો કર્મોથી મુક્તિ નથી, નિર્જરા નથી તો ગુણોનો આર્વિભાવ ક્યાં ? ઉપલબ્ધિ ક્યાં ?

જો યોગ્ય પદ્ધતિથી નિયમઅનુસાર વિપસ્યના સ્વાધ્યાય-ધ્યાન કરવામાં આવે તો છ-બાર મહિનામાં તમે પોતે અનુભવશો કે અરે... પહેલા મને બીજાની પ્રગતિ જોઈને ઈર્ષ્યા આવતી હતી, ભલે હું મોઢેથી મીઠું બોલું પણ મનમાં બળતો હતો.. હવે એવું નથી થતું, પહેલા નાની નાની વાતમાં ક્રોધથી ધમધમી ઉઠતો હતો હવે હું કંટ્રોલ રાખી શકું છું.. પહેલા બિન્ધાસ્ત મોટું જૂઠાણું બોલતો હતો. હવે કાંઈક નાનું સરખું જૂઠું કહેવામાંય ખચકાટ અનુભવું છું. આમ જે ક્રિયા કરી એનું પરિણામ મળવાનું ચાલુ થઈ જાય છે.. ગુણોનો આર્વિભાવ થવા લાગે છે. મહાવીરે એજ તો કર્યું.. અંદર રહેલાં આ બધા શત્રુ (અરિ) ક્રોધ-લોભ-ઈર્ષ્યા-હઠાગ્રહ-રાગ-દ્વેષ વગેરેને હણ્યા... માટે તો અરિહંત કહેવાયા જન્મ - જન્માંતરના અંતરમનના ઠેકડા મારવાતા સ્વભાવને પલટી અંતરમાં સ્થિર થઈ, સમતામાં સ્થિર થવું... એ એક બહુ મોટી, બહુ અઘરી અંતરંગ પ્રક્રિયા છે, આ ક્રિયા દ્વારા અંગરંગ અનુભવ દ્વારા જે જ્ઞાન ઉત્પન્ન થાય છે. તેને જ કહેવાય છે કે ''ક્રિયા વગર જ્ઞાન નહિ''. આપણે ક્રિયાનો સ્થૂળ અર્થ લઈ લીધો કે જે બાહર દેખાય છે તેટલી જ ક્રિયા, પણ આ મન-વચન-કાયાને સ્થિર કરી, જૂના કર્મોની ઉદિરણા કરી. રાગ-દ્વેષમાં ન ખેંચાઈ જતાં સમતામાં રહી ઉદિરણામાં આવેલા કર્મોની નિર્જરા કરવી. આ સૌથી અઘરી સૌથી મહાન ક્રિયા છે જેના પરિણામે અનુભવ જ્ઞાનની ઉપલબ્ધિ થાય છે.

**સવાલ : બૌધદર્શન નિત્ય આત્માને તો માનતું જ નથી. ક્ષણિકવાદનું પ્રતિપાદક છે. બસ માત્ર જડ શરીરને જોયા કરો અને શ્વાસ પર ધ્યાન રાખો. એનાથી શું વળે ?**

**જવાબ :** અરે ભાઈ... બૌધ દર્શન આત્માને માને કે ન માને તેનાથી આપણને શું ફરક પડે છે ? આપણને મહાવીરે કહ્યું છે કે આત્મા છે તો છે જ. આપણને એ લોકો એમ તો નથી કહેતા ને કે અમારી માન્યતાને કબુલ કરો પછી જ અમે તમને આ વિદ્યા શીખવાડીશું..? ? આપણે આપણા કામથી કામ... ન આપણે આપણી અંતરની માન્યતા બદલવાની જરૂર છે કે નતો એમની શું માન્યતા છે તેની ચિંતા કરવાની જરૂર છે. આતો સમજ-સમજની ફેર છે. અમુક શબ્દોનો તે સમયમાં જે અર્થ થતો હતો તે આજે બદલાઈ ગયો હોય તેથી પણ ગેરસમજ ઉભી થતી હોય.. 'અનાત્મ'નો અર્થ 'આત્મા નહિ' એવો પણ થાય અને 'અનાત્મ' એટલે 'જડ' 'પુદ્ગલ' એવો પણ થાય. આત્મ એટલે ચેતન અને અનાત્મ એટલે જડ. જે દેહમાં પ્રતિપલ ઉત્પન્ન થતાં ને નાશ થતાં તરંગો અનુભવાય છે તે જડનું લક્ષણ છે. તો આ દેહમાં અનાત્મબોધ (જડ) થાય ને એમાં 'હું'પણું મટે એવો પણ આશય હોઈ શકે. આત્મા તો 'ધ્રુવ' છે, નિત્ય છે, તેનું દર્શન, સાક્ષાત્કાર... જૈનો એને સમ્યક્દર્શન કહે છે, બૌધો એને નિર્વાણનો સાક્ષાત્કાર કહે છે. પણ વાત તો એક જ છે, ફક્ત સમજ ફેર છે.

બૌધ ધર્મગ્રંથો નોંધે છે કે ગૌતમ બુદ્ધે સમ્યક્ સંબુદ્ધ થવાનો સંકલ્પ, પોતે જ્યારે સુમેધ નામે બૌધ પરિવ્રાજક હતા ત્યારે કરેલો. તે વખતે વિહરમાન દીપંકર બુદ્ધના જીવનકાળમાં અગણ્યભવો પહેલા કરેલો. તો જો 'બૌધદર્શન અનત્મવાદી હોય તો દીપંકર બુદ્ધ પાસે આશિષ માંગનાર કોણ ? અબજો-અબજ ભવ સુધી એકધારી સાધના કરી ગૌતમબુદ્ધ થનાર કોણ ? જો બૌધ દર્શન એ મતનું હોય કે નિત્ય-આત્મતત્ત્વ જેવું કંઈ છે નહિ તો પહેલી

વાત તો એ કે બૌધધર્મ નિર્વાણ માટેનો પુરૂષાર્થ કરવાનો અનુરોધ કોને કરે છે? કર્મ સાથે કોણ બંધાયેલું છે? કર્મની નિર્જરા થતાં નિર્વાણનો અનુભવ કોને થાય છે? ટૂંકમાં આ કોઈ સમજ ફેર છે, અથવા તો દાર્શનિકો એ મનમાન્યો અર્થ પકડી લઈ તેની આસપાસ તર્કજાળ ગુંથાઈ ગઈ હોય. માટે આ પ્રશ્નોનો તાગ સાધના દ્વારા વાચક જાતે જ મેળવે. શબ્દજાળમાં ન અટવાય.

બીજો સવાલ છે જડ શરીરને જોવાથી શું વળે? ચિત્તને કાયામાં જ પરોવી રાખી મસ્તકથી પાની સુધી શા માટે ઘુમાવવું?

અરે ભાઈ... આત્મા ખોવાયો છે તો આ કાયામાં જ ને? જે વસ્તુ જ્યાં ખોવાઈ છે ત્યાં એને શોધીએ તો મળે કે એને બીજે શોધતા રહીએ તો? એની શોધમાં આપણે આખી ધરતી ખુંદી વળીએ છીએ, માત્ર નથી નજર કરતાં આ કાયામાં જ્યાં એ વસે છે. માટીના ઢગલામાં હીરો ખોવાયો હોય તો હીરાને શોધવા માટે પહેલા તો માટી જ ઉલેચવી પડશે ને? હું એમ કહું કે મારે તો હીરો જ જુવે છે પછી માટી શું કામ ઉલેચું? તો પછી બેસી રહે આખી જિંદગી, હીરો કદીય હાથમાં નહિ આવે.

વિપશ્યના દ્વારા આ કાયાના કણ કણને, અણુ-અણુને ઉપરતળે કરીને એની ભાળ મેળવાય એનું માધ્યમ રહે છે સંવેદના કે શ્વાસ. સભાનતાપૂર્વક શ્વાસનો કે સંવેદનાનો અનુભવ કરતાં થયા કે આત્મા સાથે સંતાકૂકડી શરૂ થઈ જાય છે. ને એમ કરતાં એક દિવસ એ પકડાઈ જાય છે. પ્રથમ શ્વાસ પછી સ્થૂળ-સૂક્ષ્મ સંવેદના/અદુ:ખદ અસુખદ સંવેદના, પછી એથીયે સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ સંવેદના જોતાં જોતાં અપ્રમત્ત જાગૃત સાધકને ખાતરી થઈ જાય છે કે આ કાયામાં સ્થિર-નિત્ય જેવું કાંઈ છે જ નહિ. એ તો ક્ષણે ક્ષણે વિખરાતા પરમાણુઓનો ઢગલો માત્ર જ છે. એમાં 'હું'પણાની બુધ્ધિ રાખવી એ નરી ભ્રાંતિ છે. કાયા પ્રત્યેની જન્મોજનમની આસક્તિ આ અનુભવથી ઓગળવા માંડે છે. ક્રમશઃ રાગ-દ્વેષ-મોહના સંસ્કારો ક્ષીણ થતા જાય છે. એની સમસ્ત તૃષ્ણા શાંત થઈ જાય. ક્ષુદ્ર 'હું' લુપ્ત થાય છે ને સાધક, ધ્રુવ નિત્ય-શાશ્વતતત્ત્વનો સાક્ષાત્કાર પામે છે. આમ વિપશ્યનાની પદ્ધતિએ અનેકાંતદ્રષ્ટિથી - ભાસમાન સચ્ચાઈ તેમ વાસ્તવિક સચ્ચાઈ (ક્ષણભંગુરતા) પ્રત્યે નિરંતર સભાન રહી આ કાયાને જોતાં જોતાં આ કાયામાં જ ભગવાનનો ભેટો થઈ જાય છે. હજુ કેટલાકની શંકા અને તેનું સમાધાન વાંચો આવતા અંકે.

(માર્ચ ૨૦૧૮ના અંકમાં નીચેની પ્રીન્ટીંગ મીસ્ટેક રહી ગઈ છે તે સુધારીને વાંચવા મહેરબાની)

| પેજ નં. | સાઈડ | લાઈન નં. | ખોટું | સાચું |
|---|---|---|---|---|
| ૨૪ | લેફ્ટ | ૨૩ | જાણે | ભલે |
| ૨૫ | રાઈટ | ૫ | આવો | આતો |
| ૨૫ | લેફ્ટ | ૧૪ | આવજે | આપજે |
| ૨૫ | લેફ્ટ | ૩૮ | અટીશ | અરીશા |
| ૨૬ | રાઈટ | ૧૫ | કટી | કરી |
| ૨૬ | લેફ્ટ | ૨૩ | સંઘયારો | સંઘયણ |
| ૨૬ | લેફ્ટ | ૨૫ | સમજ | સમય |
| ૨૭ | લેફ્ટ | ૨૭ | સાધુ | સાફ |

❑❑❑

- ૧૯ ધર્મપ્રતાપ, અશોકનગર, કાંદિવલી (ઈસ્ટ),
મો. ૮૮૫૦૦૮૮૫૬૭.



જીવનપંથ : ૮

# વાચન... અપાર – જીવનનો બેડો પાર..

## ડૉ. ભદ્રાયુ વછરાજાની

બન્યું એવું કે, સ્વામી વિવેકાનંદના જીવનના બાળપણના પ્રસંગોએ મને જબરો જકડી લીધો અને તેમને ઈશ્વર દેખાડવા તૈયાર થનાર તેના ગુરુ શ્રી રામકૃષ્ણદેવ વિષે જાણવાની ઉત્કંઠા જાગી. પહેલાં જ વાચનથી એટલી પ્રતીતિ થવા લાગેલી કે શેરીમાં આખી સાંજ આથડવા કરતાં આવું વાચવામાં વધુ મઝા આવે છે. ધીમે ધીમે સ્પર્ધા ન હોય તો પણ શ્રી રામકૃષ્ણ આશ્રમ જવા લાગ્યો અને ત્યાં બે જ કુતૂહલના વિષયો રહ્યા : પલાંઠી મારીને બંધ આંખે ધ્યાનસ્થ બેઠેલી શ્રી ઠાકુરની પ્રતિમા અને આશ્રમની વિશાળ લાયબ્રેરીમાં બેસી એકાગ્રતાથી વાચન કરતા કેટલાય લોકો. પહેલાં ઠાકુરનાં અને પછી પુસ્તકનાં દર્શન મારો ક્રમ બની ગયો. સાત ધોરણ સુધીમાં તો આશ્રમનાં પુસ્તકોમાંથી જીવનચરિત્રો વાંચી ગયો. રામ અને કૃષ્ણના રોચક જીવન પ્રસંગો વાંચી ગયો. આજે વિચારું છું ત્યારે લાગે છે કે વાચનપ્રીતિ ધીમે ધીમે અનેક ક્ષેત્રો તરફ દોરતી ગઈ. શ્રી રામ અને શ્રી કૃષ્ણની જીવની પુસ્તકોમાં વાંચ્યાથી મારી જિજ્ઞાસા વધી. એ સમયમાં રાજકોટનાં શાસ્ત્રી મેદાનમાં પૂજ્ય શ્રી ડોંગરે મહારાજની ભાગવતકથા વારંવાર યોજાતી. હું જેને મારી મા ગણું છું તે મારી નાનીમાની આંગળી પકડી આ કથામાં એકવાર ગયો ને બાળ કાનુડાની વાતો ભાવસભર કંઠમાં શ્રી ડોંગરેજી પાસેથી સાંભળી. પેલી પુસ્તક સ્મૃતિ તાજી થઈ અને કથા ગમવા લાગી. તે આજે પણ કથા સ્વરૂપ મને બહુ ભાવમય બનાવે છે. આડ વાત કરું, કોલેજમાં ગયો ત્યાં સુધીમાં મેં શ્રી ડોંગરેજી મહારાજની ભાગવતકથા ત્રણવાર પૂરેપુરી સાંભળી, બે વખત તો મારી ડાયરીઓમાં ભરપૂર લખતો ગયો ને સાંભળતો ગયો!

જેમ પુસ્તક પરથી કથાનો રસ જાગ્યો તેમ જ કથાએ પુસ્તકપ્રેમમાં વધારો કર્યો. કથા સ્થળે ધાર્મિક ગ્રંથોના સ્ટૉલ્સ હોય જ, તેમાં લટાર મારતો. ઘણાં પુસ્તકો ખરીદી લેવાની ઈચ્છા થતી પણ ખિસ્સાં તરત મનાઈ ફરમાવતાં. મેં પહેલું પુસ્તક ખરીદ્યું હોય તેવું બન્યું છેક કૉલેજમાં આવ્યો ત્યારે.. યાદ છે બરાબર કે શ્રી હરીન્દ્ર દવેનું પુસ્તક 'માધવ ક્યાંય નથી' મેં સૌ પ્રથમ ખરીદેલું પુસ્તક.. પણ તે હમણાં સુધી સાચવી રાખેલું; એ વાંચ્યા પછી સમજાયેલું કે, ડોંગરે મહારાજ કાનુડાની વાતો કરતાં કરતાં કેમ રડી પડતા હતા!? હું વાંચવામાં ધીમો, જે ફકરો સ્પર્શે તે ફરી ફરી વાંચું તેથી મારી ગાડી ધીમી ચાલે. વળી મને વાંચતા વાંચતા જે ગમે ત્યાં પેન્સિલથી નિશાની કરવાની ટેવ.. કોઈકનું પુસ્તક વાંચવા લીધું હોય તો વાંચું ખરો પણ મને અધુરપ લાગે, કારણ કોઈકનાં પુસ્તકમાં ઈચ્છા થાય ત્યાં લીટી ન તણાય ને..! બસ, આથી એમ થતું; મને જે ગમે તે પુસ્તક હું ખરીદી લઉં કે જેથી તેને માત્ર વાંચી નહીં, માણી પણ શકાય.. (જો કે ખરીદીને પોતીકું બનાવવાના અભરખા ઘણાં વર્ષો સુધી પૂરા ન થયા, એ જુદી વાત છે.!)

એક વાત કહું, મારે કોઈને પૂછવું નથી પડ્યું કે કયું પુસ્તક હવે વાંચવું? કારણ વાંચતો ગયો ને નવું વાંચવાનું જડતું ગયું. આઠમા ધોરણમાં હતો ત્યારે આચાર્ય રજનીશને સાવ નજીક બેસી સાંભળેલા. કોણ જાણે કેમ, મને મારી તેર વર્ષની ઉંમરે ત્યારે એવું લાગેલું કે આચાર્ય રજનીશ એક મહાન ચિંતક તરીકે પગદંડો જમાવશે. ઓશોનાં અનેક પુસ્તકો વાંચવાનું કૉલેજકાળમાં બન્યું અને તેમાં લગભગ લગભગ ડૂબી જવાયું. (આજે પણ નીકળી શક્યો નથી. તેમ સ્વીકારતાં જીવ ઠરે છે.) કૉલેજમાં નાટકોમાં ખૂબ ભાગ લેતો, વક્તૃત્વ સ્પર્ધામાં યુનિવર્સિટી ટોપ કરતો એટલે અનેક વિષયો વિષે વાંચવું પડે. મહાત્મા ગાંધી – સરદાર – સ્વાતંત્ર સંગ્રામ વગેરે અનેક વિષે પૂરેપૂરું વાંચી ગયો, કૉલેજકાળમાં જ. એમાં થોડો રોમાન્ટિક વળાંગ પણ આવ્યો. કૉલેજમાં નાટકમાં સાથે કામ કરતી ગર્લફ્રેન્ડે વીનેશ અંતાણીની 'પ્રિયજન' ભેટમાં આપી.. એક બેઠકે વાંચી ગયો, પેલી ગર્લફ્રેન્ડ પ્રિયજન ન થઈ, પણ વીનેશ અંતાણીનું વ્યસન થઈ ગયું એ જમા પાસું..

❑❑❑


મો. ૦૯૮૯૮૯૨૦૩૩૩
ફોન : (૦૨૮૧)૨૫૮૮૭૧૧
ઈમેલ : bhadrayu2@gmail.com
સરનામું : પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪,
અમીન માર્ગ, રાજકોટ.



**સ્થળાંતર થયેલ ઑફીસ**
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
૯૨૬, પારેખ માર્કેટ,
૩૯, જે. એસ. એસ. રોડ, કેનેડી બ્રિજ,
ઑપરે હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
મોબઈલ : ૯૧૩૭૭૨૭૧૦૯.
પત્ર વ્યવહાર ઉપરોક્ત ઑફીસ પર જ કરવો.

ગાંધી વાચનયાત્રા

# સ્મૃતિઓની પાવન ગંગા : રામદાસ ગાંધીનાં 'સંસ્મરણો'

**સોનલ પરીખ**

આપણાથી કોઈ ભૂલ થાય, તો આપણે શું કરીએ?

આપણામાંથી મોટા ભાગના પોતાનો બચાવ કરે અને દોષનો ટોપલો બીજાના પર ઢોળે. થોડા વળી ભૂલ પણ સ્વીકારી લે અને એમાંના થોડા દિલગીરી પણ વ્યક્ત કરે. પણ ગાંધીજી એવી અપેક્ષા રાખે કે ભૂલ થાય તો માફી માગવા સાથે સજા પણ માગી લેવી અથવા તો જાતે જ કોઈ પ્રાયશ્ચિત કે તપસ્યા સ્વીકારી લેવાં. તેઓ પોતે આવું જ કરતા અને પોતાના સ્વજનો અને અંતેવાસીઓ પણ આવું જ કરે તેવો આગ્રહ રાખતા.

ગાંધીજીના પુત્ર રામદાસ ગાંધીના એક પુસ્તક 'સંસ્મરણો' વાંચીએ ત્યારે ઉપરની વાત સૌ પ્રથમ આગળ તરી આવે છે અને સમજાય છે કે ગાંધીજી મહાત્મા શા માટે કહેવાય - મહાન આત્માઓ સામાન્ય લોકોથી જુદા કેવી રીતે પડે છે.

'સંસ્મરણો'ની પ્રસ્તાવનામાં રામદાસ ગાંધી લખે છે, 'બાપુએ પોતે પોતાના વિશે ઘણું લખ્યું છે. અન્ય વ્યક્તિઓએ પણ બાપુ વિશે ઘણું લખ્યું છે - તો પછી મારી આ ચોપડીની શી જરૂર - આવા વિચારથી હું એમના વિશે લખવાનું ટાળ્યા કરતો હતો - પણ કાકા કાલેલકર અને અન્ય વ્યક્તિઓના આગ્રહથી આ લખી રહ્યો છું' : આ દ્રષ્ટિકોણ પણ વિરલ છે. આજે જ્યારે લોકો 'લખવું છે અને લખીશ' આવી એક જીદથી વિવેકબુદ્ધિને નેવે મૂકીને કંઈપણ લખ્યા કરે છે અને ગાંધી પુસ્તકોના ઢગલા ઊથલાવીએ ત્યારે માંડ એકાદ સાચું પુસ્તક શોધી શકાય છે, ત્યારે લેખકની આ ભાવના સ્પર્શી જાય છે. એ ગાંધીજીના જ સંસ્કાર છે કે ગાંધી પરિવારની છઠ્ઠી પેઢી યુવાન થઈ ગઈ છે. પણ કદી કોઈએ ગાંધીજીના નામનો કોઈ જ લાભ કદી લીધો નથી. મોટાભાગનાએ પોતપોતાની રીતે કોઈ ને કોઈ રીતે ગાંધીજીનું તર્પણ કર્યા કર્યું છે, પણ તે કશી હો-હા કે અવાજ કર્યા વગર.

આ પુસ્તક ૧૯૬૭માં લખાયું હતું. તેનું આમુખ કાકા કાલેલકરે લખ્યું છે. પુસ્તકમાં લેખકે પિતા ગાંધીજી સાથેના દક્ષિણ આફ્રિકાનાં સંસ્મરણોથી લઈને ભારત આગમન, આશ્રમવાસ તથા જેલવાસ, સત્યાગ્રહો, ઉપવાસો, કુદરતી ઉપચાર, ખોરાકના પ્રયોગો તેમજ તેમના પોતાના અને સંતાનોના લગ્ન વિશેની પોતાની સ્મૃતિઓને તાજી કરી છે. લેખકની 'નિખાલસતા અને સરળ શૈલીને કારણે સંસ્મરણો દીપી ઉઠ્યાં છે' એવી નોંધ લેતા કાકાસાહેબે લખ્યું છે કે 'ગાંધીજીના દીકરાઓને ગાંધીજીના વિચારો અને સંસ્કારો મળ્યા તેમ ગાંધીજીના આગ્રહોને કારણે વેઠવું પણ પડ્યું, તેથી આ સંસ્મરણો અત્યંત કીમતી હોવાનાં.'

'સંસ્મરણો'માંથી પસાર થઈએ તેમ તેની ખૂબીઓ ધ્યાનમાં આવતી જાય છે. જેમ ગાંધીજી તેમજ કસ્તુરબાનું એક વત્સલ ચિત્ર પુસ્તકનાં પાનાંઓ પર ઊભું થયું છે તેમ રામદાસભાઈની નિખાલસતા, નમ્ર સ્વભાવ, દઢ વિચારો અને નિરાગ્રહ જીવનસાધનાનું પૂરેપૂરું ચિત્ર પણ આપણને આ પુસ્તકમાંથી મળે છે. ગાંધીજીએ એમના પુત્રોની કેળવણીની ઉપેક્ષા કરી હતી તે તો સ્પષ્ટ છે. પણ તેઓ પોતાના સિદ્ધાંતો મુજબ પણ સંતાનોને ઘણું કેળવી શક્યા હતા. આ બંને બાબતો રામદાસભાઈની બાબતમાં પણ સાચી છે. પણ ગાંધીજીનાં સેવાભાવ, નૈતિક ઉન્નતિ વિશેનો આગ્રહ અને નિખાલસપણું આ ત્રણ બાબત રામદાસભાઈમાં મોટા પ્રમાણમાં ઊતરી આવી. એમના જીવનની સાધના અને સિદ્ધિ બંને આ જ છે.

ગાંધીજી તો પ્રખર વૈરાગી હતા. એમના વૈરાગ્યની કલ્પના સાધારણ માણસને ન આવે. એવા પતિનું પડખું સેવનારાં કસ્તૂરબાનું ગજું પણ એવું જ મોટું. આવાં માતાપિતા મેળવવા બદલ રામદાસભાઈ પોતાને ભાગ્યવાન સમજે છે, પણ સાથે કહે છે કે 'તેમની વિશાળતા અને મહાનતા સામે મારી અલ્પતા મને અકળાવી મૂકે છે. મારું જીવન સતત તેમને લાયક થવાના પ્રયત્નોમાં જ વીત્યું છે.'

૧૯૧૩માં ગોખલેજી દક્ષિણ આફ્રિકા આવ્યા અને ગાંધીજીને મળ્યા. ત્યાંથી ભારત પાછા આવ્યા બાદ એક જાહેર સભામાં તેમણે કહ્યું, 'ગાંધીએ દેશબંધુઓની અને માનવતાની સેવાને અર્થે પોતાની ધીકતી કમાણી જતી કરી છે.' આ કમાણીમાંથી એક પૈસો પણ બાપુએ પોતાના સંતાનો માટે નહોતો રાખ્યો એ હકીકત આજે તો કોઈ માની જ ન શકે. બા પાસે નાની સરખી અંગત રકમ કે પૌત્રીઓ માટે સાચવી રાખેલા ખાદીના સાડલા નીકળે તો બાપુ દુઃખી થતા અને એ રકમ કે ચીજો તરત આશ્રમમાં જમા કરાવી દેતા. રામદાસભાઈ નોંધે છે તેમ દેશને અત્યારે આ ગુણની સૌથી વધારે જરૂર છે.

એ સમય એવો હતો કે કશું નિશ્ચિત ન રહેતું. એ કાળની આજે કલ્પના આવવી મુશ્કેલ છે. હંમેશાં સત્યાગ્રહ, આંદોલન, જેલ વગેરેની જ ચર્ચા અને તૈયારી ચાલ્યા કરતાં હોય. આવા વાતાવરણમાં અભ્યાસ કરવાનું અને રૂઢ ભાષામાં 'સ્થિર' થવાનું મુશ્કેલ હોય એ દેખીતું છે. વિરાટ કાર્યોમાં રોકાયેલા ગાંધીજીના પુત્રોને આ પરિસ્થિતિમાંથી પસાર થવાનું આવ્યું હતું. રામદાસભાઈ લખે છે, 'આ સ્થિતિનો મેં કદી કદી વસવસો

અનુભવ્યો છે, પણ અત્યારે જોઉં છું કે તેમાં મેં કશું ગુમાવ્યું નથી. બાપુની આર્ષદ્રષ્ટિ સમજવાની અમારી શક્તિ ઘણી ઓછી હતી, પણ હવે હું સમજું છું કે માણસે જે સમયે જે કર્તવ્ય સામે આવે તે કરવું અને તેમાં સંતોષ માનવો એ જ પોતાને અને સમાજને સુખી કરવાનો રસ્તો છે.' આગળ તેમણે લખ્યું છે, 'હું જે પણ કામમાં જોડાયો તેનાં બે પ્રેરકબળો હતાં : બાપુ પ્રત્યેની ભક્તિ અને સ્વયં ઉત્સાહ. બાપુ કદી કોઈ કામ એવું ન કરાવતા કે કરવા દેતા જે અમે તેમની ઈચ્છાથી કરીએ. દરેક વખતે બધું સમજાવે અને છેલ્લે જરૂર કહે - તને ગળે ઊતરે તો જ કરજે. નાનામોટા દરેક કાર્યકર્તા કે પત્ની કે સંતાનો સર્વ માટે તેમનો આ જ નિયમ હતો. આ વિશેષતા બહુ ઓછા માબાપમાં, બહુ ઓછા આગેવાનોમાં હોય છે.'

રામદાસ અને દેવદાસ આ બંને ભાઈઓનો જન્મ દક્ષિણ આફ્રિકામાં થયો હતો. રામદાસ ૧૮૯૮માં અને દેવદાસ ૧૯૦૦માં જન્મ્યા. 'સંસ્મરણો'માં તેમના ચાર પાંચ વર્ષની ઉંમરથી લઈ પચાસ વર્ષની ઉંમર સુધીની સ્મૃતિઓ સચવાયેલી છે. લગભગ સવાબસો પાનાં અને નાના નાના ૭૩ પ્રકરણોમાં સ્મરણો વહેંચાયેલાં છે. શિક્ષણ પ્રત્યેના ચોક્કસ વિચારોને લીધે બાપુના પુત્રો આધુનિક શિક્ષણથી અમુક અંશે વંચિત રહ્યા. પોતાના સંતાનોની બાબતમાં આમ ન થાય તેમ રામદાસભાઈ ઈચ્છતા હતા. પણ ખાદી કાર્યકર્તાની ટૂંકી આવકમાંથી શિક્ષણના ખર્ચને પહોંચી વળાય નહીં અને બાપુના નામે કોઈ પાસેથી સહાય મેળવવી ગમે નહીં તેથી રામદાસભાઈ તાતા ઓઈલ કંપનીમાં જોડાયા અને પ્રાંતીય નાગપુર ડેપોના મેનેજર તરીકે બારેક વર્ષ કામ કર્યું. સંતાનો ભણી ઊતર્યા પછી તેમણે રાજીનામુ મૂક્યું અને સેવાગ્રામના ખેતી વિભાગ અને ખાદી વિદ્યાલયમાં જોડાઈ ગયા. આજે આવું કરવાનું કોઈ કલ્પી પણ શકે ?

'સંસ્મરણો'માં એક પ્રકરણ છે 'મારા ભાઈઓ'. તેમાં તેમણે અત્યંત ટૂંકાણમાં હરિલાલ, મણિલાલ તેમજ દેવદાસ ગાંધી વિશે જણાવ્યું છે. જેમની નસોમાં ગાંધીજીનું રક્ત વહેતું હોય તેઓ જ્યાં પણ હોય ને જે પણ કરે તેમાં એક નિર્ભિક આગવાપણું હોય જ છે એ વાત આ પ્રકરણ વાંચતા સમજાય છે.

'સંસ્મરણો'માં નિખાલસતા, નમ્રતા અને ઓથેન્ટિસિટિ - વિશ્વનીયતા છે. ગાંધીજીના પુત્ર તરીકેનો રામદાસભાઈનો સંઘર્ષ અને સાથે આત્મોન્નતિ તરફની એક સ્વાભાવિક ગતિ આ બંનેનું દર્શન મને 'સંસ્મરણો'માં થયું છે. અત્યારે આ પુસ્તક પ્રાપ્ય હશે કે કેમ તે હું જાણતી નથી, છતાં મારી અનુભૂતિઓને અહીં મૂકી રહી છું. પુણ્ય સ્મરણોની ગંગામાં સ્નાન કરવાની ધન્યતા જેટલી મળે તેટલી મેળવીએ.

('સંસ્મરણો', રામદાસ ગાંધી, નવજીવન પ્રકાશન મંદિર, પ્રથમ આવૃત્તિ ૧૯૬૭, કિંમત રૂા.૩/-)

❑❑❑ મો : ૯૮૩૩૭૦૮૪૯૪

**જૈન પરંપરાના પુનરુધ્ધારકો-૧૪**

# શ્રી હંસવિજયજી મહારાજ

**આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી**

કેટલાક સમયની અનોખી તાસીર હોય છે. ઓગણીસમી અને વીસમી સદીમાં જૈન સંઘને ક્રાંતિકારી અને દીર્ઘદ્રષ્ટિ ધરાવતા મહાન શ્રમણો અને મહાન શ્રાવકોની એક સુવાંગ પેઢી પ્રાપ્ત થયેલી જોવા મળી. તેમાં, જૈનાચાર્ય શ્રી આત્મારામજી મહારાજને સર્વપ્રથમ સંભરવા પડે. પંડિત સુખલાલજી કહે છે કે શ્રી આત્મરામજી જૈનસંઘના મૌલિક અને ગંભીર વિચારક, લેખક અને ચિંતક હતા. તેમના પ્રશિષ્ય શ્રી લક્ષ્મીસૂરીજી મહારાજ હતા. તેમના શિષ્ય મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ થયા.

શ્રી હંસવિજયજી મહારાજ ભક્તિપ્રેમી અને જ્ઞાનપ્રેમી મુનિરાજ હતા. દીક્ષા ગ્રહણ કર્યા પછી સતત તપ, સતત ગુરુસેવા અને સતત સ્વાધ્યાય દ્વારા આત્મકલ્યાણ માટે તેઓ પુરુષાર્થશીલ રહ્યા. તેમની જન્મભૂમિનો ઉલ્લેખ મળતો નથી પણ કદાચ તેઓ વડોદરા અથવા એની આસપાસના પ્રદેશના હતા. સતત સ્વાધ્યાય અને ભક્તિનો મનમાં ઉલ્લાસ ઘૂંટાતો રહેતો હતો તેથી તેમને સહજપણે કાવ્ય સ્ફૂરણા થતી હતી. કહે છે કે વિ.સં. ૧૯૭૫ આસપાસ તેઓ ગિરનાર તીર્થની યાત્રાએ પધાર્યા તે સમયે શ્રી નેમનાથ ભગવાનના અતિપ્રાચીન જિન પ્રતિમાજી નિહાળીને તેઓ એટલા ભાવુક થઈ ગયા કે તેમને ગિરનાર છોડવાનું મન જ ન થયું.

તેઓ ગિરનારજી તીર્થમાં ઘણો સમય રોકાયા. તે સમયનું ચાતુર્માસ પણ તેમણે ત્યાં જ કર્યું. શ્રી નેમનાથ દાદાની ભક્તિમાં તેઓ તન્મય થઈ ગયા. તે સમયે તેમણે શ્રી નેમનાથ ભગવાનની ૧૦૮ પ્રકારી પૂજાની રચના કરી. આ પૂજા એટલી ઉલ્લાસમય છે કે જે વાંચે તે પણ પ્રભુની ભક્તિમાં એકાકાર થઈ જાય. તે સમયના મુનિઓએ જે પૂજાઓ રચી છે તેમાં શ્રી વીરવિજયજી અને શ્રી રૂપવિજયજી સિવાયના મુનિઓની પૂજા ભાષાની કલિષ્ટતાને કારણે ઓછી લોકપ્રિય થઈ પણ તેમાં રહેલી ભક્તિની ઊંચાઈ અને તત્ત્વની ગંભીરતા અસીમ છે.

શ્રી હંસવિજયજી મહારાજ દીક્ષાના પ્રારંભકાળમાં પંજાબમાં

વિશેષ વિચર્યા કેમકે તે સમયે તેઓ પંજાબના શ્રાવક-શ્રાવિકાઓને ધર્મબોધ સતત કરતા રહ્યા હતા અને તેમાં તેમને સફળતા પણ મળી. તે પછી તેઓ નાદુરસ્ત તબીયતના કારણે રાજસ્થાન, ગુજરાત તરફ પાછા ફર્યા પણ સતત પ્રવૃત્તિમાં રહેવું એ જ એમનું જીવન લક્ષ્ય હતું. ધર્મનો ઉપદેશ, ધર્મનું કાર્ય અને ધર્મની સાધના સતત કરવાથી જ પોતાનું શ્રેય થાય છે એવી અખૂટ શ્રદ્ધા ધરાવતા હંસવિજયજી મહારાજ જ્યાં જતાં ત્યાં જોતાં કે તે ગામમાં જૈનોના ઘર કેટલા છે, તેમની સ્થિતિ કેવી છે, ત્યાં દેરાસર છે કે નહિ : આ બધું જોયા પછી જ્યાં જિનમંદિર ન હોય ત્યાં દેરાસરની સ્થાપના કરાવતા, પાઠશાળાની સ્થાપના કરાવતા અને શ્રાવક-શ્રાવિકાઓને ધર્મ માર્ગે જોડતા.


તેમના સમયમાં મુનિશ્રી કાંતિવિજયજી મહારાજ પ્રખ્યાત સાધુ પુરુષ હતા. હંસવિજયજી તેમની સાથે રહ્યા. જૈનદર્શનનો ઊંડો અભ્યાસ કરીને વડોદરામાં એક અલભ્ય જ્ઞાનભંડારની સ્થાપના કરી. આ જ્ઞાનભંડારમાં તેમણે સુવર્ણ અક્ષરમાં બારસાસૂત્ર અને કલ્પસૂત્ર પણ મોટી સાઈઝમાં લખાવીને મુકાવ્યા. ઠેર-ઠેરથી પુસ્તકો ભેગા કરીને આ જ્ઞાનભંડાર સમૃદ્ધ કર્યો.

શ્રી હંસવિજયજી વિહાર કરતા કચ્છમાં પધાર્યા. ભદ્રેશ્વર તીર્થમાં તેમણે ગણધર શ્રી પુંડરીકસ્વામીજી અને આત્મારામજી મહારાજની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા કરાવી. કચ્છમાં સામખિયાણી નામનું ગામ છે આ ગામના શ્રાવકોને આજે પણ યાદ છે કે અમારા ગામમાં હંસવિજયજી મહારાજ પધારેલા અને ત્યાં તેમણે પહેલા પંચધાતુની પ્રતિમા અને પછી વિશાળ જિનમંદિરનું નિર્માણ કરાવીને સૌને ધર્મ માર્ગે જોડ્યા. આ ગામના મુંબઈમાં રહેનારા શ્રાવકોમાંથી શ્રી રાયસીભાઈ આજે પણ હંસવિજયજીને યાદ કરીને ગદ્ગદ્ થઈ જાય છે.

મુનિવરોનું જીવન સામાન્ય માનવી માટે એક વિરલ ઘટના છે. પવન ક્યાંથી આવે છે અને ક્યાં વહી જાય છે તેની જેમ ખબર પડતી નથી તેમ મુનિઓનું જીવન પણ આ ધરતી પર ક્યાં અદૃશ્ય થઈ જાય છે એ ખબર પડતી નથી. પરંતુ તેમણે મૂકેલા સત્કાર્યોના કીર્તીસ્તંભો આપણને તેની યાદ આપે છે. શ્રી હંસવિજયજી પણ એવું જ એક વિરલ નામ છે.

જૈન સંઘના પ્રાચીન તીર્થોમાં ગિરનારજી પણ અત્યંત પ્રાચીન તીર્થ છે. એક માન્યતા એવી છે કે તે શત્રુંજય ગિરિરાજનો જ એક ભાગ છે. ત્યાં બિરાજમાન શ્રી નેમનાથ દાદાની પ્રતિમા અક્યાસી હજાર વર્ષ જૂની છે. મુનિશ્રી હંસવિજયજીએ રચેલી ૧૦૮ પ્રકારી પૂજાનો અભ્યાસ કરીએ છીએ ત્યારે એક ગિરિવરના વિશિષ્ટ પ્રભાવનો આપણને ખ્યાલ આવે છે. ગિરનાર તીર્થની યાત્રાએ જતા શ્રદ્ધાળુઓએ ગિરનાર વિશેનું જ ભારતભરમાં વિખરાયેલું સાહિત્ય એકઠું કરીને ત્યાં એક વિશેષ જ્ઞાનભંડાર ખડો કરવો જોઈએ અને જગતને તે તીર્થની મહાનતાના દર્શન કરાવવા જોઈએ.

❑❑❑



**સવાલ :** આત્મા અને દેહ અલગ છે. આત્મા દેહનો ત્યાગ કરે છે ત્યારે દેહાવસાન થાય છે. ક્યારેક દેહાવસાન થતાં આત્મા દેહનો ત્યાગ કરે છે તો નીચેના સંજોગોમાં આત્મા પ્રથમ દેહનો ત્યાગ કરે છે કે દેહાવસાન થતાં આત્મા દેહનો ત્યાગ કરે છે એ અંગે જાણવા જીજ્ઞાસા છે.

(૧) માનવનું જીવલેણ અકસ્માતના પ્રસંગે

(૨) ગંભીર વૃદ્ધાવસ્થા પ્રસંગે માંદગી

(૩) સંથારાના પ્રસંગે

(૪) માનસિક તનાવના પ્રસંગે આપઘાત

ઉપરના પ્રસંગે આત્મા પ્રથમ દેહનો ત્યાગ કરે છે કે દેહાવસાન બાદ આત્મા દેહનો ત્યાગ કરે છે?

**પ્રશ્ન પૂછનાર : અમરેલીથી ડી.એમ. ગોંડલીયા**

**જવાબ આપના : વિદ્વાનશ્રી સુબોધીબેન સતીશ મસાલીયા**

હા...ભાઈશ્રી આત્મા અને દેહ અલગ છે. એની સાથે એ પણ યાદ રહે કે દેહ પુદ્‌ગલ છે જ્યારે આત્મા ચેતન છે. આત્મા વગરનો દેહ તો જડ જ છે. જ્યાં સુધી દેહમાં આંશિક રૂપે પણ આત્માની હાજરી છે ત્યાં સુધી દેહ ચેતનવંતો જ કહેવાય. દેહાવસાન થયું ન કહેવાય. ભલે દેહની બધી જ ક્રિયાઓ બંધ થઈ ગઇ, સાવ જ નિષ્ક્રિય થઈ ગયું, છતાં પણ જ્યાં સુધી શ્વાસોશ્વાસ ચાલુ છે ત્યાં સુધી આત્માની હાજરી છે જ. ને જ્યાં સુધી આત્માની હાજરી છે ત્યાં સુધી દેહાવસાન થયું કહેવાય નહિ. ક્યારેક એવો આભાસ થાય કે જાણે શ્વાસોશ્વાસ પણ જણાતા નથી પણ યાદ રહે કે શ્વાસોશ્વાસ બંધ નથી થઈ ગયા. એની ગતિ એટલી બધી ધીમી થઈ ગઈ ને શ્વાસ એટલા સૂક્ષ્મ થઈ ગયા છે કે જે જણાતા નથી પણ છે ખરા...માટે આત્માની હાજરી છે અને આત્માની હાજરી છે ત્યાં સુધી દેહાવસાન થયું કહેવાય નહિ. ઘણીવાર આ શ્વાસ એટલા ધીમા થઈ જાય છે કે ડૉક્ટર પણ જાહેર કરી દે છે કે 'મૃત્યુ' થઈ ગયું છે. પરંતુ થોડી વખત પછી એ વ્યક્તિમાં હલનચલન કે શ્વાસોશ્વાસ જણાય છે. એવી જ રીતે ક્યાંક ઈતિહાસમાં વાંચ્યું હશે કે રણસંગ્રામમાં લડતાં લડતાં ફલાણા રાજાનું મસ્તક ઊડી ગયું પણ ધડ થોડા સમય માટે લડતું રહ્યું...તો સવાલ એ થાય કે આવું કેવી રીતે બને? તો એનું કારણ એ છે કે આત્મપ્રદેશોમાં સંકોચ-વિસ્તારનો ગુણ રહેલો છે. તેને કારણે આ વસ્તુ બને છે. તો પહેલાં એ સમજો કે આત્મપ્રદેશો કોને કહેવાય? કેટલા પ્રકારનું આયુષ્ય હોય? અત્યારે આપણને કયા પ્રકારનું આયુષ્ય છે? આત્મપ્રદેશો કેવી રીતના ખરે છે? તો તમારા બધા જ સવાલોના જવાબ તમને સમજાઈ જશે.. બાકી એક વાત નક્કી છે કે આત્મા સંપૂર્ણપણે દેહમાંતી વિદાય લે ત્યારે જ દેહાવસાન થાય. પ્રથમ દેહાવસાન થાય પછી આત્મા જાય એવું બની શકે જ નહિ. કારણકે દેહ તો જડ જ છે. ચેતનની હાજરીને લીધે જ એ ચેતનવંતુ છે. તો પછી ચેતનની હાજરી પણ હોય ને દેહ અવસાન પામે એ બની જ કેવી રીતે શકે? હા એવું બની શકે કે ક્યારેક આપણી બુદ્ધિ, અક્કલ, વૈજ્ઞાનિક સાધનો એ જાણી શકે નહિ કે આત્માની હાજરી છે કે નહિ..પરંતુ પહેલા દેહાવસાન થાય ને પછી આત્મા જાય એવું તો કદી બની શકે જ નહિ. આત્માના ગયા પહેલાં દેહનું અવસાન થાય એવું તો બની શકે જ નહીં. કેમકે દેહ તો એકલું હોય તો અવસાન પામેલું જ છે. કેમકે તે તો જડ છે.

આત્માના નાનામાં નાના, નાનામાં નાના હિસ્સાને આત્મપ્રદેશ કહેવાય. આમ આત્મા અસંખ્યાત પ્રદેશી છે ને આખા શરીરમાં (સર્વાંગે) વ્યાપીને રહેલો છે. શરીરમાં ક્યાંય પણ સોય ખોંચો તો વેદના થાય છે એનો અર્થ એ છે કે ત્યાં ચેતના છે. આ આત્મપ્રદેશો જેટલા હોય તેટલા જ રહે છે. તેમાં વધઘટ થતી નથી. પ્રત્યેક જૂથ પ્રદેશોની સંખ્યાની અપેક્ષાએ લોકાકાશની બરાબર અસંખ્ય પ્રદેશવાળો છે. પરંતુ સંકોચ-વિસ્તારના કારણે પોતાના શરીર પ્રમાણે વ્યાપીને રહે છે. મહાકાય હાથી કે યુગલીયાનું શરીર હોય તો આત્મપ્રદેશો એવડા મોટા શરીરમાં વ્યાપીને રહે છે. ને તેજ આત્મા જો કીડી કે નિગોદનું શરીર ધારણ કરે તો એટલા જ આત્મપ્રદેશો એટલા નાના શરીરમાં સંકોચાઈને રહી જાય છે. તમે જુઓ કે કોઈનો હાથ કપાઈ ગયો તો હાથમાં રહેલા આત્મપ્રદેશો કપાઈ નથી જતા તે આત્મપ્રદેશો સંકોચાઈને બાકીના શરીરમાં સમાઈ જાય છે તેવી જ રીતે રણસંગ્રામમાં માથું કપાઈ ગયા પછી પણ એટલા આત્મપ્રદેશો સંકોચાઈને ધડમાં સમાઈ જાય છે ને જ્યાં સુધી પ્રાણવાયુ છે શરીરમાં, હૃદય ધબકે છે ત્યાં સુધી ધડ લડ્યા કરે છે. એનું દેહાવસાન ત્યારે જ થાય છે જ્યારે એના આત્મપ્રદેશો બીજા કોઈ દેહમાં પ્રવેશ કરી લે છે ને આ દેહને ત્યાગી દે છે. અકસ્માતના પ્રસંગે કે આપઘાતના પ્રસંગે પણ આ જ વસ્તુ બને છે. એવી રીતે ક્યારેક ડૉ. મૃત જાહેર કર્યા પછી પણ જીવ હોય છે ત્યારે પણ એવું જ બને છે. કે બધા જ આત્મપ્રદેશો સંકોચાઈને શરીરના અમુક નાનકડા ભાગમાં (કોઈપણ કારણસર) સમાઈ ગયા હોય છે. તેથી શ્વાસની ગતિ અતિ ધીમી પડી જવાથી ડૉ. ને નહિવત્ જણાય છે થોડા વખત પછી પાછું નોર્મલ શ્વાસોશ્વાસ ચાલુ થાય છે. આવું જવલેજ બને છે. પણ ક્યારેક આવા કિસ્સા સંભળાય છે તો સમજવું કે આત્મામાં રહેલા સંકોચ વિસ્તારના ગુણને કારણે આવું બનતું હોય છે. પરંતુ આત્માના ચાલી ગયા પછી જ દેહાવસના થાય એ નક્કી છે.

ક્યારેક અકસ્માતના પ્રસંગે એવું લાગે છે કે આનું અકાળ મૃત્યુ થયું. હજુ આયુષ્ય બાકી હશે પણ એવું હોતું નથી. કેવળી

ભગવંતના જ્ઞાન અનુસાર પ્રત્યેક મૃત્યુ સ્વકાળે જ થાય છે. એ કાળે એ નિમિત્ત મળવાનું જ હતું ને એમ બનવાનું જ હતું. આયુષ્ય બે પ્રકારના હોય છે. સોપક્રમ ને નિરૂપક્રમ. આપણા આત્મા પર આયુષ્યકર્મના જેટલા પણ પુદ્ગલો (રજકણો કે દલિકો) ચોંટેલા છે તેને 'દ્રવ્ય આયુષ્ય' કહેવાય. આ આયુકર્મની રજકણો નિયત માપમાં ક્રમશઃ આત્મા પરથી છૂટી પડે છે. એ સંપૂર્ણપણે છૂટી પડતાં જેટલો પણ સમય લાગે તેને કાળ આયુષ્ય કહેવાય. આ દલિકો પૂરેપૂરા આત્મા પરથી છૂટા પડે પછી જ મૃત્યુ થાય. એક પણ રજકણ આત્માને ચોંટેલા હોય ત્યાં સુધી મૃત્યુ થાય નહિ. એનો મતલબ એ થયો કે આ દ્રવ્ય આયુષ્ય તો દરેકે દરેક જણે પૂરેપૂરૂં ભોગવવું જ પડે. તેમાં કોઈ ફેરફાર થાય નહિ. પણ જે કાળ આયુષ્ય છે એટલે કે આયુકર્મના દલિકોને ખરવામાં જે સમય લાગે છે તે અમુક કારણો લાગવાથી ઓછા સમયમાં પણ ખરી શકે છે. જેમકે કોઈ દ્રાક્ષના ઝૂમખામાં અમુક દ્રાક્ષ ખૂબ મજબૂતાઈથી ચોંટેલી છે, તેને એક એક કરીને વ્યવસ્થિત કાઢીએ તો ઝૂમખાને ખાલી થતાં પાંચ મિનિટ લાગે છે. બીજા એક ઝૂમખામાં એટલી જ દ્રાક્ષ છે પણ તે ઢીલી (શિથિલતાથી) ચોંટેલી છે. તો ઝૂમખાને આમ આમ હલાવવાથી બે મિનિટમાં બધી જ દ્રાક્ષ એકસાથે નીચે પડી જાય. મતલબ કે એકસરખી દ્રાક્ષવાળા બંને ઝૂમખાને ખાલી થતાં એકને પાંચ મિનિટ અને બીજાને બે મિનિટ લાગી. એવી જ રીતે આયુષ્ય બાંધતી વખતે જેના આત્માને કર્મ રજકણો શિથિલ ગોઠવાયેલી હોય તેને ઉપક્રમ (કારણ) લાગતાં ઓછા સમયમાં ખરી શકે છે એટલે કે કાળ આયુષ્ય ઘટી શકે છે તેને સોપક્રમ આયુષ્ય કહેવાય. પરંતુ ગમે તેવો ઉપક્રમ લાગવા છતાં પણ જેના કાળ આયુષ્યમાં કાંઈપણ ફેરફાર થાય નહિ, દ્રવ્ય અને કાળ આયુષ્ય પૂરેપૂરૂં જ ભોગવાય તેને નિરૂપક્રમ આયુષ્ય કહે છે.

નિરૂપક્રમ આયુષ્ય કોને કહેવાય?

દરેકે દરેક પ્રકારના દેવોને, નારકોને, તીર્થંકરોને, ચક્રવર્તીઓને, વાસુદેવોને, પ્રતિ વાસુદેવોને, બલદેવોને, યુગલિઆઓને અને ચરમ શરીરીઓને ( એજ ભવે મોક્ષે જવાવાળા ચરમ શરીરી કહેવાય) નિરૂપક્રમ આયુષ્ય હોય. તેમના આત્માને આયુકર્મના દલિકો એટલા ગાઢ મજબૂતાઈતી બંધાયેલા હોય છે તેમને દ્રવ્ય આયુષ્ય અને કાળ આયુષ્ય બંને પૂરેપૂરાં ભોગવવાં જ પડે છે. ગમે તેવા કારણો (ઉપક્રમ) લાગે તો પણ તેમાં અંશમાત્ર ફેરફાર થાય નહિ. જેના આયુકર્મના દલિકોને ઉપક્રમ લાગવાથી ફટાફટ ખરી જાય તેને સોપક્રમ આયુષ્ય કહેવાય. આપણા બધાનું આયુષ્ય સોપક્રમ પ્રકારનું છે.

તો હવે ખ્યાલ આવ્યો હશે કે અકસ્માત, આપઘાત વગેરે પ્રસંગે સોપક્રમ બાંધેલ આયુષ્ય વચ્ચે તૂટવાનું કારણ પણ જીવ પરભવથી સાથે લઈને જ આવે છે. તેના ઉદયે શેષ દલિકો શીઘ્ર ભોગવી પૂર્ણ કરે છે અને આત્મા આ દેહમાંથી વિદાય લે છે. પછી દેહાવસાન થાય છે. ગંભીર માંદગી કે સંથારા પ્રસંગે પણ આયુકર્મની બધી જ રજકણો જ્યારે ખરી જાય ત્યારે આત્મા આ દેહને પહેલાં છોડે છે પછી દેહાવસાન થાય છે. હજુ પણ કોઈ શંકા હોય તો આવકાર્ય છે. સમાધાન કરવાનો પ્રયત્ન કરીશ.

❑❑❑

**સુબોધી સતીશ મસાલીયા - મો. ૮૮૫૦૦૮૮૫૬૭**

## Where is my Home?

## मेरा असली घर कहाँ?

મારે મારા મકાનમાં અસલી ઘર ઉભું કરવાનું હોય છે કે જ્યાં, સાંજે કામકાજ કરીને પાછાં ફરતાં આરામ મળે, સંતોષ અને શાંતિ મળે. જે માણસને પકડી રાખે તે ઘર, ક્યાં?

ઘરનું મકાન, ફ્લેટ, ટેનામેંટ કે બંગલો હોઉં જરૂરી નથી, એક ઝૂંપડીમાં પણ 'ઘર' હોઈ શકે તો બંગલામાં ના યે હોય! ગૃહિણી ગૃહમ્ ઉચ્ચ્યે કહેવાયું છે. હકીકતમાં તો આપણે જે શરીરમાં રહીયે છીએ તેને જ 'ઘર' બનાવવાનું હોય છે. તેની સ્વચ્છતા અને પવિત્રતા જાળવવાની હોય છે. તન તીર્થ અને મન, મંદીર બને, તો યે ઘણું? આખરે તો આપણે સૌ આ પૃથ્વી નામનાં ગ્રહનાં મુલાકાતીઓ છીએ. We are the visitors.

સુર્ય પણ દરરોજ સવારે આવે છે, અને સાંજે પાછો ફરી જાય છે. તે દરમ્યાન પોતાની ફરજ બજાવતો જાય છે. સુર્યનાં કિરણો, જ્યાં જગ્યા મળે, ત્યાં રહેવા આતૂર હોય છે. પ્રકાશને ઝીલીને, તેને આત્મસાત્ કરવાનો રહે છે. સ્વયં પ્રકાશિત બનવાનું રહે છે. જે સૌને આવકારે તે ઘર. આપણે મહેમાન છીએ કે યજમાન તે નક્કી કરવાનું રહે છે. જ્યાં માણસનું માન (Respect) જળવાય, તે જગ્યાનું નામ ઘર!

આપણું સાચું ઘર, આપણાં જન્મ પૂર્વેનું અને મૃત્યુ પછીનું ઘર કેવું હશે? તેની કલ્પના કરવી રહી. જિંદગીથી થાકીને, હારીને કે જીતીને જ્યાં પાછાં ફરવાનું છે તે ઘરની સજાવટ જીવન દરમ્યાન થતી રહેવી જેઈએ! મૃત્યુ પછી મળનારા આ ઘરમાં જ આત્માની વાવણી થવાની છે તે ચોક્કસ!

**હરજીવન થાનકી,**

**સીતારામ નગર, પોરબંદર**

## ભાવ-પ્રતિભાવ

### પ્રબુદ્ધ જીવનનું નવા જ સ્વરૂપે, નવા જ વિચાર, નવી ભાત અને સાથે આગમન

હું પ્રબુદ્ધ જીવનનો વરસોથી વાચક છું, મારા આઈ પેડમાં આજે ૯૬ જુના અંકો સંગ્રહાયેલા છે, જેમાં ચીમનભાઈ વખતના અગ્રલેખો માણસના મનને હલાવી દે તેવા છે, તેમાં ધર્મની સુઝ અને દ્રષ્ટિ જોઈ શકાય, અને બીજા અનેક લેખો માર્મિક છે, તે પછીના અંકો તો ચીલા ચાલુ છે, તેમાં કોઈ નવીનતા જોવા મળતી નથી, પણ છેલ્લા એકાદ વરસથી જ્યારથી ડૉ. સેજલ શાહે તંત્રી પદ સંભાળ્યું ત્યારથી પ્રબુદ્ધ જીવને નવું કલેવર ધારણ કરેલ છે, નવી સુઝ, નવી દ્રષ્ટિથી તેનું સંપાદન થઇ રહ્યું છે, તેમાય તેના અગ્ર લેખો તો મનના તરંગોને હલબલાવી નાખે તેવા હોય છે, તેમાં રહેલી તટસ્થતા વિચારની શુદ્ધતા, અને ભાષા પરનો કાબુ અદ્ભુત છે, આવા ગુજરાતના કોઈ પણ માસિકમાં અગ્રલેખ જોવા મળતો નથી તે તેની અદ્ભુતતા છે, અને વિશેષતા છે, તેમણે પોતાના અગ્ર લેખમાં એક જગ્યાએ કહ્યું છે, જૈન ધર્મ માત્ર બાહ્ય આડંબરમાં પોતાનો ચહેરો સ્થાપિત કરી રહ્યો છે, આ વાક્ય જ પ્રબુદ્ધ જીવનની પોતાની તટસ્થતાનો સત્ય સ્વરૂપ પુરાવો છે, આમ તે સત્ય ધર્મના વળગીને પગ માંડી રહ્યું છે, તેમાં કોઈ શંકા જ નથી, પ્રબુદ્ધ જીવનના વિશેષાંકો તો સાવજ નવી ભાત પાડે છે, તેમા મુકાતા લેખો નવા નવા વિચારોને પોષણ આપે તેવા હોય છે.

જેમકે યોગ અંગેનો વિશેષાંક માં કહ્યું છે, કે દરેક ધર્મના મુલ્યો અને વિચાર એક સમાન છે, પણ મંજિલ પર પહોચવાના માર્ગો કે ક્રિયા ભિન્ન છે, અલબત યોગને આપણે ધર્મ કરતા વિજ્ઞાન કહીએ તો પણ દરેક ધર્મના પાયામાં રહેલા જ્ઞાન અને વિજ્ઞાન ના વિચારોમાં માનવ કલ્યાણની ભાવના સમાન છે, આ વાત, અને વિચાર યોગના અંકે ઉજાગર કરેલ છે, આ વિચાર જો આજના ધર્માત્માઓ સમજે ને તેનું અનુસરણ પોતાના અનુયાઇઓમાં કરાવે તે અત્યંત જરૂરીને આવકાર દાયક છે, અને આજનાં સમાજની માગ છે, પણ ધર્મને વ્યાપાર માનીને બેસી ગયેલાને આ વાત ગળે ઉતરે તેમ નથી, મારો જ ધર્મ સત્ય સ્વરૂપ છે, અને સત્યનું વહન કરે છે, તે વાત ભૂલવા જેવી છે, બીજાનો ધર્મ પણ સત્ય હોય શકે અને તે દ્વારા પણ સત્યનું વહન થઇ શકે છે, તે વાતનો સ્વીકાર થાય તો આજના ઘણા બધા પ્રશ્નો હલ થઈ જાય તેમ છે, આજે જે આંતક છે, રામ મંદિરનો સળગતો પ્રશ્ન છે, તેમાં ધર્માત્માઓ જ જવાબદાર છે, બીજું કોઈ જવાબદાર નથી, લોકોને આમાં ક્યાય રસ નથી, મંદિર થાય કે ન થાય તેનો કોઈ સવાલ લોકોના મનમાં નથી, પણ તે માણસના મનમાં ભરાવવામાં આવે છે, જેથી તે પ્રશ્ન લઈને ધુણે છે, ને પ્રશ્નો ઉભા કરે છે, ને તેમને ઉશ્કેરવામાં આવે છે, તેમાં કોઈ શંકા જ નથી, આવી ક્ષુલ્લક વાતોમાં પ્રબુદ્ધ જીવનને રસ નથી તે સાબિત થાય છે, અને તે હકીકત તંત્રીશ્રીના વ્યક્તવ્યમાં તે વાત અવાર નવાર રજુ થાય છે, તે બદલ અંતરના ધન્યવાદના પાત્ર તંત્રીશ્રી છે, તેમાય દરેક અંક પરનું મુખ પૃષ્ઠ તો દર વખતે નવી નવી વાત નવો વિચાર લઈને આવે છે, તે પણ હકીકત છે, જે મુખ પૃષ્ઠ મુકાય, તેમાં પણ ઘણું બધું કહેવાય જતું હોય છે, તે પણ હકીકત છે, મુખ પૃષ્ઠની પસંદગી પણ અદ્ભુત હોય છે, તેની પસંદગીમાં પણ એક સ્પષ્ટ વિચાર રહેલો હોય છે, આમ સમગ્ર રીતે પ્રબુદ્ધ જીવન નવું પરિમાણ લઈને આગળ વધી રહ્યું છે, તેમાં કોઈ શંકાને સ્થાન નથી, તે બદલ ટીમ માં કામ કરતા તમામ અભીનંદનને પાત્ર છે, તેમની સુજ અને શક્તિનું આ પરિણામ છે તે બદલ અભિનંદન.

એક સૂચન છે કે આજ સુધીના જે પર્યુષણના જુદા જુદા વ્યાખ્યાનો થયા તે અને આજ સુધીના તમામ અંકોના અગ્રલેખોનું સંકલન કરીને પુસ્તક રૂપે પ્રસિદ્ધ થાય તો આવકાર દાયક બનશે.

**તત્વચિંતક પટેલ, USA**

'પ્રબુદ્ધ જીવન'નાં એપ્રિલ ૨૦૧૮નાં વિશેષાંકમાં પૂજ્ય આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરીશ્વરજીનો પત્ર વાંચીને. આત્મનિરીક્ષા, પારદર્શિતા, નિખાલસતા અને માનુષીપણાની સંવેદનાઓથી સંયુક્તા એવી સાધુતાને શતશત વંદન.

**કાન્તિભાઈ બી. શાહ, અમદાવાદ**

●●●

આપના તરફથી માર્ચ ૨૦૧૮ અંક મળ્યો છે. મારો મારા વિદ્યાર્થીઓને ઉદ્દેશીને લખાયેલા પત્ર તો ઠીક છે, પરંતુ ચિ. બહેન સેજલની સુરુચિ પ્રબુદ્ધ જીવનને જીવંત રાખે છે. માર્ચને (વસંતને) અનુરૂપ ટાઈટલ આ અંકનું કિંમતી ઘરેણું છે. ચૈતર સાથે સરસ્વતી, કેસૂડાં આ દીકરીએ બરાબર શોધી રાખ્યા અને મૂક્યાં - તે તેની સમજ-સૂઝ-કલાપ્રીતિ બધુંજ એકરસ થઈને અહીં ઝીલવ્યું છે.૮૦ વટાવી ચૂકેલા આ વૃદ્ધના એ દીકરીને આશીર્વાદ પહોંચાડશો. આપ સહુ પ્રબુદ્ધ પરિવારને મારા ભાવભર્યા જય જિનેન્દ્ર. સર્વ પ્રકારે પ્રસન્ન.

**નરોત્તમ પલાણ સાદર**
**પોરબંદર**

શ્રી હરિવંશરાય બચ્ચનનો કાવ્ય-સંગ્રહ 'મધુશાલા', વાંચીને વિચારવા જેવો માતબર છે. જેણે અમિતાભની બંધ અક્કલનું તાળું, એક બનારસી પાન ખાઈને ખોલી નાખ્યું! એ વાત જાણીતી છે. આખરે તો નશીબનું તાળું આપણે જ ખોલવું રહ્યું. તેમાં, 'કર્મ-યોગ' ઉપયોગી થાય. આજે, શ્રી નરેન્દ્ર મોદી, જીવનની પ્રત્યેક પળનો ઉપયોગ કરીને, વિશ્વમાં ભારતનું નામ રોશન કરી રહ્યાં છે. ભ્રષ્ટાચાર રૂપી દૈત્યને દણવાની કોશિષ, આનંદવાદને નેસ્તનાબૂદ કરવાનો શ્રમ, કોઈનીયે શરમ રાખ્યા વિના એક માત્ર, ભારતમાતાની સેવા, તેમનાં લોહીમાં ફરી રહી છે. ગરીબો, કિસાનો, અને મધ્યમ વર્ગનાં સામાન્ય માણસોની ખેવના પાર પાડતાં, અસંખ્ય મુસીબતોનો સામનો તેઓ કરી રહ્યા છે. તેમની લગન, અગમમાં ફેરવાઈ ગઈ છે. ૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બમણી કરવી, પ્રત્યેક ગરીબને શૌચાલયવાળું ઘર પુરું પાડવું. કન્યા કેળવણી, મહિલાઓની સુરક્ષા, પ્રત્યેક ઘર એક મંદીર બની રહે, તે જોવાની ઉત્કંઠા તેઓ સેવી રહ્યા છે. તેઓ વિરોધને ગણકારતા જ નથી, કેમકે તેઓ ખરા અને સાચા માર્ગે દેશને દોરી રહ્યા છે. આવા વડાપ્રધાન મેળવવા દેશે ગૌરવ અનુભવવું જોઈએ. બસ એજ.

પ્રબુદ્ધ જીવનનાં, અંકો વાંચતા, વિચારતાં, એમ લાગે છે કે તમે, આપણાં પૂર્વજો અને અનુજોને, કુશળતાપૂર્વક શોભાવીને દીપાવી રહ્યા છો. કેટલાં સુંદર લખાણ, વૈવિધ્યપૂર્વકનાં કાવ્યો અને છેલ્લું પાનું, ભાઈશ્રી નરોત્તમ પલાણનો પત્ર તેમની વૃક્ષપ્રિતી પોતે અભ્યાસુ શિક્ષક તેમનાં પત્ની રસીલાબેન પણ મારી જોડે ગુરુકુળમાં શિક્ષિકા હતા, ત્રણ પુત્રોની માતા છે.

અમારા આર્યકન્યા ગુરુકુલ, મારફત અમે સૌ, હજારો દીકરીઓનાં જીવનમાં પ્રકાશ પાથરવા સક્ષમ થઈ શક્યાં છીએ. ઉત્સવોનો ઉત્સાહ અમારી રગેરગમાં દોડતો, આર્ય સમાજનાં સંસ્કારો, મણિપુરી નૃત્યકાર પૂ. સવિતા દીદી, સંતોકબા, કુલભ્રાતા ધીરેન્દ્રભાઈ અને મેઘાભાભી, આજે પણ અમને યાદ કરે છે.

કુમારપાળ દેસાઈનો લેખ, ભવિષ્યની પેઢી માટે માતબર ઉલ્લેખનીય ગણાય. જ્યારે, રમણ સોની, સૌને સમયની સાથે ચાલતાં શીખવી ગયા. જીવનમાં હળવાશ અનુભવવાની વાત પણ ગમી. છતાં, આપણે સૌએ Up-to-Date તો રહેવું જ પડે, નહીં તો Out-of-Date થઈ જવાય! આખરે તો આપણે સમયરેત પર પગલાં પાડવાનાં રહે છે. Foot Prints on the sands of time સમય તો સરતો જ રહે, કોઈની પરવા ના કરે, તે દરમ્યાન થાય તેટલું કરવું રહ્યું.

તમારી દૃષ્ટિને, સૂઝને, નિર્ભિકતાને મારાં હૃદયપૂર્વકનાં વંદન. આગળ વધો, સારી માર્ગે જ છો.

પ્રબુદ્ધ જીવનનો વિશેષાંક મળ્યો. 'ગુરુદષ્ટિએ ગ્રંથભાવન' જાણ્યું અને માણ્યું. વિજય રૂપાણીનો પત્ર પણ પ્રેરક રહ્યો. આપણો જૈન ધર્મ અને તેનું કર્મ, અદ્વિતીય રહ્યું છે. છતાં, તેનો ફેલાવો કેમ અટકી ગયો? એ ચિંતનનો વિષય રહ્યો છે.

પુસ્તકો-ગ્રંથોમાં તો ઘણું લખાયું છે, પણ આચરણમાં, આપણે સૌ ઊણાં ઊતરી રહ્યાં છીએ, નવી પેઢીનું ભવિષ્ય વિષે વિચારવામાં રસ હોય, તેમ જણાઈ રહ્યું છે.

તેને તો શ્રી રામ-લક્ષ્મણના ધનુષબાણ કરતાં વધુ રસ, દાઉદ ઈબ્રાહિમ કાસકટની A.K. 303 રાયફલમાં પડી રહ્યો છે. મૂળમાં Spring તે ધનુષની હોય કે Steelની શો ફેર પડે?

Sharp-shooter અર્જૂનભાઈ હોય કે દાઉદભાઈ. આપણે તો લક્ષ્યને વીંધવાનું રહે છે. પ્રબુદ્ધ જીવનનું સંપાદન, તમે જ સંભાળો, તે ગમે, યુવાવર્ગને આધુનિકતામાં રસ છે. તમારું સંપાદન જ તેમને આકર્ષે છે. કેંદ્રમાં 'માનવતા' રહે તે જ શોભે! 'સ્થાપતિ હિતો' નહીં.

આપનો નમ્ર.

**હરજીવન થાનકી, પોરબંદર**

❋❋❋

પ્રબુદ્ધ જીવનના માર્ચ ૨૦૧૮નાં અંકમાં પ્રગટ થયેલ બે લેખો મને ધ્યાનપાત્ર લાગ્યા છે. એમાંનો સંદેશો અપનાવવા લાયક છે.

૧ શ્રી હરેશ ધોળાકિયાના લેખ - એક ધ્યાનાકર્ષક પ્રયોગ - બાળકોની અખૂટ શક્તિનું તાદ્દશ ચિત્ર આપે છે. જે વડિલો, શિક્ષકો સૌએ શીખી લેવાની જરૂર છે.

૨. શ્રી જાદવજી કાનજી વોરાનો લેખ ''જીવનમાં હળવાશ અનુભવો!'' એક મજાનું સૂત્ર આપી જાય છે. એ ચિત્તમાં ધરવા લાયક છે.

બંને લેખો સરળ પણ સુંદર ભાષામાં લખાયેલ છે.

એપ્રિલ ૨૦૧૮ના અંકમાં પ્રગટ થયેલ આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિનો પત્ર-લેખ (જો હોય મારો અંતિમ પત્ર તો) શબ્દો, સંવેદના અને વિચારોના ઓજસથી દેદીપ્યમાન અને ખૂબ સુંદર છે. આચાર્યશ્રી એક ખોજી આત્મા, ગવેષક તો છે જ. પરંતુ સાથે સાથે ભાષાનું લાલિત્ય પણ આપે છે અને સૌથી વધુ તો, એમની અભિવ્યક્તિમાં પ્રમાણિકતા છે, એ છે.

આવા જીવ એકલવિહારી (દા.ત. અમરેન્દ્રવિજયશ્રી જેવા) હોય તો પોતાનું ઘણું કલ્યાણ સાધી શકે અને સંબંધોની આળપંપાળથી બચી જાય. તો બીજી બાજુ એમ પણ લાગે છે કે આવા જાગૃત ને સાચુકલા જીવો સંઘ વચ્ચે હોય તો સંત્રીનું કામ કરે.

''મારા જીવનમાં સૌથી મોટી વિડંબના કોઈ હોય તો તે સાધુઓ દ્વારા થતા મલિન, ગલત અનુમતિ વ્યવહારોની છે.'' આ શબ્દો આચાર્યશ્રીએ જાહેરમાં લખ્યા છે? ધન્યવાદ.

મોક્ષ-મુક્તિ ની એમની વિભાવના મૌલિક છે. સૂત્રપાઠનું રટણ નથી.

આચાર્યશ્રી ને મારા નતમસ્તકે વંદન છે.

**કીર્તિચંદ શાહ - ykshah3839@gmail.com**

તમારા તરફથી પ્રબુદ્ધ જીવનનો પથ્ય એવો પ્રસાદ મને સાંપડે છે તેનો આનંદ છે. 'પ્રબુદ્ધ જીવન'ની તેજસ્વી પરંપરાને જે રીતે તમે જાળવીને વિકસાવી રહ્યાં છો તે બદલ તમને અભિનંદન ઘટે છે.

તમારી સહુની સર્વથા ને સર્વદા પ્રસન્નતા વાંછું છું.

**વંદન સાથે - તમારો ગુણાનુરાગી**
**ચંદ્રકાન્ત શેઠ**

❋❋❋

આ વખતનો અંક બહુ જ સરસ રહ્યો છે. આટલા ગ્રંથો વિષે એક સાથે વાંચવા મળ્યું, એ કેટલી મહત્વ વાત. લાયબ્રેરીમાં આ રાખવા જેવો ગ્રંથ છે. આનું પુસ્તક બનાવો આ ગ્રંથો મૂળભૂત રીતે વિચાર અને તત્વના છે, એટલે ધીમે ધીમે વંચાશે.

અંકનો રંગ પણ તાજો છે. આપની દ્રષ્ટિથી વાચકોને અનેક ફાયદા થઇ રહ્યા છે. એક પછી એક મહત્વનું વાંચન પીરસી રહ્યા છો.

હવે નવું શું આપશો તેની રાહ રહે છે.

**આપનો વાચક**
**બિપીન શાહ**

## કાળની સર્વોપરિતા

પળેપળ સિદ્ધ થઈ રહી છે. શરીર પરિવર્તનશીલ રહ્યુ છે. સરેરાશ સો વર્ષનું આયુ ધરાવતું આ શરીર છેવટે વૃદ્ધાવસ્થાને પામે છે. દેહનાં અંગ ઉપાંગો અખંડતા થઈ જાય છે. તેથી જીવનનાં છેલ્લા, બે-ત્રણ દાયકાઓ દરમ્યાન અલિપ્તતા કેળવણી રહી. આગ્રહો, ગમા-અણગમાથી પર ? ? થઈને ચાલશે, ભાવશે, અને ફાવરોની શરણાગતિ સ્વીકારવાથી કંઈકે અંશે રાહત મેળવી શકાશે !

છેવટે કવિ નરસિંહે પણ ગાયું,

'આ ઘડપણ કોણે મોકલ્યું ? ઉંબર તો ડુંગર થયા ને પાદર થયા પરદેશ'. શારીરિક અસહાયતા, મનને પાછું વળવાનું સૂચન કરતી રહે છે. જે પથરાયું છે, તેને સંકેલવાનું છે. ક્રમશઃ સ્વસ્થ બનતાં રહીને, આજુબાજુનાં વાતાવરણનું કેવળ નિરીક્ષણ કરવાનું રહે છે. નવી પેઢી પોતાની રીતે પ્રવતી હોય છે. તેમાં બિનજરૂરી ચંચૂપાત કે દખલગિરીથી દૂર રહેવું રહ્યું.

સ્થૂળતાના પરિગ્રહ સાથે સૂક્ષ્મતાની આસક્તિનો પણ ત્યાગ જરૂરી બની રહે છે. દુવ્યવી પળોજણથી મુક્ત થઈ, આત્માની એકાગ્રતાને વધારી ચિંતા મુક્ત થઈને, ચિંતનયુક્ત થવાનું રહે છે. 'ચિત્ત તું શીદને ચિંતા કરે ? શ્રી કૃષ્ણને કરવું હોય તેમ કરે,' 'આપણો ચિંતવ્યો અર્થ કાંઈ નવ સરે, ઊગટે એક ઉદ્વેગ સાને ધરવો ?' 'હું' ની ઓગાળી-પીગળાવીને તેની વરાળ થવા દેવી.

**હરજીવન થાનકી, સીતારામ નગર, પોરબંદર**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### ફંડ રેઈઝીંગ પ્રોગ્રામ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૧,૦૦,૦૦૦/- | શ્રીમતિ નિલમબેન બિપિનચંદ કાનજી જૈન |
| ૩,૦૦,૦૦૦/- | શ્રી નિતિનભાઈ કે. સોનાવાલા |
| ૧૪,૦૦,૦૦૦/- | |

### જમનાદાસ હાથિભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૬૦૦/- | શ્રી મુકેશભાઈ કે. પરીખ<br>સ્વ. કનુભાઈ માણેકચંદ પરીખના સ્મરણાર્થે |
| ૨૦,૦૦૦/- | રિકિશા કે. પરીખ<br>હસ્તે : રમાબેન મહેતા |
| ૫૦૦૦/- | શ્રી વિનોદ જમનાદાસ મહેતા<br>શ્રી જિતેન્દ્ર ટિમ્બડીયાના સ્મરણાર્થે<br>હસ્તે : રમાબેન મહેતા |
| ૨૫,૬૦૦/- | |

### કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

| | |
|---|---|
| ૫,૦૦૦/- | શ્રી વિનોદ જમનાદાસ મહેતા<br>શ્રી જિતેન્દ્ર ટિમ્બડીયાના સ્મરણાર્થે<br>હસ્તે : રમાબેન મહેતા |


### પ્રબુદ્ધ જીવન નીધિ ફંડ

| | |
|---|---|
| ૨૫,૦૦૦/- | પ્રેમકુમારી દેવચંદ ગલ્લા<br>શ્રી દેવચંદ રવજી ગાલાની<br>૩૨મી પુણ્યતિથી નિમિત્તે |
| ૧૧૦૦૦/- | કાનજી કોરશી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦/- | હરિશ્રી પટેલ |
| ૩૬,૫૦૦/- | |

**પ્રબુદ્ધ જીવનમાં પુસ્તક પરિચય છપાવવા માટે**
**પુસ્તક મોકલવાનું સ્થળ**

**ડૉ. સેજલબેન શાહ**
૧૦/બી-૭૦૨ અલીકા નગર,
લોખંડવાલા કોમ્પલેક્સ, આકુર્લી રોડ
કાંદીવલી (ઈસ્ટ)
મુંબઈ - ૪૦૦ ૧૦૧.
(કુરીયરના કવર પર Drop લખવું)

## સર્જન-સ્વાગત




**શિલ્પ સમીપે** - કનુ સૂચક, અરુણોદય પ્રકાશન, અમદાવાદ, કિંમત-૫૦૦, ૨૦૧૫ (શિલ્પ વિષયક લેખસંગ્રહ)

ગુજરાતી ભાષામાં સ્થાપત્ય સૌંદર્યમાં રસ જગાડવાની દ્રષ્ટિએ આ પુસ્તક બહુ જ મહત્વનું છે. અહીં ઐતિહાસિક, પૌરાણિક વાયકા ઉપરાંત સ્થાપત્યના ભવ્ય સૌંદર્યને ઉઘાડવાનો પ્રયત્ન કર્યો છે. આકાર-કળા-સંવેદના અને કથાના સુમેળ દ્વારા આ પુસ્તક બહુ જ મહત્વનું બન્યું છે. આજે પ્રવાસ દરમ્યાન આપણી દ્રષ્ટિ જે ઈતિહાસ અને બોલતા સ્થાપત્યો પ્રત્યે બેકાળજી ભરી બની છે, ત્યારે આ પુસ્તક આપણને જાગૃત કરે છે.

સ્થાપત્યોમાં સંસ્કૃતિ અને માનવજીવનનો ઈતિહાસ છે, સૌંદર્ય અને ચિંતન છે, નાસમજાય અને સમજાય એવા અનેક રહસ્યો છે, જે શબ્દો સિવાય વ્યક્ત થાય છે. એક કળા પારખું નજર એ શિલ્પને જીવંત કરી દર્શાવે છે. પોતાના શબ્દો દ્વારા અનેક સુધી એ સુંદરતા ખોલી આપે છે. કનુ સુચકે પણ અહી શિલ્પ સમીપે પુસ્તકમાં સ્થાપત્યનો માત્ર પરિચય ન આપતાં તેના ઈતિહાસ, જાણીતી કથા, ધર્મ-સંસ્કૃતિમય સંદર્ભને ઉઘાડી આપ્યો છે. ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મુંબઈ, ગોવા, કર્ણાટક, કેરાલા, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, ઓરિસ્સા ઉપરાંત અન્ય કેટલાંક ભારતના રાજ્યો અને કેટલાંક વિદેશી સ્થળોના સ્થાપત્યો અંગેના લેખો છે. અમેરિકાના સ્વામીનારાયણ મંદિરો, ભૂતાનનું બુદ્ધમંદિર, મ્યાનમારમાં પેગોડા વગેરે જેવા આકર્ષક વિદેશી ભૂમિના શબ્દો ચિત્રો પણ અહીં મળે છે. એક જુદી કળાદ્રષ્ટિ ખીલવતું આ પુસ્તક આપણને શિલ્પની નિકટ લાવી તેનો અવાજ સંભળાવે છે. આરંભનું કથન કેટલીક સંજ્ઞાને સ્પષ્ટ કરે છે સાથે કઈ રીતે જોવું તે અંગે પણ માર્ગદર્શન આપે છે. કુલ ૩૨૬ પાનાના પુસ્તકમાં શિલ્પ-સ્થાપત્યના અમરવારસાની કથા મળે છે આપણા કલાવારસાને ઘણીવાર આપણે માત્ર ફરવાના સ્થળ તરીકે જ યાદ રાખતાં હોઈએ છીએ, અહી રચનાકલાના સમગ્રદ્રષ્ટિકોણને ઉજાગર કરવાનો પ્રયત્ન કરાયો છે. પુસ્તકમાં આપેલા ચિત્રોની ગુણવત્તા ધ્યાન ખેંચે છે. સર્જકની કથા કહેવાની શૈલી વાચકને સમગ્ર પરિસરનો અનુભવ કરાવી શકે છે. કોઈ પણ સ્થાપત્યનો ઈતિહાસ માનવજીવન સાથે જોડાયેલી કથા અને બીજી તરફ સમયાંતરે તેમાં આવતાં બદલાવ સાથે જોડાયેલો હોય છે. ઘણીવાર આ સમારકામ દરમ્યાન એની પૌરાણિક સંસ્કૃતિ નષ્ટ પામે છે તો કેટલીક જગ્યાએ એ તાકી રહ્યું છે. આ બધાનો બને તેટલો વિગતે પરિચય આપવાનો પ્રયત્ન કરાયો છે. એક રીતે આ પુસ્તક આપણા કલાસૌન્દર્યના માપદંડોને વિસ્તારી જાગૃત કરવાનો પણ પ્રયત્ન કરે છે, બીજી તરફ ઐતિહાસિક દ્રષ્ટિએ પણ એનું મહત્વ છે. પુસ્તકમાં વાચકોને સાંચીના સ્તૂપ, અડાજણની વાવ, માંડુના સ્થાપત્યો, પંઢરપુરનું મંદિર જેવા જાણીતા શિલ્પોનો નવીનતમ પરિચય મળે છે, આ શિલ્પો નષ્ટ થાય એ પહેલા જે રીતે એને શબ્દમાં મઢી લેવાયા છે તે જ રીતે એને ભાવકના મનમાં પણ કેદ કરી લેવાની જરૂર છે, પોતાના પુસ્તકાલયમાં વસાવીને, બાકી ગુજરાતીમાં સહજ રૂપે આવા સૌન્દર્યપ્રેમી અને એને શબ્દે મઢનારા ઓછાં જ મળવાના.

❑❑❑

# સંસ્થા સમાચાર

## સજાગ સીમોલ્લંઘનના કવિ સિતાંશુ યશશ્ચંદ્ર

'વેદના, તું અંધ ના કર; વેદના તું નેત્ર દે'

આવું કહી વેદના પાસેથી પણ ઉદીપક અજવાળું માગનારા આપણી ભાષાના અનોખા કવિ સિતાંશુ યશશ્ચંદ્રને કે.કે બિરલા ફાઉન્ડેશન (નવી દિલ્હી) દ્વારા અપાતા આપણા દેશના પ્રથિતયશ પુરસ્કાર સરસ્વતી સમ્માનની જાહેરાત એ આપણી ભાષા, પ્રદેશ અને આપણા સૌ માટે ગરિમામય ઘટના છે.

ઉપર ટાંક્યુ એ કાવ્યમાં જ કવિ આગળ કહે છે :

*'તો પછી પહોંચાડ પીડા, ભાનના એવે સીમાડે*
*કે પછી કોઈ સીમાડો ક્યાંય તે આવે ન આડે*
*ને વતન થઈ જાય મારું સૃષ્ટિનું સહુ પરગણું*
*દઈ શકે તો દે મને એ જ્ઞાનીનું પાગલપણું*
*અગન પંપાળી શકે એવો પ્રસન્ન કરાગ્ર દે.'*

જુઓ તો! કરાગ્રે અગ્નિ અને એ દઝાડતી આગ વચ્ચે કોઈ ઉધામા નહીં પણ પ્રસન્નતા, કેમકે એ અગનજ્વાળામાં તપાવીને તો કવિને દીપ્તિમંત શબ્દ નીપજાવવો છે. સૃષ્ટિના સહુ પરગણાને પોતાનું વતન કરવાની ઝંખા સેવતા આ કવિની કવિતા પણ ગુજરાત કે ભારતના જ નહીં પણ વિશ્વના સીમાડાને આંબતી કવિતા છે. તેથી આ કવિની કાવ્ય-ચેતના સતત સજાગ સીમોલ્લંઘન કરતી રહે છે.

અઢળક નહીં પણ અમૂલખની ખેવના કરતા આ કવિએ એમની પાંચ દાયકાથીયે લાંબી કાવ્ય સફરમાં કેવળ ત્રણ કાવ્યસંગ્રહો આપ્યા છે. ઓડિસ્યુસનું હલેસું (૧૯૭૪), 'જટાયુ' (૧૯૮૬) અને 'વખાર' (૨૦૦૯). એમાં 'વખાર' 'સરસ્વતી સમ્માન'થી પોંખાયો. આ કાવ્ય સંગ્રહની 'વખાર' નામની કવિતા વિશે વાત કરતાં મહેન્દ્ર મેલાણી લખે છે. ''અરધી સદીની વાચનયાત્રા'ના ત્રણેય ભાગના લગભગ તમામ લખાણો ટૂંકાવેલા છે. સેંકડો લખાણોના સંક્ષેપ કર્યા છતાં સિતાંશુ યશશ્ચંદ્રના 'વખાર'માં કશો સંક્ષેપ હું કરી શક્યો નથી. સિતાંશુભાઈને સલામ! એવાં લખાણો આપણને વધુને વધુ મળતા રહો.''

આ ત્રણેય કાવ્ય સંગ્રહો અને તે પછીના કાવ્યોને બારીકાઈથી જોઈએ તો ખ્યાલ આવશે કે દરેક કાવ્યસંગ્રહ એકબીજાથી જુદો. ક્યાંય કશું પુનરાવર્તન નહીં. હજુ જરા વધુ ઝીણવટથી જુઓ. તમે જોઈ શકશો કે આ કવિની પ્રત્યેક કવિતા નવી કવિતા છે. જુદી કવિતા છે. પદે પદે નવતા. નિત્ય નૂતનતા એ આ કવિનો વિશેષ છે. (કવિ પાસે બેસી એક કાન થઈ એમના મુખે કવિતા સાંભળવાની મજા કંઈક ઔર. કાવ્યે કાવ્યે સરસ્વતી સન્માન).

કવિનો જન્મ ભુજમાં (૧૮-૦૮-૧૯૪૧) સાતમા દાયકાના ઉતરાર્ધે આજે પણ તેઓ સ્ફૂર્તિમંત. કવિએ પોતે જ કહ્યું છે તેમ ભુજની ગૌશાળામાં પવલામાં રેડાતા દૂધનો ઝીણો પણ તીણો અવાજ, ધીરે ધીરે તૂટતો તૂટતો આવતો અવાજ આજે પણ એમની સ્મૃતિમાં અકબંધ. હા. ભાવક જો સ-કાન પવાલું ધરી ઉભો રહે તો કવિની વાણીમાંથી ઝરતો આ ઝીણો અને તીણો અવાજ અવશ્ય ઝીલી શકે.

મને યાદ આવે છે વર્ષ ૨૦૦૬માં એક ઈન્ટરવ્યુમાં દીપક જોશીએ કવિને પૂછેલું. ''સિતાંશુ યશશ્ચંદ્ર પોતાનો પરિચય કઈ રીતે આપે?'' કવિ સદ્ય વદ્યા:

''મને લાગે છે કે હઠ પકડીને બેઠેલો માણસ. જાતે સમજવાની હઠ.''

જુઓ, હઠ પણ કેવી આગવી છે! જાતને અને જગતને, જગતના તમામ સંદર્ભોને જાતે સમજવાની હઠ. એ હઠ ક્યારેક વ્યથા તરફ પણ લઈ જાય. એટલે તો કવિ એના સુવિખ્યાત કાવ્ય 'જટાયુ'માં અંતે કહે છે.

'આ અણસમજુ વન વચ્ચે શું મારે મરવાનું છે આમ'

કાવ્યો, કાવ્ય-પંક્તિઓ અનેક યાદ આવ્યા કરે. જુઓ, 'વખાર'ની જ એક કવિતા આ સામે આવી.

કવિ કહે છે :

'જંગલમાં ભૂલો પડ્યો છું.'

અને પછી આગળ જતાં કહે :

'થાય છે કે લાવ નીચે ઉતરું ને જંગલની ભોંય પર ચાલુ, કેડીઓ છોડીને જંગલની કે મારી આરપાર'

તો, આમ કેડીઓ છોડીને ચાલનારો છે આ કવિ ને કેડીઓ કંડારવાની પણ કોઈ તમન્ના નહીં. એટલે તો એ વ્યાપ્તિનો કવિ છે. જાત અને જગતના ભૂલ ભૂલામણીભર્યા જંગલમાંથી એને નીકળી જવું છે જાગૃતિભેર આરપાર,

માણસ સાથે કવિને ઊંડો અનુબંધ છે. એવો જ અનુબંધ છે ભાષા સાથે. એક કાવ્યમાં કવિ કહે છે :

*'માણસ! માણસ! બોલ*
*ફરીને ગુજરાતી ભાષા બોલ*
*ફરી ફરીને ગુજરાતી ભાષા બોલ*
*બોલ માણસ, માણસની ભાષા બોલ'*

ગુજરાતી ભાષામાં માણસની ભાષાનું રસાયણ ઘોળતો આ કવિ... એલિયટની ભાષામાં કહીએ તો 'મેચ્યોરીંગ એઝ એ પોએટ મીન્સ મેચ્યોરીંગ એઝ એ હોલ મેન' (કવિ તરીકે નીવડવું એટલે સુવાંગ મનુષ્ય તરીકે નીવડવું).

'વાક્ સુક્ત'માં વાણીનીદેવી સરસ્વતી કહે છેઃ 'યં કામયે તપુગ્રં કૃણોમિ' - જેને હું ચાહું છું તેની ઉગ્ર કસોટી કરું છું. આ કવિ 'સિંહવાહિની સ્તોત્ર' લખી મા સરસ્વતીને કહે છે,

'મયૂર ઉપરથી ઉતર શારદા, સિંહ ઉપર ચઢ' કારણ કે કવિને તો 'થંભ થયેલા મન જળ'ને ડહોળીને નિતર્યા કરવાં છે. કવિને મન 'કવિતા એવું તપ છે જે ધર્મસત્તા, રાજસત્તા, અર્થસત્તા આ બધા માસમીડિયાથી સક્ષમ છે'.

કવિનો એક તંતુ જોડાયેલો અદ્યતન કવિતા સાથે. નિરંજન ભગત એમની કવિતાને 'ગુજરાતી કવિતાની આઠમા દાયકાની સર્વશ્રેષ્ઠ સિદ્ધિ' તરીકે ઓળખાવે છે. તો જુઓ કવિનો બીજો એક તંતુ જોડાયેલો છે નરસિંહ અને કાન્તની રમણીય પદાવલિ સાથે. વળી અખાનો વીર સાધક કે કબીરની મસ્તી પણ કવિને આકર્ષે છે. તો, નાથ સંપ્રદાયના કાનકટ્ટા બાવાઓની જેમ સિતાંશુ કવિતા આંખ ફેરવી બધું ચોખ્ખુંને ચટ ચીંધી શકે છે. અરે! પલકવાર બધુ ખંખેરી બહારન નીકળી જતો સરાહવાદ કવિ પ્રિય છે. એની જેમ 'અખ્ખર'ને ઘોળી 'નિરખ્ખર'ની દિશામાં ડોકિયું કરી આવતી એમ કવિતા ક્યાંક અનુભવાય છે.

વાતો તો કેટલીય ફૂટતી રહે છે મનમાં પણ અહીં તો મારે લગરીક જ કહેવાનું પણ હા, 'પરબ'ને પાને પ્રતિમા આવતા એમના પ્રમુખીય લેખો ધ્યાનપૂર્ણ વાંચવાનું હું સુજ્ઞોને કહું -

કવિને મળેલા પારિતોષિક સન્માનોની વિગતો તો તમે જાણી ચૂક્યાં હશો. પણ તાજેતરમાં જ અપાયેલા ભારતીય ભાષા પરિષદ (કલકત્તા)ના 'કર્તૃત્વ સમગ્ર સન્માન'ની પત્રિકામાં મુકાયેલી એક વાત મને ગમી ગઈ. તે તમને કહું :

'કબીર કે ફક્કડપન, સૂર કે ચાક્ષુ બિંબ, ગાલિ કે દર્શન, સુમિ કે સૂફીયન ઔર ફિરાક કી કચ્ચી મા કી સોંધ કો અપને સાહિત્યમેં પિન્હા કર હમા આત્મા કા હિસ્સા બના દિયા હૈ ઉસ સાહિત્યકાર ભાષા પરિષદ 'કર્તૃત્વ સમગ્ર સન્માન'સે સન્માનિત કર ધન્ય હોગી.

કવિના પુસ્તકોની યાદી પણ હવે રસિકજનોએ મેળવી લીધી હશે. એમાંથી અધરું છતાં વાત કરવાનું મન થાય એવું કામ કવિની મીમાંસાનું. અરે! નાટક! 'આ માણસ મદ્રાસી લાગે છે', 'કેમ મકનજી કેમ ચાલ્યા', 'નકામો માણસ છે આ નરસિંહ' કેટકેટલા નાટકો. આ નાટકોને મુંબઈના પ્રેક્ષકોએ માણ્યા એટલા હજુ આપણે નથી માણ્યા. હા, એનું મંચ પડકારરૂપ તો ખરું જ. પણ, ગુજરાતમાં ઠેરઠેર એનું મંચન થાય એવું ઈચ્છવું ગમે.

દેશ-વિદેશની અનેક યુનિવર્સિટીઓ કવિને વ્યાખ્યાન માટે બોલાવે. (નામો ગણાવવા બેસું તો યાદી લાંબી થાય) એમાં આપણે સાંભળ્યાય ન હોય એવા વિષયોની વાતો થાય. સાહિત્ય સાથે અને માનવ વિદ્યાઓના તાણાવાણા ગૂંથાતા વ્યાખ્યાનો મોટાભાગના અંગ્રેજીમાં. મનમાં થાય બધા ગુજરાતી રસજ્ઞો માટે ઉપલબ્ધ થાય તો સારું!

વાતો તો ભાઈ, કેટલીય આવે છે આમ. પણ અત્યારે તો 'વખાર'ની જ એક કવિતાની થોડી પંક્તિઓ સાથે પોરો ખાઉં.

'તો આવો, બેસીએ જરા નિરાંતે, અમા અછાન્દસ આસન પર, જરા આરામ સે એ કહી શકાય છે, ને ચોકન્ના રહો રહો, પણ જરા લેઈ શકાય છે.'

જો જો હોં! લેટવાની છૂટ, પણ જરા ચોકન્ના રહીને.

પ્રિય કવિ 'સરસ્વતી સન્માન'થી પોંખાયા અને હરખરૂપે આ વહેતી કલમે આટલું... ❑❑❑

**રમણીક સોમેશ્વર**

**(સૌજન્ય : કચ્છ મિત્ર)**

# ઈનસ્ટીટ્યુટ ઓફ જૈનોલોજીના ડેલીગેશનની રાષ્ટ્રપતિભવનમાં મીટીંગ સંપન્ન

Institute of Jainology

ઈન્સ્ટીટ્યુટ ઓફ જૈનોલોજી (લંડન-ભારત)ના એક પ્રતિનિધિ મંડળે તા. ૧૬ એપ્રીલના રાષ્ટ્રપતિની રામનાથજી કોવિંદ સાથે કેટલીક મહત્વની બાબતો અંગે ચર્ચા વિચારણા કરી હતી. પ્રયાણ નવકાર સ્મરણથી થયું હતું.

આ ડેલીગેશનમાં નેમુ ચંદરયા (લંડન) ડૉ. કુમારપાળ દેસાઈ, સંવેગભાઈ લાલભાઈ (અમદાવાદ) ગુણવંતભાઈ બરવાળિયા, મહેશભાઈ ગાંધી. એચ.સી. પારેખ (રીટી.આઈ.ટી. કમીશનર ઈન્ડીયા) અરવિંદભાઈ (વાલચંદ હીરાચંદ) મુંબઈ, રાજકુમાર જૈન (દિલ્હી) અને આમંત્રિતો સહિત ૧૪ વ્યક્તિઓ ઉપસ્થિત હતી.

જૈન ડાયસ્પોરા સંદર્ભે વિદેશમાં ચાલતી જૈન ધર્મની પ્રવૃત્તિ અંગે ખ્યાલ આપવા સાથે ઈન્સ્ટીટ્યુટે, બ્રિટીશ લાયબ્રેરીમાં રહેલ હસ્તપ્રતોના પ્રકાશિત કરેલ ત્રણ કેટલોગ અર્પણ કરેલ હતા.

ડેલીગેશને રાષ્ટ્રપતિને દરખાસ્ત કરતાં જણાવેલ કે ૧૮૯૩માં શીકાગોની વિશ્વધર્મ પરિષદમાં, સ્વામી વિવેકાનંદ સાથે જૈન ધર્મના પ્રતિનિધિ વીરચંદ રાઘવજી ગાંધી ગયા હતા તેમણે ૫૦૦ થી વધુ પ્રવચનો દ્વારા ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરેલ તેમના જીવન અને સાહિત્યને અભ્યાસ ક્રમમાં સ્થાન આપવું જોઈએ.

ઈન્સ્ટીટ્યુટ વતી નેમુભાઈ ચંદરયા, કુમારપાળ દેસાઈ, ગુણવંતભાઈ બરવાળિયા અને મહેશભાઈ ગાંધીની સહી કરેલ. દરખાસ્ત અને વિનંતીપત્રમાં વધુમાં ભારતમાં અહિંસા, યુનિવર્સિટીની સ્થાપના કરવાનો અનુરોધ કરવામાં આવ્યો હતો.

માનનીય રાષ્ટ્રપતિએ ચર્ચાના સમાપનમાં જણાવેલ કે કેટલાક જૈન તીર્થસ્થાનો અને મુનિરાજોના મેં દર્શન કર્યા છે. જૈન સિદ્ધાંતોપ્રતિ મને ખૂબ જ અહોભાવ છે. વિદેશમાં રહેલ હસ્તપ્રતોની કોપીઓ લાવી વિદ્વાનોને સંશોધન કરવાનો અનુરોધ કરવાની સાથે જણાવ્યું હતું કે આપના ભવિપ્રોજેક્ટમાં મારી સલાહની જરૂર હશે ત્યાં હું જરૂર મદદ કરીશ.

❑❑❑

## અનાજ રાહત ફંડ કેળવણી ફંડની અપીલ

હે પ્રભુ સુખ જ્યાં મળે જ્યારે મળે બીજાનો વિચાર દે.

*''સાંઈ ઈતના દિજીયે, નીચે કુંટુંબ સમાય*

*મૈં ભી ભૂખા ના રહૂઁ સાધુ ને ભૂખ્યા જાયા''*

આ પ્રાર્થના આપણા જીવનમાં વણાઈ જાય અને તેનો અમલ પણ થાય તો અનાજ રાહત ફંડની અમારી અપીલનો પ્રતિસાદ અણકલ્પ્યો થઈ જાય. આવવાનો આનંદ જ્યારે સામી વ્યક્તિના મુખ પર જોઈએ તો લાગે કે આપણું જીવન ધન્ય થઈ ગયું, જે આપણને આપણા હોવાપણાનો આનંદ અપાવે.

આવા જ આનંદની અનુભૂતિ પ્રબુદ્ધ જીવનના સર્વ વાચકોને થાય તો અમારી ઝોલી છલકાઈ જાય, આ મોંઘવારીના જમાનામાં અવારનવાર અપીલ કરવી પડે છે. ૧૯૮૫ થી શરૂ થયેલી આ પ્રવૃત્તિ એકધારી આજસુધી ચાલે છે જે ઘણા આનંદની વાત છે.

અનાજ રાહતમાં આપણે રૂા. ૪૦૦નું અનાજ આપીએ છીએ. તે પણ મહિનામાં એકવાર. કોઈ કુટુંબને આઠ દિવસ ચાલે તો કોઈ કુટુંબને પંદર દિવસ. મહિનો તો કોઈનો પણ પૂરો ન થાય. મહિનાને અંતે ઘણા કહે કે આજે રસોઈ નથી થઈ. તમારા અનાજની રાહતથી ગેસ પેટશે. ઘણાં લાંબા અંતર જેવા કે નાલાસોપારા, દહીસર-કલ્યાણ વગેરે સ્થળેથી લોકો આવે છે. જે પરથી સમજી શકાય કે લોકોને કેટલી બધી અનાજની જરૂર છે!

આપણે લગભગ ૧૨૫ બેનોને અનાજ આપીએ છીએ. અનરાધાર વરસાદમાં પણ ચાર-પાંચ વ્યક્તિઓ તો આવેજ. પણ ફંડ ઓછુ થવાથી ૧૦૦ બેનોથી વધારેને નહીં આવી શકાય. ઘણાને ના પાડવી પડે છે. જેનું અમને બહુ જ દુઃખ થાય છે.

દરેકે દરેકે 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો ફુલ નહીં પણ ફુલની પાંખડી જેટલી પણ મદદ કરે, તો ફુલ બનતાં વાર નહી લાગે. જેની સુગંધથી સર્વના જીવનમાં સુવાસ પ્રસરશે.

ભૂખનું દુઃખ ઓછુ થાય તો જરૂરથી તેમના બાળકો અભ્યાસ સારો કરી શકે. તેઓની ફી માટે બધી જ બેનો ઠેકાણે ઠેકાણે જ્યાં મદદ મળતી હોય ત્યાં ત્યાં જાય છે. તો પણ ફી ભરવાની તો મુશ્કેલી જ રહે છે. આમાં આપણે પણ તેઓને મદદ કરીએ છીએ. લગભગ અંકથી જ ફી આપીએ છીએ તેમાં પણ ફંડની જરૂર છે યથાશક્તિ ફાળો નોંધાવી એવી અપેક્ષા છે.

આ ઉપરાંત અમારું કામ જોઈને, અમારા જ સંપર્કમાં આવતી બેનો જુના કપડા, દવા, નોટબુક માટે મદદ કરે છે. જે અમે દરેક બેનોને જરૂરિયાત પ્રમાણે આવીએ છીએ.

આશા રાખીએ કે તમે સૌ તમારા દિલના દ્વાર ખોલીને સંસ્થાને સારી એવી મદદ કરશો.

**રમા મહેતા-ઉષા શાહ-**
**પુષ્પા પરીખ-વસુબેન ભણશાળી**
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

---

Samyak Darshan

Samyak ==> Truth

Darshan ==> Perception

Samyak Darshan અર્થાત The true Perception

આત્માને ઓળખ્યા વગરની ક્રિયાનો કોઈ જ આધાર નથી. જ્યાં સુધી મનની લગામ પોતાના હાથમાં નથી હોતી ત્યાં સુધી પ્રત્યેક સમજણ અધુરી.

આત્માની રુચિ સમ્યક દર્શન માટે જરૂરી છે. સમ્યક દર્શન એટલે નવ તત્વોની સાચી સમજણ. સમ્યક દર્શન થઈ જાય એટલે અનંતભવોનું પરિભ્રમણ બંધ થઈ જાય છે.

જે વસ્તુ જેવી છે તેને તેવી રીતે જ જોવાની સમજ કેળવવી પડે છે. આજના જીવનના આપણે જ ઉભા કરેલા પ્રશ્નોને ઉઠેલી મનને અનહદ શાંતિ અને આત્માના સત્ય સુધી પહોચાડવાનો એક ઉત્તમ રસ્તો સમ્યક દર્શન વિષયક ત્રણ દિવસીય શિબિરમાંથી પ્રાપ્ત થાય છે. જણવું-સમજવું- સ્વીકારવું અને પામવું. એ માર્ગ, અહીં શિબિરમાંથી મળે છે. સત્યવિજ્ઞાન ફાઉન્ડેશન અને શ્રુત રત્નાકર ટ્રસ્ટ આયોજિત આ ત્રણ દિવસની શિબિરનું આયોજન સમગ્ર ભારતમાં થઈ રહ્યું છે. ૨૦થી વધુ આયોજનો થઈ ગયા છે અને એટલા જ બીજા આયોજનો માટે આમંત્રનો મળ્યા છે. શિબિરના મુખ્ય સંચાલકો, વિચારકો, શિલ્પીઓ એટલે વિદ્વાનથી ડૉ. જીતેન્દ્રભાઈ શાહ અને શ્રી વલ્લભભાઈ ભણશાલી. ખુબ સંશોધન, વાંચન અને પોતાના વિશાળ અનુભવથી આ કાર્યક્રમને આકારિત કર્યો છે. જેમાં તેઓએ સમ્યક દર્શન દ્વારા રોજીંદા જીવનને પણ સ્પર્શ્યા છે તો સાથે આત્માના સત્યને સમજવાનો પ્રયત્ન પણ કર્યો છે.

અમદાવાદ, મુંબઈ, કલકત્તા, બેંગ્લોર જેવી અનેક જગ્યા પરથી આ શિબિર અંગે ખુબ ભાવભર્યા અને આવકારદાયક પ્રતિભાવો પ્રાપ્ત થયા છે. આ શિબિરના આયોજન માટે અને આ શિબિરમાં કાર્યકર્તા તરીકે જોડાવા ઇચ્છતા સહુ કોઈ સંપર્ક કરે.

આત્માના પરમ સત્યનો આ પ્રવાસ છે, સહિચારો પ્રવાસ છે. એકબીજાને ઝાલીને આગળ વધશું. દરેકનો આત્મા ભલે ભિન્ન છે પણ પોતાની સાથે બીજા બે આત્માને પણ જોડાશું. કોના દ્વારો કોનો ઉદ્ધાર થશે, એ કોને ખબર છે!

ચાલો, આ શિબિરના આપણે પણ પ્રવાસી બનીએ. આયોજન માચે સંપર્ક કરો. શિબિરના સ્વયંસેવકો પોતાની સેવા અને વિચાર આપવા જરૂર સંપર્ક કરે. અમે આપના આભારી છીએ.

સંપર્ક માટે (૧) હિતેશભાઈ મુથા - ૯૮૨૧૩૬૦૪૦૫
(૨) શ્રી જીતેન્દ્ર શાહ - ૯૮૨૫૮૦૦૧૨૬

## સ્વામી વિવેકાનંદના પત્રો

વિચારવંત વાચકોને ઘણો રસ પડે એવું એક પુસ્તક હમણાં જોવામાં આવ્યું. 'સ્વામી વિવેકાનંદના પત્રો' આમ તો ૨૦૧૧ માં બહાર પડેલી તેની ચોથી આવૃત્તિ છે. પણ એક રીતે તે નવું જ પુસ્તક ગણી શકાય. તેની આગલી આવૃત્તિમાં ફક્ત ૬૦ પત્રો હતા. તેમાં ૨૦૫ બીજાનો અમેરી ચોથી આવૃત્તિમાં થયો છે. સન ૧૮૮૮થી ૧૯૦૨ સુધીમાં સ્વામી વિવેકાનંદે અમેરિકા, ઈંગ્લંડ અને ભારતમાંથી લખેલા આ પત્રોનો લગભગ ૪૫૦ પાનાંના પુસ્તકના પ્રકાશક છે રામકૃષ્ણ આશ્રમ (રાજકોટ). તેની કીંમત છે માત્ર રૂા. ૧૧૦/- પહેલાં જોઈએ તેના પ્રકાશકના નિવેદનનો થોડો ભાગ :

"સ્વામી વિવેકાનંદના જીવનનો ઈતિહાસ ભારતના પુનરુત્થાન સાથે ગાઢસંબંધ ધરાવે છે. પરંતુ ભારતના રાષ્ટ્રીય જીવનમાં જાગૃતિ લાવવા માટે આ વીર આત્માને કેટલો બધાં દુઃખ કષ્ટ સહન કરવાં પડયાં હતા! આ વિરાટ દેશ ગોકળગાયની ગતિએ પ્રગતિ કરી રહ્યો હતો, તે નિહાળીને સ્વામી વિવેકાનંદ અધીર થઈ જતા. લોકો તેમની પ્રશંસાના પુષ્પો વેરતાં હતાં. આમ છતાંય એમના ઉત્સાહ-પ્રદર્શન સાથે એમનાં વાસ્તવિક કાર્યો મેળ ખાતાં ન હોતાં. એટલે જ સ્વામીજીએ ઠપકાના જોરદાર સપાટા લગાવ્યા હતા. સ્વામીજીના પત્રો દ્વારા માનવીને રાષ્ટ્રીય ચારિત્ર નિર્માણ કાજે મહત્વના સૂચનો સાંપરે છે. સંપથી એકમેકના સહયોગથી કામ કરવાની શક્તિ ભારતમાં શા માટે નથી? રાષ્ટ્રીય ચારિત્ર્યની ખામીઓ દૂર કરવાનો ઉપાય નહીં શોધીએ તો ભારતનું ભાવિ કેવું અંધકારમય બની જશે? આ પાયાના પ્રશ્નોના ઉત્તર આ પત્રોમાંથી પ્રાપ્ત કરાય છે. કેટલીકવાર તો એ ઉત્તરો ખૂબ તીખી ભાષામાં આપવામાં આવ્યો છે. પણ તે એવા મહાન મુનીશીએ આપ્યા છે કે જેમનું હૃદય અગાધ પ્રેમથી ભરેલું હતું.

સ્વામી વિવેકાનંદ એક તરવરાટભર્યા તેજસ્વી આત્મા હતા. જેમને સંબોધીને આ પત્રો લખાયો છે. તેમના દરેકના જીવનમાં તેની દ્વારા કેવું જાદુઈ પરિવર્તન થયું હશે તેની કલ્પના જ કરવી રહી. આ પત્રો ઘણાં વરસો પહેલાં લખવામાં આપ્યા. હોવા છતાં અત્યારે પણ તેમાં ભારોભાર વિચારવંત ભરેલા છે.

હવે પછી એ પત્રોમાંના કેટલાક વિચારો અહીં રજૂ થશે. શિકાગો (અમેરિકા) ૨૪-૧૧-૧૮૯૩

અહીંના જેવી સંસ્કારી અને સુશિક્ષિત સ્ત્રીઓ મેં બીજે ક્યાંય જોઈ નથી. અહીં મે અવી હજારો સ્ત્રીઓ જોઈ છે કે જેમનાં હૃદય સ્ફટિક જેવાં શુદ્ધ અને નિશઃકલંક છે. અહીં તેઓ કેટલી સ્વતંત્ર છે! જ્યારે આપણા દેશમાં તો સ્ત્રીઓને રસ્તાઓ ઉપર સલામતીથી ફરવા પણ ન દેવાય છે. આપણી સ્ત્રીઓની સ્થિતિ આપણે સુધારી શકશું તો જ આપણા કલ્યાણની આશા આપણે રાખી શકશું.

આ દેશમાં વ્યક્તિમાત્રના ઉદય માટે તકે સાંપડી રહે છે. આજે ભલે એ ગરીબ હોય, પણ આવતી કાલે એ ધનવાન, સન્માન્ય બની જાય છે. અહીં દરેક જાણ ગરીબોને માટે કેટલા લોકો હૃદયપૂર્વક રડે છે? ગરીબોની ઉન્નતિ માટે આપણે શું કરીએ છીએ? પેલા હજારો બ્રાહ્મણો ભારતની કચડાયેલી જનતા માટે તેઓ શું કરી રહ્યા છે? તેમના હોઠ ઉપર તો માત્ર 'અડશો નહી, અડશો નહીં' એ જ સત્ય રમી રહ્યું છે. એમના હાથે આપણો સનાતન ધર્મ કેવો હીન થઈ ગયો છે!

આધ્યાત્મિકતાની બાબતમાં અમેરિકનો આપણા કરતા અતરતા છે, પરંતુ એમનો સમાજ આપણા કરતાં ચડિયાતો છે. હું આ દેશમાં એ જોવા આવ્યો છું કે ભારતના ગરીબોને મદદ કરવાનું કોઈ સાધન અહીં માત્ર શકશે કે કેમ?

૨૪-૦૧-૧૮૯૪

મારા જીવનની સમગ્ર અભિલાષા એ છે કે પ્રત્યેક વ્યક્તિને ઉંચામાં ઉંચા વિચારો સુલભ બને. જીવનના અત્યંત મહત્ત્વના પ્રશ્નો વિષે આપણા પૂર્વજોએ તેમજ બીજા દેશના વિચારકોએ શું વિચાર્યું છે, તેની એમની જાણ થવી જોઈએ.

યાદ રાખજો કે સાચું રાષ્ટ્ર તો ઝૂંપડામાં વસે છે. એમનો તમે ઉધ્ધાર કરી શકશો? એમનામાં રહેલી આધ્યાત્મિકતાનો લોપ થવા દિધા. વગર, એમનું ખોવાયેલું વ્યક્તિત્વ તમે એમને પાછું અપાવી શકશો? સમાનતા, સ્વતંત્રતા અને શ્રમની ભાવનામાં પશ્ચિમવાસી બનાવીની, અને સાથોસાથ ધાર્મિક સંસ્કારોની બાબતમાં પૂરેપૂરા હિંદુ બની રહેવાની શક્તિ તમારામાં છે? આપણે કરવાનું આ છે. એ કરવા માટે જ આપણો જન્મ થયો છે. જીવનની છેલ્લી ઘડી સુધી ગરીબો પ્રત્યે અનુકંપા એ છે આપણો મુદ્રા લેખ. આગળ ઘસો, વીર યુવાનો!

**('સ્વામી વિવેકાનંદના પત્રો' પુસ્તકમાંથી સંકલિત કરનાર મહેન્દર મેઘાણી)**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ એડ્રેસ લીસ્ટ અપડેટ કરી રહ્યા હોવાથી, વાચકોને વિનંતી છે કે આપનું નામ, નંબર, અને ગ્રાહક નંબર અમને જાણ કરશો. જેથી અમે આપના સંપર્કમાં આવી શકીએ. આપ અમને અમારા નવા મોબાઈલ પર મેસેજ અથવા ફોન કરીને તમારી વિગત જાણ કરી શકો છો.

મો. નં. ૯૧૩૭૭૨૨૭૧૦૯

To experience the most cheerful moment, once in lifetime through the Yogiraj Anandghanji's Stavan, Pad n Sajjay, please come an join आनन्दघन धन part-3, A soulful musical journey on 19th May, 7 pm, Saturday, Nehru centre, Worli, Mumbai. Book your seat through whtsupp.

# JAINISM THROUGH AGES

Dr. Kamini Gogri

## LESSON - 7

**In this article we will study the spread of Jainism in Karnataka**

Jainism in Karnataka flourished under the Ganga, the Chalukya and Rashtrakuta dynasties. Due to the impetus given by them, Jainism prospered like never before and what we see today is the exquisite creativity that flowered under these dynasties.

The Jain legacy in Karnataka can be traced back to a great event that occurred in 297 BC when Chadragupta, the founder of the Mauryan dynasty, abdicated his throne and came to Sravanbelagola in Karnataka to become a Jain ascetic at the instance of his mentor, Bhadrabahu. He breathed his last at this Jain centre and the place where he is said to have sought recluse is appropriately name Chandragiri. A *basadi* (Jain monastery or temple) at Sravanabelagola also carries his name. In a number of later records he is referred to as Pradbha Chandra Muni.

Soon thereafter the Jain church exhibited a steady growth and succeeded in firmly establishing itself as a vital and powerful force due to its doctrines and asceticism, morality and *ahimsa* (non-violence). With such lofty notions, Jainism enjoyed the highest repute among the people particularly the ruling classes and the mercantile community thus virtually becoming the state religion. Imbued with an intense religious feeling, lavish patronage was extended towards the building of *basadis*, temples and magnificent statues. An epoch of literary activities also ensued.

The earliest dated structure is a *basadi* at Halasi built under the Kadamba dynasty of Banavasi thus laying the foundation for Jain architecture in Karnataka. Besides the Kadambas, dynasties such as the Gangas, the Chalukyas and the Rashtrakutas made liberal endowments towards the propagation of art and architecture to which the Jain contributions have been of classical significance. The Chalukyas of Badami built cave temples at Badami and Aihole. Puligere was a strong centre of religious activities of the Jain monks during this era. Many Jain *basadis* erected by them are proof of their secular spirit in encouraging this religion. However, it was the reign of the Gangas of Talkad and the Rashtrakutas, that were very noteworthy in the annals of Jainism.

Jain architecture can be classified into two categories namely *basadis* and *bettas*. Basadi is a Jain monastery or temple where an image of one of the twenty-four *tirthankaras* (saints) is installed and worshipped and most of them are located in Sravanbelagola. They were built in the Dravidian style and the oldest *basadi* can be traced back to the 8$^{th}$ century AD. *Betta* is a hill with an open courtyard containing the image of Gommata or Gommateswara. These hills form a special feature of the native art and the most outstanding examples can be found at Sravanbelagola, Karkala, Venur and Mudabidri in south Kanara district. The image at Karkala is nearly 42 ft tall and was erected in 1432 AD, the details of which are described in the work *Karkalada Gommateswara Charite* by Chandrama. The statue at Venur was set up in 1609 AD and is 35 ft in height. Mudabidri, which is hailed as the Kashi of the South has eighteen *basadis*, the most important of them being the Tribhuvana Tilaka Choodamani Basadi. Completed in circa 1430 AD after about 50 years of painstaking craftsmanship, this *basadi* has one thousand exquisite carved pillars each embellished with different designs and with no two pillars alike. The sanctum possesses an image of Chandranatha which is more than seven feet in height and is made of five alloys. In addition, the temple has an invaluable collection of dazzling icons of Jinamurthis made out of translucent marble, raw emeralds and other semi precious stones which, when illuminated, create an ethereal effect. There is also an attractive *Manasthamba*, the free standing pillar, and a bronze Sahasrakoota Mantapa adorned with over 1000 images of Jinamurthis and 32 hanging lamps. Apart from the above, Lakkundi and Humcha have, over the centuries, been some of the important centres of Jains, in South India. Replicas of the statue of Gommata can also be found at Gommatagijri near Mysore and at Basti, Hosakote and Tipur near Mandya. Panchakuta Basadi in Nagamangala taluk of Mandya district has a group of seven shrines that are considered the oldest Jains monuments of the State.

However, the most magnificent among all Jaina works of art is the colossal rock cut statue of their saint Gommata at Sravanbelagola. It was built in circa 982 AD and is described as one of the mightiest

achievements of ancient Karnataka in the realm of sculptural art. Also referred to as Lord Bahubali, the image is nude an stands upright in the posture of meditation known as *kayotsarga*, reaching a height of nearly 57 ft atop the Vindyagiri of Doddabetta hills accessible through a flight of 500 steps. The image of Gommata has curly hair in ringlets and long, large ears. His eyes are open as if viewing the world with detachment. His facial features are perfectly chiseled with a faint touch of a smile at the corner of his lips and embody calm vitality. His shoulders are broad, his arms stretch straight down and the figure has no support from the thigh upwards. There is an anthill in the background which signifies his incessant penance. From this anthill emerge a snake and a creeper which twine around both his legs and his arms culminating as a cluster of flowers and berries at the upper portion of the arms. The entire figure stands on an open lotus signifying the totality attained in installing this unique statue. Amazingly, inspite of being constantly exposed to weather elements, the image has remained as new as ever.

On either side of Gommata stand two tall and majestic *chauri* bearers in the service of the Lord. One of them is a *yakshi* and the other one is a*yakshi*. These richly ornamented and beautifully carved figures complement the main figure. Carved on the rear side of the anthill is also a trough for collecting water and other ritual ingredients used for the sacred bath of the image. Around the statue is an enclosure of a pillared hall where one can find 43 images of tirthankaras in different cloisters. There is also a figure of a woman called Gullikayajji sculpted with a good built and wearing exquisite ornamentation, typical of the sculptures of the Ganga period. The Akandabagilu or the massive door, carved out of a single rock with an elaborately carved Gajalakshmi in her typical posture flanked by two elephants, is another meritorious work of Jain craftsmanship. This also said to have been under the guidance and inspiration of Chaundaraya, the illustrious minister who served under the successive rulers of the Gangas namely Marasimha II, Rachamalla IV and Rachamalla V.

One of the largest temples in the area is the Chaundarya Basadi dedicated to Neminatha, the 22nd Tirthankara depicted under a seven hooded canopy and flanked by male *chauri* bearers. This temple is unique in its style. It belongs to the era of the western Gangas and is evolved out of the Chalukyan styles at Badami and Aihole. One the same hill can be seen the Chandraprabha Basadi dedicated to the 8th tirthankara by the same name. It is one of the oldest *basadis* on the hill and can be assigned to the early 9th century under the reign of Sivamara, a Ganga king.

While at Sravanbelagola one can also gain insights into Jaina mythology through some of the finest paintings depicted on the walls of the Sri Jains matha. Rich in colours and harmonious in composition, these paintings of the 18th century depict royal processions and festivities, monks, women in brightly coloured sarees, forest scenes of wild animals and other topics that shed light on the domestic, religious and social life of the people. Of particular significance is the *durbar* (court) scene of Krishnaraja Wodeyar indicating the warm relations that the Wodeyars of Mysore enjoyed with this holy pilgrimage.

Another concrete expression of the intensity of Jaina art is the *sthambha*, the free standing pillar in front of every *basadi*. Elegantly carved out of granite, these are classified as Brahmadeva Sthambha and Manasthambha. While the former portrays the figures of Brahmanical gods, the latter is depictive of Jaina faith. Manasthambha pillars can be found elsewhere in the country but the Brahmadeva pillars are restricted to the South, a fine specimen of which can be found in front of the gigantic statue of Gommata at Sravanbelagola. Extremely attractive is the Manasthambha at Mudabidri with a small shrine at the apex surrounded by four bells and topped with a gold finial. Such pillars at Karkala and Humcha are equally eye-catching. All these pillars, irrespective of their connotations, are exquisite pieces of art, elegance and decoration. Another pillar of immense interest is the Tyagada Brahmadevara Kamba at Sravanbelagola where Chaundaraya has inscribed his genealogy and his life time achievements. Only segments of the inscription are readable.

**To Be Continued In The Next Issue**


❑❑❑

76-C, Mangal Flat No. 15,
3rd Floor, Rafi Ahmed Kidwai Road,
Matunga, Mumbai-400019.
Mo : 96193 / 79589 / 98191 79589.
Email : kaminigogri@gmail.com

સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી
9819372908

પૂજ્ય પંડિત સુખલાલજી સંઘવીનો સમિતિના સન્માન પ્રમુખ શ્રી મોરારજીભાઈ અને તે સમયના ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ સર્વપલ્લી રાધાકૃષ્ણનના અધ્યક્ષ સ્થાનેથી ૧૫ જુન ૧૯૫૭ના સન્માન સમારંભ યોજાયેલ. ૧૬ વર્ષની ઉંમરે બળિયાના રોગમાં આંખોની દ્રષ્ટિથી વંચિત થનાર પં. સુખલાલજી ભારે પુરુષાર્થથી કોઈપણ સાધન વગર અદભુત બુદ્ધિમતા અને સ્મરણ શક્તિથી વિદ્યા પ્રાપ્ત કરી. ૭૬વર્ષની તેમની ઉંમરે પણ એમની શક્તિઓ મારફત સમાજની અને સાહિત્યની અનેરી સેવાઓ બજાવી છે. એમનું તલસ્પર્શી અને વિપુલ જ્ઞાન, કેવળ જૈન ધર્મ અને એની સાથે સંકળાયેલ સંસ્કૃતિનાં જ નહિ પરંતુ અન્ય ભારતીય ચિંતન અને સંસ્કૃતિનાં- બ્રાહ્મણ, બૌદ્ધ અને બીજા પ્રકારનાં પ્રાચીન શાસ્ત્રોના સર્વ નિષ્ણાતો અને વિદ્વાનોનો સહજ આદર પામેલું છે.

The learned and most admired man of Jain community - Pandit Sukhlalji; started his lecture-series in A'bad in the year 1930. In the year 1931 it moved to Mumbai where a small plant grew into a great banyan tree. Everyone was waiting for his lecture series. And look at the fact the what a greater thinkers and orators year by year addressed the knowledge thurst of the gatherings! Here is the galaxy of those learned speakers : Pandit Sukhlalji, Kaka Kalelkar, Dr. K. M. Munshi, Dr. Jagdish Chandra Jain, Sarladevi Sarabhai, Swami Akhand Anand, Motilal Kapadia, Morarji Desai, Dr. Ushaben Mehta, Pandit Dalsukhbhai Malwania, Haribhai Kothari, Santshri Moraribapu, Swami Anand, Pujya Jinvijayji, Zaverchand Meghani....... For complete details on Pandit Sukhalalji Sanmaan Samaarambh refer July 1957 issue of Prabuddh Jeevan by visiting www.prabuddhjeevan.in



To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2016-18. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2018. & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

## જાવાનું કેટલેય દૂર...

કનુ સૂચક

પ્રવાસ તો હવે શરુ થયો છે. ઋતુ ઋતુની અનુભૂતિની સ્મૃતિમંજૂષામાં વસંત અને પાનખર, ગ્રીષ્મ અને વર્ષા, આનંદ અને વિશાદની તાવણીમાંથી પસાર થઈ ગયા પછી નાનકડો પો'રો ખાવાનો સમય આવ્યો છે. લાગણીના પૂર ખાળી હવે વિચારવાનો સમય મળ્યો છે. શાંતિપથ પારખવા અને માણવાની મનીષા જાગી છે.

પગ હવે થાક્યા માણારાજ !
ઋત ઋત વેંઢાર્યા ભાર
હજુ ચાલવું કેટલું ?
''મનમંદિરીએ સૂર કેરા ડેરા,
અંતર ઉજાશે, ન હન્યતે, ફેરા
મીરાની ભકિત, કબીરાના દોહા,
ઉરમાં તો 'આ' અને 'તે'ની વિટંબણા
શૂન્યમાં સરકવા સમજવાનું કેટલું ?
હવે ચાલવું કેટલું ?''

જન્મ કે મૃત્યુ આપણા હાથમાં નથી પરંતુ તેની વચ્ચેનો સમય દરેકને વિચારવા તક આપે છે. કેટલાંક તેનો ઉત્તમ ઉપયોગ કરે છે. તક પણ આમ તો અનિશ્ચિત જ ને ! જીવન સરળ ગતિએ ચાલશે જ એ પણ અનિશ્ચિત અને છતાં અનિશ્ચિતતાનો પણ આનંદ છે. મૃત્યુની મજા પણ એવી જ છે. એ કયાં છે અને ક્યારે તેની ખબર નથી. 'પાનખરના પાંદડાને લટકવાનું કેટલું ?' પ્રશ્નમાં જ ઉત્તર પણ છે. પાનખર એ પાંદડાના મૃત્યુની આગાહી છે . ખરવાનું જ છે. સમય સમયનું કામ કરશે. અનિશ્ચિતત હોવાં છતાં તેનું આગમન નિશ્ચિત છે. માણસ બાબત, તે વયથી વૃધ્ધ થાય છે તે સત્ય નથી. વયને લીધે શરીરનું વૃદ્ધત્વ તેને મૃત્યુની આગાહી આપે છે. શરીરને મશીન સાથે સરખાવવામાં આવે છે પરંતુ વૈજ્ઞાનિક શોધ એ મુકામથી હજુ દૂર છે કે મશીનની જેમ તેના શરીરના અંગઉપાંગોને બદલીને દીર્ઘાયુષી કરી શકાય. મનથી વૃધ્ધાઈને પંપાળવી નથી. તે નિશ્ચિત છે પણ મારે તેને વધાવવાની તૈયારી નથી કરવી એ એનું કામ કરે અને હું મારું કામ કરીશ. મૃત્યુને અને મારે સંબંધ જ ક્યાં છે ? ન વાતચીત થાય કે ન ખરખબર આપે તેવા સંબંધનું નામ અસંબંધ ? એવા મૃત્યુની વાત છોડી દઈ શેષ જીવનને ભયરહિત માણવાની વાત કરીએ. સમયનો પ્રવાહ અટકતો નથી એટલે જ તે સ્વચ્છ છે. જીવન એવો જ નિર્મળ પ્રવાહ રહે એમાં જ મજા છે. ''વહેતાં આ જળનું 'શીલ' છે અનુપમ, ખાબોચિયું થઈને ગળવું નકામું.''

આ જગતની રચનાનો એક અંશ છીએ પરંતુ તેના કર્તા હોવાનો અહં તો હાસ્યાસ્પદ લાગે. આપણે કર્મો કરતા રહ્યા તેની જવાબદારી આપણી પરંતુ તેના કર્તા હોવાનો એકલ દાવો આપણે કરી શકીએ ? આપણે નિર્ભરતાની ગણતરી માંડીએ તો આપણો ફાળો અત્યંત ક્ષુલ્લક લાગે. મન અને શરીર પણ આપણા ન લાગે. અગણિત ટેકાઓને સહારે શ્વાસ લેતા રહ્યા છીએ. જન્મથી શરુ જીવનનું ઘડતર કરનાર અનેક પરિબળો છે. પરિસ્થિતિ અને સંજોગો પ્રમાણે મરણ સુધી એ કાર્ય થતું રહે છે.

ભગવાન ઋષભદેવ સિદ્ધપુરુષ હતાં. તેમને માનવ મનની વૃતિ, ક્રિયાઓનું અગાધ ઊંડું અને તલસ્પર્શી જ્ઞાન હતું. તેઓએ પોતાના તમામ કર્મોનો ક્ષય કરી સિદ્ધપદની પ્રાપ્તિ કરી હતી. તેમના પ્રથમ ઉપદેશ વખતે ત્રિગુણ સિદ્ધાંતોની વાત કરી છે. સમ્યક દર્શન, સમ્યક જ્ઞાન અને સમ્યક ચરિત્ર. આ સિધ્ધાંત અનુસારનું વર્તન જ સિદ્ધપદ કે નિર્વાણ પ્રાપ્તિના માર્ગ તરફ દોરી શકે. ઋષભદેવ ભગવાન સ્પષ્ટ કરે છે કે સિદ્ધની પૂજા નહીં પરંતુ તેમના જેવા વર્તન પર તેમણે ભાર મૂક્યો છે. સંસાર ત્યાગ નહીં ત્રિગુણ સમ્યક સિદ્ધાંતના વર્તન પર બળ આપ્યું છે. નિર્વાણ એ સ્થિતિ છે જ્યાં મન સર્વ બંધનોમાંથી પોતાને મુકત અનુભવે. આ સિદ્ધિ દરેકે સ્વયં જ સિદ્ધ કરવી પડે. અશક્ય નથી પરંતુ તે માટે પ્રયત્ન તો આપણે જ કરવો રહ્યો. એટલું તો જરૂર થાય કે જીવનની જે કંઈ પળો બાકી હોય તે પળેપળ 'જીવ્યા' તેવો સંતોષ આપે તેવાં વર્તન સાથે જીવવું. આ પળો પસંદ આપણે જ કરવાની હોય છે.

મૂર્ધન્ય સાહિત્યકાર સ્વ. સુરેશ જોશીની થોડી પંકિતઓનો અહીં ઉપયોગ કરવો છે.

''મારે હવે ક્યાંક પગ વાળીને બેસવું છે.
બની શકે તો મારી હજાર આંખો બીડી દેવી છે.
મારી બધી ઇન્દ્રિયોને પાછી વાળી લેવી છે.
મારા વિસ્તરેલા બધાં જન્મોને સંકેલી લેવા છે.
મારા અસંખ્ય શબ્દોને એક ફૂંકે ઉડાડી દેવા છે.
મારે ક્ષણિક થઈને લય પામી જવું છે.''

મન તો થાય છે કે અંતિમ એવું હોય કે જ્યાં હોવાં છતાં ન હોવાની પળોમાં લય પામું.

❑❑❑

Postal Authority : If Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai -400004.

**Printed & Published by :** Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 **Printed at** Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N.M.Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Tel. 40032496 / 9867540524. **Editor : Sejal M. Shah**
**Temporary Add.:** 926, Parekh Market, 39, J.S.S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai -400004.